## શ્રીમદ્‌ભગવદ્‌ગીતાસુ

# ભક્તિયોગ

પ્રવચનકાર

**ગોસ્વામી શ્યામ મનોહર**

**પ્રકાશક :**
પુષ્ટિઅસ્મિતા સંવર્ધન કેન્દ્ર,
૨૧૪, અમરદીપ કોમ્પલેક્ષ, ૨-રજપુતપરા, રાજકોટ. મો.૯૪૨૭૪૯૫૧૫૯

**પ્રવચનકાર : ગોસ્વામી શ્રીશ્યામ મનોહરજી**

**અનુવાદક :** રમેશભાઈ પંચાસરા

**પ્રકાશનવર્ષ :** વિ.સં. ૨૦૬૯, પ્રતિ : ૨૦૦૦

**પ્રકાશન આર્થિક સહયોગ :**
મધુભાઇ ભાટીયા (ઘાટકોપર), સ્વ.મોહનભાઇ રત્નાભાઇ રાખોલીયા (હ.રણછોડભાઇ, જીવરાજભાઇ, વજુભાઇ રાખોલીયા, ધોરાજી), ઇન્દુબેન મહેતા(અંધેરી), નિર્મળાબેન પ્રદ્યુમનભાઇ કોટેચા(મુંબઇ), સુશીલાબેન સુંદરલાલ શ્રોફ(પાર્લા), જયાબેન દોશી(હ. ક્રિષ્નાબેન, કાંદીવલી), વસંતભાઇ પરીખ(પાર્લા), નરશીદાસ ગોરધનદાસ કટારીય(પાર્લા), એક વૈષ્ણવ(અમેરીકા), નવરંગભાઇ શાહ (અમેરીકા), જયાબેન છોટાલાલ વોરા(હ. કુમુદબેન, પાર્લા), અરવિંદાબેન નવીનભાઇ શાહ(મુંબઇ), હરેશ મજમુદાર(અમેરીકા), ઇશ્વરદાસ મનમોહનદાસ કાણકીયા(પાર્લા), એક વૈષ્ણવ(પાર્લા), વિઠ્ઠલદાસ ડી. ગોંઢા (રાજકોટ), કૃષ્ણલાલ માસ્તર (પાર્લા), સ્વ. વલ્લભદાસ નરસીભાઇ ડઢાણીયા (હ.ભાર્ગવ પ્રવીણ ડઢાણીયા, રાજકોટ)

**મુદ્રક :** પૂર્વી પ્રેસ, રાજકોટ

**।। શ્રીકૃષ્ણાય નમઃ ।।**
**।। ભક્તિમાર્ગાબ્જમાર્તંડાય નમઃ ।।**

**વાંચીએ, વાંચતા રહીએ**
**વારંવાર વાંચતા રહીએ,**
**વધીએ આગળ વધતા જ રહીએ.**
**એવો કહીએ આ ‘ભક્તિયોગ’**
**ના રહે છેટું લક્ષ્ય કોઈને,**
**રહે ના ભક્તિ અસાધ્ય**
**છે આ વાત નિશ્ચિત**
**આ જ જીવનમાં પુષ્ટિજીવને.**
(અનુવાદક)

……

**માહાત્મ્યબોધ-પરિપુષ્ટ-રતિ-સ્વરૂપ**
**શ્રીકૃષ્ણભક્તિ-સરણી-તરણીઃ- કીલાયં ।**
**મોહાન્ધકાર-કલિ-કલ્મષ-વારકો વૈ**
**શ્રીવલ્લભો વિજયતે જગદૈકબન્ધુઃ ।।**

તત્ત્વાર્થદીપનિબન્ધના શાસ્ત્રાર્થપ્રકરણમાં આચાર્યચરણ સ્વયં આપશ્રીની જ્ઞાનપ્રાપ્તિનો પ્રકાર બતાવે છે :

**“વક્તા સ્વસ્ય તાદૃશજ્ઞાનપ્રાપ્તૌ પ્રકારમ્ આહ ભગવચ્છાસ્ત્રમ્ આજ્ઞાય વિચાર્ય ચ પુનઃ પુનઃ ... ભગવચ્છાસ્ત્રમ્ આજ્ઞાય ઈતિ, અન્યથા અનાપ્તત્વં સ્યાત્, ભગવચ્છાસ્ત્રમ્ ભાગવતં, ગીતા, પઞ્ચરાત્રં ચ ઈતિ.”**

મુખ્યશાસ્ત્ર બતાવતા આપશ્રી આજ્ઞા કરે છે :

**“એકં શાસ્ત્રં દેવકીપુત્રગીતં દેવકીપુત્રેણ ગીતં = ગીતા... વેદાનામપિ તદુક્તપ્રકારેણ અર્થનિર્ણયમ્... શાસ્ત્રમ્ અવગત્ય મનો-વાગ્-દેહૈઃ કૃષ્ણઃ સેવ્યઃ ઈતિ અર્થઃ.... શાસ્ત્રાર્થો=ગીતાર્થઃ..... કૃષ્ણવાક્યાનુસારેણ શાસ્ત્રાર્થં યે વદન્તિ હિ તે હિ ભાગવતાઃ પ્રોક્તા શુદ્ધાઃ તે બ્રહ્મવાદિનઃ”** (ત.દી.નિ.પ્ર.૧/૩-૫,૨૧)

સર્વનિર્ણયપ્રકરણના ભક્તિપ્રકરણમાં આપશ્રી આજ્ઞા કરે છે. **‘‘શ્રવણાદીનાં સાધનત્વે પ્રમાણં ગીતા. ભકત્યાતુ અનન્યયા શકયઃ’ ઈતિ સાધનસાધ્યરૂપામ્ એકીકૃત્ય આહ. ગીતાયાઅપિ પ્રામાણ્યં ફલવાક્યાત્’’.** (ત.દી.નિ.૨।૨૨૧)

આચાર્યચરણના આ વચનો હોવા છતાં આપણા સંપ્રદાયમાં ગીતાપરક ભાષાસાહિત્ય પ્રમાણમાં ઓછી માત્રામાં ઉપલબ્ધ થાય છે અને સમ્પ્રદાયના અનુયાયીઓમાં ગીતાની સમજ પણ ઓછી જોવામાં આવે છે. જેમનું વલણ ગીતા પ્રત્યે વધારે છે, તેમને સમ્પ્રદાયમાં દીક્ષિત હોવા છતાં આપણી સેવા-કથાની સાધનાપ્રણાલી કરતા પણ જ્ઞાનમાર્ગીય શ્રવણ-મનન વિ.ની ઉત્કૃષ્ટતાનો ભ્રમ સતાવે છે. તેમની ગીતાની સમજ વાલ્લભદર્શન/મત અનુસાર ન હોઈને બીજા-બીજા દર્શન/મત અનુસાર જોવામાં આવે છે. એટલા માટે ગીતાસાહિત્યની અતિશય આવશ્યકતા છે.

પૂ.ગો.શ્રીશ્યામમનોહરજી દ્વારા ભગવદ્ગીતાના બારમા અધ્યાય **‘‘ભક્તિયોગ’’** ઉપર લગભગ ૩૨ વર્ષ પહેલા આચાર્યચરણના પ્રાકટયઉત્સવના ઉપલક્ષ્યમાં કિશનગઢમાં જે આઠ દિવસનું પ્રવચનસત્ર સમ્પન્ન થયું હતું, તે આજે આપણને સહુને પુસ્તક સ્વરૂપે પ્રકટ થઈને પ્રાપ્ત થઈ રહ્યું છે. આ અતિશય આનંદની વાત છે.

આમાં આપશ્રીએ બતાવ્યું છે કે ગીતા સમજવી મુશ્કેલ છે, કારણકે ગીતા કોઈ એક રોગને માટે આપવામાં આવેલી ઔષધીરૂપ ન હોઈને ઔષધીઓનો ભંડાર છે. આ કારણથી જ ભગવાન્ શ્રીકૃષ્ણએ સાધનોની અભીષ્ટતમતામાં ભક્તિને શ્રેષ્ઠ બતાવી છે, કુરુક્ષેત્રમાં અર્જુનના કર્તવ્યની જિજ્ઞાસા હોય તો નિરહંકાર નિષ્કામ કર્મને શ્રેષ્ઠ બતાવ્યું છે; અને આ બંનેમાંથી કોઈપણ સાધનના અવલમ્બનની નિર્ભરતા ન હોય તો શરણાગતિને શ્રેષ્ઠ બતાવી છે.

પ્રવચનસત્રનો વિચાર કરવાથી નિચેના મુદ્દા સામે આવે છે :

**ઉપક્રમ : ગીતાના સ્વરૂપનો વિચાર –**

પ્રવચનના ઉપક્રમમાં ૧. ભગવદ્ગીતા શું છે? ૨. ભગવદ્ગીતાનો સાર

શું છે? ૩. ગીતાના ઉપદેશનો ક્રમ શું છે? ૪. ગીતાના ઉપદેશકનો નિર્ણય શું છે? આ દષ્ટિકોણોથી ગીતાનું સ્વરૂપ આપશ્રીએ સમજાવ્યું છે. તે પછી કર્મી, જ્ઞાની અને ભક્ત કરતાં કર્મયોગી, જ્ઞાનયોગી અને ભક્તિયોગી શ્રેષ્ઠ છે એ સમજાવીને ‘‘યોગિનામપિ સર્વેષાં મદ્ગતેન અન્તરાત્મના શ્રદ્ધાવાન્ ભજતે યો માં સ મે યુક્તતમો મતઃ’’ થી ભક્તિયોગ સમજાવવાનો ઉપક્રમ કર્યો છે.

ભક્તિ, આ અંશી પરબ્રહ્મ પરમાત્માને ભજનીય ભગવાન્ અને અંશ જીવને ભક્ત બનાવનારો સમ્બન્ધ છે. તેથી આ પ્રવચનસત્રમાં સરળ ભાવવાહી શબ્દોમાં ૧. ભજનીયનું સ્વરૂપ ૨. ભક્તિનું સ્વરૂપ ૩. ભક્તનું સ્વરૂપ આ ત્રણેય પાસાઓ ઉપર વિસ્તારથી વિચાર કરવામાં આવ્યો છે.

## ભજનીય સ્વરૂપનો વિચાર :

૧. પરમાત્મા કલાકાર જગત્ તેમની કલા. ૨. બધા નામ-રૂપ તેમણે ધારણ કર્યા છે. ૩. ભગવાન્ કૃષ્ણની ત્રણ પ્રકારથી ક્રીડા. ૪. ભર્તા સન્ ભ્રિયમાણો બિભર્તિ વગેરે રૂપમાં વિચાર કરવામાં આવ્યો છે.

## ભક્તિના સ્વરૂપનો વિચાર :

૧. ભક્તિ પણ સંકલ્પભેદથી ભિન્ન બને છે. ૨. ધ્યાનનું મહત્ત્વ ૩. નિર્ગુણભક્તિયોગ. ૪. ભક્તિ અને ઉપાસના. ૫. ભક્તિ દુર્લભ પણ અને ભક્તિ સુલભ પણ ૬. ભક્તિ અકૃત્રિમ ભાવ ૭. ‘ભક્તિ’ શબ્દના વિભિન્ન અર્થ ૮. ભક્તિની જડોનું સિંચન વગેરે રૂપમાં વિચાર કરવામાં આવ્યો છે.

## ભક્તના સ્વરૂપનો વિચાર :

૧. ભજનકર્તાના પ્રકાર. ૨. અહન્તા-મમતાનો નશો બધાને ચઢેલો છે. ૩. સર્વભૂતહિતે રતઃ ૪. અજ્ઞાની-શાસ્ત્રજ્ઞાની-ભગવદ્જ્ઞાની ૫. ઈશ્વરનો સ્નેહી અને ભક્ત ૬. અદ્વેષ્ટા સર્વભૂતાનામ્ વગેરે સ્વરૂપમાં વિચાર કરવામાં આવ્યો છે.

ભક્તિયોગના પ્રવચનચિત્રમાં આટલા મુખ્ય રંગોની સાથે-સાથે ઘણા બધા મહત્ત્વના મુદ્દાઓ ઉપર સરળ શબ્દોમાં ગંભીર વાલ્લભ તત્ત્વચિંતનના રંગની અનોખી છટા પણ જોવામાં આવે છે. જેમકે : ૧. મહાપ્રભુજીનો સ્થાયીભાવ ૨. ભજનીયવિનાશયોગ ૩. વેદાંતના ત્રણ વાદ ૪. ગીતાનો મુખ્ય સિદ્ધાન્ત ૫.

સાકારતા-સર્વાકારતા-નિરાકારતા-વ્યક્ત આકારતા.

આપશ્રીની પ્રવચનશૈલીની એ વિશેષતા છે કે હસી-હસાવીને અતિ મહત્ત્વપૂર્ણ સંદેશ આપનારી પ્રસંગોકિત જેમ કે ૧. મોટરની આગળ ઘોડો ૨. કામપુરુષાર્થની પરિક્રમા ૩. ભગવાન્ શું બહેરો છે? ૪. સેવામાં પણ અહંનો નશો. ૫. દૈન્યમાં પણ અહંકાર, ૬. જગત્નો તમાશો ૭. દુર્વિદગ્ધની દુવિધા ૮. યમુનાજલના નામે તમસાજલ વિગેરેમાં દેખાય છે.

પત્રાવલંબનમાં વૈદિક સ્વાધ્યાયને માટે આપવામાં આવેલી ગાઈડલાઈન માર્ગનિર્દેશ **“ ‘આ’ સર્વતઃ પુનઃ તત્ર યથા શંકા ન જાયતે શબ્દે હિ અર્થે હિ અનુષ્ઠાને તથા અધ્યેયો હિ વૈદિકૈઃ”** ન્યાય અનુસાર ગીતાશાસ્ત્રના ભક્તિયોગનો સ્વાધ્યાય કરવાનો પૂજ્ય ગોસ્વામી શ્રીશ્યામમનોહરજી પાસેથી જે લાભ પ્રવચનસત્રાર્થીઓને મળ્યો, તે આજે આપણને બધાને પણ આ પુસ્તકના માધ્યમથી પ્રાપ્ત થઈ રહ્યો છે એવું અમોને લાગે છે. જે સ્વાધ્યાયલાભના આનંદની સામે ભક્તિયોગના રસિકજન ભાષાકીય અજ્ઞાનના કારણે તથા લિપિબધ્ધ કરવા વિગેરેમાં જે કાંઈપણ અમારી ક્ષતિ રહી ગઈ છે તેને ક્ષમ્ય ગણશે.

**– અશોક શર્મા**
**– ધર્મેન્દ્રસિંહ ઝાલા**
**– પદ્મિની ઝાલા**

# વિષયાનુક્રમણિકા

વિષય પાના નં.

**પહેલા દિવસનું પ્રવચન ૦૧**

૧. બારમો અધ્યાય ૦૧
૨. ભગવદ્ગીતા ઉપનિષદ્ઓનો સાર છે. ૦૯
૩. ગીતાનો સાર ૧૧
૪. ગીતાના ઉપદેશકનો નિર્ણય ૧૩
૫. બે સ્તર ઉપર ગીતાનો ઉપદેશ. ૧૪
૬. ભક્તિયોગનું ફલિતસ્વરૂપ બારમો અધ્યાય ૧૫
૭. ગીતાના ઉપદેશનો ક્રમ. ૧૬
૮. કર્મમાર્ગ, જ્ઞાનમાર્ગ અને ભક્તિમાર્ગના બીજ. ૧૭
૯. ભક્ત અને ભક્તિયોગી ૨૦
૧૦. જ્ઞાની અને જ્ઞાનયોગી ૨૦
૧૧. કર્મીઅને કર્મયોગી ૨૩
૧૨. ભક્તિ પણ સંકલ્પભેદથી જાુદી-જાુદી બને છે. ૨૪
૧૩. ધ્યાનનું મહત્ત્વ. ૨૭
૧૪. બધા સંપ્રદાયોને એક કરી દો. ૨૯
૧૫. સાચી દિશામાં પગ મૂકવો જરૂરી ૩૦
૧૬. અર્જુનનો પ્રશ્ન. ૩૧

**બીજા દિવસનું પ્રવચન ૩૨**

૧૭. ભજન કરનારાઓના પ્રકાર ૩૨
૧૮. એક જ કાર્ય અલગ-અલગ પુરુષાર્થરૂપ ૩૨
૧૯. નિત્યયુકતભક્તિ ૩૭
૨૦. મોટરની આગળ ઘોડો !! ૩૭
૨૧. ભક્તિપુરૂષાર્થ ૩૯
૨૨. કામપુરુષાર્થની પરિક્રમા !! ૪૦
૨૩. ભગવાન્ની અસૂયા ૪૦
૨૪. ભજનીય વિનાશયોગ !!! ૪૨
૨૫. ભગવાન્ શું બહેરો છે? ૪૫

૨૬. બધા સંપ્રદાય બધા ધર્મના ભેદ મિથ્યા !! ૪૮
૨૭. ભક્તિ ડેટીંગ નહીં. ભક્તિ તો એક ધર્મ એક વ્રત એક નેમ ૫૦
૨૮. નિર્ગુણભક્તિયોગ ૫૧

**ત્રીજા દિવસનું પ્રવચન : ૫૪**
૨૯. ઉપનિષદોમાં લાગતા વિરોધાભાસનું નિરાકરણ ગીતાથી ૫૪
૩૦. મહાપ્રભુનો સ્થાયીભાવ ૫૬
૩૧. ‘માયા’ નહીં ‘લીલા’ કહો. ૫૮
૩૨. પરમાત્મા એક કલાકાર છે અને જગત્ તેની કલા છે. ૬૦
૩૩. બધા જ નામ–રૂપ એણે ધારણ કર્યા છે. ૬૧
૩૪. વેદાંતના ત્રણ વાદ ૬૪
૩૫. અવ્યક્તા હિ ગતિઃ દુઃખમ્ ૬૮
૩૬. અહંતા–મમતાનો નશો બધાને ચઢેલો છે. ૬૯
૩૭. સેવામાં પણ અહંનો નશો ૭૦
૩૮. દૈન્યમાં પણ અહંકાર ૭૧
૩૯. વ્રતોમાં પણ ગોટાળા ૭૩

**ચોથા દિવસનું પ્રવચન : ૭૫**
૪૦. ભગવાન્ કૃષ્ણની ક્રીડા ત્રણ પ્રકારથી ૭૫
૪૧. જગતનો ખેલ. ૮૦
૪૨. સર્વાકારને સમજવો મુશ્કેલ ૮૧
૪૩. શું સર્વાકારતા માત્ર ઉપાસના માટે છે ? ૮૫
૪૪. જ્ઞાનયોગ અને ભક્તિયોગ ૮૬
૪૫. ભક્તિઃ પરમાત્માને સમજીને ભગવાને ચાહવા ગીતાનો મુખ્ય સિદ્ધાંત ૮૭
૪૬. દુર્વિદગ્ધની દુવિધા ૯૧
૪૭. તસ્માત્ યોગી ભવ અર્જુન ! ૯૨
૪૮. અર્જુનનો સંદેહ /અક્ષરનું રહસ્ય ૯૪

**પાંચમા દિવસનું પ્રવચન : ૯૬**
૪૯. આરંભવાદ વિવર્તવાદ અને પરિણામવાદ ૯૬

૫૦. વિરુદ્ધ ધર્મોનો અવિરુદ્ધ આશ્રય. ૯૭
૫૧. યથાર્થની યથોપાસના ૯૮
૫૨. કર્તા કારયિતા હરિઃ ૯૮
૫૩. વિભિન્ન દર્શનની ભિન્ન-ભિન્ન દૃષ્ટિ ૯૯
૫૪. કર્મ, સ્વભાવ અને કાલના અધિદેવ બ્રહ્મા વિષ્ણુ શિવ ૧૦૨
૫૫. યમુનાજલના નામે તમસાજલ ૧૦૩
૫૬. તત્ત્વ એક પરંતુ આધિભૌતિક, આધ્યાત્મિક, આધિદૈવિક હોવાનું ત્રૈવિધ્ય ૧૦૫
૫૭. સાકારતા સર્વાકારતા નિરાકારતા વ્યકતાકારતા ૧૦૮
૫૮. ભક્તિમાર્ગ અને જ્ઞાનમાર્ગ. ૧૧૦
૫૯. જ્ઞાનયોગ=વ્યક્તમાં અવ્યક્તની તરફ, ભક્તિયોગ = અવ્યક્તમાં વ્યક્તની ખોજ. ૧૧૧
૬૦. તુલના બે વ્યકતની વચ્ચે થાય, અવ્યક્તની સાથે નહીં. ૧૧૨
૬૧. શાસ્ત્રનો ઉપદેશ અને તે ઉપદિષ્ટમાં વિશ્વાસ ૧૧૪
૬૨. બ્રાહ્મિકી સત્તા નામ-રૂપ-કર્મોનો અજસ્ર સ્રોત ૧૧૬
૬૩. નામ-રૂપ-કર્મના પ્રવાહમાં તરવું-વહેવું કે તટસ્થ બનીને મજા લેવી. ૧૧૮
૬૪. ભક્તિની આવશ્યકતા મનનો ભજનીયમાં નિત્યયોગ પરંતુ જ્ઞાનમાં તે અનાવશ્યક ૧૨૧

**છઠ્ઠા દિવસનું પ્રવચન : ૧૨૩**

૬૫. મોઢામાં નાખતા જ ગરમી સુહાગસૂંઠની નહીં પરંતુ તેના મસાલાના મહિમાની ૧૨૩
૬૬. ભક્તિ અને ઉપાસના ૧૨૫
૬૭. ભક્તિના અનુભાવ વિવશતાના પરંતુ ઉપાસનાના ઐચ્છિક ૧૨૭
૬૮. શાખા અરૂન્ધતીન્યાય ઉપાસનામાં સારો ભક્તિમાં ખરાબ ૧૩૦
૬૯. અધ્યારોપવાદથી આગળ ઝેન સાધનામાં અપોહિતાંગીકારની પ્રક્રિયા ૧૩૧
૭૦. ભર્તાસિન્ ભ્રિયમાણો બિભર્તિ ૧૩૩
૭૧. નિંદકોની નિંદાની નિંદારસાનુભૂતિ ! ૧૩૮
૭૨. સંસારીના બ્રહ્મજ્ઞાનનું ગુરૂપાદુકાનું નાટક ૧૪૨

**સાતમા દિવસનું પ્રવચન : ૧૪૫**
૭૩. ભક્તિમાર્ગાબ્જ માર્તંડ શ્રીમદાચાર્યચરણ : ૧૪૫
૭૪. ભક્તિ દુર્લભ પણ અને સુલભ પણ ૧૪૬
૭૫. મિથ્યા અહંતા ૧૫૧
૭૬. ભક્તિનો ભાવ સમર્પણનો ભાવ ૧૫૨
૭૭. ભક્તિ એક અકૃત્રિમભાવ ૧૫૪
૭૮. 'ભક્તિ' શબ્દના જુદા જુદા ભાવ ૧૫૫

**આઠમા દિવસનું પ્રવચન : ૧૬૨**
૭૯. પ્રભુ સાથે સગાઈ-વિવાહની જેમ ભક્તિયોગની સાધનદશા-સિદ્ધદશા ૧૬૩
૮૦. અજ્ઞાની-શાસ્ત્રજ્ઞાની-ભગવદ્જ્ઞાની ૧૬૫
૮૧. ઈશ્વરનો સ્નેહી અને ભકત ૧૬૭
૮૨. વિષયાનંદ એક છેતરામણી ૧૬૮
૮૩. અવ્યક્ત ઉપાસના - વ્યક્ત ઉપાસના ૧૭૦
૮૪. યે તુ સર્વાણિ કર્માણિ મયિ સંન્યસ્ય મત્પરાઃ ૧૭૧
૮૫. અનન્યેનૈવ યોગેન માં ધ્યાયન્ત ઉપાસતે ૧૭૨
૮૬. અભ્યાસયોગ ૧૭૫
૮૭. ભક્તિની જડોનું સિંચન ૧૭૬
૮૮. અદ્વેષ્ટા સર્વભૂતાનામ્ ૧૭૭
૮૯. મૈત્રઃ કરુણએવ ચ ૧૭૯
૯૦. નિર્મમો નિરહંકારઃ... ૧૮૦
૯૧. અભ્યાસેડપિ અસમર્થોડસિ ૧૮૧
૯૨. યે યથોકત પર્યુપાસતે... તે અતિવ મે પ્રિયાઃ ૧૮૩

**અમૃતવચનાવલી ૧૮૫**

# પહેલા દિવસનું પ્રવચન

ગીતાના બારમા અધ્યાય ઉપર આપણે વિચાર કરશું. જેમ કહેવામાં આવે છે **''શ્રોતવ્યો મન્તવ્યો નિદિધ્યાસિતવ્યઃ''** (બૃહ.ઉપ.૨/૪/૫). ભગવદ્‌વાણીનું પહેલાં શ્રવણ કરવું, પછી તેનું મનન કરવું અને પછી નિદિધ્યાસન કરવું. એ ન્યાયથી જેટલાં દિવસ આ અધ્યાયનો પાઠ પણ આપણે કરીશું.

## ૧. ।। અથદ્વાદશાધ્યાયઃ ।।

### અર્જુન ઉવાચ

**એવં સતતયુકતાઃ યે ભકતાઃ ત્વાં પર્યુપાસતે ।।**
**યે ચાપિ અક્ષરમ્ અવ્યક્તમ્ તેષાં કે યોગવિત્તમાઃ ।।૧।।**

એવમ્ સતતયુકતાઃ યે ભકતાઃ ત્વામ્ પર્યુપાસતે યે ચ અપિ અક્ષરમ્ અવ્યકતમ્ તેષામ્ કે યોગવિત્તમાઃ ? ।।૧।।

**યે** = જે, **ભક્તાઃ** = ભક્તજન, **એવમ્** = આ પ્રકારથી, **સતતયુક્તાઃ** = નિરંતર આપના ભજનમાં લાગેલા, **ત્વામ્** = આપના (સાકારરૂપને), **પર્યુપાસતે** = અતિ શ્રેષ્ઠભાવથી ઉપાસના કરે છે, **ચ** = અને, **યે** = જે, **અવ્યક્તમ્ અક્ષરમ્** = અવ્યકત અક્ષરને, **અપિ** = જ, **તેષામ્** = તે બંને ભકતોમાં, **કે** = કોણ, **યોગવિત્તમા** = અતિઉત્તમ યોગવેત્તા કોણ છે?

જે ભકતજન આ પ્રકારથી નિરંતર આપના ભજનમાં લાગેલા આપના સાકારરૂપની જ અને જે અવ્યક્ત નિરાકાર અક્ષરની જ અતિ શ્રેષ્ઠ ભાવથી ઉપાસના કરે છે, એ બંને ભકતોમાં અતિ ઉત્તમ કોણ છે?

### શ્રીભગવાન્ ઉવાચ

**મયિ આવેશ્ય મનો યે માં નિત્યયુક્તા ઉપાસતે ।।**
**શ્રદ્ધયા પરયા ઉપેતા તે મે યુક્તતમા મતાઃ ।।૨।।**

મયિ આવેશ્ય મનઃ યે મામ્ શ્રદ્ધયા પરયા ઉપેતા નિત્યયુકતાઃ ઉપાસતે તે મે યુકતતમાઃ મતાઃ ।।૨।।

**મયિ** = મારામાં, **મનઃ** = મનને, **આવેશ્ય** = એકાગ્ર કરીને, **શ્રદ્ધયા પરયા ઉપેતા** = પરમ શ્રદ્ધાથી યુકત, **નિત્યયુક્તાઃ** = નિરંતર, **યે** = જે, **મામ્** = મારા સાકારરૂપની, **ઉપાસતે** = ઉપાસના કરે છે, **તે** = તે, **મે** = મને, **યુક્તતમાઃ**

= યુક્તતમ, **મતાઃ** = લાગે છે.

જે મારામાં મનને એકાગ્ર કરીને નિરંતર અતિ શ્રેષ્ઠ શ્રદ્ધાથી યુક્ત થઈને મારી ઉપાસના કરે છે, તે મને યુક્તતમ લાગે છે.

**યેતુ અક્ષરમ્ અનિર્દેશ્યમ્ અવ્યક્તં પર્યુપાસતે ।।**
**સર્વત્રગમ્ અચિન્ત્યમ્ ચ કૂટસ્થમ્ અચલં ધ્રુવમ્ ।।૩।।**
**સન્નિયમ્ય ઈન્દ્રિયગ્રામં સર્વત્ર સમબુદ્ધયઃ ।।**
**તે પ્રાપ્નુવન્તિ મામેવ સર્વભૂતહિતે રતાઃ ।।૪।।**

યેતુ અક્ષરમ્ અનિર્દેશ્યમ્ અવ્યક્તમ્ પર્યુપાસતે સર્વત્રગમ્ અચિન્ત્ય કૂટસ્થમ્ અચલમ્ ચ ધ્રુવમ્ સંનિયમ્ય ઈન્દ્રિયગ્રામમ્ સર્વત્ર સમબુદ્ધયઃ તે પ્રાપ્નુવન્તિ મામેવ સર્વભૂતહિતે રતાઃ ।।૩-૪।।

**તુ** = અને, **યે** = જે પુરૂષ, **ઈન્દ્રિયગ્રામમ્** = ઈન્દ્રિયોના સમુહને, **સંનિયમ્ય** = સારી રીતે વશમાં કરીને, **અચિન્ત્યમ્** = મન બુદ્ધિથી પર, **સર્વત્રગમ્** = સર્વવ્યાપિ, **અનિર્દેશ્યમ્** = અકથનીય સ્વરૂપ, **ચ** = અને, **કૂટસ્થ**= સદા એકરસ રહેનારા, **ધ્રુવમ્** = નિત્ય, **અચલમ્** = અચલ, **અવ્યકતમ્ અક્ષરમ્** = નિરાકાર અક્ષરની, **પર્યુપાસતે** = સારી રીતે ઉપાસના કરે છે, **તે** = તે, **સર્વભૂતહિતે રતાઃ** = સંપૂર્ણ ભૂતોના હિતમાં રત થઈને, **સર્વત્ર** = બધામાં, **સમબુદ્ધયઃ** = સમાન બુદ્ધિવાળા, **મામ્ એવ** = મને જ, **પ્રાપ્નુવન્તિ** = પ્રાપ્ત થાય છે.

પરંતુ જે જીવ ઈન્દ્રિયોના સમુદાયને સારી રીતથી વશમાં કરીને મન-બુદ્ધિથી પર સર્વવ્યાપિ અકથનીય સ્વરૂપ અને સદા એકરસ રહેનારા નિત્ય અચલ નિરાકાર અવિનાશી અક્ષરબ્રહ્મનું એકીભાવથી ધ્યાન કરે છે ભજે છે, તે સંપૂર્ણ ભૂતોના હિતમાં રત અને બધામાં સમાન ભાવવાળા યોગી મને જ પ્રાપ્ત થાય છે.

**ક્લેશો અધિકતરઃ તેષામ્ અવ્યક્તાસક્તચેતસામ્ ।।**
**અવ્યક્તા હિ ગતિર્ દુઃખમ્ દેહવદ્ભિઃ અવાપ્યતે ।।૫।।**

અવ્યકતાસકતચેતસામ્ તેષામ્ અધિકતરો ક્લેશો (ભવતિ) હિ દેહવદ્ભિઃ અવ્યકતા ગતિઃ દુઃખમ્ અવાપ્યતે ।।૫।।

**અવ્યક્તાસક્તચેતસામ્** = અવ્યકતબ્રહ્મમાં આસકત ચિત્તવાળા, **તેષામ્**

= તે જીવોને, **અધિકતરઃ** = ઘણોજ, **ક્લેશઃ** = ક્લેશ થાય છે, **હિ** = કેમકે, **દેહવદ્‌ભિઃ** = દેહાભિમાનીઓને, **અવ્યક્તાગતિઃ** = અવ્યક્ત વિષયક ગતિ, **દુઃખમ્** = દુઃખપૂર્વક, **અવાપ્યતે** = પ્રાપ્ત થાય છે.

નિરાકાર બ્રહ્મમાં આસક્ત ચિત્તવાળા તે જીવોને વિશેષ પરિશ્રમ થાય છે. કેમકે દેહાભિમાનીઓને અવ્યક્તવિષયક ગતિ દુઃખપૂર્વક પ્રાપ્ત થાય છે.

**યે તુ સર્વાણિ કર્માણિ મયિ સંન્યસ્ય મત્પરાઃ ।।**
**અનન્યનૈવ યોગેન માં ધ્યાયન્ત ઉપાસતે ।।૬।।**
**તેષામ્ અહં સમુદ્ધર્તા મૃત્યુસંસારસાગરાત્ ।।**
**ભવામિ ન ચિરાત્ પાર્થ! મયિ આવેશિતચેતસામ્ ।।૭।।**

યે તુ મત્પરાઃ સર્વાણિ કર્માણિ મયિ સંન્યસ્ય અનન્યેનૈવ યોગેન મામ્ ધ્યાયન્તઃ ઉપાસતે. હે પાર્થ! મયિ આવેશિતચેતસામ્ તેષામ્ અહં મૃત્યુસંસારસાગરાત્ ન ચિરાત્ સમુદ્ધર્તા ભવામિ ।।૬-૭।।

**યેતુ** = જો તે, **મત્પરાઃ** = મારામાં પરાયણ, **સર્વાણિ કર્માણિ** = સઘળા કર્મોને, **મયિ સંન્યસ્ય** = મને અર્પણ કરીને, **મામ્ એવ** = મને જ, **અનન્યેન ભાવેન** = અનન્ય ભાવથી, **ધ્યાયન્ત** = ચિંતન કરતાં કરતાં, **ઉપાસતે** = ભજન કરે છે, **હે પાર્થ !** = હે અર્જુન !, **મયિ આવેશિતચેતસામ્ તેષામ્** = મારામાં આવેશિતચિતવાળા ભક્તોને, **અહમ્** = હું, **ન ચિરાત્** = તુરત જ/જલ્દીથી, **મૃત્યુસંસારસાગરાત્** = મૃત્યુરૂપ સંસારસમુદ્રથી, **ન ચિરાત્** = તુરતજ/જલ્દીથી, **સમુદ્ધર્તા ભવામિ** = ઉદ્ધાર કરનારો થાઉં છું.

જો તે મારામાં પરાયણ રહીને, બધાજ કર્મો મને અર્પણ કરીને, અનન્ય ભાવથી મારૂં ચિંતન કરતા કરતા મારૂં જ ભજન કરે. તેવા મારામાં આવેશપૂર્ણચિત્તવાળા ભક્તોને હું મૃત્યુરૂપ સંસારસમુદ્રમાંથી તુરત જ (જલ્દીથી) ઉદ્ધાર કરનારો થાઉં છું.

**મય્યેવ મન આધત્સ્વ મયિ બુદ્ધિં નિવેશય ।।**
**નિવસિષ્યસિ મય્યેવ અતઃ ઉર્ધ્વં ન સંશયઃ ।।૮।।**

મય્યેવ મનઃ આધત્સ્વ મય્યેવ બુદ્ધિમ્ નિવેશય અતઃ ઉર્ધ્વમ્ મય્યેવ નિવસિષ્યસિ ન સંશયઃ ।।૮।।

**મય્યેવ** = મારામાં જ, **મનઃ આધત્સ્વ** = મનને લગાવીને, **મય્યેવ** = મારામાં જ, **બુદ્ધિમ્** = બુદ્ધિને, **નિવેશય** = લગાવીને, **અતઃ ઉર્દ્ધ્વમ્** = એના ઉપરાન્ત, **મય્યેવ** = મારામાં જ, **નિવસિષ્યસિ** = નિવાસ કરશે, **ન સંશયઃ** = એમાં શંકા નથી.

મારામાં જ મનને લગાવીને અને મારામાં જ બુદ્ધિને લગાવીને એના ઉપરાન્ત તું મારામાં જ નિવાસ કરીશ, એમાં કોઈપણ શંકા નથી.

**અથચિત્તં સમાધાતું ન શક્નોષિ મયિ સ્થિરમ્ ।।**
**અભ્યાસયોગેન તતો મામ્ ઈચ્છ આપ્તું ધનંજય ।।૯।।**

અથમયિ ચિત્તં સ્થિરમ્ સમાધાતું ન શક્નોષિ તતો હે ધનંજય ! અભ્યાસયોગેન મામ્ આપ્તુમ્ ઈચ્છ ।।૯।।

**અથ**= જો તું, **મયિ** = મારામાં, **ચિત્તમ્** = ચિત્તને, **સ્થિરમ્ સમાધાતુમ્** = સ્થિર કરવામાં, **ન શક્નોષિ** = શક્તિશાળી ન હોય, **તતઃ** = તો, **હે ધનંજય** = હે અર્જુન, **અભ્યાસયોગેન** = અભ્યાસયોગ દ્વારા, **મામ્** = મને, **આપ્તુમ્** = પ્રાપ્ત કરવા માટે, **ઈચ્છ** = ઈચ્છા કર.

જો તું મનને મારામાં સ્થિર સ્થાપન કરવા માટે શક્તિશાળી ન હોય તો હે અર્જુન ! અભ્યાસયોગ દ્વારા મને પ્રાપ્ત કરવાની ઈચ્છા કર.

**અભ્યાસેઽપિ અસમર્થો અસિ મત્કર્મપરમો ભવ ।।**
**મદર્થમપિ કર્માણિ કુર્વન્ સિદ્ધિમ્ અવાપ્સ્યસિ ।।૧૦।।**

અભ્યાસે અપિ અસમર્થો અસિ મત્કર્મપરમો ભવ મદર્થમ્ કર્માણિ કુર્વન્ અપિ (/મદર્થમપિ કર્માણિ કુર્વન્) સિદ્ધિમ્ અવાપ્સ્યસિ ।।૧૦।।

**અભ્યાસે અપિ** = અભ્યાસમાં પણ, **અસમર્થઃ** = અસમર્થ, **અસિ** = હોય, **(તર્હિ)** = તો, **મત્કર્મપરમો** = મારા કર્મો કરવામાં જ પરાયણ, **ભવ** = થા/બન, **મદર્થમ્** = મારા માટે, **કર્માણિ** = કર્મોને, **કુર્વન્** = કરતાં કરતાં, **અપિ** = પણ, **સિદ્ધિમ્** = સિદ્ધિને, **અવાપ્સ્યસિ** = પ્રાપ્ત કરી શકીશ.

અભ્યાસમાં પણ અસમર્થ હો, તો માત્ર મારા માટે કર્મ કરવામાં જ પરાયણ થઈ જા. મારા માટે કર્મોને કરતાં કરતાં પણ મારી પ્રાપ્તિરૂપ સિદ્ધિને પ્રાપ્ત કરી શકીશ.

**અથ એતદપિ અશક્તો અસિ કર્તુમ્ મદ્યોગમ્ આશ્રિતઃ ।।**
**સર્વકર્મફલત્યાગં તતઃ કુરુ યતાત્મવાન્ ।।૧૧।।**

અથએતદપિ કર્તુમ્ અશકતો અસિ તતઃ યતાત્મવાન્ (સન્) મદ્‌યોગમ્ આશ્રિતઃ સર્વકર્મફલત્યાગં કુરુ ।।૧૧।।

**અથ**= જો, **એતદપિ** = આને પણ, **કર્તુમ્** = કરવામાં, **અશકતો** = અસમર્થ, **અસિ** = હોય, **તતઃ** = તો, **યતાત્મવાન્** = પ્રયત્નશીલ, **(સન્)** = થઈને, **મદ્‌યોગમ્** = મારી પ્રાપ્તિરૂપ યોગને, **આશ્રિતઃ** = શરણે થઈ જા, **સર્વકર્મફલત્યાગં** = સઘળા કર્મોના ફલનો ત્યાગ, **કુરુ** = કર.

જો આને પણ કરવામાં અસમર્થ હો, તો પ્રયત્નશીલ થઈને મારી પ્રાપ્તિરૂપ યોગના શરણે થઈ જા, સઘળા કર્મોના ફલનો ત્યાગ કર.

**શ્રેયોહિ જ્ઞાનમ્ અભ્યાસાદ્ જ્ઞાનાદ્ ધ્યાનં વિશિષ્યતે ।।**
**ધ્યાનાત્ કર્મફલત્યાગઃ ત્યાગાત્ શાન્તિઃ અનન્તરમ્ ।।૧૨।।**

જ્ઞાનં હિ અભ્યાસાત્ શ્રેયઃ, જ્ઞાનાદ્ ધ્યાનમ્ વિશિષ્યતે, ધ્યાનાત્ કર્મફલ-ત્યાગઃ, ત્યાગાદ્ અનન્તરમ્ શાન્તિઃ ।।૧૨।।

**જ્ઞાનમ્ હિ** = જ્ઞાન જ, **અભ્યાસાત્** = અભ્યાસથી, **શ્રેયઃ** = શ્રેય છે, **જ્ઞાનાત્** = જ્ઞાનથી, **ધ્યાનમ્** = મારા સ્વરૂપનું ધ્યાન, **વિશિષ્યતે** = શ્રેષ્ઠ છે (અને), **ધ્યાનાત્** = ધ્યાનથી પણ, **કર્મફલ ત્યાગઃ** = (મારા માટે) કર્મફલનો ત્યાગ(શ્રેષ્ઠ છે), **ત્યાગાત્** = ત્યાગથી, **અનન્તરમ્** = તુરતજ, **શાન્તિઃ** = પરમ શાન્તિ મળે છે.

જ્ઞાન જ અભ્યાસથી શ્રેષ્ઠ છે. જ્ઞાનથી મારા સ્વરૂપનું ધ્યાન શ્રેષ્ઠ છે. ધ્યાનથી પણ કર્મફલત્યાગ શ્રેષ્ઠ છે. ત્યાગથી જ પરમશાન્તિ મળે છે.

**અદ્વેષ્ટા સર્વભૂતાનાં મૈત્રઃ કરુણએવ ચ ।।**
**નિર્મમો નિરહંકારઃ સમદુઃખસુખઃ ક્ષમી ।।૧૩।।**

સર્વભૂતાનામ્ અદ્વેષ્ટા, મૈત્રઃ કરુણએવ ચ, નિર્મમો નિરહંકારઃ સમદુઃખસુખઃ ક્ષમી ।।૧૩।।

**સર્વભૂતાનામ્** = સર્વભૂતોમાં, **અદ્વેષ્ટા** = દ્વેષભાવ રહિત, **મૈત્રઃ** = મિત્રભાવવાળા, **ચ** = અને, **કરુણએવ** = હેતુરહિત કરુણાવાન્, **નિર્મમઃ** = મમતારહિત, **નિરહંકારઃ** = અહંકાર રહિત, **સમદુઃખસુખઃ** = સુખદુઃખની પ્રાપ્તિમાં સમાન, **ક્ષમી** = ક્ષમાવાળો.

સઘળાભૂતોમાં દ્વેષભાવથી રહિત, સ્વાર્થ રહિત, મૈત્રી અને કરૂણાવાળો તથા મમતારહિત તેમજ અહંકારરહિત, સુખ-દુઃખોની પ્રાપ્તિમાં સમાન અને ક્ષમાવાળો.

**સન્તુષ્ટઃ સતતં યોગી યતાત્મા દઢ નિશ્ચયઃ ।।**
**મયિ અર્પિતમનોબુદ્ધિર્ યો મદ્‌ભક્તઃ સ મે પ્રિયઃ ।।૧૪।।**

સતતમ્ સન્તુષ્ટઃ યોગી યતાત્મા દઢનિશ્ચયઃ મયિ અર્પિતમનોબુદ્ધિઃ યઃ મદ્‌ભક્તઃ સઃ મે પ્રિયઃ ।।૧૪।।

**સતતમ્** = સતત, **સન્તુષ્ટ** = સંતોષવાળો થઈને, **યોગી** = ધ્યાનયોગમાં યુક્ત, **યતાત્મા** = મન અને ઈન્દ્રિયો ને વશમાં કરેલો, **દઢ નિશ્ચયઃ** = દઢ નિશ્ચયવાળો, **મયિ અર્પિતમનોબુદ્ધિઃ** = મારામાં અર્પિત મન-બુદ્ધિવાળો, **યઃ** = જે, **મદ્‌ભક્તઃ** = મારો ભક્ત, **સઃ** = તે, **મે** = મને, **પ્રિયઃ** = પ્રિય છે.

સતત સન્તુષ્ટ, ધ્યાનયોગમાં યુક્ત, મન અને ઈન્દ્રિયો ને પોતાના વશમાં રાખનારો, દઢ નિશ્ચયવાળો, મારામાં અર્પિત મન અને બુદ્ધિવાળો જે મારો ભક્ત છે તે મને પ્રિય છે.

**યસ્માદ્ નોદ્વિજતે લોકો લોકાદ્ નોદ્વિજતે ચ યઃ ।।**
**હર્ષામર્ષભયોદ્વેગૈર્ મુક્તો યઃ સ ચ મે પ્રિયઃ ।।૧૫।।**

યસ્માદ્ લોકો ન ઉદ્વિજતે, લોકાત્ ચ યો ન ઉદ્વિજતે, હર્ષામર્ષભયોદ્વેગૈઃ મુક્તઃ યઃ સ ચ મે પ્રિયઃ ।।૧૫।।

**યસ્માત્** = જેનાથી, **લોકો ન ઉદ્વિજતે** = લોકને ઉદ્વેગ ન થતો હોય, **ચ** = અને, **લોકાત્** = લોકથી, **યઃ** = જે, **ન ઉદ્વિજતે** = ઉદ્વેગવાળો ન થતો હોય, **હર્ષામર્ષભયોદ્વેગૈઃ** = હર્ષ-અમર્ષ-ભય-ઉદ્વેગ વગેરેથી, **મુક્તઃ** = મુકત, **યઃ** = જો, **સ** = તે, **ચ** = જ, **મે** = મને, **પ્રિયઃ** = પ્રિય છે.

જેનાથી લોક ઉદ્વિગ્ન ન થતો હોય અને જે સ્વયં લોકથી ઉદ્વિગ્ન ન થતો હોય એવો હર્ષ-અમર્ષ-ભય-ઉદ્વેગથી જે મુક્ત છે તે મને પ્રિય છે.

**અનપેક્ષઃ શુચિઃ દક્ષઃ ઉદાસીનો ગતવ્યથઃ ।।**
**સર્વારંભપરિત્યાગી યો મદ્ભક્તઃ સ મે પ્રિયઃ ।।૧૬।।**

અનપેક્ષઃ શુચિ દક્ષઃ ઉદાસીનઃ ગતવ્યથઃ સર્વારમ્ભપરિત્યાગી યઃ મદ્ભકતઃ સ મે પ્રિયઃ ।।૧૬।।

**અનપેક્ષ** = અપેક્ષા રહિત, **શુચિઃ** = શુદ્ધ, **દક્ષઃ** = ચતુર, **ઉદાસીનઃ** = પક્ષપાત રહિત, **ગતવ્યથઃ** = વ્યથાથી રહિત, **સર્વારમ્ભપરિત્યાગી** = સર્વ આરંભનો પરિત્યાગ કરવાવાળો, **યઃ** = જે, **મદ્ભક્તઃ** = મારો ભકત છે, **સ** = તે, **મે** = મને, **પ્રિયઃ** = પ્રિય છે.

અપેક્ષારહિત, પવિત્ર, ચતુર, પક્ષપાતરહિત, વ્યથાથીરહિત અને સર્વના આરંભનો પરિત્યાગ કરવાવાળો જે મારો ભક્ત છે, તે મને પ્રિય છે.

**યો ન હૃષ્યતિ ન દ્વેષ્ટિ ન શોચતિ ન કાંક્ષતિ ।।**
**શુભાશુભપરિત્યાગી ભક્તિમાન્ યઃ સ મે પ્રિયઃ ।।૧૭।।**

યો ન હૃષ્યતિ ન દ્વેષ્ટિ ન શોચતિ ન કાંક્ષતિ શુભાશુભપરિત્યાગી ભક્તિમાન્ યઃ સ મે પ્રિયઃ ।।૧૭।।

**યોઃ** = જે, **ન હૃષ્યતિ** = હર્ષિત ન થતો હોય, **ન દ્વેષ્ટિ** = દ્વેષ ન કરતો હોય, **ન શોચતિ** = શોક ન કરતો હોય, **ન કાંક્ષતિ** = કામના ન કરતો હોય, **શુભાશુભપરિત્યાગી** = શુભ અને અશુભ બધા કર્મોના ફલોનો ત્યાગી હોય, **યઃ** = એવો જે, **ભક્તિમાન્** = ભક્તિવાળો છે, **સ** = તે, **મે** = મને, **પ્રિયઃ** = પ્રિય છે.

જે ન હર્ષિત થાય છે, ન દ્વેષ કરે છે, ન શોક કરે છે, ન કામના કરતો હોય, સારા અને ખરાબ બધા જ કર્મોના ફલોને ત્યાગ કરનારો હોય એવો જે ભક્તિવાળો છે તે મને પ્રિય લાગે છે.

**સમઃ શત્રૌ ચ મિત્રે ચ તથા માનાપમાનયોઃ ।।**
**શીતોષ્ણસુખદુઃખેષુ સમઃ સંગવિવર્જિતઃ ।।૧૮।।**

શત્રૌ ચ મિત્રે ચ તથા માનાપમાનયોઃ (યઃ) સમઃ શીતોષ્ણસુખદુઃખેષુ સમઃ સંગવિવર્જિતઃ ।।૧૮।।

**શત્રૌ મિત્રે ચ** = શત્રુ અને મિત્રમાં તથા, **માનાપમાનયોઃ ચ**= માન અને અપમાનમાં, **(યઃ) સમઃ** = જે સમાન હોય, **તથા** = અને, **શીતોષ્ણસુખદુઃખેષુ** = સર્દી-ગર્મીઅને સુખદુઃખના દ્વન્દોમાં, **સમઃ** = સમાન હોય, **(ચ)** = અને, **સંગવિવર્જિતઃ** = આસક્તિથી રહિત હોય.

જે શત્રુ-મિત્રમાં અને માન-અપમાનમાં સમાન છે, તથા સર્દી-ગર્મી, સુખદુઃખ વગેરેના દ્વન્દોમાં સમાન હોય અને આસક્તિ વિનાનો હોય.

**તુલ્યનિન્દાસ્તુતિર્ મૌની સન્તુષ્ટો યેન કેનચિત્ ।।**
**અનિકેતઃ સ્થિરમતિઃ ભક્તિમાન્ મે પ્રિયો નરઃ ।।૧૯।।**

તુલ્યનિન્દાસ્તુતિઃ મૌની યેન કેનચિત્ સન્તુષ્ટો અનિકેતઃ સ્થિરમતિઃ ભક્તિમાન નરો મે પ્રિયઃ ।।૧૯।।

**તુલ્યનિન્દાસ્તુતિઃ** = નિંદા-સ્તુતિને સમાન સમજવાવાળો, **મૌની** = મનનશીલ, **યેન કેનચિત્ સન્તુષ્ટો** = કોઈપણ પ્રકારથી શરીરનો નિર્વાહ કરવામાં સંતોષ રાખનારો, **અનિકેતઃ** = રહેવાના સ્થાન બાબતમાં મમતારહિત હોય, **(સઃ)** = તે, **સ્થિરમતિઃ** = સ્થિરબુદ્ધિવાળો, **ભક્તિમાન્** = ભક્તિમાન્, **નરઃ** = નર, **મે** = મને, **પ્રિયઃ** = પ્રિય લાગે છે.

નિંદા-સ્તુતિને સમાન સમજનારો, મનનશીલ, અને કોઈપણ પ્રકારથી શરીરના નિર્વાહમાં સંતોષ રાખનારો અને રહેવાના સ્થાનમાં મમતા વગરનો એવો સ્થિરબુદ્ધિવાળો ભક્તિમાન પુરૂષ મને પ્રિય લાગે છે.

**યેતુ ધર્મ્યામૃતમ્ ઈદં યથોકતં પર્યુપાસતે ।।**
**શ્રદ્ધાના મત્પરમા ભકતાઃ તે અતીવ મે પ્રિયાઃ ।।૨૦।।**

યે તુ મત્પરમાઃ શ્રદ્ધાના ઈદં ધર્મ્યામૃતમ્ યથોક્તં પર્યુપાસતે તે ભકતાઃ મે અતિવ પ્રિયાઃ ।।૨૦।।

**યે** = જે, **તુ** = અને, **મત્પરમાઃ** = મારામાં પરાયણ, **શ્રદ્ધાના** = શ્રદ્ધાયુક્ત પુરૂષ, **ઈદં** = આ, **ધર્મ્યામૃતમ્** = ધર્મમય અમૃતને, **યથોક્તં** =

કહેવાયેલા પ્રકારથી, **પર્યુપાસતે** = નિષ્કામભાવથી સેવન કરે છે, **તે** = તે, **ભક્તાઃ** = ભક્તજન, **મે** = મને, **અતીવ પ્રિયાઃ** = અતિશય પ્રિય લાગે છે.

અને જે ભક્તો શ્રદ્ધા રાખી મને પરમ જાણી આ ધર્મમય અમૃતનું કહ્યા પ્રમાણે સેવન કરે છે તેવા ભક્તજન મને અતિશય પ્રિય છે.

।। ઈતિ શ્રીમદ્ ભગવદ્‌ગીતાસુ ઉપનિષત્સુ બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે
શ્રીકૃષ્ણાર્જુનસંવાદે ભક્તિયોગો નામ દ્વાદશોડધ્યાયઃ ।।

## ૨. ભગવદ્‌ગીતા ઉપનિષદનો સાર છે :

ગીતાના અઢાર અધ્યાયોમાં એક-એક યોગનું વર્ણન છે, જેમકે પહેલા અધ્યાયમાં અર્જુનવિષાદયોગ છે. ગીતામાહાત્મ્યમાં કહ્યું છે **''સર્વોપનિષદો ગાવો દોગ્ધા ગોપાલનન્દનઃ પાર્થોવત્સ સુધીઃ ભોક્તા દુગ્ધં ગીતામૃતં મહત્''** ઉપનિષદ્ ગાય જેવા છે. મોટે ભાગે દશ-અગીયાર મુખ્ય ઉપનિષદ્ છે. તે દશથી અગીયાર ઉપનિષદોમાં પ્રાણવિદ્યા વગેરે એમ બધા થઈને લગભગ ૩૨ વિદ્યાઓનો ઉપદેશ છે, એવો સમ્પ્રદાય છે. તે બત્રીસેય વિદ્યાઓનો સાર ભગવાને ગીતામાં અર્જુનને કહેલો છે. **''સર્વોપનિષદો ગાવો દોગ્ધા ગોપાલનન્દનઃ''** ઉપનિષદ્ ગાય જેવા છે, એમાં જે બત્રીસ વિદ્યાઓનું પ્રતિપાદન થયું છે તે વિદ્યાઓ, જેમ ગાયના થનમાં દુધ રહે અને ગોવાળ જ્યારે તેને દોહે છે ત્યારે તે દુધ બહાર આવે. તેમ **''સર્વોપનિષદો ગાવો દોગ્ધા ગોપાલનન્દનઃ''** એ ન્યાયથી બત્રીસ વિદ્યાઓ અને તે બત્રીસ વિદ્યાઓમાં અમૃતરૂપ દુધને ભગવાને દોહ્યું છે. **''પાર્થો વત્સ''** પાર્થ અર્જુન વાછડાની જેમ છે, તેણે એ રસનું સૌથી પહેલાં ગીતાના માધ્યમથી **દુગ્ધં ગીતામૃતં મહત્** એ ન્યાયથી પાન કર્યું. જે અમૃતવિદ્યા **''અથપરા યયા તદ્ અક્ષરમ્ અધિગમ્યતે''** (મુંડક ઉપ. ૧/૧/૫) એમ કહે છે, તે ન્યાયથી પરાવિદ્યા, પરમાત્મવિષયણી વિદ્યા, તે બધીજ વિદ્યાઓનો સાર ભગવાને ગીતાના માધ્યમથી અહીં કહી દીધો છે. આ ગીતાનું અસાધારણ માહાત્મ્ય છે.

ઉપનિષદોમાં બત્રીસ વિદ્યાઓના અન્તર્ગત ઘણી બધી વાતો કહેવામાં આવેલી છે, તે વાતોને ભગવાન્ ક્યાંક તેના સ્પષ્ટરૂપમાં રજુ કરે છે, ક્યાંક એ વાતોને તેના સારના રૂપમાં રજુ કરે છે, તો પણ ગીતામાં તે બધી જ વિદ્યાઓનું રહસ્ય ભગવાને ખુલાસાપૂર્વક કહી દીધું છે. આ વાતને આપણે હૃદયારૂઢ કરવી જોઈએ.

આજકાલના ઘણા વિદ્વાનો ચક્કર ચલાવતા રહે છે કે ઉપનિષદોમાં ભક્તિ હતી નહીં. ભક્તિ તો પુરાણોએ ચાલુ કરી છે. ઉપનિષદોમાં તો જ્ઞાન અને જ્ઞાન જ હતું. ખરેખર જો એવું હોત કે ઉપનિષદોમાં ફક્ત જ્ઞાન જ હોત, તો તે ઉપનિષદોનું રહસ્ય જેનું વિવરણ ભગવાને ગીતામાં કર્યું અને જો ગીતામાં ભક્તિ મળે છે તો, એવું વિચારવું કે ઉપનિષદોમાં ભક્તિ ન હતી, તો તે ભગવાન્‌ના ઉપનિષદોના અર્થ કરવાના સામર્થ્ય ઉપર પ્રશ્નચિન્હ લગાડવા જેવું છે! ભગવાન્ તો અર્થ કરી રહ્યા છે કે ભક્તિ છે અને તે ઉપનિષદોના અર્થરૂપથી કહેવામાં આવેલી છે.

કેમકે ભગવાન્ એમ કહે છે **''ઈમં વિવસ્તે યોગં પ્રોક્તવાન્ અહમ્ અવ્યયં વિવસ્વાન્ મનવે પ્રાહ મનુઃ ઈક્ષ્વાક્વે અબ્રવીત્. એવં પરંપરાપ્રાપ્તમ્ ઈમં રાજર્ષયો વિદુઃ સ કાલેન ઇહ મહતા યોગો નષ્ટઃ પરન્તપ. સ એવ અયં મયા તે અદ્ય યોગઃ પ્રોક્તઃ પુરાતનઃ. ભક્તો અસિ મે સખા ચેતિ રહસ્યં હિ એતદ્ ઉત્તમમ્''** (ભ.ગી.૪।૧-૩) ભગવાન્ પણ અહિં એવો દાવો નથી કરી રહ્યા કે હું કોઈ નવી વાત સમજાવી રહ્યો છું. પ્રભુ પણ એ જ કહી રહ્યા છે કે જે કાંઈ પહેલાં કહેવામાં આવ્યું છે તે જ તને સારરૂપ સમજાવી રહ્યો છું. જે શ્રોતા સામે બેઠેલો છે તે શ્રોતાને તેમાં સહભાગી બનાવવા. હવે પ્રશ્ન એ છે કે તે વખતના ઉપનિષદ્‌ના જે શ્રોતા છે તેમને ઉદ્દેશ્ય કરીને ઉપનિષદોમાં જે વિદ્યાઓ વર્ણવાયેલી છે તેવું રૂપ કદાચ આમાં ન પણ આવે, પરંતુ જે પ્રકારથી ભગવાન્ ગીતામાં ઉપદેશ આપી રહ્યા છે તે અર્જુનના પ્રશ્નના સમાધાનના રૂપમાં છે. પણ જે કહેવામાં આવી રહ્યું છે તે નવું નથી. **''યોગઃ પ્રોક્તઃ પુરાતનઃ''** ખૂબ જ પ્રાચિન યોગ છે. આ ગીતાથી પણ ખૂબ જ જાુનો છે. ભગવાને કહ્યો છે. જેમ કે જે દિવસે, જે ક્ષણે આપણે દુધ દોહિએ તે ક્ષણે દુધ પેદા નથી થતું. તે ક્ષણે દુધ ગાયના થનમાંથી પ્રકટ થાય છે. દુધ તો પહેલાં જ પેદા થઈ ગયું, કેમ કે દુધ પેદા ન થયું હોય તો નિકળશે નહિં. જ્યારે દોહ્યું ત્યારે પ્રકટ થયું. તેવી રીતે ભગવાને ઉપનિષદો રૂપી ગાયોને અર્જુનરૂપી વાછડા માટે જ્યારે દોહ્યું, ત્યારે તે ગીતામૃત દુધ પ્રકટ થયું. પરંતુ હતું તો એ ઉપનિષદોમાં પહેલાંથી જ. ઘણા વિસ્તાર રૂપથી એ ચર્ચાઓ હતી અને જે બારીકાઈથી ઉપનિષદોનું અધ્યયન કરનારા છે, તેમને તો સમજાય જ છે કે ઉપનિષદોમાં આ શબ્દ (ભક્તિ) હોય કે ન હોય પરંતુ અર્થ તો છે જ. ક્યાંક શબ્દ પણ છે ક્યાંક શબ્દ નથી પણ, પરંતુ અર્થ તો છે જ. આવી

રીતે ઉપનિષદોમાં પણ ભક્તિનું નિરૂપણ તો એક સ્થળે નહીં અનેક સ્થળે થયું છે. અને તે ન્યાયને અનુસરીને, અર્જુન જ્યારે એક-એક પ્રશ્ન કરતો ગયો ત્યારે ભગવાન્ ગીતામાં તે પ્રશ્નોના જવાબ આપતા ગયા. સંદર્ભ ઓછોવત્તો ચાલ્યો જાય, કર્મનો, ભક્તિનો, જ્ઞાનનો, શરણાગતિનો, બધાનો ઉપદેશ પ્રભુએ આપ્યો.

## ૩. ગીતાનો સાર :

આ બધા ઉપદેશોનો સાર સ્વયં પ્રભુએ ગીતામાં બતાવ્યો છે. સંપૂર્ણ ગીતાનો સાર શું છે? બે શ્લોકમાં. તે સાર ધ્યાનમાં રાખશો તો ગીતાનો દરેક અર્થ તમને હૃદયમાં સ્ફુરશે. પછી કોઈપણ વ્યાખ્યા કરે પરંતુ એક થર્મોમીટર તમારી પાસે છે કે જે થર્મોમીટરથી તમે માપી શકશો કે ગીતાના સારને અનુરૂપ બોલી રહ્યો છે કે પ્રતિકૂલ બોલી રહ્યો છે. એ સાર પ્રભુએ ગીતાના છઠ્ઠા અધ્યાયમાં જ્યાં કર્મષટક્ પુરૂ થયું છે ત્યાં બે શ્લોકોમાં બતાવ્યો છે.

**તપસ્વિભ્યો અધિકો યોગી જ્ઞાનિભ્યોऽપિ મતો અધિકઃ ।**
**કર્મિભ્યશ્ચ અધિકો યોગી તસ્માદ્ યોગી ભવ અર્જુન ।।**
**યોગિનામપિ સર્વેષાં મદ્ગતેન અન્તરાત્મના ।**
**શ્રદ્ધાવાન્ ભજતે યો માં સ મે યુક્તતમો મતઃ ।।**
(ગીતા. ૬।૪૬-૪૭)

આ બે શ્લોકોમાં સંપૂર્ણ ગીતાની થીમ (મુખ્ય સાર) આવી ગયો. જેમ આપણે એક થીસિસ્ (મહાનિબંધ) કરીએ તો આપણે પ્રથમ સિનોપ્સિસ્ બનાવીએ કે આ સિનોપ્સિસ્‌ના આધારે આપણે આખો ગ્રંથલખશું. જેમ આપણે ચિત્ર બનાવીએ, રંગોળી બનાવવા ઈચ્છીએ, ...... , તો પ્રથમ રેખાઓ દોરીએ અને પછી રંગ પુરીએ. એમ ગીતાની રેખા શું છે? **''તપસ્વિભ્યો અધિકો યોગી જ્ઞાનિભ્યોऽપિ મતો અધિકઃ. કર્મિભ્યશ્ચ અધિકો યોગી તસ્માદ્ યોગી ભવ અર્જુન''** આ પહેલી રેખા છે. અને **''યોગીનામપિ સર્વેષાં મદ્ગતેન અન્તરાત્મના શ્રદ્ધાવાન્ ભજતે યો માં સ મે યુક્તતમો મતઃ''**. અહીં 'તમ' પ્રત્યય લગાડયો છે. ભગવાન્ કહી રહ્યા છે કે તપ જે તપસ્વી કરી રહ્યો છે, તે તપમાં તપવાવાળા કરતાં તપોયોગી મને સારો લાગે છે. **''તપસ્વિભ્યો અધિકો યોગી જ્ઞાનિભ્યોऽપિ મતો અધિકઃ''** કેવળ જ્ઞાની કરતાં જ્ઞાનયોગી સારો લાગે

છે. **‘‘કર્મિભ્યશ્ચ અધિકો યોગી’’** જે માત્ર કર્મ કરી રહ્યો છે, સારી વાત છે, કર્મ કરવું કોઈ ખરાબ વાત નથી, પરંતુ કર્મ કરવા કરતાં કર્મયોગી મને વધારે સારો લાગે છે. **‘‘કર્મિભ્યશ્ચ અધિકો યોગી તસ્માદ્ યોગી ભવ અર્જુન’’** એટલા માટે અર્જુન તું યોગી બન. કેવો યોગી? એ તું નિશ્ચય કર. જો તારે તપોયોગી બનવું છે તો તપોયોગી બન. જો જ્ઞાનયોગી બનવું છે તો જ્ઞાનયોગી બન. કર્મયોગી બનવું છે તો કર્મયોગી બન. માત્ર કર્મીન બન, માત્ર જ્ઞાની ન બન, માત્ર તપસ્વી બનવાનો મોહ ન રાખ. યોગી બન. **‘‘તસ્માદ્ યોગી ભવ અર્જુન’’** અને પછી કહી રહ્યા છે **‘‘યોગિનામપિ સર્વેષાં’’** ‘સર્વેષાં’ એટલે કર્મયોગી જ્ઞાનયોગી તપોયોગી આ જેટલાં યોગી છે આ બધા યોગીઓમાં જો તું મને પૂછે તો **‘‘યોગિનામપિ સર્વેષાં મદ્ગતેન અન્તરાત્મના. શ્રદ્ધાવાન ભજતે યો માં સ મે યુક્તતમો મતઃ’’** આ જેટલા યોગી છે એ યોગીઓની વચ્ચે, જે **‘‘શ્રદ્ધાવાન્ મદ્ગતેન અન્તરાત્મના’’** જેનો અન્તરાત્મા મારામાં સ્થિત છે જેણે પોતાના અન્તરાત્માને મારામાં જોડી દીધો છે. આમ મારામાં અન્તરાત્મા જોડનારો કોઈ શ્રદ્ધાવાન્ વ્યક્તિ મારૂં ભજન (ભક્તિ) કરે તો તે મને યુક્તતમ લાગે છે. યોગી તો બધા યોગી છે પરંતુ જે શ્રદ્ધાપૂર્વક મારૂં ભજન કરે છે તે યોગી મને યુક્તતમ લાગે છે આ વાત બતાવી તો આપણને સંપૂર્ણ ગીતાની રૂપરેખા સમજાઈ જાય કે ભગવાન્ અહીં શું કહેવા માગી રહ્યા છે. દરેક વાતનો ખુલાસો કરી દીધો. કેમ કે ભગવાને ગીતાના અઢાર અધ્યાયોમાં પ્રથમ છ અધ્યાયોમાં કર્મયોગનું પ્રતિપાદન કર્યું છે. બીજા છ અધ્યાયોમાં ભક્તિયોગનું પ્રતિપાદન કર્યું છે. ત્રીજા છ અધ્યાયોમાં જ્ઞાનયોગનું પ્રતિપાદન કર્યું છે. આ પ્રકારથી કર્મયોગ, જ્ઞાનયોગ અને ભક્તિયોગનું પ્રતિપાદન કર્યા પછી છેલ્લે ઉપસંહારમાં ભગવાને આ વાત કહી ‘‘તારે કાંઈક જાણવું છે તો જાણવા લાયક વાતો તો આ છે. ન જાણવું હોય અને મારા ઉપર છોડી દેવું હોય તો જાણવાની ચિંતા ન કર’’ કેમ ? જેમ કે આપણને કોઈ રોગ હોય તો ડોકટરને ત્યાં દવાખાનામાં આપણે જઈએ પરંતુ ડોકટરના હાથમાં નાડ ન આપીએ, ડોકટર પાસે આપણું નિદાન ન કરાવીએ અને ડોકટરના દવાખાનામાં જેટલી દવાઓ પડી હોય તેની પૂછતાછ કરતા રહીએ કે આ દવા શેના માટે છે, આ શેના માટેની દવા છે? હવે ડોકટર પણ મસ્તરામ છે. એ પણ તમને બતાવતો જાય છે કે આ ટી.બી.ની દવા છે, આ કેન્સરની દવા છે, આ શરદીની દવા છે, હવે તમે તો ચોખવટ કરો નહીં કે તમને કયો રોગ છે? તમને પેટમાં દુઃખે છે? માથું દુઃખે છે? કાન દુઃખે છે? અને તમે દવાની માહિતી પૂછી રહ્યા છો અને તે આપતો જાય છે. લે તું દવાની જાણકારી. જેટલી દવાની જાણકારી તું જાણવા માગી રહ્યો છે એટલી

દવાની જાણકારી મળતી રહેશે. બધી દવાઓની જાણકારી મળે કે ન મળે પરંતુ ડોકટરના હાથમાં નાડી આપી દો, ડોકટરને નિદાન કરવા દો, જે દવા હોય તેની જાણકારી તમને હોય કે ન હોય, તે દવા જો ખાઈ લેશો તો રોગ મટી જશે. રોગ દવા ખાવાથી મટે. દવાઓની જાણકારીથી રોગ ન મટે. આ પ્રમાણે ભગવાન્‌ના તે દવાખાનામાં જેટલી પણ દવાઓ છે, કર્મયોગની, ભક્તિયોગની, જ્ઞાનયોગની તે બતાવી રહ્યા છે. અર્જુન પૂછતો ગયો અને ભગવાન્ બતાવતા રહે છે. બધી દવાઓ મેં બતાવી દીધી હવે દવાઓના વિષે સમજવું કે કઈ દવા લેવી? એકપણ દવા સસ્તી નથી અને કોઈપણ દવા અનુપયોગી, ખરાબ નથી. બધી દવાઓ કારગર છે. બધી દવાઓ કીંમતી છે. બધા પૂછી રહ્યા છે શેની દવા છે? આ શેની દવા છે?

જુઓ વાત સાચી છે. એક દવાની દુકાન હોય બીજું ડોકટરનું દવાખાનું હોય, થોડો વિવેક હોય. થોડો વિવેક હોવો જોઈએ કે દવાની દુકાનમાં જઈને તમે બધી દવાની ઉત્તમતાનું વર્ણન પૂછો, દવા ખરીદવા માટે તો સાચી વાત છે. દવાની દુકાને તમે બધી દવાઓનું વર્ણન પૂછો તો વાત વ્યાજબી છે કે આ ક્યા રોગની દવા છે ? આ કેવા રોગની દવા છે? કેમકે જે દવા વેચવાવાળો છે, તે ડોકટર હોય તે જરૂરી નથી. તેણે તો ફક્ત દુકાન માંડી છે. દવાની દુકાન ખોલવાવાળો અને દવાખાનું ચલાવવાવાળો ડોકટર બંનેમાં ફરક છે. જે દવાઓ વેચતો હોય તેની આગળ તો તમે દવાઓનું વિવરણ પૂછો અને પછી તમે નક્કી કરો કે આ દવા ખાવી કે ન ખાવી ! ભલામણ હોય કે ન હોય આપણી પાસે, પરંતુ માથુ દુઃખવાની દવા છે અને માથું દુઃખે તો તે દવા ખાવ, તે એક અલગ વાત છે. પરંતુ જ્યારે તમે ડોકટરની પાસે જાવ છો તો તમને ખબર પડશે કે તમને રોગ શું છે? જે નિદાન કરવામાં સમર્થ હોય તેની સામે દવાઓનું વિવરણ પૂછવાનું ન હોય. તેની સામે તો ફકત નાડ બતાવવાની હોય છે. ક્યાં તકલીફ છે એ બતાવવાનું હોય છે. દવા તો તે પોતે આપશે. તેથી દવાની જાણકારી મેળવવી બહુ જરૂરી નથી.

## ૪. ગીતોપદેષ્ટાનો નિર્ણય :

એ ન્યાયથી ભગવાને અઢાર અધ્યાયના અંતમાં છેલ્લી એ વાત કહી **''સર્વધર્માન્ પરિત્યજ્ય મામ્ એકં શરણં વ્રજ અહં ત્વા સર્વપાપેભ્યો મોક્ષયિષ્યામિ મા શુચઃ''** (ગીતા. ૧૮।૬૬). અરે ભાઈ! ચિંતા શા માટે કરવી.

જેટલી દવાઓનું વર્ણન જોઈએ તેટલી દવાઓનું વર્ણન બતાવી શકાય છે. આમ બત્રીસ વિદ્યાઓનો સાર એણે બતાવી દીધો. હવે બતાવી દીધો તો બતાવી દીધો. કહેવાવાળાની પણ મસ્તી છે અને સાંભળવાવાળાની પણ મસ્તી છે. પરંતુ મૂળ વાત એ છે ''તારી વ્યક્તિગત ચિંતા હોય તો મારા ઉપર છોડી દે અને તને તારી ચિંતા ન હોય પણ દવાઓની ચિંતા હોય તો સાંભળતો રહે'' દુનિયામાં ઘણીબધી દવાઓ છે. કર્મ, જ્ઞાન, ભક્તિ, કર્મયોગ, જ્ઞાનયોગ, ભક્તિયોગ, તપોયોગ, વૈરાગ્યયોગ, સંન્યાસયોગ, અઢાર અધ્યાયમાં અઢાર યોગ બતાવ્યા છે. આમ અનેક રોગની અનેક દવાઓ અને અનેક દવાઓમાં પણ અનેક બારીકિઓ છે. તેના પીવાના નિયમ જુદા-જુદા છે, એની પરેજીના, વિશેષ પરેજીના, ઉલ્ટી પરેજીના જાુદા-જાુદા નિયમ છે. બધું જાણતા રહો, જાણતા રહો, મજા આવશે, દવાઓની જાણકારી મળતી રહેશે.

એટલા માટે ભગવાને આજ્ઞા કરી **''તપસ્વિભ્યો અધિકો યોગી જ્ઞાનિભ્યો અપિ મતો અધિકઃ કર્મિભ્યશ્ચ અધિકો યોગી તસ્માદ્ યોગી ભવ અર્જુન. યોગિનામપિ સર્વેષાં મદ્ગતેન અન્તરાત્મના શ્રદ્ધાવાન્ ભજતે યો માં સ મે યુક્તતમો મતઃ''** (ગીતા. ૬।૪૬-૪૭). આ બધુ વર્ણન ગીતામાં દવાઓનું છે કે સારામાં સારી દવા કઈ છે? બેશકીમતી (અમૂલ્ય) દવા કઈ છે? આ બધું દવાઓનું વર્ણન છે અને ડોકટરનો નિર્ણય આ છે **''સર્વધર્માન્ પરિત્યજ્ય મામ્ એકં શરણં વ્રજ અહં ત્વા સર્વપાપેભ્યો મોક્ષયિષ્યામિ મા શુચઃ''** (ગીતા. ૧૮।૬૬).

## ૫. બે સ્તર ઉપર ગીતાનો ઉપદેશ :

આમ સંપૂર્ણ ગીતાનો તમે વિચાર કરશો તો ગીતા બે પ્રકારથી ચાલે છે. એક તો ગીતા આ પ્રકારથી ચાલે છે કે જેમાં માર્ગોનું નિરૂપણ છે. એટલે કે આપણે જો ભગવાન્‌ની નજીક જવા ઈચ્છતા હોઈએ તો માર્ગનું નિરૂપણ છે. અને જો આપણે ભગવાન્ ઉપર છોડી દેવું છે કે તારે જ્યાં લઈ જવો હોય ત્યાં લઈ જા. ત્યાં માર્ગનું નિરૂપણ ન કરીને પ્રભુએ શરણાગતિનું નિરૂપણ કર્યું છે. મારા ઉપર વિશ્વાસ રાખ કે જ્યાં લઈ જાઉં છું ત્યાં બરાબર છે. ચાલો જ્યાં જવાનું છે ત્યાં ચાલો.

આમ બે સ્તર ઉપર પ્રભુએ ગીતાનો ઉપદેશ આપ્યો છે. પહેલો સ્તર એ

કે જેમાં માર્ગનું નિરૂપણ છે. જેમાં સાધક પોતાની સાધનાથી ભગવાન્‌ને માપવા ઇચ્છે. તેમાં ઘણી જાતના માપદંડ બતાવ્યા છે. આ પ્રકારના માપ, કર્મ જ્ઞાન ભક્તિ સાધનાઓના માપદંડ બતાવ્યા. જ્યાં તને માપવાની ઇચ્છા નથી, ત્યાં ભગવાન્ ખુદ આપમેળે માપીને આપી દે. જેમ આપણે આપણા શરીરના માપ મુજબ કપડું ખરીદીએ અને તે કપડું દરજીને આપીએ અને બનાવડાવીએ. એક એ પ્રકાર, અને બીજો પ્રકાર ક્યો છે? કપડામાં નંબર લગાવેલા હોય, બત્રીસ નંબરનું બનિયાન તૈયાર થયેલા કપડા છે. તમે તમારો નંબર બોલ્યા કે તુરત તે માપ હાજર. આ પ્રકારથી ભગવાન્ કહી રહ્યા છે. **''સર્વધર્માન્ પરિત્યજ્ય મામ્ એકં શરણં વ્રજ''** આ જેટલા ધર્મ બતાવ્યા કર્મ જ્ઞાન ભક્તિ ના તેને જો માપવાની તારી ઇચ્છા ન હોય, તો તારૂં માપ હું જાણું છું કે કેટલું છે. જો તારે કપડું માપી માપીને લેવું છે તો ભલે માપીને લે. તે પ્રકારે માપ બતાવતો જઇશ. ખોલી-ખોલીને તાકા જોતા જાવ કે કાંઇ પસંદ આવે કે ન પસંદ આવે. આ તો પછી ગ્રાહક ઉપર વાત આવી ગઇને! એમ બે પ્રકારથી ભગવાને ગીતામાં ઉપદેશ આપ્યો છે. આ ઉપદેશના રૂપમાં પ્રથમ છ અધ્યાય ભગવાને કર્મ અને કર્મયોગના વર્ણનના રૂપમાં કહ્યા છે. બીજા છ અધ્યાય ભક્તિ અને ભક્તિયોગના વર્ણનના રૂપમાં કહ્યા છે, ત્રીજા છ અધ્યાય જ્ઞાન અને જ્ઞાનયોગના વર્ણનના રૂપમાં કહ્યા છે. છેલ્લે શરણાગતિનો ઉપદેશ આપ્યો છે. આ ગીતાની એક સામાન્ય થીમ્ છે, ગીતાની રૂપરેખા છે. આ સમજવું જરૂરી છે. જેના અન્તર્ગત આપણે એ સમજીએ કે ભક્તિ બારમા અધ્યાયનો વિષય છે અને તેને પ્રભુએ ભક્તિયોગના રૂપમાં કહ્યો છે.

## ૬. ભક્તિયોગનું ફલિત સ્વરૂપ બારમો અધ્યાય :

આ ભક્તિયોગ શું છે? એ સમજતાં પહેલાં આપણે એ સમજવું જોઇએ કે કોઇના ઘરે કોઇને આપણે મળવા જઇએ ત્યારે ઘરની પહેલાં આપણે શેરી જાણવી જરૂરી છે. શેરી પહેલાં વિસ્તાર જાણવો જરૂરી છે. વિસ્તાર (સોસાયટી, નગર કે પાર્ક) જાણતા પહેલાં શહેર કે ગામ જાણવું જરૂરી છે.

તેવી જ રીતે સાતમા અધ્યાયથી લઇને બારમા અધ્યાય સુધી નિરન્તર ભક્તિયોગના અલગ-અલગ પાસાઓને સમજાવ્યા છે. એટલા માટે બારમા અધ્યાયને 'ભક્તિયોગ' કહ્યો પરંતુ ભક્તિયોગનું વર્ણન શરૂ થઇ ગયું છે સાતમા અધ્યાયથી, એટલે કે કર્મ ભક્તિ અને જ્ઞાન એ ન્યાયથી પ્રથમ કર્મ કહ્યું તે પછી

ભક્તિ કહી અને પછી જ્ઞાન કહ્યું તેરમા અધ્યાયમાં.

તેથી સૌથી પ્રથમ કર્મ કરવું જોઈએ, પછી ભક્તિ કરવી જોઈએ. ભક્તિ કરશું તો પછી ભગવાન્નું જ્ઞાન મળશે. જ્યારે જ્ઞાન મળશે ત્યારે છેલ્લે પછી મુક્તિ મળશે. આ પદ્ધતિ પરંતુ અહીં ગીતાના ઉપદેશમાં જોવામાં આવતી નથી. આમ એક પછી બીજું, બીજા પછી ત્રીજું પગથીયું ચઢીએ એવો ક્રમ અહીં જોવામાં નથી આવતો.

કેમ જોવામાં નથી આવતો? કેમકે ભગવાને પોતે ભક્તિયોગની પહેલાં છઠ્ઠા અધ્યાયમાં છેલ્લા શ્લોકમાં આ વાતની સ્પષ્ટતા કરી દીધી કે–

**‘‘તપસ્વિભ્યો અધિકો યોગી જ્ઞાનિભ્યોऽપિ મતો અધિકઃ કર્મિભ્યશ્ચ અધિકો યોગી તસ્માદ્ યોગી ભવ અર્જુન. યોગિનામપિ સર્વેષાં મદ્ગતેન અન્તરાત્મના શ્રદ્ધાવાન્ ભજતે યો માં સ મે યુક્તતમો મતઃ’’**
(ગીતા. ૬।૪૬-૪૭)

અહીં નિર્ણય આપી દીધો. ત્યારે એક પછી એક ચડવાની વાત અહીં નથી. કેમકે જ્ઞાની કરતાં જ્ઞાનયોગી અધિક છે અને જ્ઞાનયોગી કરતાં પણ શ્રદ્ધાપૂર્વક ભગવદ્ભજન કરવાવાળો ભગવાન્ને વધારે યુક્તતમ લાગે છે. આ વાતનો ખુલાસો ભગવાને ભક્તિયોગની શરૂઆત કરતાં પહેલાં જ કર્મયોગ પુરો થાય ત્યાં કરી દીધો. આપણને એમ લાગે કે આ વ્યાખ્યાક્રમ ઉત્તરોત્તર એક પછી એક વધુ ઉપર ચઢતા જવાના પગથીયા છે, નીસરણી છે, એવો ક્રમ ભગવાન્ને અભિપ્રેત નથી. કેમકે પ્રભુએ આ વાતનો ખુલાસો પહેલાથી જ કરી દીધો છે.

## ૭. ગીતાના ઉપદેશનો ક્રમ :

હવે આ વાત આપણને સમજમાં આવે કે ગીતાના ઉપદેશનો ક્રમ શું છે? તમે છાપાઓ વાંચતા હશો મોટાભાગે કોઈપણ વસ્તુના ભાવની વધ-ઘટનો એક ગ્રાફ્ બનાવેલો હોય છે. લાઈન ઉપર ચઢે વધુમાં વધું જ્યાં લાઈન ઉપર જાય તે પછી પાછી નીચે આવે. એવી રીતે ભગવાન્નો ઉપદેશક્રમ કેવો છે કે કર્મનો ઉપદેશ ઉપર ચઢવાનો શરૂ થયો, કર્મથી ચઢતાં ચઢતાં તે ભક્તિની ટોચ સુધી આવ્યો છે. ભક્તિયોગ પછી પાછો તે નીચે ઉતરી રહ્યો છે. જેમ પહાડ ઉપર આપણે

આમ(।) ચઢીએ અને આમ (।) ઉતરીએ. તો બે લાઇન થઇને ! એક ઉપર જવાની અને એક નીચે આવવાની. એવી રીતે કર્મ ભક્તિ અને જ્ઞાન આ ત્રણેયનું નિવારણ કરીને ભગવાને કહ્યું ‘‘કર્મ ભક્તિ જ્ઞાન ના પહાડની ચિંતા છોડ. શરણાગતિની વાત કરને જો તને તારી ચિંતા હોય તો!’’ આ પ્રકારથી બે જાતના ઉપદેશ છે. આમાં ભક્તિનો ઉપદેશ પ્રભુએ શિખર ઉપર આપ્યો છે. આ વાત આપણને **‘‘શ્રદ્ધાવાન્ ભજતે યો માં સ મે યુક્તતમો મતઃ’’** આ શ્લોકથી ખબર પડે અને આ ભક્તિયોગનો છેલ્લો અધ્યાય બારમો અધ્યાય છે. ત્યાર પછી તેરમા અધ્યાયથી જ્ઞાનયોગ શરૂ થઇ જાય છે. આ સંપૂર્ણ ગીતાની એક વિવેચન પ્રણાલી છે જેને ધ્યાનમાં રાખવી જોઇએ. નહીંતર શું થાય કે આપણને ઘરની તો ખબર છે પણ શેરીની ખબર ન હોય, વિસ્તારની ખબર ન હોય, તો આપણને ઘર શોધવામાં તકલીફ થશે, એટલા માટે આ સમજવું જરૂરી છે.

## ૮. કર્મમાર્ગ જ્ઞાનમાર્ગ અને ભક્તિમાર્ગ ના બીજ :

જ્યારે આપણે આ વાત સમજી ગયા કે કર્મ જ્ઞાન ભક્તિના ઉપદેશના અંતર્ગત સૌથી પહેલાં કર્મ ત્યાર પછી ભક્તિ અને તેના પછી જ્ઞાન બતાવ્યું. હવે એક આ વાત પણ સમજવી જરૂરી બને છે કે આ માર્ગોના બીજ ક્યાં રહેલાં છે? કેમકે આપણો જે કાંઇપણ વ્યવહાર છે તે ત્રણ પ્રકારથી ચાલે છે. સંસ્કૃતમાં આને આવી રીતે કહેવામાં આવે- જ્ઞાન, ઇચ્છા અને પ્રયત્ન. જેમકે કોઇ વસ્તુ આપણને જોઇએ છે તો સૌથી પહેલી આવશ્યકતા કઇ? તો તે વસ્તુનું આપણને જ્ઞાન હોવું જોઇએ. આપણને જ્ઞાન છે કે આ દુકાનમાં અનાજ મળે છે. પરંતુ ભૂખ જ ન હોય. બધી દુકાનોમાં હજારો વસ્તુઓ મળી રહી છે. તેથી કાંઇ આપણે ખરીદવા ન જઇએ, ક્યાં કઇ વસ્તુ મળી રહી છે તેનું જ્ઞાન છે પરંતુ ઇચ્છા પણ હોવી જોઇએ કે આ ચીજ જોઇએ છે, આ બીજી વાત છે. ઇચ્છા તો થઇ પણ શેખચલ્લીની જેમ ઘરમાં બેસી રહીએ તો? શેખચલ્લી ઇચ્છા કરે કે લોટ વેચીશ, બકરી વેચીશ, બકરી વેચીને ઘોડી લઇશ, ઘોડો વેચીને હાથી લઇશ, હાથી વેચીને બંગલો બનાવીશ, ઇચ્છાઓ બધી કરે પરંતુ પ્રયત્ન કાંઇ કરે નહીં. શેખચલ્લીની વાર્તામાં કહેવામાં આવે છે કે તે ઘડો લઇને આવ્યો હતો તે પણ તૂટી ગયો. આમ ઇચ્છા કરતા રહીએ અને પ્રયત્ન ન કરીએ તો પણ વાત આગળ ન વધે. તેના માટે છેલ્લી કડી છે પ્રયત્ન. પ્રથમ જાણવું પછી ઇચ્છા કરવી અને પછી ઇચ્છાને અનુરૂપ તમે પ્રયાસ કરો ત્યારે તમારા વ્યવહારની ત્રણેય કડી એકદમ જોડાઇ ગઇ. આપણા કર્મ જ્ઞાન ભક્તિ ના બીજ, કર્મ જ્ઞાન ભક્તિ ના ઉદ્ગમ, આમાં રહેલાં છે. પ્રયાસ

કર્મમાર્ગ છે, ઈચ્છા ભક્તિમાર્ગ છે, જાનાતિ જ્ઞાનમાર્ગ છે. એટલે કે આપણને ભગવાન્નું જ્ઞાન છે, આપણે કાંઈપણ કરી રહ્યા છીએ, ભગવાન્ની ઈચ્છા નહીં હોય તો આપણામાં ભક્તિ પ્રકટ નહીં થાય. કર્મ તો માણસ અનેક પ્રકારના કરે છે. પરંતુ કર્મ કરવા છતાં ભગવત્પ્રાપ્તિની ઈચ્છા ન હોય તો ભક્ત નહીં કહી શકાય. આ પહેલી શર્ત છે. ભગવત્પ્રાપ્તિની ઈચ્છા ભક્તિની પહેલી શર્ત છે. સમજાય છે કે નહીં? ઘણા લોકો કહે કે ભગવાન્ને પ્રાર્થના કરીએ ‘‘હે ભગવાન્ ! દર્શન આપો, ભગવાન્ દર્શન આપો’’ અને તુરત જ વૈકુંઠમાંથી વિમાન ઉતરે, કૈલાશથી વિમાન ઉતરે, કોઈ જવા તૈયાર થશે? ઉલ્ટું એમ કહેવું પડશે કે ‘‘ભગવાન્ તમે થોડા વહેલા આવી ગયા, કાલે પધારજો આપ. કાલે મોકલજો વિમાન. આજને આજ આવવાની તૈયારી નથી મારી’’ આપણે માંગીએ છીએ ‘‘અરે! ભગવાન્ દર્શન આપો, દર્શન આપો’’ પરંતુ આજે જ વિમાન આવી જાય તો મોટી મુંઝવણ થઈ જાય. બધા કહેશે કે કાલ સુધી મુલતવી રહે તો સારૂં. આ કામ બાકી છે, તે કામ બાકી છે. ઘણા બધા કામ હજુ બાકી છે. આટલા કામમાંથી બધા કામ કાલે પુરા થઈ જશે એવું ન સમજતા. કાલે પણ ઘણાબધા કામ બાકી રહેશે. કોઈ કામ કયારેય પૂરું થતું નથી. ન તો જ્ઞાનીનું કામ પૂરું થાય, ન કર્મીનું કામ પૂરું થાય અને ન તો ભક્તનું કામ પૂરું થાય. કામ બધા બાકી છે. રોજે રોજ ઘણા બધા કામ બાકી રહે છે. કોઈ કામ કોઈ દિવસ પૂરું થશે જ નહીં. કેમકે આપણી અંદર ઈચ્છા નથી. ઈચ્છા હોય તો અત્યારેજ બધા કામ પુરા થઈ જાય. ઈચ્છા નથી એટલે જ આપણા બધા કામ બાકી રહે છે. એટલા માટે કર્મ જ્ઞાન અને ભક્તિને ઓળખવા એ પહેલી શર્ત છે.

હું હમણા અમદાવાદમાં ભક્તિ ઉપર પ્રવચન કરી રહ્યો હતો. ત્યાં એક ભાઈએ પ્રશ્ન પૂછયો કે ‘‘મહારાજ ધંધો છૂટતો નથી, ઘરબાર છૂટતું નથી, સેવા-બેવા કાંઈ બની શકતી નથી, પણ ભગવાન્ના દર્શનનો કોઈ ઉપાય છે કે નહીં? એ બતાવો’’. મેં કહ્યું કે ‘‘કાંઈ કરવું નથી, ભૂખ લાગી નથી, મોઢું હલાવવું નથી, કોળીયો હાથમાં લઈને મોઢામાં નાખવો નથી, પેટ ભરાઈ જશે કે નહીં ભરાય? બતાવો’’ હવે શું કહે. બોલી જ ન શકે કોઈ. આવી આવી વાતો કરે. કેમ? ઈચ્છા જ નથી. ભગવાન્ના દર્શનની વાત ચાલી રહી હતી એટલે ભગવાન્ના દર્શન માટે પ્રશ્ન પૂછી લીધો. પરંતુ તે પ્રશ્ન આપણે આપણા પોતાને કરીએ કે ખરેખર આવી ઈચ્છા છે કે નહીં? જ્યારે વિમાન આવી જાય અને કહે કે ‘‘ચાલ બેટા’’ ત્યારે ખબર પડે. અત્યારે તો ઘણા ભગવાન્ સંબંધી કર્મ કરીએ છીએ. પણ જો

તુરતનો રોકડો સોદો થાય ત્યારે ભારે પડી જાય. આપણી સ્થિતિ આવી છે. એટલા માટે ભક્તિની પ્રથમ ઓળખાણ છે ભગવદિચ્છા. આપણને ભગવાન્ મેળવવાની ઇચ્છા છે ખરેખર, તો આપણામાં ભક્તિ છે. જો ભગવત્પ્રાપ્તિની ઇચ્છા નથી, જો વાત પોસ્ટપોન્ડ્ કરવી છે તો પછી તે ભક્તિ સાચી નથી. ભક્તિના નામે કર્મકાંડોમાં રૂચિ છે, ભક્તિના નામના સેન્ટિમેન્ટસ્, ભાવનામાં રૂચિ છે, પણ ખરેખર ભક્તિ નથી. આ એક વાત સમજવાની છે.

તેવી જ રીતે જ્ઞાન, તેવી જ રીતે કર્મ, જો ખરેખર પ્રયાસ કરી રહ્યા છો, તો કર્મમાં રૂચિ છે. ઘણા લોકો કર્મની વાતો કરતા રહે પણ પ્રયાસ ન કરે. કર્મની વાતો કરવાથી કર્મમાર્ગ નહીં થઇ જાય. કર્મ કરવાથી કર્મમાર્ગ બનશે. અમુક લોકો એમ સમજે કે સવારથી સાંજ સુધી, અહીંયાથી ત્યાં સુધી કર્મની વાતો કરતા રહો, નિરંતર કર્મની વાતો કરે. કર્મ કાંઇપણ કરે નહીં. કર્મની વાતો બધાને સમજાવતા રહે. અરે ભાઇ! બધાને કર્મની વાતો સમજાવી દીધી, બધાએ સમજી લીધી, પણ કરવા માટે કાંઇ કર્મ છે કે નહીં? એ તો નથી જ પણ વાતો કર્મની ચાલી રહી છે.

મહાપ્રભુજી આજ્ઞા કરે છે કે **''નિષ્ઠા ચ સાધનૈરેવ ન મનોરથવાર્તયા''** (ત.દી.નિ.૧।૧૮) વાતો કરવાથી કર્મ નહીં થાય. હૃદયમાં ઇચ્છા હશે તો સ્નેહ થશે. વાતો કરવાથી જ્ઞાન સિદ્ધ નહીં થાય. જ્ઞાન પ્રાપ્ત કરવા માટે ચિત્તમાં વિમલતા હશે તો જ્ઞાન થશે. આ પહેલી શર્ત છે. **''નિષ્ઠા ચ સાધનૈરેવ ન મનોરથવાર્તયા''** આખો દિવસ મનોરથ કર્યે રાખે કે જ્ઞાનની કર્મની ભક્તિની વાર્તાઓ કર્યે રાખે આનાથી કાંઇ ફરક પડશે નહીં. પહેલી શર્ત આ છે.

કર્મમાર્ગ જ્ઞાનમાર્ગ અને ભક્તિમાર્ગ આના સ્રોત આપણા પ્રયત્ન જ્ઞાન અને ઇચ્છામાં રહેલા છે. આપણા આ જ્ઞાન ઇચ્છા પ્રયત્ન માં જરૂરી નથી કે આપણું જ્ઞાન ખાલી ભગવાનનું જ્ઞાન હોય. જેમ એક ઇન્જીનીયર મશીનની બાબતમાં જાણવા ઇચ્છે છે. એક વકીલ કાયદાની બાબતમાં જાણવા ઇચ્છે છે. પંડિત શાસ્ત્રની બાબતમાં જાણવા ઇચ્છે છે. બધાના જાણવાના વિષય જુદા-જુદા છે. જરૂરી નથી કે જાણવાનો વિષય પરમાત્મા જ હોય. બધું આપણે જાણી લીધું તેનાથી આપણે જ્ઞાની થશું પણ જ્ઞાનયોગી નહીં થઇએ. જ્ઞાનયોગીનો મતલબ જે પરમાત્માને જાણવાનો પ્રયાસ કરે તે જ્ઞાનયોગી. આખા ગામનું જ્ઞાન મેળવ્યું પણ પરમાત્માનું જ્ઞાન ન મેળવ્યું, તે જ્ઞાની કહેવાઇ શકે પણ જ્ઞાનયોગી ન કહેવાય.

જ્ઞાનયોગી અને જ્ઞાનીમાં આટલો ફરક છે.

એવી જ રીતે કર્મીપોતાનું કામ કરે. દુકાન ચલાવનારો દુકાન ચલાવે. મકાન બનાવનાર મકાનના કામ કરે. નોકરી કરવાવાળો નોકરી કરે. નિશાળમાં ભણાવનારો નિશાળમાં ભણાવે. કર્મ તો બધા જ છે. કોઇ અકર્મ તો છે જ નહીં. પરંતુ જે વખતે જેમણે પરમાત્મા સંબંધી કોઇક કર્મ કર્યા ત્યારે તે કર્મયોગી કહેવાશે. નહીંતર કર્મીકહેવાશે, કર્મયોગી નહીં.

## ૯. ભક્ત અને ભક્તિયોગી :

આવી જ રીતે ભક્તિનું પણ આવું જ સ્વરૂપ છે. દરેક વ્યક્તિ કોઇ ને કોઇને તો ચાહે જ છે. દરેક વ્યક્તિ કોઇને કોઇની તો ભક્તિ કરી જ રહ્યો છે. પરંતુ જ્યારે આપણે પરમાત્માની ભક્તિ કરીએ, ત્યારે ભક્તિયોગી કહેવાઇશું. બાકી ભકત તો દુનિયામાં બધા છે. પેટ માટે કોઇ ભક્તિ કરતો હોય. કોઇ દેશને માટે ભક્તિ કરતો હોય. જુદા જુદા હેતુથી બધા લોકો ભક્તિ કરે છે. ભક્તિ કરી રહ્યો છે, ભકત છે, તેનાથી એમ ન સમજતા કે ભક્તિયોગી છે. ભક્ત અને ભક્તિયોગી માં થોડુંક અન્તર છે. ભક્તિયોગી પરમાત્માના હેતુથી પરમાત્માને સ્નેહ કરે છે, બીજા કોઇ હેતુથી પરમાત્માને સ્નેહ નથી કરતો.

## ૧૦. જ્ઞાની અને જ્ઞાનયોગી :

આવી જ રીતે જ્ઞાની પરમાત્માનું જ્ઞાન લેવા ઇચ્છે. અત્યારે ઘણા લોકો ઉલ્ટુ સમજાવે છે કે જ્ઞાની એટલે જે બુદ્ધિશાળી હોય, મૂર્ખ હોય તે ભકત બને. આવું નથી. જ્ઞાન, બુદ્ધિમતા અને મૂર્ખતા અલગ-અલગ વાતો છે. ઘણા પંડિત શાસ્ત્ર ભણેલા મહાન્ જ્ઞાની હોય, આનો મતલબ એવો નથી કે તે જ્ઞાનયોગી છે. હું સ્પષ્ટ સમજુ છું કે અજ્ઞાની વ્યક્તિ પણ જ્ઞાનયોગી હોઇ શકે છે. કેમકે તે બધા વિષયોને ન જાણતો હોય, પણ પરમાત્માને જો જાણતો હોય તો તે જ્ઞાનયોગી હોઇ શકે છે. શાસ્ત્ર તેને કહે છે કે એક ચીજ એવી જાણો કે જે ચીજને જાણવાથી બીજી કોઇ વસ્તુને જાણવાની જરૂર ન પડે. જરૂરી નથી કે તે બધી વાતને જાણે. કાલે તમે બ્રહ્મજ્ઞાનીને બોલાવીને પૂછો ''કેમ ભાઇ! તમને રોડ્ સાફ કરતા આવડે છે શું?'' તો જરૂરી નથી કે બ્રહ્મજ્ઞાનીને રસ્તો સાફ કરતા આવડે. ટેપરોકોર્ડ બગડી જાય અને તમે બ્રહ્મજ્ઞાનીને કહો કે ''ટેપરેકોર્ડર્ રીપેર્ કરી દો'' તો જરૂરી નથી કે

બ્રહ્મજ્ઞાની બનવાના અપરાધની આવી સજા દઈએ કે ટેપરોકોર્ડર્ રીપેર્ કરી દો. ન રીપેર્ કરી શકે તો ''જા તું બ્રહ્મજ્ઞાની નથી''. બ્રહ્મજ્ઞાનીનો મતલબ એવો નથી કે તે બધું જ જાણે છે. પણ 'બ્રહ્મજ્ઞાનીનો' અર્થ જેણે બ્રહ્મને જાણ્યું. બ્રહ્મને જાણ્યું તે 'બ્રહ્મજ્ઞાની'. **''એક વિજ્ઞાનેન સર્વમ્ ઈદં વિજ્ઞાતં ભવતિ''** (છાન્દો.ઉપ.૬।૧।૨) કહ્યું છે. એક એવા તત્ત્વને જાણો કે જે તત્ત્વને જાણવાથી બધી જ વસ્તુઓનું જ્ઞાન તમને મળી જશે. તે જ્ઞાન કેવું જ્ઞાન? તે જ્ઞાન એવું નહીં કે ટેપરોકોર્ડર્ બનાવતા આવડી જશે બ્રહ્મજ્ઞાનીને કે પછી કઈ હોમિયોપેથી ગોળી દરદીને આપવી આ બધું જ્ઞાન બ્રહ્મજ્ઞાનથી પ્રાપ્ત થઈ જશે? બ્રહ્મજ્ઞાનનો મતલબ આવો નથી. 'બ્રહ્મજ્ઞાન'નો મતલબ છે કે જેટલાં પણ કાર્યરૂપ તત્ત્વ છે એ બધાનું બ્રહ્મતયા જ્ઞાન. **''યદ્વૈ કિંઞ્ચન અનૂક્તં તસ્ય સર્વસ્ય બ્રહ્મ ઈતિ એકતા''** (બૃહ.ઉપ.૧।૫।૧૭) હવે 'બધું' નો મતલબ શું? 'બધું' નો મતલબ સમજમાં ન આવે. જેને જેટલું સમજમાં આવે એટલું જ સમજમાં આવે પણ બધું તો સમજમાં ન આવે. તો કહે છે કે **'યદ્વૈ કિઞ્ચન અનૂક્તં તસ્ય સર્વસ્ય બ્રહ્મ ઈતિ એકતા'**. બ્રહ્મ કહેવાથી તે બધી વસ્તુ એક થઈ જાય.

જેમ આપણા કિશનગઢમાં બે ચાર દશ મોહલ્લા છે. હવે મને ખબર નથી કેટલા મોહલ્લા છે. પણ હશે પાંચ દશ. વોર્ડ હશે મ્યુનિસિપાલિટીના, તો તે બધા જ એક અલગ વોર્ડ છે. પરંતુ 'કિશનગઢ' કહી દીધું એટલે બધા જ વોર્ડ આવી ગયા. એક પણ વોર્ડ બાકી નહીં રહે. કોઈ મકાન બાકી નહીં રહે. હવે એ જરૂરી નથી કે 'કિશનગઢ' કહેવાથી કિશનગઢ જેણે જાણી લીધું તેને દરેક વોર્ડની જાણકારી હોય. આ કિશનગઢને જેણે જાણી લઈને ઘર-ઘરની જાણકારી હોય પણ કિશનગઢના રૂપમાં તે દરેક ચીજને જાણી ગયો. એક દરેક ચીજનું વિશેષજ્ઞાન અને બીજું દરેક ચીજનાં કારણ તરીકે સામાન્ય જ્ઞાન. જેમ કે ઉપનિષદ્માં ઉદાહરણના રૂપમાં એ બતાવ્યું કે ''જેણે સોનાને જાણી લીધું તે સોનાના બનેલા બધા ઘરેણાને જાણી લેશે કે આ સોનું છે'' એ જરૂરી નથી કે તેને એ ખબર પડે જ કે આ હાથમાં પહેરવાની વીંટી છે, આ કાનમાં પહેરવાના એરિંગ્ છે, આ પગમાં પહેરવાના વિંછિયા છે! આ પ્રભેદ તેને સમજાય કે ન સમજાય. કોઈ જરૂરી નથી કે તે આ પ્રભેદ સમજે.

તમે રામાયણમાં સાંભળ્યું હશે કે જ્યારે દશરથયજ્ઞ કરાવવા માટે શ્રૃંગી

ઋષિને લેવા માટે ગયા, એ ઋષિએ સ્ત્રીઓને ક્યારેય જોઇ ન હતી. મહાન જ્ઞાની હતા. એમને સ્ત્રીઓને જોઇને બહુ આશ્ર્ય થયું કે ''અરે અમારી જટાજૂટ આવી અને તમારા વાળ કેવા?'' સ્ત્રીઓને જોઇ જ નહોતી ક્યારેય. મહાન આશ્ચર્ય થઇ ગયું તેમને. હવે શું તેઓ અજ્ઞાની હતા? એમણે વનમાં ક્યારેય સ્ત્રીઓને જોઇ જ ન હતી કે કેવી હોય સ્ત્રીઓ! ખૂબ આશ્ચર્ય થયું તેમને. તેઓ કાંઇ સ્ત્રીઓ સામે આકર્ષાઇને સામે નહોતા ગયા. એવી નવાઇથી ગયા કે આ કઇ જાતના તપસ્વી અહીં આવી ગયા કે જેમના આવા લાંબા લાંબા વાળ છે. અવનવા કપડા પહેરી રાખ્યા છે. એમણે કહ્યું કે ''અમારા કપડા તો આવા છે અને તમારા કપડા તો કોઇક જુદી જ જાતના છે.'' આ નવીનતાના કારણે એમને આકર્ષણ થયું, કાંઇ સ્ત્રીના કારણે આકર્ષણ નહોતું થયું. તો આપણે શું તે ઋષિને અજ્ઞાની કહેશું? અજ્ઞાની ન હતા પણ એમને આ બાબતનું જ્ઞાન ન હતું. ભલેને ઘણી બધી વાતો જાણતા હતા. તેવી જ રીતે બ્રહ્મજ્ઞાની બ્રહ્મના રૂપમાં તો દરેક ચીજને ઓળખી શકશે પણ જે બ્રહ્મના રૂપમાં ન ઓળખી શકાય, એવી બાબતની એમને કોઇ ગરજ નથી. ઓળખવાની ન તો તેમને એની પંચાત છે. તે પંચાત ન હોવાથી એમને અજ્ઞાની તો નહીં કહી શકાય. આપણે એમને જ્ઞાની જ કહેશું. કેમકે એમણે તત્ત્વને તો સારી રીતથી ઓળખી લીધું છે કે જે કાંઇપણ રૂપ છે, નામ છે તે બધા જ તે તત્ત્વ(બ્રહ્મ)ના જ રૂપ અને નામ છે. **''યદ્વૈ કિંચ્ચન અનૂક્તં તસ્ય સર્વસ્ય બ્રહ્મ ઇતિ એક્તા''** આમ ઉપનિષદ્ કહે છે કે 'જે કાંઇ', 'અનુક્તમ્' નથી કહેલું, જેમ તમને એક સોનાનું એરિંગ બતાવીને કહેવામાં આવે કે ''જાુઓ આ જેનાથી બન્યું છે તેને સોનું કહેવાય છે''. હવે તમને વીંટી ન બતાવી તો કાંઇ નહીં. તે વીંટી પણ સોનાની છે. એ સંભવ છે એ વાત ન સમજાય કે વીંટી ક્યાં પહેરી શકાય હાથમાં કે પગમાં પણ કદાચ ઓળખી તો જશો જ કે આ સોનાની છે. ક્યાં પહેરાય એ ન સમજમાં આવે પણ સોનાને એક વખત ઓળખી લીધું તો પછી કોઇપણ ઘરેણાને ઓળખવામાં તકલીફ નહીં પડે. **''યદ્વૈ કિઞ્ચન અનૂક્તં તસ્ય સર્વસ્ય બ્રહ્મ ઇતિ એકતા''** તમે એ જાણો કે આ વીંટી છે પણ એતો જાણવામાં આવી જ જશે કે આ સોનું છે.

એમ જ્ઞાની કદાચ તમારું નામ જાણે કે ન જાણે પણ તે એ તો જાણી જ જશે કે તમારામાં પણ બ્રહ્મ છે. ખાલી તમે નહીં દેખાઓ પણ તમારામાં બ્રહ્મ દેખાશે. ગધેડામાં તેને બ્રહ્મ દેખાશે. ઘોડામાં તેને બ્રહ્મ દેખાશે. પણ તે બ્રહ્મનું રૂપ કેવી રીતે હોઇ શકે? ગધેડો તો એક મરણશીલ પ્રાણી છે. તે બ્રહ્મનું રૂપ કેવી રીતે

હોઈ શકે? પરંતુ જેને બ્રહ્મજ્ઞાન છે તેને ઘોડામાં પણ બ્રહ્મ દેખાશે. ગધેડામાં પણ બ્રહ્મ દેખાશે. **"સમો નાગેન સમો મશકેન"** (બૃહ.ઉપ.૧।૩।૨૨), **"શુનિચૈવ શ્વપાકે ચ પંડિતાઃ સમદર્શિનાઃ"** (ગીતા.૫।૧૮) તે સમદર્શીબની જશે. 'સમદર્શી'નો મતલબ શું? એને ઘોડો ગધેડો દેખાશે નહીં! એવી વાત નથી. ઘોડો ગધેડો દેખાશે પણ તે ઘોડા-ગધેડાઓમાં બ્રહ્મપણું, જે સામાન્ય ધર્મ છે એ તેને દેખાશે. એ સ્પષ્ટરૂપથી તેને ઓળખી શકશે કે આ પણ બ્રહ્મના રૂપ છે. જેમ જેણે સોનાને ઓળખી લીધું સારી રીતથી, પછી તેની સામે ભલે વીંટી રાખો, ભલે એરિંગ રાખો, કે ભલે વિંછિયા રાખો, તે બધામાં સોનાને એ સ્પષ્ટરૂપથી ઓળખી લેશે. ઘરમાં જેમ કોઈ દીકરી કે વહુ હઠ કરે કે તેને વીંટી જોઈએ છે અને તેની સામે બંગડી રાખો તો તે માનશે નહીં. તમે સમજાવશો કે આમાં વીંટી કરતાં વધારે સોનું વાપર્યું છે. વાપર્યું હોય તો વાપર્યું હોય ભલે મારે તો વીંટી જોઈએ, બંગડી નહીં લઉં. તે ઝઘડો કરશે પણ સોનું ચોરવા આવેલો ચોર આવો ઝઘડો નહીં કરે. એ તો એમ જ કહેશે કે મારે તો સોનું જોઈએ. સોનાનો ચોર આ વીંટી છે એટલે નથી લેવી એમ જાણીને છોડી નહીં દે. એ તો સોનાનું કાંઈપણ લઈ લેશે. એમ જો બ્રહ્મજ્ઞાની છે તો તે બ્રહ્મનો ચોર છે. તે દરેક રૂપમાં બ્રહ્મને ઓળખીને તેને ચોરી શકે છે. દુનિયા જે વખતે ન ઓળખી શકે કે આ બ્રહ્મ છે પણ બ્રહ્મજ્ઞાનીને દેખાઈ જશે કે **"આ બ્રહ્મ છે". "સર્વં ખલુ ઈદં બ્રહ્મ"** (છાન્દો.ઉપ.૩।૧૪।૧) બધું જ બ્રહ્મ છે. જ્ઞાની પ્રત્યેક રૂપમાં પ્રત્યેક નામમાં બ્રહ્મને ઓળખી શકે છે. પરંતુ જે જ્ઞાની નથી તે બિચારો ઓળખી નથી શકતો કે દરેક નામ અને દરેક રૂપની પાછળ બ્રહ્મ ક્યાં છે? તેને નામ અને રૂપ જ જોવામાં આવી રહ્યા છે. બ્રહ્મ દેખાશે નહીં.

## ૧૧. કર્મી અને કર્મયોગી :

એવી જ રીતે કર્મીકર્મ તો બધા જ કરે છે, પરંતુ જે કર્મયોગી છે તેને દરેક કર્મમાં પ્રભુની અને કર્મની એકતા દેખાશે. એટલે કે દરેક કર્મ તે પ્રભુ માટે કરશે. જેમ પ્રભુ ગીતામાં આજ્ઞા કરે છે **"યત્ કરોષિ યદ્ અશ્નાસિ યદ્ જુહોષિ દદાસિ યત્ યત્ તપસ્યસિ કૌન્તેય! તત્ કુરુષ્વ મદર્પણમ્"** (ગીતા.૯।૨૭). આ ન્યાયથી પોતાના કર્મથી તે જે કોઈપણ કર્મ કરી રહ્યો છે - **"યદ્-યત્ કર્મ કરોમિ તત્-તદ્ અખિલં શમ્ભો ! તવ આરાધનમ્"** આમ કહેવામાં આવે. જે-જે કર્મ હું કરૂં તે તારા આરાધન માટે જ છે. તો કર્મયોગીનું કર્મ આવું હશે, કે તેના પ્રત્યેક કર્મ ભગવદારાધનરૂપ હશે.

જે વખતે આપણે કર્મ ભગવદર્થ કરતા હોઈએ તો તે કર્મયોગ છે. જે વખતે આપણે કર્મ સ્વાર્થને માટે કરતા હોઈએ, આમાં સ્વાર્થ કોઈનો ઓછો હોય કોઈનો વધુ હોય, જેનો જેવો હોય, જેના માટે કર્મ કરી રહ્યા હોઈએ. તે વખતે તે કર્મ છે, કર્મયોગ નથી. આ વાત સમજવી જોઈએ. એટલા માટે ભગવાન્ એમ કહે છે **''કર્મિભ્યસ્ય અધિકો યોગી''** કર્મી કરતાં કર્મયોગી સારો છે. જ્ઞાની કરતાં જ્ઞાનયોગી સારો છે. તમે ઘણા શાસ્ત્રો ભણ્યા તે ખરાબ વાત નથી પણ એ શાસ્ત્રો જો બ્રહ્મને જાણવા માટે ભણ્યા, પરમાત્માને જાણવા માટે ભણ્યા, તો તમારું જ્ઞાન જ્ઞાનયોગ બની જશે. બ્રહ્મના શાસ્ત્રો પણ જો તમે બ્રહ્મને જાણવા માટે ન ભણ્યા, વ્યર્થમાં બીજા સાથે વાદ-વિવાદ કરવા માટે ભણ્યા, તો તે બ્રહ્મશાસ્ત્રો પણ ફકત જ્ઞાન છે, જ્ઞાનયોગ નથી. આટલો ફરક છે આ વાત સમજવી જોઈએ.

## ૧૨. ભક્તિ પણ સંકલ્પ ભેદથી ભિન્ન બને છે

જેમ આજે હું બતાવી રહ્યો હતો કે એક છોકરો મારી પાસે આવ્યો એણે કહ્યું સેવા કરવી છે મહારાજ, બ્રહ્મસંબંધ આપો'' મેં કહ્યું ''ભાઈ હજુ તું વિદ્યાર્થી છો. હમણાં શું કામ બ્રહ્મસંબંધ લેવાની ઉતાવળ કરે છે?'' એણે કહ્યું કે ''નહીં! કરીશ સેવા'' સેવા કરીશ એ વાત તો બરાબર છે પણ અત્યારે તું ભણી રહ્યો છે. હમણાં તું સંકલ્પ કર કે તું એટલા માટે ભણી રહ્યો છે કે તું યોગ્ય બનીશ. પોતાના પગ ઉપર ઉભો થઈશ. પોતાના પગ ઉપર ઉભો થઈને પોતાનું ઘર વસાવીશ. એવું ઘર કે જેમાં ભગવત્સેવા કરી શકીશ. જો આવા સંકલ્પપૂર્વક તેં ભણવાનું શરૂ કર્યું તો તારું ભણતર પણ ભગવત્સેવા છે. હંમેશા ધ્યાન રાખજે, એમ ન સમજતો કે મારું ભણતર ભગવત્સેવા નથી. જો તું એટલા માટે ભણ્યો કે હું કમાઈશ, ખાઈશ, જલ્સા કરીશ, તો એ ભણતર પણ આસુરી હોઈ શકે છે. આ જ ભણતર કોઈકને માટે દ્વેષ પણ હોઈ શકે છે. જ્યારે તું એવો વિચાર કરીને ભણીશ કે મારો ભાઈ જે ભણ્યો છે તેને હું ભણીને પછાડી દઈશ. તો આ જ ભણતર દ્વેષ પણ બની શકે છે. અને આ જ ભણતર સેવા પણ બની શકે છે ભગવાન્ની. એ ભણતર માતા-પિતાની સેવા પણ બની શકે છે. ભલે કોઈ કામ ન કરતો હોય પણ જો એક વિદ્યાર્થીએમ વિચારે કે હું એટલા માટે ભણીશ કે મોટો થઈને મારા માતા-પિતાની સેવા કરી શકું. ભલે ને ભણી રહ્યો છે તે વખતે કાંઈપણ સેવા ન કરતો હોય, પણ સારી રીતથી ભણી રહ્યો છે, એ જ માતા-પિતાની સેવા છે. જો શુભ સંકલ્પ તેના હૃદયમાં હોય; અને આવો શુભ સંકલ્પ નથી, સ્વાર્થ સંકલ્પ છે. તો જે સેવા કરી

રહ્યો હશે તે વખતે પણ તે સેવા નથી. કેમ કે તેનો સંકલ્પ એવો હોઈ શકે કોઈ, ગમે તેમ કરીને માતા-પિતાને બેવકૂફ બનાવીને જેટલા પૈસા પડાવી શકાય એટલા પડાવી લો. તો તે સેવા કરી રહ્યો છે ત્યારે પણ તે સેવા નથી; અને જ્યારે સેવા નથી કરી રહ્યો ત્યારે પણ સેવા હોઈ શકે છે. સેવા કયારે શરૂ થશે? જે વખતે તમે શુભ સંકલ્પ કર્યો. **''યદ્-યત્ કર્મ કરોમિ તત્-તદ્ અખિલં તવ આરાધનમ્''** આમ આ ન્યાયથી પહેલાં સંકલ્પ તમે જ્યારે કર્યો કે ''હું એટલા માટે ભણી રહ્યો છું કે મારે કમાવું છે કમાવું એટલા માટે છે કે ઘર વસાવવું છે. ઘર શા માટે વસાવવું કેમકે ઘરમાં ભગવત્સેવા કરવી છે.'' તો અત્યારે જે ભણી રહ્યો છે તે પણ ભગવત્સેવા બની શકે છે. થોડાક સંકલ્પની સ્પષ્ટતાથી કોઈપણ કર્મ ભગવત્સેવા બની શકે છે. ''કર્માપિ એકં તસ્ય દેવસ્ય સેવા'' (ગીતા માહાત્મ્ય). આ જે કહ્યું છે એ ન્યાયથી એ કર્મ ભગવત્સેવા પણ બની શકે છે. એ જ કર્મ પોતાના પાડોશી પ્રત્યેનો દ્વેષ પણ બની શકે છે. કર્મ તો એકનું એકજ રહેશે પણ તેના રૂપ અલગ અલગ પ્રકટ થઈ જશે.

એવી જ રીતે ભક્તિ પણ જ્યારે આપણે પરમાત્માની ઈચ્છાપૂર્વક કરીએ ત્યારે 'ભક્તિયોગ' કહેવાશે. જ્યારે પરમાત્માની ઈચ્છાથી નહીં કરીએ ત્યારે તે ભક્તિયોગ નથી. કેવળ ભક્તિ છે. ભક્તિનો મતલબ જો ઉત્તરપ્રદેશની જેમ બોલો તો ભગતિ પણ થઈ શકે છે. તે ભક્તિ નથી, તે ભગતિ છે. ભાગવાનું ચક્કર છે. આ ભક્તિ નથી. ભક્તિ અને ભગતિમાં થોડુંક જ અન્તર છે. એ જ ભક્તિયોગ બની જશે જ્યારે આપણે પરમાત્માની કામનાથી ભક્તિ કરશું. કામ કાંઈ પણ કરો પણ કામના ફકત પરમાત્માની. દરેક વાતમાં કામના પરમાત્માની, દરેક કામ પરમાત્માની કામનાથી કરી રહ્યા છીએ. ભણી રહ્યા છીએ તો પરમાત્માની કામનાથી ભણી રહ્યા છીએ. ભણવાનું પણ ભક્તિ બની જશે. તમે સૂઈ રહ્યા છો ઘરમાં, સારી વાત છે. તમે સૂઈ રહ્યા છો તો પરમાત્માની સેવામાં સવારે ઉઠવું છે એટલા માટે સૂઈ રહ્યા છો, તો સૂવું પણ ભક્તિ છે. વ્રત કરીને જાગી રહ્યા છો તે ભક્તિ ન પણ હોઈ શકે જો તમને પરમાત્માની ઈચ્છા ન હોય. ભક્તિનું સ્વરૂપ ઓળખવું ખૂબ જરૂરી છે. જે વખતે જાનાતિ, ઈચ્છતિ અને યતતે, આમાં જે ઈચ્છતિ વાળું પાસુ છે તેમાં તમારી અંદર ઈચ્છા છે. જો પરમાત્માની પ્રાપ્તિની ઈચ્છા છે તો દરેક ચીજ ભક્તિ છે. અને પરમાત્માની ઈચ્છા નથી તો કાંઈ પણ કરોને, જેમ લોકો પૂજા કરે, મંદિરમાં જાય દર્શન કરે. મંદિરમાં જાય દર્શન કરવા

માટે પણ તે વખતે પણ પરમાત્માની ઈચ્છા તેને ન થાય. મંદિરમાં જઈને વાત શેની કરે? ફલાણાને ત્યાં આમ થયું, ઢીકડાને ત્યાં આવું થયું, આને ત્યાં આવું થયું, તેને ત્યાં તેવું થયું. અરે ભાઈ! દર્શન કરવા આવ્યા મન્દિરમાં અને હજી પણ ગામ દેખાઈ રહ્યું છે! કેમકે દર્શન કરવા આપણે મન્દિરમાં તો આવી ગયા પણ ઈચ્છા પરમાત્માની નથી આપણને, ઈચ્છા તો એ જ વાતોની છે, વાતો તો એ જ ચાલશે જે ચાલતી હોય. એ આપણને વૈકુંઠમાં લઈ જાય કે એ ભગવાન્ સામે આવીને ઉભા હોય, તો પણ વાતો તો એ જ ચાલતી રહેશે કે આપણે તો વૈકુંઠમાં પહોંચી ગયા પણ ફલાણો જુઓ નરકમાં પહોંચી ગયો અને ફલાણો દુનિયામાં જલ્સા કરી રહ્યો છે. એ વૈકુંઠ ક્યાંથી પહોંચશે? આવી જ વાતો થશે કેમકે ઈચ્છા તો છે જ નહીં આપણી. આપણે તો બસ હાલ્યા ગયા મન્દિરમાં આ મંદિરમાં હાલ્યું જવું, તે એક અલગ પ્રકાર છે ભક્તિનો. ઘણા લોકો સમજે કે રોજ મન્દિરમાં દર્શન કરે તેથી મોટો ભક્ત છે. એ ભક્ત નથી એ ભગત છે ત્યાંથી અહીં અને અહીંથી ત્યાં ભાગી રહ્યો છે. એ ભક્ત નથી. કેમકે મન્દિરમાં જઈને પણ તે ભગવાન્‌ની તરફ નથી, મન્દિરથી બીજી તરફ ભાગી રહ્યો છે.

ચક્કર તેમાં આ છે કે તેમાં આપણે નિશ્ચિત કરવું જોઈએ કે ભક્તિની ઓળખ શું? જેમ તાવ આવે અને આપણે થર્મોમીટર લગાડીએ તો આપણને ખબર પડે કે કેટલો તાવ આવ્યો. એમ ભક્તિ છે કે નહીં તેનું થર્મોમીટર્ ક્યું? પરમાત્માની પ્રાપ્તિની ઈચ્છા છે કે નથી? આ ભક્તિનું થર્મોમીટર્ છે. બહારથી શું કરી રહ્યા છો કે શું નથી કરી રહ્યા. કદાચ સૂતા હશો, કદાચ જાગતા હશો, કદાચ ખાતા હશો, કદાચ પી રહ્યા હશો, કદાચ રોતા હશો, કદાચ હસતા હશો, કાંઈ પણ કરી રહ્યા છો પણ પરમાત્મપ્રાપ્તિની ઈચ્છા છે? થર્મોમીટર્ લગાડીને જુઓ, તો ભક્તિ છે. પરમાત્મપ્રાપ્તિની ઈચ્છા નથી, તો પછી ભલે ને તમે ફુલ ચડાવી રહ્યા છો કે પછી ભલે આખો દિવસ સેવા કરી રહ્યા છો, પણ જો પરમાત્માની ઈચ્છા નથી તો તમે ઘાણીના બળદ છો. તેમાં અને તમારામાં ફેર શું? એને જોડી દીધો છે. તે ઘાણીએ ચાલે, એમ આપણે પણ જુતી ગયા છીએ ભગતિમાં. ભગતિમાં જુતી ગયા છીએ તેથી આપણે પણ ગોળ-ગોળ ફરી રહ્યા છીએ. ભક્તિ નથી કરી રહ્યા. આવા પ્રકારની ભક્તિ 'ભક્તિયોગ' ન કહેવાય. ઘાણીની જેમ જોડાઈ જવું એક અલગ વાત છે, પણ ભક્તિનો મતલબ શું? જોડાણા નહીં ને સૂઈ રહ્યા છીએ તો પણ ભક્તિ થઈ રહી છે. શા માટે ભક્તિ થઈ રહી છે? એટલા માટે કે હૃદયમાં

પરમાત્મપ્રાપ્તિની ઈચ્છા છે. પ્રયત્ન જ્ઞાન અને ઈચ્છા આમાં કર્મ જ્ઞાન અને ભક્તિમાર્ગ ના મૂલ સ્રોત રહેલા છે. આનાથી ઓળખશો તો ખબર પડશે. ઘણા લોકો એમ કહે છે કે આ ત્રણેય હોવા જોઈએ. પણ જરૂરી નથી કે આ ત્રણેય જ હોવા જોઈએ.

## ૧૩. ધ્યાનનું મહત્વ :

એક સામાન્ય વાત તમને કહું. જેમ અત્યારે તમે પ્રવચન સાંભળી રહ્યા છો અને તમે જોઈ પણ રહ્યા છો. અત્યારે તમને કોઈ અચાનક પૂછે કે શું કરો છો? તો તમે કહેશો કે પ્રવચન સાંભળી રહ્યો છું. કદાચ કોઈ વ્યક્તિ મનમાં કાંઈક દુનિયાભરની બીજી-બીજી વાતો વિચારી રહ્યો હશે, તેને અચાનક જગાડીને કોઈ પુછે કે બોલ ભાઈ શું કરી રહ્યો છે? તો તે જે વાતો વિચારી રહ્યો છે તે વાત કહેશે. આવો એક જોક્ મેં વાંચ્યો કે એક વિદ્યાર્થીક્લાસમાં ભણી રહ્યો હતો તેને અચાનક શિક્ષકે પૂછ્યું ''કેમ ભેજામાં વાત ઘૂસી?'' તો એણે કહ્યું, ''થોડીક પુંછડી બાકી રહી છે'' આવું કેમ બોલ્યો? કેમકે નિશાળના બગીચામાં એક સાપ દરમાં ઘૂસી રહ્યો હતો. તેનું ધ્યાન તેમાં હતું. ભણવામાં ન હતું. શિક્ષક પ્રવચન કરી રહ્યા હતા. એમણે અચાનક પૂછ્યું, ''કેમ વાત ધૂસી કે નહીં?'' હવે વિદ્યાર્થીનું ધ્યાન એકાગ્ર હતું સાપ જે દરમાં ધૂસી રહ્યો હતો, તેથી તેણે કહ્યું કે ''ખાલી પૂંછડી બાકી રહી છે સાપ દરમાં ધુસી ગયો હતો'' આમ ભણવાની પૂંછ તો બાકી રહી જાય આપણે ભણી રહ્યા છીએ અને ધ્યાન બગીચામાં સાપ શું કરી રહ્યો છે ત્યાં છે, તેથી તેની પૂંછડી બાકી રહી ગઈ. પૂંછ અંદર નહીં જાય, ભણતરની પૂંછ પણ બહારને બહાર રહી જાય અંદર ન જાય.

તેથી આપણે શું કરી રહ્યા છીએ કેમ ખબર પડે કે આપણું ધ્યાન ક્યાં છે? કરી શું રહ્યા છો એ મહત્ત્વપૂર્ણ નથી. ધ્યાન કઈ વાત ઉપર છે? સાંભળી રહ્યા હશો તે વખતે આંખ બંધ હોવી જરૂરી નથી. તે વખતે નાક બંધ હોવું જરૂરી નથી. તે વખતે ચામડી ઉપરનું ભાન નથી એવી વાત નથી. જે વખતે ધ્યાન સાંભળવામાં છે તે વખતે આપણને કોઈ પૂછે કે શું કરો છો? ત્યારે આપણે કહેશું કે સાંભળી રહ્યો છું. જોઈ રહ્યો છું. જોઈ રહ્યા હશું તો કાન ઉપર આપણું ધ્યાન નહીં રહે. ધ્યાનનું આ વિશિષ્ટ સ્વરૂપ છે કે જે વાત ઉપર ધ્યાન છે તે જ વાત ઉપર ધ્યાન હશે. બીજી બધી વાતો ઉપર ધ્યાન નથી.

આવી રીતે માણસનું ધ્યાન કર્મ ઉપર છે તો તે કર્મ છે, ભક્તિ ઉપર છે તો તે ભક્તિ છે. જ્ઞાન ઉપર છે તો તે જ્ઞાન છે. નિર્ણય કઈ વાતથી થશે કે ધ્યાન શેના ઉપર છે? એવું નથી કે જેનું ધ્યાન ભક્તિ ઉપર નથી તેની ભક્તિનું સ્વરૂપ જ નહીં હોય. ભક્તિનું સ્વરૂપ હશે પણ જે વખતે તેને પૂછશો કે શું કરી રહ્યા છો? તો તુરત જ તે જે કામ કરી રહ્યો હશે તે કહેશે.

નિશાળમાં પ્રાર્થના કરાવે કે, ‘‘હે પ્રભુ! આનંદદાતા! અમને જ્ઞાન આપો’’ એટલે કે પ્રભુને આનંદદાતા માનીને પણ તે આનંદ નથી માગી રહ્યો માંગી રહ્યો છે જ્ઞાન. આનંદદાતા હશો તો એ તમારો હેડેક્ છે. અમને તો જ્ઞાન આપો. જો આનંદ માગવા ઈચ્છતો હશે તો કદાચ એમ કહેશે કે ‘‘હે પ્રભુ! જ્ઞાનદાતા! અમને આનંદ આપો’’ માણસની પોતપોતાની માંગણી છે. જ્યાં જેનું ધ્યાન છે. પ્રભુમાં તો જ્ઞાન પણ છે. પ્રભુમાં તો આનંદ પણ છે. પ્રભુમાં તો કર્મ પણ છે. પ્રભુમાં સુખ પણ છે. બધું જ પ્રભુ પાસે છે. પરંતુ માગવાવાળાનું પોતાનું એક રૂપ છે. જે હ્રદય સાથે જોડાયેલું તે કોઈને કોઈ પ્રકારથી પ્રકટ થઈ જાય. કહેવા જાય કોઈ એક વાત અને કહેવાઈ જાય કોઈ બીજી વાત. ખરા ટાઈમે જે વાત નીકળવી જોઈતી હોય તે ન નીકળે. ખરા સમયે જે વાત અંદર હોય તે બહાર નીકળી જ જાય. એ પ્રભુ આનંદદાતા છે પણ જેને જ્ઞાન મેળવવાની ઈચ્છા છે તે એમ કહેશે, ‘‘હે પ્રભુ આનંદદાતા! મને જ્ઞાન આપો’’ તે આનંદ નથી માગી રહ્યો. કેમકે જ્ઞાન મેળવવા માટેનો વિદ્યાર્થીછે એ. એમ જે માણસ ભક્તિ કરી રહ્યો છે, તે કાંઈ મૂર્ખ હશે, અજ્ઞાની હશે, નિષ્કર્મ હશે, નિકમ્મો હશે, એવું જરૂરી નથી. પણ તેનું ધ્યાન કર્મ કરતાં કરતાં પણ ભક્તિ ઉપર છે. તેનું ધ્યાન જ્ઞાન પ્રાપ્ત કરતી વખતે પણ ભક્તિ ઉપર છે. એવી જ રીતે જ્ઞાનયોગી ભક્તિ કરતો હશે પણ તેનું ધ્યાન ભક્તિ ઉપર નહીં હોય. અચાનક ભગવાન્ પ્રકટ થઈને કહે કે, ‘‘બોલ બેટા શું જોઈએ છે?’’ તે કહી દેશે કે, ‘‘હે પ્રભુ ! આનંદદાતા! મને જ્ઞાન આપો’’ કેમ કે તે પોતે જ્ઞાની બનવા ઈચ્છે છે. ખુદ જ્ઞાની છે. એવી જ રીતે જે ભક્ત હશે તેની સામે પ્રભુ અચાનક પ્રકટ થઈને કહે કે, ‘‘બોલ ભાઈ શું જોઈએ છે?’’ ભક્ત કહેશે કે, ‘‘બસ વાત પૂરી થઈ ગઈ. તમે જ તો પ્રકટ જોતા હતા. હવે નથી જ્ઞાન જોઈતું કે પછી બીજું કાંઈપણ. હવે કાંઈ જ નથી જોઈતું જ્યારે તમે મળી ગયા પછી’’ પ્રભુમાં તો બધી જ ચીજ છે. પ્રભુની પાસે તો બધી જ ચીજ છે. કોઈ તેનામાંથી કાંઈ મેળવે, કોઈ કાંઈ. કોઈ એમાંથી માછલી પકડે, કોઈ એમાંથી રત્નો કાઢે, કોઈ મૂંગા (પરવાળા) કાઢે, કોઈ રેતી કાઢે. આજકાલ પેટ્રોલ કાઢે. દરીયામાં તો બધી

ચીજ છે. પણ કાઢવાવાળાની પોતપોતાની શક્તિ છે, પોતપોતાના માદ્દાઓ છે. પોતપોતાની રૂચિ છે. જેને જે કાઢવું હોય તે કાઢે. એવી જ રીતે શાસ્ત્રમાં પણ બધા રહસ્ય ભરેલા છે, જેને જે કાઢવું હોય તે રહસ્ય નીકળે. એ તો શાસ્ત્રાર્થની ગંભીરતા અને શાસ્ત્રની ગહનતા કાઢવાવાળાની પોતાની અધિકારિતા ઉપર નિર્ભર કરે છે. ભગવાન આ જ પ્રકારની આગળ જઈને બતાવશે કે તારે ક્યા ક્યા સ્થાન ઉપર કઈ કઈ ચીજની જરૂર છે? આ તું સમજી લે અને સમજીને તે પ્રમાણે તારા માર્ગને નક્કી કર. તો કર્મ જ્ઞાન ભક્તિ આમાં કેટલાક લોકો એમ કહે છે કે આ ત્રણેયનો જ ચોંચોનો મુરબ્બો બની ન શકે.

## ૧૪. બધા સમ્પ્રદાયોને એક કરી દો !!

હમણાં હું વડોદરા ગયો હતો ત્યાં એક ભાઈએ કહ્યું, ‘‘મહારાજ ! શ્રીશંકરાચાર્યજીથી લઈને શ્રીવલ્લભાચાર્યજી સુધીનાઓએ આટલા વરસ ખૂબ જ પ્રયત્ન કર્યા છતાં પણ માણસ જરા પણ સુધર્યો નહીં. હવે એક કામ કરો કે બધા સમ્પ્રદાયોને એક કરી દો’’ મેં કહ્યું ‘‘જ્યારે એક એક સમ્પ્રદાય હતા ત્યારે તો સધાયા નહીં હવે બધા સમ્પ્રદાયને એક કરીને બધાની સાધના શરૂ કરશો તો શું શરૂઆત થઈ શકશે? કાંઈ શરું નહીં થઈ શકે. બધું ફલોપ્ થઈ જશે.’’ ભગવાન્ ગીતામાં આજ્ઞા કરે છે **‘‘એકમપિ આસ્થિતઃ સમ્યગ્ ઉભયોઃ વિન્દતે ફલમ્’’** (ગીતા.૫।૪). કોઈપણ એક માર્ગ પણ જો તમે પૂર્ણ રીતથી પકડશો તો તે તમને છેલ્લે સુધી પહોંચાડી દેશે. પણ તમે એક માર્ગ ઉપર તો ચાલી ન શક્યા. મતલબ જેને એક રોટલી પચતી ન હોય, તેને તમે ઘી પણ ખવડાવી દો, તેને તમે મલાઈ પણ ખવડાવી દો, ખીચડી પણ ખવડાવી દો, અથાણુંય ખવડાવી દો, પાપડ પણ ખવડાવી દો. અરે ભાઈ ! તને એક રોટલી પચતી નથી પેટ એટલું ખરાબ છે જેનું કે જેને ખીચડી ન પચતી હોય, તેને તમે ઘી પણ ખવડાવો, મલાઈ પણ ખવડાવો, કેમકે રોટલી ખાવાથી ફાયદો ન થયો તેને ! ખવડાવી દો બધું જ તેને, મરી જ જશે બિચારો એ માણસ. માણસ કાંઈ વિચાર ન કરે અને કહે ‘‘આટલા આચાર્યોએ આટલા વરસો સુધી બધી લપ્પન છપ્પન કરી પણ કોઈ સફળ ન થયા. હવે આ બધુ બંધ કરો. બધા માર્ગો એક કરી દો.’’ એક કરવાથી વધારે ગરિષ્ઠ (અપાચ્ય) થઈ જશે. જુદા જુદા રહેશે તો કાંઈક તો પાચકતા રહેશે. માણસ પોતાની પાચનશક્તિ પ્રમાણે કાંઈક ખાશે તો કાંઈક પચશે. બધું ભેગું કરી દીધું એક સાથે તો તે વસ્તુ એટલી ગરિષ્ઠ (ભારે) થઈ જશે કે કોઈને પણ નહીં

પચે. બધા બિચારા મરી જશે.

અમારે ત્યાં મુંબઈ મોટા મંદિરમાં એક શાસ્ત્રીજી રહેતા હતા. તેઓ જ્યારે સીત્તેર એંસી વરસના થયા તે વખતે એમને અચાનક એક સૂત્ર યાદ આવી ગયું. ‘‘ચરનસોં ન મરન’’ એટલે કે ચરે તે મરે નહીં. હવે એ બાળપણનું કે યુવાનીનું સૂત્ર એમને યાદ હશે, જ્યારે તેઓ કસરત કરતા હશે. ‘‘ચરનસોં ન મરન’’ એમને યાદ આવી ગયું તેથી એમણે મંદીરમાં જઈ જઈને મલાઈ ખાવાની શરૂ કરી. એક બે દિવસ તો મલાઈ પચી ગઈ. પણ હવે સીત્તેર એંસી વરસની વૃદ્ધાવસ્થામાં ક્યાં સુધી પચે? હવે પછી તો અહીંથી ચાલે ત્યાં સુધી ગંદકી કરતા ચાલે. એટલે બધાએ ઉહાપોહ કર્યો કે કોણ ગંદુ કરી ગયું, કોણ ગંદુ કરી ગયું? હવે એમના એ સૂત્રને લીધે મંદીરમાં બધાને ખૂબ તકલીફ થઈ ગઈ. પણ એમને તો ગમી જ ગયું કે ‘‘ચરનસોં ન મરન’’. પણ ચરવાથી જ મરણ થઈ જશે જો વધારે પડતુ કરશો તો. અતિ ન કરવું જોઈએ. ‘‘અતિ સર્વત્ર વર્જયેત્’’ એમ કહેવાયું છે. પણ માણસ એવી વાત કરે કે જે ચાલે નહીં. અમથે અમથા એમ માની લે કે બધા ધર્મોથી ફાયદો ન થયો તેથી તમે બધા ધર્મોને એક કરી દો. એક કરી દેશો તો આનાથી પણ વધારે ગરિષ્ઠ પદાર્થ બની જશે. એક ધર્મ તો માણસ સાધી ન શક્યો. એક માણસને કહીએ કર્મ સંપૂર્ણ રીતથી કરી લે તો કર્મ પૂરી રીતે નથી કરી શક્તો. ભક્તિ પૂરી રીતથી કરી લે તો ભક્તિ પૂરી રીતથી નથી કરી શક્તો. જ્ઞાન સારી રીતથી કરી લે તો જ્ઞાન સારી રીતથી ન કરી શકે. અને એમાં પાછું એમ કહીએ કે કર્મ જ્ઞાન અને ભક્તિ ત્રણેય કરો. અરે ! ત્રણેય કેવી રીતે કરશે? ચરનસોં ન મરન જેવી સ્થિતિ થઈ જશે. એ કાંઈ પણ નહીં કરી શકે. અને વધારામાં બિમાર પડી જશે તો ચરન સો હી મરન થઈ જશે.

## ૧૫. સાચી દિશામાં પગ રાખવો જરૂરી :

માણસ આ વાત સમજતો નથી. બધું કરવાની જરૂર નથી. જરૂર એ છે કે જે ભગવાન્ આજ્ઞા કરે છે **‘‘એકમપિ આસ્થિતઃ સમ્યગ્ ઉભયોઃ વિન્દતે ફલમ્’’** એકને સારી રીતથી મેળવો. એટલે કે સારી સાચી દિશામાં એક પગલું પણ આગળ વધે તો સારી વાત છે અને પચાસ દિશાઓમાં તમે દશ દશ પગલા ભર્યા, તો પહોંચશો ક્યાં? ક્યાંય નહીં પહોંચો. ગોળ-ગોળ ફરતાં રહેશો. ત્યાંના ત્યાંજ ઉભેલા હશો. પણ સાચી દિશામાં એક પગલું પણ આગળ ભર્યું તો કાંઈક તો આગળ વધ્યા. પચાસ દિશામાં દશ પગલાં ભર્યા, તો ગણિતના હિસાબથી કેટલા

પગલાં થશે ગણીને જોઈ લો, તો ક્યાં આગળ વધશો? જ્યાં ઉભા હશો ત્યાંને ત્યાંજ ઉભા રહેશો. જરાક પણ આગળ નહીં વધો. એટલા માટે ભગવાન્ કહે છે ''આગળ વધવું હોય તો સાચી દિશામાં એક ડગલું ઘણું બધું છે. આગળ ન વધવું હોય અને ચક્કર મારતા રહેવું હોય તો પચાસ દિશાઓમાં સો ડગલા પણ ભરો તો પણ જ્યાંના ત્યાં જ ઉભા હશો'' **''પિપીલિકાડપિ ગચ્છેત્ યોજનાનાં શતત્રયમ્ અગચ્છન્ વૈનતેયોડપિ પદં એકં ન ગચ્છતિ''**. જો કીડી પણ ચાલવાનું શરૂ કરી દે તો એક જોજન એટલે આઠ માઈલ, યોજનાનાં શતત્રયમ્ ત્રણસો જોજન ચાલી શકે. અગચ્છત્ વૈનતેયોડપિ ગરૂડજી જો બેઠા હોય તો બેઠા જ રહે તો ક્યાંય ન પહોંચે. એટલા માટે ઉચિત છે કે પોતાના માર્ગની દિશામાં પોતે એક ડગલું પણ ભરશું તો આગળ વધશું. અને જો અગડં બગડં બધું જ કરતા રહેશો, તો કોઈ દિશામાં આગળ નહીં વધી શકો. જ્યાંના ત્યાંજ ઉભા રહેશો. એનાથી કોઈ લાભ થશે નહીં.

## ૧૯. અર્જુનનો પ્રશ્ન :

એટલા માટે ભગવાન્‌ને અર્જુને પૂછયું છે **''એવં સતતયુકતા યે ભક્તાઃ ત્વાં પર્યુપાસતે યે ચાપિ અક્ષરમ્ અવ્યક્તં તેષાં કે યોગવિત્તમાઃ''** (ગીતા. ૧૨।૧). આ જે તમે મને જ્ઞાનયોગ સમજાવ્યો, આ જે તમે મને વિજ્ઞાન સમજાવ્યું, હવે મને એ સમજાવો કે ''એવં સતતયુક્તા યે ભક્તાઃ ત્વાં પર્યુપાસતે'' જે ભક્ત તમારી ઉપાસના કરે છે, જે જ્ઞાની અક્ષરબ્રહ્મ અવ્યકતની ઉપાસના કરે છે, ભક્ત સાકારની ઉપાસના કરે, જ્ઞાની નિરાકારની ઉપાસના કરે છે. એ બંનેમાં આપને યોગવિત્તમ કોણ લાગે છે? એટલે કે સૌથી સારો યોગી કોણ લાગે છે? જ્ઞાનયોગી સારો લાગે છે, ભક્તિયોગી સારો લાગે છે? ભગવાન્‌ને આવી વાત પૂછી લીધી. ભગવાને શરૂઆતમાં ખુલાસાથી આ વાત કહી હતી ''કર્મિભ્યશ્ચ અધિકો યોગી તસ્માદ્ યોગી ભવ અર્જુન યોગીનામપિ સર્વેષાં મદ્‌ગતેન અન્તરાત્મના'' હવે અર્જુન ભક્તિયોગ સમાપ્ત થાય તેના પહેલાં ફરી પાછી એ સ્પષ્ટતા કરવા માગી રહ્યો છે, ''એ ઠીક છે કે આ વાત આપે બતાવી હતી કે જ્ઞાન કરતા જ્ઞાનયોગી સારો, કર્મ કરતાં કર્મયોગી સારો, ભક્તિ કરતાં ભક્તિયોગી સારો. પણ સ્પષ્ટરૂપે એક વખત આપના મુખારવિન્દથી હજુ કહી દો કે જ્ઞાનયોગી અને ભક્તિયોગી માં આપને કોણ સારો લાગે છે? ત્યાર પછી વાત આગળ વધશે''.

# બીજા દિવસનું પ્રવચન

પૂર્વ પ્રસંગમાં કાલે આપણે જોયું કે ભગવાને ગીતાનો સાર કયા બે શ્લોકોમાં કહ્યો :

**તપસ્વિભ્યો અધિકો યોગી જ્ઞાનિભ્યોડપિ મતો અધિકઃ ।**
**કર્મિભ્યશ્ચ અધિકો યોગી તસ્માદ્ યોગી ભવ અર્જુન ।।**
**યોગિનામપિ સર્વેષાં મદ્ગતેન અન્તરાત્મના ।**
**શ્રદ્ધાવાન્ ભજતે યો માં સ મે યુક્તતમો મતઃ ।।**

## ૧૭. ભજનકર્તાઓનાં પ્રકાર :

એટલે કે કર્મીઅને કર્મયોગી, જ્ઞાની અને જ્ઞાનયોગી, તપસ્વી અને તપોયોગી, ભક્ત અને ભક્તિયોગી, આ બધામાં જે કાંઈ અન્તર છે તે ક્યાંથી સમજાશે? આપણે બહારથી નથી સમજવું આપણે ગીતાથી જ સમજવું છે. જો અન્તર છે તો ક્યાં છે? એ અન્તર ભગવાને સમજાવ્યું છે :

**ચતુર્વિધા ભજન્તે માં જનાઃ સુકૃતિનો અર્જુન ।**
**આતો જિજ્ઞાસુઃ અર્થાર્થીજ્ઞાની ચ ભરતર્ષભઃ ।।**
**તેષાં જ્ઞાની નિત્યયુકત એકભક્તિઃ વિશિષ્યતે ।**
**પ્રિયો હિ જ્ઞાનિનો અત્યર્થમ્ અહં સ ચ મમ પ્રિયઃ ।।**
**ઉદાસ સર્વ એવ એતે જ્ઞાની તુ આત્મૈવ મે મતમ્ ।**
(ગીતા. ૭।૧૬-૧૮)

અંતહિન મહત્ત્વાકાંક્ષાઓ આપણા હૃદયમાં રહે છે. ગયા વરસે આપણે અહીં ચતુઃશ્લોકી કરી હતી, તેથી તમને યાદ હશે કે બધી જ મહત્ત્વાકાંક્ષાઓને શાસ્ત્રે ચાર વર્ગોમાં વર્ગીકરણ બતાવ્યું. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ.

## ૧૮. એક જ કાર્ય અલગ-અલગ પુરૂષાર્થરૂપ :

કેટલાય પ્રકારની મહત્ત્વાકાંક્ષાઓ આપણને હોય છે, જેમ વિદ્યાર્થીને ભણવાની મહત્ત્વાકાંક્ષા હોય છે. આપણને એમ લાગે કે ભણવા માગી રહ્યો છે. પણ તે મહત્ત્વાકાંક્ષાના ઘણા બધા રૂપ હોઈ શકે છે. જો નોકરી મેળવવા માટે

ભણી રહ્યો છે તો તે કમાવાને માટે ભણી રહ્યો છે. આને આપણે 'અર્થપુરુષાર્થ' કહેશું, કેમકે ભણવા માગી રહ્યો છે જ્ઞાન માટે નહીં. ભણવા માગી રહ્યો છે નોકરી માટે. ભણવા માગી રહ્યો છે ધંધો કરવા માટે. છે તો વિદ્યાધ્યયન પણ તે આવશે અર્થપુરુષાર્થના વિભાગમાં. વિદ્યાર્થીભણી રહ્યો છે કોઇ ઝંઝટ નથી જીવનમાં. જીવનમાં કોઈ ચિંતા નથી વિચાર નથી અને ભણી રહ્યો છે. કેમકે એણે સ્વધર્મ સમજયો છે કે હું વિદ્યાર્થીછું. મારે વિદ્યાધ્યયન કરવું છે. તેના દ્વારા આગળ ઉપર કમાણી થશે કે નહીં થાય, જ્ઞાન મળશે કે નહીં મળે, કાંઇક સિદ્ધિ કે સુખ મળશે કે દુઃખ મળશે, કોણજાણે શું મળશે, એની ચિંતા અત્યારે કરવાની શું જરૂર ! ભણી રહ્યો છું ભણવા માટે. ભણી રહ્યો છું વિદ્યાધ્યયન કરી રહ્યો છું ધર્મબુદ્ધિથી. આવા હેતુથી વિદ્યાધ્યયન પોતાનો સ્વધર્મ સમજીને કરે તો કરી રહ્યો છે વિદ્યાધ્યયન પણ કહેવાશે એ 'ધર્મ', કેમકે શાસ્ત્રે વર્ણ અને આશ્રમ ના વિભાગ બતાવ્યા. તે વિભાગમાં એમ બતાવ્યું કે ક્યા આશ્રમમાં કયું કામ કરવું જોઇએ અને જે આશ્રમમાં જે કોઈપણ કામ કરી રહ્યો છે, તે તેનો ધર્મ છે.

ભગવાન્ આજ્ઞા કરે છે **''સ્વધર્મે નિધનં શ્રેયઃ પરધર્મો ભયાવહઃ''** (ગીતા. ૩।૩૫). બીજા ધર્મની ખટપટ કરતાં પોતાના ધર્મ માટે મરી જવું બહેતર છે. તો જે વખતે વિદ્યાર્થી બ્રહ્મચર્યઆશ્રમના આચરણ મુજબ વિદ્યાધ્યયન માત્ર વિદ્યાપ્રાપ્તિ માટે કરી રહ્યો છે. ત્યારે એ જ વિદ્યાધ્યયન તેના ધર્મપુરુષાર્થ અન્તર્ગત આવશે. અધ્યયન એક જ છે પણ જ્યારે એ કમાવા માટે કરી રહ્યો છે તો અર્થ પુરુષાર્થનું ચક્કર છે.

જો પહેલાથી જ એણે સપનાઓ જોવાના શરૂ કરી દીધા કે મેટ્રિક કરીશ, મેટ્રિક કરીને બી.એ. કરીશ, એમ.એ. કરીશ, તે પછી અમેરિકા જઈશ, અમેરિકા જઈને એરકંડિશન મકાનમાં રહીશ. નવી નવી મોટરોમાં ફરીશ. તો કરી વિદ્યાધ્યયન રહ્યો છે પણ એ તેનો કામપુરુષાર્થ થઈ ગયો. એ જ વિદ્યાધ્યયન કામપુરુષાર્થ થઇ ગયો. હવે એ જ વિદ્યાધ્યયન મોક્ષપુરૂષાર્થ થઈ શકે છે. જે વખતે એક વિદ્યાર્થી, જ્ઞાનપ્રાપ્તિ કે મોક્ષની પ્રાપ્તિ માટે વિદ્યાધ્યયન કરી રહ્યો છે ત્યારે એ જ વિદ્યાધ્યયન મોક્ષ પ્રાપ્તિની સાધના પણ બની શકે છે. કાર્ય તો એકનું એક જ છે પણ તેના રૂપ ચાર થઈ શકે છે.

આ તો મેં તમને વિદ્યાધ્યયનની બાબતમાં બતાવ્યું. આ વાતને તમે

ભોજનના રૂપમાં પણ લઈ શકો છો. એક જ ભોજન અર્થ પુરૂષાર્થ પણ થઈ શકે છે. એ જ ભોજન ધર્મ પુરૂષાર્થ પણ હોઈ શકે છે. એજ ભોજન કામ પુરૂષાર્થ પણ હોઈ શકે છે. એ જ ભોજન કરવાની પ્રક્રિયા મોક્ષ પુરૂષાર્થ પણ બની શકે છે. તે તો આપણી **''તદ્ મે મનઃ શિવસંકલ્પમ્ અસ્તુ''** (શિવ સં.ઉપ.૧) આમ કહે છે કે મારા મનમાં શિવ સંકલ્પ હોવો જોઈએ. એવો સંકલ્પ કે જે સંકલ્પના કારણે હું જે કામ કરી રહ્યો છું તે કોઈક ને કોઈક પુરૂષાર્થનું રૂપ લઈ લે.

જેમ માણસ ભોજન કરે, શાસ્ત્રમાં ભોજન કરવાના પણ નિયમ બતાવ્યા છે. કેવી રીતે ભોજન કરવું? બલિ વૈશ્વદેવ કરવું. આવનાર અતિથિને ભોજન કરાવવું. આવનાર અતિથિને ભોજન કરાવ્યા પછી **''ઈશા વાસ્યમ્ ઈદં સર્વં યત્કિઞ્ચ જગત્યાં જગત્. તેન ત્યક્તેન ભુઞ્જીથા મા ગૃધઃ કસ્ય સ્વિદ્ ધનમ્''** (ઈશા.ઉપ.૧) એટલે કે **''યાવદ્ ભ્રીયેત જઠરં તાવત્ સ્વત્વં હિ દેહિનામ્ અધિકં યો અભિમન્યેત્ સં સ્તેનો દણ્ડમ્ અર્હતિ''** (ભાગ.૭।૧૪।૮) આ ન્યાયથી આપણે ધર્મના હેતુથી ભોજન કરીએ છીએ અને પેટ ભરવાના હેતુથી ભોજન કરવું ખરાબ વાત નથી. પણ તે ભોજનની પ્રક્રિયામાં આપણા ધર્મને ન ભુલીએ. ભોજન કરવાની પ્રક્રિયાની ગરિમા બતાવી છે શાસ્ત્રમાં. એક પૂરા યજ્ઞની કલ્પના કરી છે. આપણું મુખ, એ યજ્ઞવેદી છે. એમાં જીભ અગ્નિની ભડકતી જ્વાળા છે. આમાં અન્નની આહુતિ આપવામાં આવે. યજ્ઞની ઉદાત્ત ભાવનાથી જો ભોજન કરીએ તો ભોજન કરવું એ પણ એક ધર્મ છે. એવું કાંઈ નથી કે ભોજન કરવું કોઈ ખરાબ જ વાત હોય કે પછી ભોજન કરવું ફક્ત સારી જ વાત હોય. કેવી ભાવનાથી, ક્યા પ્રકારના સંકલ્પથી તમે ભોજન કરી રહ્યા છો ? એક માણસ ભોજન એટલા માટે કરે છે કે કમાવું છે. તેને ખબર જ ન પડે કે કમાવું છેવટે શું કામ? માણસ વિચારે કે કમાવું એટલા માટે કે ખાવું છે. પણ ખાવાનો તો તેને ટાઈમ નથી. ખાવું તેને ફાવે નહીં. ખાવામાં તેની રૂચિ નથી. જ્યારે જુઓ ત્યારે ટેલીફોનમાં જકડાયેલો હોય. સતત એ હાય-હોય ચાલતી જ રહે. શા માટે ભોજન કરી રહ્યા છો? ફકત એટલા માટે કે દુકાને બેસવું છે, ઓફિસમાં બેસવું છે, ઓફિસ ચલાવવામાં, દુકાન ચલાવવામાં, ક્યાંક શરીરમાં નબળાઈ ન આવી જાય, થોડી ઘણી રોટલી એકાદ મોઢામાં નાખી કે ન નાખી અને દુકાને હાજર. ભોજન કરી રહ્યો છે જોકે, પણ તેને ભોજનનો સ્વાદ નહીં મળે. તે યજ્ઞની ભાવના નહીં કરી શકે. કેમ કે નવરાશ જ નથી તેની પાસે એટલી પણ. અમારે મુંબઈમાં તમે

જુઓ તો લોકો ભાગતા ભાગતા પણ ભોજન કરે, કેમકે સમય નથી. કેમ સમય નથી? કેમ કે કમાવાનું ચક્કર, કેટલો મોટો અર્થપુરૂષાર્થ છે ! તો એ ભોજન પણ તે અર્થપુરૂષાર્થના અંગભૂત આવશે.

એક જ ભોજન ધર્મપુરૂષાર્થ હોઈ શકે છે. એ જ ભોજન અર્થપુરૂષાર્થ બની શકે છે. એક માણસ ખૂબ સ્વાદ લઈને ખાઈ રહ્યો છે. આવા મુંબઈમાં ઘણા જીવો છે જે રાતના બાર વાગ્યે ઉઠીને ચાટ ખાવા જાય. એ ચાટનો ધંધો રાતનો ચાલે. બારથી બે વાગ્યા સુધી. શા માટે ખાય છે લોકો ખબર જ ન પડે. ઘરમાં ખાવા નથી મળતું કે શું ચક્કર છે? છે કોઈ એક કામપુરૂષાર્થનું ચક્કર! **''યા નિશા સર્વ ભૂતાનાં તસ્યાં જાગર્તિ સંયમી, યસ્યાં જાગ્રતિ ભૂતાનિ સા નિશા પશ્યતો મુનેઃ''** (ગીતા.૨।૬૯). એટલે કે બાર વાગ્યે ઉઠીને ચાટ ખાવા જાય. પંદર-પંદર માઈલ છેટેથી લોકો ખાવા આવે. કેમ? એ ભોજન ન તો સ્વાસ્થ્યકારક છે, ન તે સારું ભોજન છે. એક કામપુરૂષાર્થની સિદ્ધિના રૂપમાં ભોજન છે. જીભના ચટકારા છે. માણસ બાર વાગ્યે ઉઠે. રાત્રે બે વાગ્યા સુધી જઈને ખાય. આવા પ્રકારનું નિશાચરણ (રાતની રખડપટ્ટી) કરે. એ જ ભોજન કામપુરૂષાર્થ પણ થઈ શકે છે. એ જ ભોજન મોક્ષપુરૂષાર્થ પણ બની શકે છે. જ્યારે એક વ્યક્તિ ભોજન કરે તો એટલા માટે કરે એટલી દિવ્ય ભાવનાથી કે આ પ્રસાદ હું લઈ રહ્યો છું. ભગવત્પ્રસાદ લઈ રહ્યો છું. ભોજન નથી કરી રહ્યો. આ પ્રસાદ લઈ રહ્યો છું. એટલા માટે ભોજન કરતી વખતે ભગવત્પ્રસાદની અનુભૂતિ તેના માટે મુક્તિની બરાબર હોય. તેના માટે ભોગની બરાબર નથી. પ્રસાદનો અનુભવ તેના માટે મુક્તિની બરાબર છે. તો એ જ ભોજન મુક્તિપુરૂષાર્થની સિદ્ધિ પણ થઈ શકે છે. શું કરી રહ્યા છો એ પ્રશ્ન નથી. સંકલ્પ કેવો છે? આવો શિવસંકલ્પ આપણા હૃદયમાં હોય તો કોઈ પણ કાર્ય ધર્મ, અર્થ, કામ, મોક્ષ રૂપ થઈ શકે છે. કોઈ પણ કાર્ય અધર્મ, અનર્થ, અકામ, અકામનો મતલબ નિકમ્મો અને ભોગરૂપ પણ થઈ શકે છે. તમારો સંકલ્પ એ બતાવશે કે તમે જે કાર્ય કરી રહ્યા છો તે કાર્ય તમે ક્યા પ્રકારની કેટેગરીમાં કરી રહ્યા છો?

ભગવાને એટલા માટે ભક્તનું વર્ણન કરતાં, ચાર પ્રકારના ભક્તોનું નિરૂપણ કર્યું. **''ચતુર્વિધા ભજન્તે માં જનાઃ સુકૃતિનો અર્જુન. આર્તો જિજ્ઞાસુઃ અર્થાર્થી જ્ઞાની ચ ભરતર્ષભ''** (ગીતા.૭।૧૬). ધ્યાનથી જોશો તો ખ્યાલ આવશે ચાર પ્રકારના પુરૂષાર્થોની વાત પ્રભુ અહીં કરી રહ્યા છે. આર્ત એટલે

કામ વગેરે પુરૂષાર્થની વાત અહીં ભગવાન્ કરી રહ્યા છે. જિજ્ઞાસુ મોક્ષ પુરૂષાર્થની વાત ભગવાન્ અહીં કરી રહ્યા છે. ત્રણ પ્રકારના પુરૂષાર્થ ભગવાને પહેલાં બતાવ્યા. પહેલાં 'આર્તઃ' એટલે કે ભક્તિ કરી રહ્યો છે, પણ ભક્તિ શું કામ કરી રહ્યો છે? તેને જો પૂછો તો ખબર પડશે કે કોઈને કોઈ જાતની કામના તેને પીડા આપી રહી છે. આર્ત બનાવી રહી છે. **''કામાર્તાઃ હિ પ્રકૃતિકૃપણાઃ''** એ ન્યાયથી કાંઈકને કાંઈક કામને કારણે તે આર્ત છે, દુઃખી છે. કોઈ પ્રકારની કામનાની પૂર્તિ નથી થઈ. પૂર્તિ નથી થતી એટલે ભગવાન્નું ભજન કરી રહ્યો છે. કાલે કદાચ કામના પૂર્ણ થઈ જાય તો પરમ દિવસે ભગવાન્ને યાદ નહીં કરે. એવી જ રીતે જિજ્ઞાસુ પણ ભગવાન્નું ભજન કરે છે. પણ કેમ કરે છે? ભગવાન્ જાણવા છે એટલા માટે ભજન કરે. જ્ઞાન પ્રાપ્ત થયું નહીં કે ભગવાન્ને 'આ..વ..જો!' કહી દેશે. હવે તો મેં જાણી લીધું છે કે **''બ્રહ્મવિદ્ બ્રહ્મૈવ ભવતિ''** (મુંડક.ઉપ.૩।૨।૯) જે રહસ્ય હતું તે ખબર પડી ગઈ હવે ભજનની આવશ્યકતા નથી. હવે તો હું બ્રહ્મતાનો અનુભવ કરીશ. **''બ્રહ્મભૂતઃ પ્રસન્નાત્મા ન શોચતિ ન કાંક્ષતિ''** (ગીતા. ૧૮।૫૪) એ ન્યાયથી. જિજ્ઞાસુ એ વખતે ભક્તિ કરશે, તો તે કરી રહ્યો છે જિજ્ઞાસુતાથી, જ્ઞાનપ્રાપ્તિને માટે. જ્ઞાનપ્રાપ્તિને માટે જે વખતે ભક્તિ કરી રહ્યો છે તેથી જે દિવસે જ્ઞાન પ્રાપ્ત થઈ ગયું તે પછી તે ભક્તિ નહીં કરે. તે જ્ઞાનની મજા માણશે. કેમકે તે મુક્ત થવા માટે ભક્તિ કરી રહ્યો છે. ભક્તિને માટે ભક્તિ નથી કરી રહ્યો. એવી જ રીતે અર્થાર્થીઅર્થ પ્રાપ્તિને માટે ભક્તિ કરી રહ્યો છે. ભક્તિને માટે ભક્તિ નથી કરી રહ્યો. આમ ત્રણ જાતના પુરૂષાર્થોની ગણના ભગવાને આમાં ત્રણ પ્રકારના ભક્તોમાં કરી છે. **''આર્તો જિજ્ઞાસુઃ અર્થાર્થી''** અને ચોથો પુરૂષાર્થ બતાવ્યો **''જ્ઞાની ચ ભરતર્ષભ''** જ્ઞાની જે વખતે પરમાત્માનું ભજન કરે, એ ભજન કોઈ કામનાની પૂર્તિ માટે નથી કરી રહ્યો. જ્ઞાની જે વખતે ભજન કરે છે તે ફક્ત ધર્મ સમજીને કરી રહ્યો છે. ભક્તિ મારો ધર્મ છે. જ્ઞાની છે તેનો મતલબ શું? જેને એ સમજાઈ ગયું કે ભગવાન્નું ભજન, ભગવાન્ના ભજનને માટે જ કરવાનું છે. બીજી કોઈ કામનાની પૂર્તિ માટે નથી કરવાનું. જે આ વાતને સારી રીતથી સમજી શકે તેને ભગવાન્ 'જ્ઞાની' કહે છે. બીજા કોઈને 'જ્ઞાની' નથી કહી રહ્યા. આ રીતથી **''જ્ઞાની ચ ભરતર્ષભ! તેષાં જ્ઞાની નિત્યયુક્તઃ એકભક્તિઃ વિશિષ્યતે''** તે જ્ઞાની નિત્યયુક્ત છે. નિત્યયુક્તનો મતલબ શું? અમુક સમય પૂરતું ભજન નથી કરી રહ્યો. જરૂરીયાત પૂરતું ભજન નથી કરી રહ્યો. તે ભજન કરી રહ્યો છે ભજનને માટે. તે સદાય ભજન કરવાને માટે ભજન કરી

રહ્યો છે. કોઈ કામનાની પૂર્તિને માટે એટલે કે અર્થસંબંધી, કામસંબંધી કે મોક્ષ સંબંધી પુરૂષાર્થોની પૂર્તિને માટે તે ભજન નથી કરી રહ્યો. કેવળ ધર્મ કરી રહ્યો છે.

## ૧૯. નિત્યયુક્ત ભક્તિ :

મહાપ્રભુજી આજ્ઞા કરે છે **''સર્વદા સર્વભાવેન ભજનીયો વ્રજાધિપઃ સ્વસ્ય અયમેવ ધર્મોહિ નાન્ય ક્વાપિ કદાચન''** (ચતુ.૧) આપણો ધર્મભાવ શીખો. તેને ભક્તિ દ્વારા કાંઈ બીજું નથી જોઈતું. કાંઈ પ્રાપ્ત નથી કરવું. ભગવાન્ કહે છે **''ન અનવાપ્તમ્ અવાપ્તવ્યં વર્તએવ ચ કર્મણિ''** (ગીતા. ૩।૨૨) ન મારે કાંઈ પ્રાપ્ત કરવું છે, ન મારા માટે કાંઈ પ્રાપ્ત કરવા લાયક છે. પણ હું મારા કર્મમાં લાગેલો છું. ભક્ત આ વાતને સમજે છે કે ઠીક છે, ભગવાન્‌ને કાંઈ પ્રાપ્ત કરવું નથી. ભગવાન્‌ને આપણી પાસેથી પ્રાપ્ત કરવા જેવું કાંઈ છે પણ નહીં તો પણ ભગવાન્ પોતાના કર્મોમાં લાગેલા છે. એવી જ રીતે મારે પણ ભગવાન્ પાસેથી કાંઈ પ્રાપ્ત નથી કરવું. ભગવાન્‌ને સ્નેહ કરવો છે. ભગવાન્‌ની ભક્તિ કરવી છે. ભક્તિ માટે જે ભક્તિ કરે છે તેને ભગવાન્ કહે છે કે તે નિત્યયુકત છે. કેમકે તે સર્વદા ભક્તિ કરી શકશે. જે દિવસે તેનો અર્થપુરૂષાર્થ સિદ્ધ થશે, જે દિવસે તેને જ્ઞાન સિદ્ધ થશે કે પછી જે દિવસે કામના પૂર્ણ થશે ત્યાર પછી પણ તે ભક્તિ જ કરશે. **''તેષાં જ્ઞાની નિત્યયુક્તઃ''** તે નિત્યયુક્ત છે. અને કેવો છે? એકભક્તિઃ છે. તેણે જે બાબતમાં ભક્તિ સ્થાપિત કરી, તેણે જે રૂપમાં ભક્તિ સ્થાપિત કરી, તે રૂપમાં તે એકભક્તિ=અનન્યતાથી ભક્તિ કરી રહ્યો છે. **''એકભક્તિઃ વિશિષ્યતે''** આમ જ્ઞાનીને માટે પ્રભુ કહે છે **''ઉદારાઃ સર્વએવ એતે જ્ઞાની તુ આત્મૈવ મે મતમ્''** આ બધા ઉદાર છે પણ જ્ઞાની તો મારો આત્મા છે. કેમ આત્મા છે?

## ૨૦. મોટરની આગળ ઘોડો :

જો કે સાચી ખોટી ભગવાન્ જાણે, પણ જેવી સાંભળી છે તેવી વાત કહી રહ્યો છું. લાગતું તો નથી કે સાચી હોય પણ સાંભળેલ છે. જયપુરના મહારાજાએ એક વખત મોટર્ ખરીદી. જ્યારે મોટરમાં ફરવાની પહેલી વાર એમને ઈચ્છા થઈ તો એમણે કહ્યું કે ઘોડા વગર જો મોટર્ નહીં ચાલે તો આપણી આબરૂ જશે. તો એમણે કહ્યું ચાર ઘોડા આગળ બાંધો. અરે ભાઈ! જે મોટર્ છે તેમાં અંદર હોર્સ્ પાવર્ લાગેલા છે. તેમાં ચાર ઘોડા આગળ બાંધશો તો ઘોડા બિચારા મોટર્‌થી પરેશાન. મોટર્ બિચારી ઘોડાથી પરેશાન. મોટર્ બનાવવાવાળો પરેશાન,

ઘોડા બનાવવાવાળો પરેશાન કે આ શું ચક્કર થઈ ગયું? ઘોડાગાડીમાં જોડાય/જોતરાય તો ઘોડાની શોભા છે. પણ મોટરની આગળ ઘોડો બાંધો તો ઘોડો પણ ખેંચી ખેંચીને થાકી જાય. મોટર્ બિચારી કહે કે મારા હોર્સ્પાવર્નું શું? મોટર્માં પણ તો હોર્સ્પાવર્ છે. તે હોર્સ્પાવર્ની કાંઇ ગણત્રી નહીં. હવે આ વાત સાચી હોય કે ખોટી, ભગવાન્ જાણે પણ સમજવાની વાત આમાં એ છે કે આવી રીતે માણસ ભક્તિ કરે. ભક્તિ પોતાનામાં એક સશક્ત પરમાત્માની સાથે સંબંધ સ્થાપિત કરવાની પ્રક્રિયા છે. હવે દરેક માણસના પોત-પોતાના ઘોડા છે, અર્થપુરૂષાર્થના, કામપુરૂષાર્થના, મોક્ષપુરૂષાર્થના. મનના તબેલામાં બાંધેલા આ ઘોડાઓને ભક્તિની આગળ પાછા બાંધે! હવે ઘોડા પણ પરેશાન અને ગાડી પણ પરેશાન અને ગાડી ચાલે નહીં સરખી રીતથી. કેમકે એ ગાડીનું ઘડતર એવું નથી કે તેને ઘોડા ખેંચે. એમાં તો હોર્સ્પાવર્સ્ની બિલ્ટ્ઈન્ કેપેસિટી રાખેલી છે કે ઘોડા વગર ચાલે. માણસ પોતાનો ભ્રમ છોડવા માગતો નથી. કેમકે **‘‘ઈન્દ્રિયાણિ હયાનિ આહુ’’** (કઠોપ.૧।૩।૪) કહે છે કે આપણે મનના તબેલામાં આશા-તૃષ્ણાના ઘોડાઓ પાળી રાખ્યા છે, તેને દરેક ગાડીની આગળ બાંધવાની આદત છૂટતી નથી! આ તકલીફ છે. એટલા માટે ભગવાન્ કહે છે કે ઉદાર તો બધા છે સારી વાત છે પણ ‘‘જ્ઞાની તુ આત્મૈવ મે મતમ્’’ પણ જ્ઞાની પોતાની ભક્તિની ગાડીની આગળ આવા પ્રકારના ઘોડાઓ નથી બાંધતો. જે ભક્તિ આપમેળે ચાલવામાં શક્તિશાળી છે તેની આગળ બળજબરીથી અર્થ કામ મોક્ષના પુરૂષાર્થોના ઘોડા નથી બાંધતો. તે નિશંક ગાડીમાં બેસે. બેસીને જુઓ ભક્તિની ગાડીમાં. તેમાં ઈનબિલ્ટ કેપેસીટી છે. તેનો ઈનબિલ્ટ્ હોર્સપાવર એવો છે કે તે આપમેળે ચાલશે. પણ માણસને તે પોતાના જ્ઞાનથી વિરૂદ્ધ લાગે. માણસ બહુ વિચિત્ર પ્રાણી છે. તેને માટે તેણે પોતાની શાન બાંધી રાખી છે કે અમારે ચાર ઘોડા જોઈએ એટલે તે ચાર ઘોડા બંધાવે, જેના બે ઘોડા હોય તે બે ઘોડા બંધાવે. જેનો એક ઘોડો હોય તેને એક ઘોડો બંધાય. તે સાંભળે નહીં. તેણે જે રૂતબા (મર્તબો) બાંધી રાખ્યો છે ઘોડાનો કે આ અમારા ઘોડા કે અમારા ઘોડાનો રૂતબા, એ ઘોડા બાંધ્યા વિના ચાલે નહીં, ભલે એને ભક્તિની ગાડી ચલાવવા માટે કહો કે ભલે મુક્તિની ગાડી ચલાવવા માટે કહો. માણસની ખુરાફાત જ એવી કાંઈક છે કે તે એક ખૂબ બુદ્ધિમાન પ્રાણી છે. બુદ્ધિમાન હોવાના કારણે તેને બધા કીમિયાઓ ખબર છે કે ઘોડાઓની આગળ ગાડી બાંધવી કે ગાડીની આગળ ઘોડા બાંધવા. ચક્કર એને ખબર છે એટલે ચક્કર ચલાવતો રહે.

## ૨૧. ભક્તિ પુરૂષાર્થ :

મૂળ વાત શું છે? જેમ આપણે ત્યાં સંસ્કૃતમાં એક બહુ જ પ્રસિદ્ધ ઉદાહરણ છે શશવિષાણ. શશવિષાણ એટલે શું? સસલાના શીંગડા. સસલાને શીંગડા હોય? દુનિયામાં શીંગડા તો ઘણાના હોય. ગાયના હોય, ભેંસના હોય, શીંગડા બધાના હોય. દુનિયામાં સસલું પણ હોય છે. ભક્તિ કરી રહ્યો છે તો ભક્તિને માટે ભક્તિ કર બીજાું બધું ભૂલી જા, કામને ભુલી જા, મોક્ષને ભૂલીજા. જે થશે તે થશે. એ ખાતું એક અલગ ખાતું છે જેનાથી તારે પુરૂષાર્થ સિદ્ધ કરવા છે. ભક્તિ કરવી છે ભક્તિને માટે. જ્યાં સુધી આ વાત નહીં સમજાય ત્યાં સુધી ભક્તિ સદ્‌વિચારથી નહીં કરે. ભક્તિ કેવળ ભક્તિને માટે કરે તો તે ભક્તિ છે. જો ભક્તિ જ્ઞાનપ્રાપ્તિને માટે કરે, ભક્તિ મુક્તિપ્રાપ્તિ માટે કરે, ભક્તિ ધનપ્રાપ્તિને માટે કરે, તો ભક્તિ કરી રહ્યો છે સારી વાત છે પણ તે ભક્તિયોગની દ્રષ્ટિથી શશવિષાણવત્ મિથ્યા ભક્તિ છે. વાત બસ આટલી જ છે. એટલે ભગવાન્ કહે છે. **‘‘ઉદારા સર્વએવ એતે જ્ઞાની તુ આત્મૈવ મે મતમ્ આસ્થિતઃ સ હિ યુક્તાત્મા મામેવ અનુત્તમાં ગતિમ્’’** (ગીતા.૭।૧૮). જ્ઞાની જે વખતે ભજન કરશે તો નિત્યયુકત થઈને એકભક્તિથી ભજન કરશે. એટલે કે ભક્તિ તેના માટે સોદાબાજી (વેપાર) નથી. ભક્તિ તેનું લક્ષ્ય છે. ભક્તિ તેનો માર્ગ છે. ભક્તિ એક એવો માર્ગ છે કે જેના ઉપર ચાલવું છે, જે માર્ગ ઉપર નિરંતર ચાલવાની મજા માણવી હોય તો ભક્તિમાર્ગ ઉપર આવો. જો ક્યાંય પહોંચવાની ઉતાવળ છે તો કાલ કરતાં આજે પહોંચી જાવ. આજ કરતાં અત્યારે જ પહોંચી જાવ, વિદાયના ઘણા બધા સાધન છે અત્યારે આપણી પાસે. પણ ભક્તિથી ક્યાંય પહોંચવું નથી. ભક્તિમાર્ગ ઉપર ફક્ત ચાલવું છે. ચાલવાની મજા માણવી હોય તો ભક્તિમાર્ગ ઉપર જાઓ. અને જો પહોંચવાની ઉતાવળ હોય તો બધા માર્ગો આપણી પાસે ખુલ્લા છે. ધર્મ, અર્થ, કામ, મોક્ષ ના માર્ગો દ્વારા પહોંચી જશો તમે ક્યારેક, પણ ભગવાન્ બતાવે છે કે ક્યાંક પહોંચી જશો એ વાત સાચી છે. પણ ભક્તિ તો ચાલવાની મજા માણવા માટે પુરૂષાર્થ છે.

જેમ આપણે બગીચામાં ફરીએ. સાંજના લોકો બગીચામાં ફરે. લોકો મોર્નિંગ વોક કરે. પહોંચવું છે ક્યાં? હરવા ફરવાની મજા માણવી છે, પહોંચવું ક્યાંય નથી. જેને પહોંચવાની ઉતાવળ છે, તે સરખી રીતે ફરી નહીં શકે. તે ફરવામાં પણ કાંઈક ને કાંઈક કૌભાંડ કરશે.

## ૨૨. કામપુરૂષાર્થની પરિક્રમા !!

અમારે ત્યાં મુંબઈમાં મોટામંદિરમાં લોકો ભોજન પચાવવા માટે ગિરિરાજની પરિક્રમા કરે. એક પરિક્રમા, બે પરિક્રમા. કોઈક કોઈકને તો મેં હજાર પરિક્રમા કરતા જોયા છે. અરે ભાઈ ! ઠાકોરજીને શું કામ ઠગો છો? ભગવાન્‌ને શું કામ ઠગો છો? ભોજન પચાવવું હોય તો મરીન ડ્રાઈવ ઉપર જાવ, દરીયાકિનારે જાવ. ત્યાં ચાલો. પણ એ લોકો વિચારે કેવું? ભોજન પણ પચી જાય અને ભક્તિ પણ થઈ જશે. આ રીતે સસલાને શીંગડા ઉગાડવા જેવી હાસ્યાસ્પદ વાત છે. તેઓ એમ કહેશે કે ભોજન કર્યું છે રાત્રે તો રાત્રે કેવી રીતે મરીનડ્રાઈવ જઈએ. ગિરિરાજની એકહજાર પરિક્રમા! ગિરિરાજજી તમારાથી પરેશાન, તમે ગિરિરાજથી પરેશાન. ગિરિરાજજીને પચાવી જશો કે ભોજન પચાવી લેશો એ ખબર જ ન પડે ! શું કરશે કાંઈ ખબર જ ન પડે. પણ આવા ઘણા લોકો આવે અને પરિક્રમા કરે. આપણને લાગે કે ઓ...હો...! એક હજાર પરિક્રમા કરી રહ્યા છે, કોણ જાણે કેટલા મહાન ભક્ત હશે! પણ એમની તકલીફ ભોજન પચાવવાની છે. ડોકટરે કહ્યું કે ''થોડું ચાલવું જોઈએ. સાંજે ભોજન કર્યા પછી ચાલવાનું રાખો પછી સુતા જાવ નહીંતર ફાંદ વધી જશે. નહીંતર બ્લડપ્રેશર થઈ જશે.'' એમણે વાયા મીડીયા (રસ્તો) કાઢયો કે હવે ગિરિરાજજીની પરિક્રમા કરશું. આવા પ્રકારના ઉત્પાત ભક્તિ નથી. લાગે છે ભક્તિ જેવું પણ ભક્તિ નથી. આ વાતોના ભેદ આપણે સમજવા જોઈએ. ''ઉદારા સર્વએવ એતે જ્ઞાની તુ આત્મૈવ મે મતમ્'' તેઓ ભોજન પચાવવા માટે પરિક્રમા કરે છે, તે પરિક્રમા ભક્તિમયી પરિક્રમા નથી. તે કામપુરૂષાર્થની પરિક્રમા છે. તમે કામના ચક્કર મારી રહ્યા છો. તમારે ભોજન પચાવવું છે પણ ભક્તિ નથી.

## ૨૩. ભગવાન્‌ની અસૂયા :

એટલા માટે ભગવાન્ કહે છે ''ચતુર્વિધા ભજન્તે માં જનાઃ સુકૃતિનો અર્જુન! આર્તો જિજ્ઞાસુઃ અર્થાર્થીજ્ઞાની ચ ભરતર્ષભ! તેષાં જ્ઞાની નિત્યયુકતઃ એકભક્તિઃ વિશિષ્યતે'' નિત્યયુક્ત હોવો જોઈએ. નહીંતર શું છે કે જ્ઞાનપ્રાપ્તિ માટે ભક્તિ કરશે. ઘણા લોકો ભણવા આવે. પણ ભણવા ભણવામાં પણ ફરક હોય છે. જેમ આજકાલ ઈન્ડસ્ટ્રી (ઉદ્યોગ, ધંધો) ખોલે. મેં એવું સાંભળ્યું છે કે કોઈ ઈન્ડસ્ટ્રી સફળ થઈ જાય. એક ઈન્ડસ્ટ્રીવાળો બીજી ઈન્ડસ્ટ્રીવાળાને ત્યાં પોતાનો માણસ મજુર તરીકે મોકલે, નોકરી કરવાવાળાની જેમ કે જઈને જોઈ આવ કે કેવી

રીતે સફળ થઈ ! કઈ ટેકનોલોજી ત્યાં ઉપયોગમાં આવે છે, તે બધું જોઈ આવ. હવે તે માણસ ત્યાં શીખે બધું એપરેન્ટિસ્ બનીને. હવે તે શીખવામાં ખૂબ વિનયવાળો હોય. જે સાધારણ મજુર હોય તેનાથી વધારે તે મજુર વિનયવાળો હોય. જે સાધારણ માણસ કામ આપતો હોય તેના કરતાં વધારે તે કામ કરે. પણ હેતુ તેનો જ્ઞાનપ્રાપ્તિ નથી. હેતુ એનો છે જ્યાંથી ફાઈનાન્સ્ડ થયો છે, ત્યાં જઈને તેને ટેકનીક્ બતાવવી છે કે કઈ ટેકનીક્ છે? ઈન્ડસ્ટ્રી ચલાવવાની. તો આ રીતે બધી જાતની ટેકનિક્ સમજવા માટે જે ભક્તિ કરી રહ્યો છે, જ્ઞાની વિચારે કે ભગવાને મને સંસારના બંધનમાં ફસાવ્યો છે તો હું પણ ભગવાન્‌ની ટેકનીક્ જાણી લઉં કે ભગવાન્ ક્યા પ્રકારની ટેકનીક્ વાપરે છે ! કઈ ટેકનીક્થી ભગવાને મને સંસારબંધનમાં બાંધ્યો! તે બ્રહ્મને જાણવા માગે. જે વખતે તે બ્રહ્મને જાણી લે કે આ ટેકનીક્થી પ્રભુ બંધાઈ રહ્યા છે તો તે વખતે તે જાહેરાત કરી દે કે જુઓ હવે હું ટેકનીક્ સમજી ગયો. હવે હું બ્રહ્મની બ્રહ્મતાનો ધંધો ચલાવીશ. તે વખતે ભક્તિની ઉપયોગિતા ન સમજાય. તેને કહીએ કે ભાઈ! ભજન કર. તો તે કહેશે કે ''ભજન કરવું એ તો અજ્ઞાનીનું કામ છે. અમે તો જ્ઞાની છીએ.'' જ્ઞાની આ પ્રકારની મુક્તિ પ્રાપ્ત કરવા માટે ભક્તિ કરે છે. તે ભક્તિ કરી રહ્યો છે પણ ભગવાન્‌ની ભક્તિમાં તેની અસૂયા (ઈર્ષા) કામ કરી રહી છે. એટલા માટે જ નવમા અધ્યાયની શરૂઆતમાં જ્યાં ભક્તિનું નિરૂપણ ભગવાને રાજવિદ્યારાજગુહ્યયોગના રૂપમાં કર્યું ત્યાં પહેલા જ શ્લોકમાં ભગવાને આ વાત કહી **''ઈદં તુ તે ગુહ્યતમં પ્રવક્ષ્યામિ અનસૂયવે જ્ઞાનં વિજ્ઞાનસહિતં યદ્ જ્ઞાત્વા મોક્ષ્યસે અશુભાત્. રાજવિદ્યા રાજગુહ્યં પવિત્રમ્ ઈદમ્ ઉત્તમમ્''** (ગીતા.૯।૧-૨). તને મારામાં અસૂયા નથી એટલા માટે તને રાજવિદ્યા રાજગુહ્યયોગ ભક્તિ સમજાવી રહ્યો છું. અસૂયા કરવાનો મતલબ શું ? પરમાત્મા સાથે અસૂયા કેવી રીતે થાય છે? પરમાત્મા સાથે અસૂયાનો મતલબ એ કે પરમાત્માની પાસે કોઈક ટેકનીક્ એવી છે જેમ કે માયાની ટેકનીક્ છે, જ્ઞાનની ટેકનીક્ છે. ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, જ્ઞાન, વૈરાગ્ય વગેરેની ઘણી બધી ટેકનીક્ પરમાત્માની પાસે છે જગત્‌ના સંચાલનની. એ ટેકનીકોને જાણવા માટે માણસ પરમાત્માની ભક્તિ કરે. ભગવાન્‌ના ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, જ્ઞાન, વૈરાગ્ય ની ટેકનીક્ જે વખતે સમજાઈ જાય પછી, જેમ આજકાલ ઘણા લોકો ભગવાન્ બની જાય. કોઈને પૂછો એક જમાનામાં એકાદ કોઈક જવલ્લેજ ભગવાન્ થતા હશે.

પણ હવે એક-એક શહેરમાં લોકો ભગવાન્ બની જાય. એક આવા ભગવાન્‌ને કોઈએ પૂછયું ''મહારાજ! તમે કહો છો કે હું ભગવાન્ છું તો શું આ વાત સાચી છે? આ દુનિયા શું તમે બનાવી છે?'' તો એ ભગવાને કહ્યું ''અહીં આવ કાનમાં સમજાવીશ'' તેણે પાસે આવીને પૂછયું ''કહે શું વાત છે?'' તો તેણે કહ્યું ''સાચી વાત છે. મે જ જગત્ બનાવ્યું છે. પણ બીજા કોઈને કહેતો નહીં. તું બીજા કોઈને કહીશ તો હું ફરી જઈશ.'' આવી જાતના ભગવાન્ !! ભગવાન્‌ના લબાદા પહેરેલા ભગવાન્ છે. અંદર ભગવાન્ નથી, બહારના લબાદા થોડુંક ઐશ્વર્ય, થોડો થોડો યશ, થોડી થોડી શોભા, થોડુંક જ્ઞાન, થોડુંક શાસ્ત્રનું જ્ઞાન મેળવી લીધું, થોડાક ભગવા કપડા પહેરી લીધા કે થોડાક વૈરાગ્યથી, થોડાક ઐશ્વર્યથી, થોડીક શ્રી, આ થોડા થોડા અંશોને કારણે જે ભગવાન્ બની જાય, તેને સાચા ભગવાન્ ઉપર અનાસ્થા હોય.

## ૨૪. ભજનીય વિનાશયોગ !!!

આવા જ એક પ્રખ્યાત પ્રવચનકાર ભગવાને બારમા અધ્યાય ઉપર વ્યાખ્યા કરી છે. મેં વિચાર કર્યો ''એક વખત વાંચીને જોઉં તો ખરો! શું છે?'' મેં વાંચ્યુ તો એમણે અતિ સુંદર ભક્તિની વ્યાખ્યા કરી. એમણે સમજાવ્યું કે ''શરીરનું શરીર પ્રત્યેનું આકર્ષણ કામ છે.'' મને આ વાત ગમી ગઈ. ખૂબ સરસ વાત કરી. બીજી એક વાત એક ડગલું આગળ વધીને એમણે સમજાવ્યું ''મનનું મનના તરફ આકર્ષણ પ્રેમ છે'' આ પણ સુંદર વાત કરી. જેમાં દેહનો કોઈ વિચાર નથી. એક મનનું બીજા મન સાથે આકર્ષણ થઈ રહ્યું છે, બે મનનો મેળાપ છે તે તેઓ કહે છે કે પ્રેમ છે. ખૂબ જ સુંદર વાત છે આ પણ. ત્રીજી વાત એમણે કહી કે ''આત્માનું પરમાત્મા પ્રત્યે આકર્ષણ ભક્તિ છે.'' મેં કહ્યું ''ખૂબ ઉત્તમ વ્યાખ્યા આપી!'' મેં કહ્યું વધુ આગળ વાંચો, ખૂબ રસ પડયો. આગળ વાંચ્યુ તો ત્યાં લખ્યું હતું કે પરમાત્મા નામની કોઈ ચીજ છે જ નહીં. પરમાત્મા શૂન્ય છે. શૂન્યમાં ભક્તિ કરો તો તે ભક્તિ છે. જુઓ આ અસૂયા છે. કેમ જાગે પરમાત્મા માટે આવી અસૂયા? વાત લફ્ફાજીની બહુ મોટી છે. સાંભળીએ તો બહુ રોચક લાગે. એક દેહનું બીજા દેહ તરફનું આકર્ષણ કામ છે. એક મનનું બીજા મન તરફનું આકર્ષણ પ્રેમ છે. આત્માનું પરમાત્મા તરફનું આકર્ષણ ભક્તિ છે. વાત સાંભળવામાં ખૂબ આકર્ષક લાગે. પણ જ્યારે બે પાના આગળ વાંચીએ તો ખબર પડે કે પરમાત્મા નામની ચીજ જ નથી. પરમાત્મા તો તમે પોતે જ છો. તમારા

સિવાય પરમાત્મા નામની કોઈ ચીજ છે જ નહીં. ત્યારે મેં કહ્યું ''જ્યારે પોતે જ પરમાત્મા છે તો આત્મા અને પરમાત્માના સ્નેહની વાત જ ક્યાં રહી? પોતે પોતાને સ્નેહ કરવો ભક્તિ છે. એમ કહેવું જોઈએ.'' તે એમ કહે કે ''નહીં, પરમાત્મા પોતે પોતાનામાં શૂન્યતાની જે અનુભૂતિ છે કે હું નથી. એ અનુભૂતિ પરમાત્મા છે.'' મેં કહ્યું ભારે ઉત્પાત નીકળ્યો અંદરથી. મેં આના ઉપર એક શ્લોક લખ્યો.

**ભજનીય વિનાશાર્થં યતન્તં ભક્તમ્ ઈદૃશમ્ ।**
**દૃષ્ટ્વા હિ અપસરેદ્ ઈશો ભક્તિપ્રસ્તાવગન્ધતઃ ।।**

જેમ નિશાળમાં પ્રવેશ મેળવવા માટે અરજી આપવામાં આવે તેમ ભગવાન્‌ને અરજી આપીએ કે ''મહારાજ! ભક્તિ કરવી છે'' એ કહે ''ભક્તિ કરવાનો મતલબ શું?'' તેના જવાબમાં કહીએ કે ''ભજનીયવિનાશનં ભક્તિઃ!'' કેમકે તે વ્યાખ્યાકાર કહે છે કે જ્યાં સુધી ભક્ત અને ભગવાન્ બે જાતના અસ્તિત્વ ચાલુ રહે ત્યાં સુધી ભક્તિ ન થઈ શકે. ભક્તિ ત્યારે થઈ શકે છે કે જ્યારે ભક્ત અને ભગવાન્ નો પ્રભેદ એટલે કે ખુદને અને ભગવાન્‌ને પણ જ્યારે તમે ખતમ કરી દો.

એક જેન-સાધના છે. તેમાં એમ કહેવામાં આવે છે કે ''કિલ બુદ્ધ ઈફ્ બુદ્ધ ડિસ્ટર્બસ્ યૂ ઈન્ યોર્ મેડિટેશન્'' મતલબ કે બુદ્ધની ભક્તિ કરતી વખતે તમને જો ક્યાંય બુદ્ધ ઘડીએ-ઘડીએ દેખાય તો તેને ખતમ કરી દો. મારી દો. હવે કેટલાક લોકોને ગમી ગઈ વાત. એમણે કહ્યું ''કિલ્ ક્રાઈસ્ટ ઈફ્ ક્રાઈસ્ટ્ કમ્ અક્રોસ્ મેડિટેશન્'' કેટલાક લોકો કહે ''કિલ્ કૃષ્ણા ઈફ્ કૃષ્ણા કમ્ અક્રોસ્ મેડિટેશન્'' અરે ભાઈ! આ મરવા-મારવાની ક્યા પ્રકારની ભક્તિ છે. આ તો ભજનીય વિનાશયોગ થઈ ગયો! ભક્તિયોગ ન રહ્યો. ભક્તિયોગ અને ભજનીયવિનાશયોગમાં થોડુંક અન્તર છે. ભક્તિ સ્નેહનો માર્ગ છે. ભજનીયને ખતમ કરવાનો માર્ગ નથી. તે લોકો એમ કહે છે કે ભજનીય તો જેમ સ્વીમિંગ્પૂલમાં એક જમ્પિંગ બોર્ડ્ જેવું હોય છે. જ્યારે ડાઈવ લગાવવી હોય તો સ્વીમિંગ્પૂલમાં ત્યારે ત્યાં એક પાટીયા ઉપર ઉભા રહીને થોડીક વાર કૂદે અને પછી સ્વીમિંગ્પૂલ્માં ડાઈવ લગાવે. તે કહે છે ''ભગવાન્ પાટીયા સિવાય બીજું કાંઈ નથી. કૂદવાનું તો છે હોજમાં. પણ થોડીક વાર પાટીયા ઉપર જમ્પ લગાવવા

જોઈએ, આમ થોડો વખત ભગવાન્‌ના નામ ઉપર જમ્પ લગાવો અને પછી કૂદી પડો શૂન્યતામાં'' તો આ ભજનીય-વિનાશયોગ ભગવાન્‌ના માથા ઉપરથી કૂદવાનો યોગ, આવો આ ભક્તિયોગ ઓછામાં ઓછો ગીતાને અનુસાર ભક્તિયોગ નથી.

માણસની પોતપોતાની પરિભાષા છે. પરિભાષામાં આપણે વિવાદ ન કરીએ. જાકી રહી ભાવના જૈસી પ્રભુ મૂરત તિન દેખી તૈસી... તમે પ્રભુ ઉપર કૂદવા માગી રહ્યા છો. પ્રભુ તમારા ઉપર કૂદવા માગતા હશે. તેમાં આપણને કાંઈ વાંધો નથી. પોત પોતાના સમ્બન્ધ છે. પોત પોતાના ભક્તિના પ્રકાર છે. એ ભક્તિના પ્રકારોમાં આપણે વાંધો નથી. પ્રશ્ન ત્યાં એ છે કે ભગવાન્ કેવા પ્રકારની ભક્તિને અથવા કેવા પ્રકારની વૃત્તિને 'ભક્તિયોગ' કહી રહ્યા છે. આને સમજવાનો પ્રયાસ કરવો જોઈએ. ભગવાન્ કોઈ જમ્પિંગ્‌બોર્ડ નથી કેમકે તમારે શૂન્યતામાં કૂદવું હોય. આપણે કહીએ ''શૂન્યતામાં ધ્યાન કોનું ધરશો?'' તે કહેશે ''શૂન્યનું'' આપણે પૂછીએ ''શૂન્ય શું?'' તે કહેશે ''કાંઈ જ નહીં'' આપણે પૂછવા ઈચ્છીએ ''તો પછી ધ્યાન ધરવું જ શા માટે?'' તે કહેશે ''લેટ્ અસ્ ચેન્જ દ્ ટોપિક્'' અરે ભાઈ! તો પહેલાં વાત જ એવી શા માટે કરવી જે આગળ ચાલે નહીં. વાત બદલાવી નાખી તેણે. ચાલો વાત મૂકો. બીજી વાત કરો.

હવે મૂકી દેવાની વાત ભક્તિ નથી. ભગવાન્ કહે છે **''ઉદારા સર્વએવ એતે જ્ઞાની તુ આત્મૈવ મે મતમ્ તેષાં જ્ઞાની નિત્યયુક્ત એકભક્તિઃ વિશિષ્યતે''** જો નિત્યયોગ તને નથી, જો તું મારૂં નિત્ય ભજન નથી કરવા માગતો, કોઈ કામનાની પૂર્તિને માટે, મારી પાસેથી કોઈ ટેકનીક્ મેળવવા માટે મારું ભજન કરવા માગે છે, તો તું સમજી લે કે આ ભજન નથી. આ કાંઈક બીજી વાત આ કોઈક સૌદાબાજી છે. સૌદાબાજીમાં ભગવાન્ ક્યારેય પાછા નહીં પડે એ ચોક્કસ સમજો. જેને અર્થ જોઈએ તેને અર્થ આપશે, જેને કામ જોઈએ તેને કામ આપશે, જેને મોક્ષ જોઈએ તેને મોક્ષ આપશે. ભગવાન્ બધું જ કાંઈ દેવામાં સમર્થ છે. **''ફલમતઃ ઉપપત્તેઃ''** (બ્ર.સૂ.૩।૨।૩૮). પ્રશ્ન ભગવાન્‌ના આપવાના સામર્થ્યની નથી. પ્રશ્ન આપણી પ્રામાણિકતાનો છે. આપણે ભક્તિને, ભક્તિ કરવા માટે ઈચ્છીએ છીએ કે ધર્મ અર્થ કામ મોક્ષ પુરૂષાર્થની સિદ્ધિ મેળવવા માટે ઈચ્છીએ છીએ? તેના માટે ભગવાન કહી રહ્યા છે **''ચતુર્વિધા ભજન્તે માં જનાઃ સુકૃતિનો અર્જુન! આર્તો જિજ્ઞાસુઃ અર્થાર્થીજ્ઞાની ચ ભરતર્ષભ!''** ચાર

પ્રકારના લોકો મારી ભક્તિ કરે છે.

## ૨૫. ભગવાન્ શું બહેરો છે?

આર્ત એટલે જે પોતાની કામના પૂર્તિ માટે ભગવાન્નું ભજન કરે છે. મને હમણાં થોડા દિવસ પહેલાં એક ટેકસીડ્રાઈવર્ મળ્યો. ટેકસીડ્રાઈવરે મને કહ્યું ‘‘પંડિતજી શું કરો છો?’’ હવે મેં કહ્યું ‘‘જ્યારે પંડિતજી કહી રહ્યો છે તો કબૂલ કરી લો કે પંડિતાઈ કરૂં છું.’’ તે બોલ્યો ‘‘કુંડલી-બુંડલી જન્માક્ષર જોતા હશો ને!’’ મેં કહ્યું ‘‘એ તો મને જોતા નથી આવડતી’’ તે બોલ્યો ‘‘તો પછી શું કરો છો પંડિતાઈમાં?’’ મેં કહ્યું ‘‘બીજા ઘણાં કામ છે પંડિતાઈના. કાંઈ જન્માક્ષર જોવા જ એક કામ થોડું છે.’’ મેં પૂછ્યું ‘‘તમારે શું કામ છે એ તો કહો’’ તો બોલ્યો ‘‘મારે એ પૂછવું છે કે મારો બાપ પણ તમારા જેવો પંડિત હતો. પણ એના કોઈ પુણ્ય મારે કામ ન આવ્યા’’ મેં મનમાં કહ્યું ‘‘ગનીમત છે કે મારે કોઈ દીકરો જ નથી’’ તેણે કહ્યું ‘‘મને એ વાત સમજાવો, મારા બાપની પંડિતાઈ કોઈ પુણ્યબળ મારા એકેય કામમાં કેમ ન આવી. મારે ત્રણ બહેન પરણાવવાની છે. તેના લગ્નને માટે પૈસા નથી. ટેક્સી હાંકુ છું, રાતદિવસ મજુરી કરૂં છું. પૈસા મળતા નથી. એટલું કમાઈ શકતો નથી કે બહેનોના લગ્ન કરી શકું અને બાપે સમજાવી રાખ્યું છે કે આ કર તે કર’’ એટલા માટે કોણ જાણે રામાયણ વગેરેના કયા કયા ગ્રંથોના ક્યા-ક્યા અધ્યાયોનો પાઠ કરતો હતો તે મને હવે યાદ નથી રહ્યા. હનુમાનજીને ફળ-ફુલ ચડાવતો હતો. મુમ્બાદેવીના દર્શન નિયમથી કરતો હતો. હું તેની હા માં હા કરતો રહ્યો કે હાં એ તો સારી વાત છે. તો તે બોલ્યો ‘‘ઠીક છે આ બધી સારી વાત છે પણ, ભગવાન્ શું બહેરો છે?’’ મેં કહ્યું ‘‘કદાચ બહેરો પણ હોય. ભાઈ! શું કરીએ, તમારી વાત સાંભળી નથી રહ્યો.’’

એટલે થોડીક વાર આપણે ભક્તિ કરીએ, ભક્તિ કરીએ પણ આપણે બહેનોને પરણાવવા માટે પૈસા નથી કમાઈ શકતા, ત્યારે આપણે જેની ભક્તિ કરીએ તેને એમ કહીએ કે તે શું બહેરો છે? અરે! જો બહેરો હોય તો તેની ભક્તિ કરો છો જ શા માટે? મેં તેને કહ્યું ‘‘ભાઈ! એક કામ કર. નકામો સમય શા માટે વેડફે છે? રામાયણના આટલા અધ્યાયોના પાઠ કરવા, હનુમાનજીના મંદિરના આટલા ધક્કા ખાવા, મુમ્બાદેવીના દર્શન કરવા માટે જવું આ બધામાં કેટલો સમય વેડફાઈ જાય. એટલો સમય ટેકસી વધારે હાંકી લે તો એટલા પૈસા તો વધારે આવશે. બહેરા ભગવાન્ની ભક્તિ તું કરે છે શા માટે? ભગવાન્ બહેરો છે કે નહીં

પ્રશ્ન એ નથી. પ્રશ્ન એ છે કે આપણે સચ્ચાઈથી ભક્તિ કરી રહ્યા છીએ કે નહીં? જો સચ્ચાઈથી ભક્તિ કરીએ તો ભગવાન્ બહેરો ન લાગે. કેમ બહેરો ન લાગે? કેમકે આપણે ભક્તિને માટે ભક્તિ કરી રહ્યા છીએ. પણ જો પૈસા ઘટવા માંડે, તો પછી તેની સાથે ભક્તિમાં ઘટાડો આવવા લાગી જાય. જેની ભક્તિ કરીએ તે આપણને બહેરો લાગવા માંડી જાય! આવી ભક્તિ ન કરો. ભગવાન્ એટલા માટે કહે છે ‘‘ચતુર્વિધા ભજન્તે માં જનાઃ સુકૃતિનો અર્જુન! આર્તો જિજ્ઞાસુઃ અર્થાર્થી જ્ઞાની ચ ભરતર્ષભ!’’

આમાં એક સાવધાની રાખવાની છે. કેટલાક લોકો સમજ્યા વિચાર્યા વગર નિંદા કરવા મંડી જાય. પણ નિંદા કરતા પહેલાં થોડીક સાવધાની રાખવી જોઈએ. એક અર્થાર્થીછે. તેમાં કોઈ નિંદનીય વાત નથી કેમકે જે માણસ અથાર્થીતાને ખતમ કરી દેશે તેનામાં પણ કોઈક ને કોઈક જાતની અર્થાર્થીતા રહેવાની જ. જે માણસ કામાર્થીછે તે બધી કામનાઓ છોડી દેશે તો પણ કોઈક ને કોઈક જાતનો કામ તો તેની અંદર રહેશે જ. જે માણસ મોક્ષાર્થીછે, તે મોક્ષની કામના છોડી દેશે તો પણ કોઈ ને કોઈ પ્રકારથી મુક્તિની કામના તો તેની અંદર રહેવાની જ. કામના આપણી અંદરની એક એવી વૃત્તિ છે, જે વૃત્તિ ઉપર જ્યાં સુધી આપણું પુરેપુરૂં નિયંત્રણ ન આવે, ત્યાં સુધી તમે કોઈ પણ વિષય બદલી નાખ્યા તે વૃત્તિના તો એનાથી કાંઈ ફરક નહીં પડે. પ્રશ્ન એ નથી કે અર્થાર્થીતા ખરાબ છે. પ્રશ્ન એ નથી કે ભક્તિ ખરાબ છે. પ્રશ્ન ખરાબ હોવાનો ક્યારે આવે? જ્યારે અર્થાર્થીઅર્થની પૂર્તિ માટે, અર્થાર્જન માટે ભક્તિ કરી રહ્યો છે, ગોટાળો ત્યાં થાય છે. જે કામાર્થીછે, તે કામપૂર્તિ માટે ભક્તિ કરી રહ્યો છે, ત્યારે ગોટાળો થઈ રહ્યો છે. મોક્ષાર્થીથવામાં કોઈ ખરાબ વાત નથી. પણ ખરાબ વાત ક્યારે થઈ જાય જ્યારે માણસ ભક્તિ એટલા માટે કરે કે મારે મુક્ત થવું છે. તે મુક્ત થવા માટે કરવામાં આવતી ભક્તિ, ભક્તિ નથી, એ તો સૌદાબાજી છે. ભક્તિ કરી શકાય માત્ર ભક્તિને માટે.

તમારા ઘરે ધારો કે તમારો કોઈ ઓળખીતો આવે અને આવીને કહે કે ઘણા દિવસથી મળ્યો નથી તેથી તમને મળવા આવ્યો છું. આપણને ખૂબ પ્રસન્નતા થઈ જાય. થોડીકવાર વાતચીત કરીને કહે ‘‘આવ્યો છું તો જરાક સો રૂપીયા ઉછીના આપોને!’’ આ વાત તેણે આટલી વાર સુધી કેમ ન કરી? ઘણા દિવસથી મળ્યા નથી એટલે મળવા આવ્યો અને પાંચ-દસ મિનિટ્ વાત કરીને

પછી ‘‘જરાક સો રૂપિયા ઉછીના આપજોને!’’ અરે! મળવા નહોતો આવ્યો દુષ્ટ! પૈસા માગવા આવ્યો હતો. ખાલી પૈસા માગવા માટે આટલી મોટી મોટી ભૂમિકા બાંધે સ્નેહની, તો તે સ્નેહ નથી, એ તો ઉધાર માંગવાનું ચક્કર છે. ભૂમિકા ન બાંધો સ્નેહની. ઉછીના જોઈએ છે માગી લો, ખરાબ વાત નથી. અર્થ કે કામ જોઈએ છે, માગી લો, ખરાબ વાત નથી. મુક્તિ જોઈએ છે માગી લો, ખરાબ વાત નથી. પણ તેની ભૂમિકા ભક્તિની ન બાંધો. ભક્તિની ભૂમિકા માણસ બાંધે છે ત્યારે ગોટાળો થઈ જાય. ભગવાન્ જે આજ્ઞા કરે છે **‘‘ઉદારા સર્વએવ એતે જ્ઞાની તુ આત્મૈવ મે મતમ્’’** તેનો હેતુ ભગવાન્ કોઈ અર્થાર્થીની નિંદા નથી કરી રહ્યા. કેમકે અર્થાર્થીની નિંદા કરતા હોત તો ભગવાન્ અર્જુનને આમ કેમ કહેત કે **‘‘તસ્માત્ ત્વમ્ ઉત્તિષ્ઠ યશો લભસ્વ જિત્વા શત્રૂન ભુંક્ષ્વ રાજ્યં સમૃદ્ધમ્’’** (ગીતા.૧૧।૩૩). તારી સામે સમૃદ્ધ રાજ્ય છે. શત્રુઓને મારીને તેનો તું ઉપભોગ કર. અર્થાર્થીની જો નિંદા હોત, તો ભગવાન્ આ ન કહેત **‘‘તસ્માત્ ત્વમ્ ઉત્તિષ્ઠિ યશો લભસ્વ જિત્વા શત્રૂન્ ભુઙ્ક્ષ્વ રાજ્યં સમૃદ્ધમ્’’** કામની જો નિંદા કરવી હોત તો ભગવાન્ ક્યાંક અર્જુનને ચઢ જા બેટા શૂલીપે ખૂદા ભલા કરેગા, ની જેમ તો નથી કહી રહ્યાને! જ્યારે ભગવાન્ પોતાનો એક આદેશ અર્જુનને આપી રહ્યા છે, તો તેનું હિત કરવા માટે જ આદેશ આપી રહ્યા છે, પણ જ્યારે ભગવાન્ આ વાત સમજાવી રહ્યા છે, ત્યારે બે વાત છુટ્ટી કરીને સમજાવવા માગી રહ્યા છે.

જેમ માણસ અથાણું ખાય કેરીનું, લીંબુનું, કોઈ ખરાબ વાત નથી. માણસ ખીર બાસુંદી ખાય, તો તે પણ કોઈ ખરાબ વાત નથી. પણ ખીરમાં જો આથણું મેળવીને ખાય તો? ત્યારે કહેવું પડશે ‘‘અરે ભાઈ ! અથાણું ખાવાની રીત બીજી છે. ભજીયા સાથે અથાણું ખા, પુરી સાથે અથાણું ખા, ફરસાણ સાથે અથાણું ખા, બાસુંદીમાં અથાણું મેળવીને ખાય છે!’’ પીરસનારને ઉપાધિ થઈ જાય કે શું કરવું? આવી જ રીતે ભગવાન્ ઘણી જાતની મીઠાઈ આપણી સામે પીરસે છે. ભગવાન્ કહી રહ્યા છે કે જુદા-જુદા સ્વાદ પીરસ્યા છે મેં તારી થાળીમાં, જરાક તહબીજથી (વિવેકવાન્ બનીને) ખા. ખાવાની કાંઈક તો ડીસેન્સી (વિવેક) હોવી જોઈએ. ખાઓ ખાવામાં કોઈ હરકત નથી. જે ચીજ રૂચે તે ખાવ. ઘણી જાતના પકવાન્ સ્વાદિષ્ટ તમારી સામે રાખ્યા છે. સ્વાદિષ્ટ પકવાન્ બનાવીને તમારી સાધનાની થાળીમાં પીરસ્યા છે. ખાવામાં કોઈક જાતની સુરુચિ તો પ્રકટ થાય કે નહીં માણસમાં? ગૌગ્રાસની જેમ બધું ભેગું કરીને ખાય! માણસ કલાકો

સુધી મહેનત કરીને માનો કે ઢોકળા બનાવે, પાપડ બનાવે, મોહનથાળ બનાવે, હવે બધું મારી મસળીને ખાઈ જાય માણસ, તો ઉપાધિ થઈ જાય કે કલાકો સુધી મેં મહેનત શું કામ કરી? મેં તો એટલી તરતીબથી બનાવી. પહેલાથીજ પંચામૃતની જેમ બનાવીને રાખી દીધું હોત, ભેગું કરીને રાખી દીધું હોત તો સમય તો ન વેડફાત.

તેવી રીતે ભગવાન્ પણ કહે છે કે આટલા માર્ગ, આટલા આટલા રૂપ, આટલી આટલી સાધના પદ્ધતિઓ, અલગ અલગ માણસના હૃદયને સંતોષવા માટે, તમારી અલગ અલગ સ્વાદની વૃત્તિઓને સંતોષવા માટે, જ્ઞાનમાર્ગ, ભક્તિમાર્ગ, કર્મમાર્ગ, શિવ, વિષ્ણુ, રામ, અલ્લાહ, ભગવાન્, ગોડ્, ખુદા કોણ જાણે કેટલા રૂપ પ્રભુએ ધારણ કર્યા, કેટલા કેટલા સંપ્રદાય પ્રભુએ ચલાવ્યા પણ માણસ માને જ નહીં. તે કહે ઈશ્વર અલ્લાહ તેરો નામ સબકો સન્મતિ દે ભગવાન્. બધાની ભેળસેળ કરીને ખાઈ જાય. હવે તેમાં સ્વાદ શું આવશે? એ તો વિચાર કરો? બધું બગાડી નાખ્યું. પહેલે તો કુછ થા ભી સહી અબ ઓર વીરાના કિયા. અરે કોઈક તો હતું. એક એક સ્વાદ તો હતો. અરે વિચારો ક્યારેક ધ્યાનથી. રામનું ધ્યાન ધરો. કેટલો સ્વાદ છે રામના સ્વરૂપમાં, રામના ચરિત્રમાં, રામની લીલામાં. કૃષ્ણનું ધ્યાન ધરો, કૃષ્ણના સ્વરૂપમાં, કૃષ્ણના નામમાં, કૃષ્ણના ચરિત્રમાં એક અલગ સ્વાદ છે. શિવનું ધ્યાન ધરો. તેના નામમાં તેના ચરિત્રમાં એક અલગ સ્વાદ છે. ખુદાનું ધ્યાન ધરો. તેના કાંઈક ગુણધર્મ, તેનું એક સ્વરૂપ, તેમાં અલગ અલગ સ્વાદ છે. યહોબાનું ધ્યાન ધરો. તેમાં એક અલગ સ્વાદ છે. રૂપ નામ ગુણોનો એક અલગ અલગ મહિમા છે. માણસ માને જ નહીં, બધાને ભેગા કરી દો.

## ૨૭. બધા સંપ્રદાય અને બધા ધર્મના ભેદ મિથ્યા !!

એક માણસે મને કહ્યું ‘‘મહારાજ બધા સમ્પ્રદાય બધા ધર્મના ભેદ મિથ્યા’’ મેં કહ્યું ‘‘તો કરવું શું?’’ તે બોલ્યો ‘‘બધા એક થઈ જાવ’’ મેં કહ્યું ‘‘તમે દુકાન તો એક નથી કરી રહ્યા તમારી? તમારો ધંધો તો એક નથી કરી દેતા’’ તે બોલ્યો ‘‘ધંધાની સાથે ધર્મની સરખામણી ન કરો’’ મેં કહ્યું ‘‘તમને તમારો ધંધો અલગ ચલાવવો છે. ધર્મ અલગ ચાલે તો તમને એમાં વાંધો છે?’’ ખરેખર વાંધો એટલા માટે છે કે માણસને કાંઈ કરવું નથી, એટલા માટે બધાને એકમેક કરી દેવા માગે. કેમકે અલગ અલગ રહે તો અલગ અલગ રૂચિ પ્રમાણે કાંઈક કરવાનો

પ્રસંગ આવશે. બધાને એકમેક કરી દે તેથી કાંઈ કરવા ધરવાનું રહી નહીં જાય. ગૌગ્રાસ જેવું ખાવું છે તો પહેલા તો પોતાની બાને કે પોતાની પત્નીને કે દીકરીને સૂચના આપો કે હું ગૌગ્રાસ જેવું જ ખાઈશ. જેથી તે બિચારી કલાકો સુધી રસોઈ બનાવીને પોતાનો સમય તો ન વેડફે! તેથી ભગવાન્‌ને સૂચના આપી દો પહેલાથી કે અમે બધા ધર્મોનો કબાડા ખાઈશું. આપણામાં તે માદ્દા (હામ) નથી. **''સ્વધર્માચરણં શકત્યા વિધર્માત્ ચ નિવર્તનમ્''** (ભાગ.પુરા.૭।૨૮।૨, ત.દી.નિ.૨।૨૩૮). પોત પોતાના ધર્મનું નિષ્ઠાથી આચરણ કરવું, પોત પોતાના ધર્મનું નિષ્ઠાથી પાલન કરવું. પોત પોતાના ભજનીય રૂપની એકાન્ત ભક્તિ કરવી. આનો જ્યારે માદ્દા માણસમાં ન હોય, ત્યારે આવી અગડમ્ બગડમ્ વાત કરે. કેમકે ભજનીય વિનાશયોગ જ તે ફેલાવવા માગે છે. ભક્તિના નામ ઉપર. આ બધુંજ શૂન્ય છે. એટલા માટે બધું મિથ્યા છે. અરે! બધુંજ શૂન્ય છે એટલા માટે બધું ખોટું નથી. માણસ એમ કેમ ન વિચારી શકે, વિધાયક રૂપથી, જે કાંઈ છે તે બધું સાચું છે. રામ પણ સત્ય છે. કૃષ્ણ પણ સત્ય છે. અલ્લાહ પણ સત્ય છે. ગોડ્ પણ સત્ય છે. અને શૂન્ય પણ સત્ય છે. આમ નથી વિચારતો માણસ. પણ એમ વિચારે કે બધું જ ખોટું છે બધું જ મિથ્યા છે. આ માણસના મનની ખુરાફાત છે. દરેક વસ્તુને મિથ્યા વિચારવાની. આ પરમાત્માના સામર્થ્યની સાથે અપરિચય છે. પરમાત્મા બધું જ હોઈ શકે છે. તેના અન્તર્ગત પરમાત્મા તમારૂ કાંઈ પણ થઈ શકે. તમારે જે રૂપમાં ભક્તિ કરવી છે, ''તેષાં જ્ઞાની નિત્યયુકત એકભક્તિઃ વિશિષ્યતે'' એકને પકડો એકને પકડશો તો તમારી ભક્તિ થશે.

હમણાં મેં છાપામાં એક વાર્તા વાંચી. એક શેખ હતો તેને છપ્પન બેગમ (પત્ની) હતી. એ શેખ ફરવા ગયા તો ત્યાં તેને એક છોકરી દેખાણી. તેણે એ છોકરીને કહ્યું ''મારે છપ્પન તો બેગમ છે, હવે તારે જો રાણીવાસમાં આવવું હોય તો તું પણ આવી જા'' છોકરીએ કહ્યું ''હું આવી જાઉં પણ તમે મારા તાતજી (દાદા) થાવ છો''. હવે એટલી બેગમ ઘરમાં રાખી લીધી કે પોતાના ઘરની છોકરીની પણ ખબર ન પડે. એક ભક્તિ હોય તો ઓછામાં ઓછો એક લાભ છે કે આપણને નિશ્ચિત તો હોઈએ કે કોની ભક્તિ કરવી છે. ઘણી બધી બેગમ ઘરમાં રાખી લો તો ખબર જ ન પડે કોણ ભજનીય છે. કોણ અભજનીય છે. જરૂર એ છે કે એકભક્તિ કરો. પૂજા દરેકની થઈ શકે, આદર બધાનો થઈ શકે છે, પણ ભક્તિ બધાની તો ન થઈ શકે. કેમ કે ભક્તિ માટે પહેલી શર્ત ભગવાન્ આ કહી રહ્યા છે. ''તેષાં જ્ઞાની નિત્યયુકત એકભક્તિઃ વિશિષ્યતે'', ભક્તિને માટે એક

નિત્યયોગ થવું જોઈએ. નિત્યયોગનો મતલબ શું? આજે ભક્તિ કરીએ છીએ અને કાલે ન કરીએ. એમ નહીં. ભક્તિ કરી રહ્યા છીએ સદાયને માટે ભક્તિ કરી રહ્યા છીએ. સદાય કરતા રહેશું. ભક્તિનું ભવન આપણા હૃદયમાં આપણે સદાયને માટે બનાવીએ. આને સદાય બનાવતા રહેવું પડશે. એવું નહીં કે આજે ભવન બનાવ્યુંને કાલે પાડી નાખ્યું. ભક્તિનું ભવન એવું કાચું બનાવશો તો કામ નહીં ચાલે. ભક્તિને અતિશય સુદૃઢતાની આવશ્યકતા છે. ‘‘તેષાં જ્ઞાની નિત્યયુક્ત’’ નિત્ય હોવી જોઈએ. જ્યાં સુધી ભક્તિનો નિત્યયોગ નથી ત્યાં સુધી કામચલાઉ ભક્તિ છે.

## ૨૭. ભક્તિ ડેટીંગ્ નથી. ભક્તિ તો એક ધર્મ એક વ્રત એક નેમ :

આપણે ત્યાં જેમ સગાઈ થાય અને લગ્ન થાય. એમ અમેરિકામાં એક જાુદી રીત ચાલે ડેટીંગ્‌ની. ડેટીંગનો મતલબ શું? છોકરો છોકરી બંને છૂટથી પિકનિક્ કરવા જાય. એમાં લગ્ન કે સગાઈનો કોઈ પ્રશ્ન ન હોય. ખૂબ ખૂબ ફરવા જાય અને એમને બધા જ કામની છૂટ છે. લગ્ન સગાઈનો કોઈ પ્રશ્ન નથી. આને ‘ડેટીંગ્’ કહેવાય. એવી રીતે માણસ ભજન બધાનું કરે તે ભગવાન્‌ના રૂપની સાથે ડેટીંગ્ કરે. સગાઈ લગ્નની કોઈ વાત નથી. જ્યારે સગાઈ કે લગ્નની કોઈ વાત નથી તેથી તેવી ડેટીંગ્ ભગવાન્‌ની સાથે ભક્તિ નથી, એ ડેટીંગ્ હોઈ શકે. તમે આજે આને ડેટ્ કર્યો છે. ‘ડેટ્’ એટલે આજનો દિવસ આની સાથે. તેનો મતલબ ડેટીંગ્. આ રીતે કરે તેને ડેટર્ કહેવાય છે ત્યાં. તો ડેટર્સ રોજ નવા-નવા ચહેરા ગોતી કાઢે કે આજે આની સાથે ડેટીંગ્ છે. કાલે પેલી સાથે કે પેલા સાથે ડેટીંગ્ છે. ડાયરીમાં યાદી કરેલી હોય, મહીનાના ત્રીસ દિવસની ડેટીંગ્. શું કરે બિચારાઓને બત્રીસ દિવસ હોત તો બત્રીસ ડેટીંગ્ કરત ! પણ મહિનામાં ત્રીસ જ ડેટ્ (તારીખ, દિવસ) હોય છે એના દુર્ભાગ્યથી. નિત નવી ડેટીંગ્ કરવાની વૃત્તિ કાંઈપણ હોઈ શકે છે, તેના સારા ખરાબ હોવાનો પ્રશ્ન નથી. પ્રશ્ન માત્ર એટલો છે કે નિત નવી ડેટીંગ ભક્તિ નથી. ભલે બીજાું કાંઈપણ હોઈ શકે છે, તેનું સારા કે ખરાબપણું કાંઈપણ હોઈ શકે છે, પણ ભક્તિ નથી. **‘‘તેષાં જ્ઞાની નિત્યયુક્તઃ એકભક્તિઃ વિશિષ્યતે’’** ભક્તિ ભગવાન્‌ના કોઈ ને કોઈ એક રૂપની સાથે પરણી જવાની પ્રક્રિયા છે. જ્યારે તમે વિવાહિત થવા જઈ રહ્યા છો, તો તેમાં ડેટીંગનો પ્રશ્ન નથી. તે વિવાહનો પ્રશ્ન છે. તેના પછી ‘‘એક ધર્મ, એક વ્રત, એક નેમા, કાય વચન મન પ્રતિપદપ્રેમા’’ એ ન્યાયથી. પ્રશ્ન અહીં રૂપનો નથી. પ્રશ્ન અહીં છે તમારી

ભક્તિની વૃત્તિનો. ભક્તિ કોને કહેવાય? ‘‘તેષાં જ્ઞાની નિત્યયુક્તઃ એકભક્તિઃ વિશિષ્યતે, પ્રિયો હિ જ્ઞાનીનો અત્યર્થમ્ અહં સ ચ મમ પ્રિયઃ’’ આ પ્રકારનો જ્ઞાની પરમાત્માના સ્વરૂપને સારી રીતે ઓળખે છે કે પરમાત્માનું સ્વરૂપ મારે કોઈ સોદાબાજીના રૂપમાં નથી જોઈતું. અર્થપુરૂષાર્થની સિદ્ધિને માટે નથી જોઈતું. કામપુરૂષાર્થની સિદ્ધિને માટે નથી જોઈતું. પરમાત્માની સાથે ડેટીંગ્, હું મોક્ષપ્રાપ્તિ માટે નથી કરી રહ્યો. પરમાત્માના રૂપની ઉપાસના કેવળ સ્નેહના વશ થઈને કરી રહ્યો છું. સ્નેહને માટે કરી રહ્યો છું. સ્નેહને વશ પણ નહીં પરંતુ વિવશ (મજબૂર) થઈને કરી રહ્યો છું. આ વાત જે વખતે સમજાય, ત્યારે ભક્તિનું સ્વરૂપ સમજાય.

પણ જે વખતે આપણે ભજનીયવિનાશયોગ કરશું, કહેશું કે ‘‘આત્મા અને પરમાત્મા વચ્ચેનું આકર્ષણ ભક્તિ છે. પરમાત્મા એટલે શું? તે કહે પરમાત્મા એટલે કાંઈ જ નહીં. પરમાત્મા એટલે તમારી અંદર રહેલું શૂન્ય’’ એ તમારા અંદર રહેલા શૂન્યમાં છલાંગ લગાવવા માટે, કોઈ ઉપાસ્યના રૂપની કલ્પના કરો. તે રૂપની કલ્પના એક જમ્પીંગ્ બોર્ડ્ના જેમ હશે. આવા પ્રકારની ધારણા ભક્તિ નથી ભાઈ! મેં એનું નામ પાડયું છે ભજનીયવિનાશયોગ. ભજનીયને ખતમ કરવાનો યોગ. મેં એ શ્લોક કહ્યો છે ‘‘ભજનીયવિનાશાર્થં યતન્તં ભકતમ્ ઈદૃશમ્ દૃષ્ટ્વા હિ અપસરેદ ઈશઃ ભક્તિપ્રસ્તાવગન્ધતઃ’’ તેમાં અરજી આપો ભગવાન્ને કે ભક્તિ કરવી છે. તેને જોઈને ભગવાન્ આગળ આગળ ભાગશે અને પાછળ પાછળ કાલયવનની જેમ તમે ભાગશો. તમે કહેશો ઉભો રહે ઉભો રહે ભક્તિ કરવી છે. ભગવાન્ કહેશે કે આજ તો જાવા દે, કાલે ભક્તિ કરજે. મેં તારૂં શું બગાડયું છે કે તું મને ખતમ કરવા માગે છે! મેં તો તારૂં કાંઈ બગાડયું નથી. હું તને ખતમ કરવા માગતો નથી છતાં પણ તું મને ખતમ કરવા માગે? એટલા માટે પહેલી શરત છે **‘‘તેષાં જ્ઞાની નિત્યયુક્તઃ એકભક્તિઃ વિશિષ્યતે’’** એટલે ઈષ્ટપૂર્તિ માટે નહીં, કામપૂર્તિ માટે નહીં, મુક્તિ માટે નહીં, ભક્તિ કેવળ ભક્તિને માટે. ભક્તિ કોઈ તત્કાલની હરવા ફરવાની પિકનિક્ની વૃત્તિ નથી. ભક્તિ એ સ્થાયી વૃત્તિ છે. એક રૂપની બાબતમાં છે, આ સમજાશે તો ભક્તિ સમજી શકાશે.

## ૨૮. નિર્ગુણભક્તિયોગ :

એટલા માટે અર્જુન પૂછી રહ્યો છે **‘‘એવં સતતયુક્તા યે ભક્તાઃ ત્વાં પર્યુપાસતે તે ચાપિ અક્ષરમ્ અવ્યક્તં તેષાં કે યોગવિત્તમાઃ’’** (ગીતા.૧૨।૧). આ રીતથી જે ભક્ત તમારી ઉપાસના કરવા માગી રહ્યો છે અને જે જ્ઞાની મુક્તિની

પ્રાપ્તિ માટે અવ્યક્તની ઉપાસના કરવા માગી રહ્યો છે, એમાંથી યોગવિત્તમ કોણ છે? આ સમજાવો. આ વાત ધ્યાનથી સમજો કે ભક્તિની પ્રસંશા માટે આપણે જિજ્ઞાસુની નિંદા કરી રહ્યા છીએ, પણ જિજ્ઞાસુની નિંદા નથી કરી રહ્યા. જિજ્ઞાસુ જ્યારે જિજ્ઞાસાની પૂર્તિને માટે ભક્તિ કરવા માગી રહ્યો હોય તે વાતની નિંદા કરી રહ્યા છીએ. જિજ્ઞાસાની નિંદા ન થઈ શકે. અર્થાર્થીની વૃત્તિની નિંદા નથી કરતા. આપણે કામાર્થીવૃત્તિની નિંદા નથી કરતા, તો જિજ્ઞાસાની નિંદા કેમ થઈ શકે? પણ જ્યારે જાણવા માટે ભગવાન્‌ને ભજી રહ્યો છે, તો ખરેખર ભજી નથી રહ્યો. ભગવાન્‌ને જાણવા માગી રહ્યો છે. જો જાણવા માગી રહ્યો છે તો સારી રીતે જાણી લે. નકામી ભક્તિની ભૂમિકાઓ ન બાંધ. ભગવાન્ તેને આ સમજાવી રહ્યા છે. **''આર્તો જિજ્ઞાસુઃ અર્થાર્થીજ્ઞાની ચ ભરતર્ષભ!''** ભક્તિ કરી રહ્યો છે તેની નિંદા નહી થાય, નિંદા જિજ્ઞાસુની પણ ન થઈ શકે. નિંદા જો કાંઈ છે તો તેની છે કે રબડીની સાથે અથાણું શું કામ મેળવ્યું? અથાણાની નિંદા નથી. રબડીની નિંદા નથી. રબડીને રબડીની જેમ ખાવ, અથાણાને અથાણાની જેમ ખાવ. જો તમે રબડીમાં અથાણું ભેળવીને ખાઈ રહ્યા છો, રબડીમાં તમે ચટણીનો ભૂકો મેળવી દીધો, તો સ્વાદ શું આવશે? તમારી ખાવાની સુરૂચિનો પ્રશ્ન ઉભો થઈ રહ્યો છે. સ્વાદની નિંદા નથી પણ જે રીતની સુરૂચિથી તમે સ્વાદ લઈ રહ્યા છો, તેની નિંદા છે આ બે વાત સ્પષ્ટરૂપથી સમજવી. જિજ્ઞાસુ બ્રહ્મને જાણવાની ઈચ્છા રાખે છે. બ્રહ્મને જાણીને તે મુક્ત થઈ જાય, તેમાં લેશમાત્ર ખરાબ વાત નથી, સારી વાત છે. મુક્ત થવું સારી વાત છે પણ મુક્ત થવા માટે જ્ઞાનસાધના કરવી જોઈએ, ભક્તિનું બહાનું ન કરવું જોઈએ. ભગવાન્ તેને કહે છે કે ભક્તિ કરી રહ્યો છે તે ઠીક છે, જિજ્ઞાસુતા પણ ઠીક છે, **''ઉદારા યે સર્વે એતે''** ઉદાર છો તમે કે જિજ્ઞાસુતાને માટે ભક્તિ કરી રહ્યા છો. ન કરત તો શું બગડી જાત તમારૂં? ઉદાર છો તમે પણ **''જ્ઞાની તુ આત્મૈવ મે મતમ્''** આટલા માટે જ મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યજી કહે છે **''જ્ઞાની ચેદ્ ભજેત્ કૃષ્ણં તસ્માત્ નાસ્તિ અધિકઃ પરઃ''** જ્ઞાની જો ભગવદ્‌ભજનમાં પ્રવૃત્ત થાય, તો તેનાથી વધારે સારી વાત બીજી કોઈ નથી. કેમકે જ્ઞાની આ વાતને સમજી ગયો કે અર્થપુરૂષાર્થના માટે નથી ભજી રહ્યો, કામપુરૂષાર્થના માટે નથી ભજી રહ્યો, મુક્તિના માટે નથી ભજી રહ્યો. ભજન જો મારે કરવું છે તો પરમાત્માના ભજન માટે. પરમાત્માના ભજનીય સ્વરૂપમાં કાંઈક એવી વાત છે, કાંઈક એવું આકર્ષણ છે કે જે આકર્ષણને લઈને ભગવાન્‌ને ભજી રહ્યો છું. મારી કોઈપણ કામનાને માટે હું ભગવાન્‌ને નથી ભજી રહ્યો. આ રીતથી માણસ જો સમજે તો સાચી ભક્તિ કહેવાય. નહીંતર ભક્તિ ન કહેવાય.

આ ભક્તિની પહેલી શરત છે.

આટલા માટે અર્જુન પૂછી રહ્યો છે **‘‘એવં સતતયુક્તા યે ભક્તાઃ ત્વાં પર્યુપાસતે યે ચાપિ અક્ષરમ્ અવ્યક્તં તેષાં કે યોગવિત્તમાઃ’’** (ગીતા.૧૨।૧). અહીં પણ જુઓ સતતયુક્તા યે. આ વાત મેં શા માટે સમજાવી ‘‘તેષાં જ્ઞાની નિત્યયુક્તઃ એકભક્તિઃ વિશિષ્યતે’’ સતતયુકતતાની વ્યાખ્યા માટે મેં સમજાવી હતી. અર્જુન પૂછી રહ્યો છે સતતયુક્ત એટલે આજે ભક્તિ કરી રહ્યા છીએ અને કાલે છોડી દઈશું, આવી વાત નથી. પણ સતતયુક્ત છે. સતત તમારૂં ધ્યાન છે અને સતત ધ્યાન રાખવા માગી રહ્યા છીએ. સતત ભક્તિ કરવી છે તો ભક્ત છે. જો સતત ભક્તિ નથી કરવી, કામચલાઉ ભક્તિ કરવી છે, ઓફિસમાં આપણે જઈએ, કલાર્કને આપણે કહીએ ‘‘તું મા-બાપ છે, તું ઈશ્વર છે, તું બહુ જ સારો માણસ છે’’ પણ તે કામ કઢાવવાની ભક્તિ છે. તે કાંઈ ભક્તિ નથી. તે પણ જાણે છે અને કહેશે ‘‘સારું, પ્રશંસા કરી રહ્યા છો પણ પેપરવેટ (વજન) કાંઈ રાખ્યું છે કે નહીં?’’ પેપરવેટ્ રાખવું અને પ્રસંશા તેની કરવી કામ કઢાવવા માટે, આમાં એક સોદાબાજી રહેલી છે. આવી સોદાબાજી સારી રીતથી પરમાત્મા તમારી સાથે કરશે. જે વસ્તુ તમારે જોઈએ છે તે આપવા તૈયાર છે. જે વસ્તુ તમે આપી રહ્યા છો તે લેવા તૈયાર છે. પરમાત્માને ત્યાં, ગાલીબ એક સુંદર વાત કહે છે, ‘‘અલાવા ઈદકે મિલતી હૈ ઔર દિન ભી શરાબ ગદાએ કુચએ મયખાના નામુરાદ નહીં’’ જો તમે પરમાત્માના ભિક્ષુક, જો તમે તેના યાચક બનીને બેસો તમે કયારેય નિરાશ નહીં થાવ. જે પણ માગી રહ્યા છો મળશે. પ્રશ્ન એ છે કે તમે ભક્તિ સતતયુક્ત થઈને કરી રહ્યા છો કે નહીં? સતતયુક્ત કરી રહ્યા છો તો ભક્તિ છે. પણ થોડાક સમય માટે કરી રહ્યા છો, ગમે તે કારણથી કરતા હો તો તે ભક્તિ, ભક્તિ નથી. **‘‘મનોગતિઃ અવિચ્છિન્ના યથા ગંગામ્ભસો અમ્બુધૌ લક્ષણં ભક્તિયોગસ્ય નિર્ગુણસ્ય ઉદાહૃતઃ’’** (ભાગ.પુરા.૩।૨૯।૧૧). જેવી રીતે ગંગાની અનવરત (અવિરત) ગતિ સમુદ્રની તરફ વહેતી રહે, તેવી રીતે મન પણ અનવરત પરમાત્માની તરફ જે વખતે વહે ત્યારે તેને ‘નિર્ગુણભક્તિયોગ’ કહેવાય. જે વખતે કોઈ કામના રાખીને, અર્થપુરૂષાર્થની કામના કે મોક્ષપુરૂષાર્થની કામના કે કામપુરૂષાર્થની કામના રાખીને જે વખતે આપણે ભક્તિ કરીએ છીએ, તે ભક્તિ ‘સગુણભક્તિ’ કહેવાય ‘નિર્ગુણભક્તિ’ નહીં. કેમકે આપણા હૃદયમાં રહેલાં સાત્ત્વિક રાજસ તામસ ગુણોની સાથે મિશ્રિત થયેલી તે ભક્તિ છે. તેમાં શુદ્ધ નિર્ગુણભક્તિ નથી. નિર્ગુણભક્તિનો અર્થ ઘણા લોકો એમ સમજે છે કે નિરાકારની

ભક્તિ. પણ નિરાકારની ભક્તિ થઈ શકે જ નહીં. નિરાકારનું જ્ઞાન થાય. નિરાકારની ભક્તિ ન થાય. ભક્તિ તેના ખુદના સ્વરૂપથી સાકારની જ થાય છે. નિર્ગુણભક્તિ જે વખતે કહેવામાં આવે છે, અને જે નિર્ગુણભક્તિ હિન્દી સાહિત્યકારો બધા સ્વીકારે છે તે વાત બીજી છે. પણ પ્રાચીન શાસ્ત્રીય અર્થ નિર્ગુણભક્તિનો આ છે **“મનોગતિઃ અવિચ્છિન્ના... લક્ષણં ભક્તિયોગસ્ય નિર્ગુણસ્ય ઉદાહૃતમ્”** છે. પોતાના હૃદયમાં રહેલા જે મોક્ષકામનાના સાત્ત્વિક ભાવ છે, કે પછી અર્થ કે વિષયસુખની કામનાના રાજસભાવ જે છે, તે સાત્ત્વિક રાજસ તામસ ભાવોની સાથે જ્યારે ભગવાન્ પ્રત્યેના સ્નેહને મિશ્રિત કરો તો તે સગુણભક્તિ છે. આ સગુણ અને નિર્ગુણ ભક્તિનો એક ભેદ છે. ગંગા સમુદ્રની તરફ વહે છે તેમાં તેના કોઈ હેતુથી નથી વહેતી. પોતાની મસ્તીથી વહે છે. **“મનોગતિઃ અવિચ્છિન્ના યથા ગંગામ્ભસો અમ્બુધૌ લક્ષણં ભક્તિયોગસ્ય નિર્ગુણસ્ય ઉદાહૃતમ્”** આ ન્યાયથી જે અવિચ્છિન્ન ગતિ આજે વહે, કાલે ન વહે, એવી વાત નહીં, કોઈ હેતુથી વહે એવી વાત નહીં. નિર્હેતુક અવિચ્છિન્ન સતત **“એવં સતતયુક્તા યે ભક્તા ત્વાં પર્યુપાસતે યે ચાપિ અક્ષરમ્ અવ્યક્તમ્”** અને જે તમારી અક્ષરબ્રહ્મના સ્વરૂપે ઉપાસના કરે છે, તેમાંથી મને એ સમજાવો, અર્જુન એ પૂછી રહ્યો છે, **“તેષાં કે યોગવિત્તમાઃ”** તમે જે જ્ઞાનયોગની વાત કહી, તમે જે ભક્તિયોગની વાત કહી, અર્જુન પૂછી રહ્યો છે, આ હવે મને સમજાવો કે જ્ઞાનયોગી અને ભક્તિયોગી માંથી પ્રભુ આપને ઉત્તમ કોણ લાગી રહ્યો છે.

## ત્રીજા દિવસનું પ્રવચન

## ૨૯. ઉપનિષદોમાં દેખાતા વિરોધાભાસનું નિરાકરણ ગીતાથી :

કાલના પ્રસંગમાં આપણે સતતયુક્તને સમજવાનો પ્રયાસ કર્યો. અહીં જુઓ અર્જુન કેવળ સતતયુક્તા નથી કહી રહ્યો. ‘એવમ્’ એટલે આ પ્રકારથી. ક્યા પ્રકારથી? આ બારમો અધ્યાય છે. બારમા અધ્યાય પહેલાં, સાતમા અધ્યાયથી શરૂ કરીને બારમા અધ્યાય સુધી ભક્તિનું પ્રકરણ કહેવામાં આવ્યું છે. આ ભક્તિના પ્રકરણની સાથે-સાથે, ઘણી બધી વાતોના ખુલાસા ભગવાને કર્યા. તો એવા-એવા પ્રશ્ન અર્જુને ભગવાન્‌ને કર્યા છે. જો આ પ્રશ્ન ન થયા હોત, તો ઉપનિષદ્ બધા વાંચે છે અને ઉપનિષદોમાં બધી વાતો છે. ઉપનિષદ્‌માં બત્રીસ વિદ્યાઓ છે.

તે વિદ્યાઓમાં જે કાંઈ સમજાવ્યું છે તેનો સાર સમજમાં નથી આવતો. ચક્કર ત્યાં પડી ગયું છે. આજના નવા વિચારકો ઉપનિષદ્‌ને જ્યારે હાથમાં લઈને જાુએ છે જે બત્રીસ વિદ્યાઓ ઉપનિષદોમાં બતાવવામાં આવી છે, એમાં અંદરોઅંદર જે વિરાધાભાસ જાુએ છે. હું સાવધાનતાથી 'વિરોધાભાસ' શબ્દપ્રયોગ કરી રહ્યો છું. મૂળમાં એમાં કોઈ વિરોધ નથી. વિરોધનો આભાસ આપણને થાય છે કે આ વિદ્યા અને આ વિદ્યા એકબીજાથી વિરૂદ્ધ છે. આ વિદ્યા અને બીજી વિદ્યામાં પરસ્પર વિરોધ છે. તે વિરોધાભાસને જોઈને આપણી બુદ્ધિ બેર મારી જાય અને એમ કહે છે કે આ જાુદા-જાુદા સમયમાં અને જાુદા-જાુદા વેદોમાં જેને જેવું ગમ્યું તેવું તેણે કહી દીધું. ઉપનિષદોમાં માત્ર એક સિદ્ધાન્ત શોધવો, આ આલોચકોના અનુસાર, એક ભૂલ છે. કેમકે જેના મોઢામાં જેવી વાત આવી તેણે તેવી કહી દીધી. વેદ-ઉપનિષદોએ આટલા માટે જ ખૂબ જ સરસ ખુલાસો આપ્યો **''અજાયમાનો બહુધા વિજાયતે''** (તૈત્તિ.આર. ૩।૧૩।૨।૨૧) જે પરમાત્મા અજ છે, એ જ ઘણા પ્રકારથી પ્રકટ થાય છે : 'બહુધા વિજાયતે' એટલા પ્રકારથી કે માણસની બુદ્ધિ બેર મારી જાય.

હું મારા બચપણની વાત બતાવું. મારા ફઈના દીકરા ભાઈએ સ્કૂલે જવાનું શરૂ કર્યું અને તે સ્કુલેથી આવ્યો ત્યારે તેણે મને એક નવીન વાત બતાવી કે પૃથ્વી ગોળ છે. તેણે એક ગોળો લઈને બતાવ્યું ''જો! આ આપણું મુંબઈ છે, આ આપણું હિન્દુસ્તાન છે.'' હવે મેં જોયું કે હિન્દુસ્તાનની નીચે અમેરિકા આવ્યું. તો મેં કહ્યું ''આપણે હિન્દુસ્તાનમાં જો આમ ઉભા હોઈએ તો અમેરિકામાં તો લોકો આવી રીતે ચાલતા હશે જેમ ગરોડી ચાલે છત ઉપર?'' હવે તે મને સમજાવે કે ''પૃથ્વી ગોળ છે પણ અમેરિકામાં પણ લોકો તેવી જ રીતે ચાલે છે જેવી રીતે આપણે ચાલીએ છીએ.'' મેં કહ્યું ''જ્યારે આપણે આમ ઉભા છીએ તો અમેરિકામાં ઉંધા જ લટકતા હશેને?'' હવે, તે બહુ સમજાવે મને પણ હું કહું કે જ્યારે આપણે સીધા ઉભા છીએ તો અમેરિકા હિન્દુસ્તાનની નીચે છે તો ત્યાં તો ઉંધા જ લટકતા હશે. તે વખતે મને અમેરિકા જવાની બહુ તીવ્ર ઈચ્છા હતી કે ત્યાં જઈને જોઉં કે લોકો ત્યાં કેવી રીતે ચાલે છે, ઉંધા થઈને માથાના જોરે? બહુ મજા પડી જશે આવું દશ્ય જોઈને. હવે મેં એ વિચાર ન કર્યો કે હું ત્યાં જઈને કેવી રીતે ઉભો રહીશ? બસ જ્યારે હિન્દુસ્તાનમાં પગ ઉપર ઉભા રહેતા હોય તો અમેરિકામાં બધા માથા ઉપર જેમ ગરોડી છત ઉપર ચાલે તેમ ચાલતા હશે. પણ

આટલું થયા પછી પણ તે વખતે આ સમસ્યાનું સમાધાન ન થયું. જેમ આપણે આપણા મગજમાં ત્યાનું ચોકઠું બનાવીએ કે ત્યાં લોકો કેવા ઉંધા ગરોડીની જેમ ચાલતા હશે. એમ દરેક માણસ પોતાના મગજમાં ખાકા (કોઈ ચોકઠું બનાવે) બનાવે અને ત્યાં જઈને જુએ નહીં કે ત્યાંની શું હકીકત છે ! વિચાર કરે તો સમજાઈ જાય કે ત્યાં પણ માણસ સીધો પગ ઉપર ચાલી રહ્યો છે જેમ આપણે ચાલી રહ્યા છીએ. હવે આપણે અમેરિકામાં હોત તો આપણે હિન્દુસ્તાનના માણસ ઉંધા લટકતા લાગત. આવી રીતે આપણા અંદર ચક્કર પડી જાય વિચારવામાં. આ ચક્કર એટલા માટે પડે કે બીજું કોઈ ચોકઠું આપણને સમજમાં ન આવે.

## ૩૦. મહાપ્રભુનો સ્થાયી ભાવ :

ભગવાન્ ગીતાની શરૂઆતથી આ સમજાવતા આવ્યા છે. જે ઉપનિષદોમાં છે. પણ આપણે તો આપણા મનમાં ઘડેલા ખાકામાંજ સમજવા માગીએ અને કહી દઈએ કે આ વાત સાચી છે અને આ વાત ખોટી છે. મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યના દર્શનશાસ્ત્રનો સૌથી વધુ રોચક મને આ પક્ષ લાગે છે. હવે કેમકે હું હિન્દુસ્તાનમાં જન્મ્યો છું તો મને તો એમ જ લાગે છે અને મહાપ્રભુના વંશમાં છું તેથી બુદ્ધિ પણ એવી જ થઈ ગઈ છે. **“બુદ્ધિપ્રેરકકૃષ્ણસ્ય પાદપદ્મં પ્રસીદતુ”** (ત.દી.નિ.૩।૫।૧). તો જે રીતે મારી બુદ્ધિ ચાલે છે અને જે વાત મને સૌથી વધુ રોચક લાગે છે તે શુદ્ધાદ્વૈતદર્શનની એક વાત એ છે કે શુદ્ધાદ્વૈતવાદની જે વખતે વ્યાખ્યા એમણે રજુ કરી તે વખતે મહાપ્રભુ એમ નથી કહેતા કે સંપૂર્ણ બ્રહ્મની પરિપૂર્ણ વ્યાખ્યા શુદ્ધાદ્વૈતવાદના ચોકઠામાં આવી જાય છે. મહાપ્રભુ નિરંતર એમ કહે છે **“સર્વવાદાનવસરં નાનાવાદાનુરોધિ તદ્”** (ત.દી.નિ.૧।૭૦). જગત્ની ઉત્પત્તિ, સ્થિતિ અને સંહારની બાબતમાં જેટલા-જેટલા વાદો ચાલે છે, એક-એક વાદને આપણે બ્રહ્મની પરમ પરિચ્છિત્તિ (સીમિતતા) માનીએ તો મહાપ્રભુ કહે છે કે આપણે બ્રહ્મની સાથે આપણા મદ-માત્સર્ય પ્રકટ કરી રહ્યા છીએ. કોઈ વાદ એવો નથી કે જે વાદમાં બ્રહ્મને પૂરેપૂરો આવરી શકાય, કોઈ વાદ એવો નથી કે જે બ્રહ્મને માપવામાં સમર્થ બની શક્તો હોય આટલા માટે બ્રહ્મ સર્વવાદાનવસરમ્ છે. હવે એ વાત જુદી છે કે કોઈ વાદ બ્રહ્મને ફુટના માપથી માપવા માગે, તો કોઈ ઈંચથી માપે, કોઈ હાથ, ગજ કે મીટરથી માપે! દરેક વાદ બ્રહ્મને જ માપવા માટે બન્યા છે. જ્યારે પણ કોઈ

વાદથી માપશો તો બ્રહ્મ જ માપવામાં આવશે. બીજી કોઈ વસ્તુ માપી નથી શકાતી. કોઈપણ વાદ છે તો તે માપી તો રહ્યો છે બ્રહ્મને જ તેથી તે નાનાવાદાનુરોધિ છે. **'સર્વવાદાનવસર'** એટલે સર્વવાદથી બ્રહ્મ અનવસર છે. એટલે પૂરો માપી શકાતો નથી. અને **'નાનાવાદાનુરોધિ'** એટલે કે જેટલા વાદ છે તે બધા વાદોના અનુરોધી તેના અનંત રૂપ છે. એટલે કે માપવું છે તો તે જ મપાશે, બીજી કોઈ વસ્તુ માપી શકાતી નથી. ભલે તેને 'સાકાર' કહો અથવા 'નિરાકાર' કહી દો, ભલે તેને 'સર્વાકાર' કહી દો. કોઈપણ વાદ બ્રહ્મના કોઈ ને કોઈ પાસાને જ માપી રહ્યો છે. 'નિરાકાર' કહી રહ્યા છો તો તેનાથી બ્રહ્મનું એક પાસુ માપવામાં આવી રહ્યું છે. 'સાકાર' લઈ રહ્યા છો તો એ જ બ્રહ્મ માપવામાં આવી રહ્યો છે. 'સર્વાકાર' લઈ રહ્યા છો તો પણ એ બ્રહ્મનું કોઈ એક પાસુ માપી શકાય છે. મહાપ્રભુ તો ત્યાં સુધી હિમ્મત કરીને કહી દે છે કે શૂન્યવાદ માનતા હો તો તેમાં પણ બ્રહ્મના જ કોઈ ને કોઈ પાસાને માપી શકાય છે. કેમકે "બ્રહ્મ શૂન્યવદ્ ભવતિ" એક કહે છે. પણ શૂન્ય બ્રહ્મ નથી થઈ શકતું, કેમકે બ્રહ્મ **"સર્વવાદાનવસર નાનાવાદાનુરોધિ તદ્, અનન્તમૂર્તિ બ્રહ્મ"** છે. તેને માપી શકાતું નથી. પણ દરેક વાદથી તેને જ માપવામાં આવી રહ્યું છે ! આ વાત મહાપ્રભુની મને બહુ સારી લાગે છે. શુદ્ધાદ્વૈતની કોઈપણ બારીકી મહાપ્રભુ ઘડે છે કે નિરૂપણ કરે છે તેમાં મહાપ્રભુનો આ ભાવ એક સ્થાયીભાવ છે.

સ્થાયીભાવ કેમ કહેવાય છે? જેમ સમજી લો આપણે વાર્તા વાંચી રહ્યા છીએ. તે પ્રેમની વાર્તા છે. હવે જરૂરી નથી કે તેમાં ઝઘડાનો પ્રસંગ ન હોય. પ્રેમની વાર્તામાં પણ ઝઘડો તો હોઈ શકે છે પણ પ્રેમની વાર્તામાં પ્રેમ સ્થાયી ભાવ છે. પ્રેમના અન્તર્ગત દ્વેષનું વર્ણન આવશે. પ્રેમના અન્તર્ગત કલહનું વર્ણન આવશે. જો કલહની વાર્તા હોય તો તેમાં પણ કોઈ પ્રેમની વાત આવી શકે છે પણ આવશે એ કલહના અન્તર્ગત જ. એક સ્થાયી ભાવ હોય છે, અને તે સ્થાયી ભાવના અન્તર્ગત ઘણા બધા સંચારી ભાવ હોય છે. એવી રીતે મહાપ્રભુનો સ્થાયી ભાવ છે **"સર્વવાદાનવસરં નાનાવાદાનુરોધિ તદ્"** (ત.દી.નિ.૧।૭૦). **"અનન્તમૂર્તિ તદ્ બ્રહ્મ હિ અવિભક્ત વિભક્તિમત્"** (ત.દી.નિ.૧।૨૬). એ અનન્તમૂર્તિ છે, તે છૂટ્ટો પાડી શકાતો નથી પણ તે નિરન્તર છુટ્ટો પડી પણ રહ્યો છે. આપણે આપણા સામર્થ્યથી છુટ્ટો પાડીને જોવા માગશું, પણ છુટ્ટો પડેલો દેખાતો નથી. કેમકે તેના સિવાય બીજી કોઈ વાત છે જ નહીં. આ મહાપ્રભુ

શ્રીવલ્લભાચાર્યજીનો સ્થાયી ભાવ છે. બાકી બધા સિદ્ધાન્ત, બધી બારીકીઓ આ ભાવના સંચારી ભાવ તરીકે છે. દર્શનના નામે મહાપ્રભુનું કોઈ પ્રમુખ (મુખ્ય) તાત્પર્ય છે તો આટલું જ. આ વાતના આધારે આપણે જોઈએ તો જગત્ બ્રહ્મમાંથી કેવી રીતે પેદા થયું? મોટા-મોટા વાદ ચાલ્યા. બ્રહ્મ નિરાકાર છે, નિર્ગુણ છે, તેમાંથી સાકાર જગત્ કેવી રીતે પેદા થઈ શકે? પેદા થઈ શકે જ નહીં. એટલે માયાને ઉભી કરો મહાપ્રભુ કહે છે સારી વાત છે ‘‘સર્વવાદાનવસરં નાનાવાદાનુરોધિ તદ્’’ બ્રહ્મની જ માયા પણ કોઈ ખુરાફાત હોઈ શકે છે. બ્રહ્મના નાનાવદાનુરોધિ હોવાના કારણે માયાની કોઈ ખુરાફાત જરૂર હોઈ શકે છે પણ તે માયા પણ હશે તો બ્રહ્મની જ કોઈ શક્તિ, બ્રહ્મનું જ એક પાસું છે. માયા કોઈ બહારથી આવનાર પદાર્થ નથી. જો માયા છે તો બ્રહ્મની હોઈ શકે છે. કેમકે ઉપનિષદ્માં એમ કહ્યું છે **‘‘ઈન્દ્રો માયાભિઃ પુરુરૂપ ઈર્યતે’’** (બૃહ.ઉપ.૨।૫।૧૯). તે પરમાત્મા માયાથી જ અનેક રૂપ ધારણ કરે છે. ભલે આપણને સમજાતું ન હોય તો બ્રહ્મ આપણને નિરાકાર નિર્ગુણ નીરૂપ લાગશે કેમકે આવા બ્રહ્મથી સાકાર જગત્ કેવી રીતે પેદા થઈ શકે માયાને વચમાં લાવ્યા વગર? માયા વચ્ચે લાવવી પડશે. માયા નહીં લાવીએ તો વાત નહીં સમજાય. મહાપ્રભુ કહે છે ‘‘ચાલો સારૂં આપણે માની લઈએ સર્વવાદાનવસરં નાનાવાદાનુરોધિ બ્રહ્મને પૂરે-પૂરી રીતે માપી ન શકાય એ એની માયા છે. માયા એક પાસુ છે બ્રહ્મનું. આવા તો બ્રહ્મના અનન્ત પાસાઓ છે અનન્તમૂર્તિ તદ્ બ્રહ્મ અનન્તમૂર્તિ બ્રહ્મની એમ એક મૂર્તિ માયા પણ છે અને એક મૂર્તિ માયાની હોવાથી તે બ્રહ્મ માયાથી અનેક રૂપ ધારણ કરી શકે છે.’’ આ મહાપ્રભુનો ખુલાસો છે. કેમકે માયા પણ છેવટે તો બહારથી આવેલી નથી.

## ૩૧. ‘માયા’ નહીં ‘લીલા’ કહો :

જાુઓ એક બિલકુલ સામાન્ય વાત કહું તમને. ભગવત્પાદ શ્રીશંકરાચાર્યજી માયાવાદને માને છે. મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યજીનો તેના બદલે બીજો શબ્દ છે ‘લીલાવાદ’. આપશ્રી કહે છે કે જગત્ માયામાંથી પેદા થયું હોય તો પણ લીલાના રૂપમાં જ જગત્ પેદા થયું છે. ફરક બંનેમાં શું પડયો? ફરક એટલો જ છે કે જે વાત સમજી ન શકાતી હોય તેને માયા કહી દેવામાં આવે. આપણને કોઈ વાત સમજવામાં ન આવે તો આપણે શું કહીએ કે ‘‘અરે ભાઈ! ગજબની માયા છે. સમજી નથી શકાતું. એવી જ રીતે જે વાત સમજી ન શકાય એને જ

'લીલા' પણ કહે છે વાત તો એકની એક જ છે. ન સમજી શકાય તો આપણે તેને 'માયા' પણ કહીએ અને 'લીલા' પણ કહીએ. લીલા કહેવામાં આપણને મજા આવે છે. માયા કહેવામાં આપણને ગ્લાનિ પ્રકટ થાય. ગ્લાનિના રૂપમાં કહેવું હોય તો 'માયા' કહેવાશે અને પ્રસન્નતાના રૂપમાં કહેવું હોય તો 'લીલા' કહેવાશે. જેમ આપણે પિતાની પત્નીને 'બાપની બાયડી' કહીએ તો? અરે! પણ 'મા' કેમ નથી કહેતા? પણ 'બાપની બાયડી' કહેવામાં શું તકલીફ છે? તકલીફ એમાં કાંઇ નથી. બાપની બાયડી છે ત્યારે તો મા થઇ નહીંતર ક્યાંથી થાત? પણ એક વિવેક (સભ્યતા) છે કે બાપની સ્ત્રીને 'માં' કહેવું. પ્રસન્નતા છે તો મા કહેવું અને ક્રોધ આવી ગયો તો 'બાપની બાયડી' કહેવું. મોટાભાગે એવું જ થાય છે. તેમાં કાંઇ ગરબડ નથી. પણ જ્યારે જગત્‌ને 'માયા' કહો છો ત્યારે એ માને બાપની બાયડી કહો છો અથવા એમ સમજો કે બીજાનું બાળક આવ્યું અને તેની પાસે એક રમકડું છે ત્યારે આપણું બાળક જીદ કરે કે મારે પણ તે રમકડું જોઇએ છે અને તે બીજાનું બાળક રમકડું આપે નહીં. તો આપણા બાળકને કેવી રીતે સમજાવવું પડે? ''અરે! એ તો ગંદુ છે, તે આપણે ન લેવાય. તારા માટે તો સરસ મજાનું રમકડું લઇ આવશું'' આમાં એ બીજા રમકડાની ખરાબી નથી પણ આપણા બાળકનું મન એ રમકડામાંથી નીકળી જાય એટલા માટે તેને 'ગંદુ' કહી રહ્યા છીએ. હવે આપણા બાળકને એ કેવી રીતે સમજાવવું કે તું બીજાનું રમકડું શું કામ લેવા માગે છે? એટલે આપણે બીજાના બાળકના રમકડાને 'ગંદુ' કહીએ છીએ. તેથી આપણું બાળક સમજી જાય અને તે એ રમકડાની જીદ મૂકી દે. આવીજ રીતે જીવ જગત્‌ના વિષયોમાં આસક્ત છે. તેને સંસારથી છોડાવવો છે તો આપણે કહીએ કે તે 'માયા' છે, ગંદુ છે, છોડી દો, ફેંકી દો. તેથી એને સમજાઇ જાય તો છોડી દેશે. 'માયા' કહેવામાં તાત્પર્ય વિષયોમાં આસક્તિ છોડાવવા માટે છે, જગત્‌ની નિંદા કરવામાં નથી. તમે તમારી આસક્તિ વિષયોમાં એટલી વધારી દીધી છે કે તમને એવી રીતે સમજાવવામાં આવે કે વિષય સાક્ષાત્ બ્રહ્મરૂપ છે તો તમે વિષયને વધારે પકડીને બેસી જશો. એટલા માટે મહાપ્રભુ કહે છે કે બ્રહ્મને જગતરૂપ જાણવું જોઇએ પણ જગત્‌માં આસક્તિ ન કરવી જોઇએ. આસક્તિ તો બ્રહ્મમાં જ કરવાની છે. બ્રહ્મ તરીકે જગત્‌ને જાણો પણ આસક્તિ બ્રહ્મમાં કરો. **''બ્રહ્મરૂપં જગત્ જ્ઞાતવ્યં બ્રહ્મ જગતો વ્યતિરિચ્યતઇતિ ન તત્ર આસક્તિઃ કર્તવ્યા''** (સુબો.૨।૯।૩૫). બ્રહ્મ જગત્‌થી વધુ છે. આસક્તિ કરવી હોય તો બ્રહ્મમાં કરો. પણ જગત્‌ને જાણવાનું છે તો બ્રહ્મના રૂપમાં જ શા માટે?

## ૩૨. પરમાત્મા એક કલાકાર છે અને જગત્ તેની કલા છે :

એક સામાન્ય વાત કહું. માનો કે કોઈ ખૂબ જ સારો કલાકાર છે. ખૂબ સુંદર ગાઈ રહ્યો છે. હવે તમે કેવી રીતે છુટ્ટુ પાડશો? હવે કોઈ કહે કે હું કલાકારને તો પસંદ કરૂં છું પણ કલાને નહીં. હવે આમ કેવી રીતે થાય? જો તમને ગાયન પસંદ પડે છે તો ગાયક કલાકાર પણ પસંદ પડી રહ્યો છે. હવે ગાવાનું શું છે? એ જ તો ગાયકની ખાસિયત છે. હવે કોઈ માણસ એમ કહે કે મને કલાકાર તો ગમે છે પણ તેની કલા નથી ગમતી. એવી જ રીતે કોઈ બીજો માણસ એમ કહે કે મને કલા તો ગમે છે પણ કલાકાર નથી ગમતો. હવે આ વાત કેમ બની શકે? કેમકે કલા અને કલાકાર એક જ સિક્કાની બે બાજુ છે. તેથી કલા અને કલાકાર માં ભેદ પાડી શકાતો નથી. બ્રહ્મના બે રૂપ છે : એક મર્ત્યરૂપ છે બીજું અમર્ત્યરૂપ છે. એક સ્થિરરૂપ છે બીજું ગતિશીલરૂપ છે. છેવટે તો બ્રહ્મના જ બંને રૂપ છે ભલે તે કોઈ પણ રૂપમાં હોય.

એવી જ રીતે જગત્ પરમાત્માની એક કલા છે. પરમાત્મા જગત્ સૃષ્ટિનો કલાકાર છે. આવી રીતે આપણે જગત્ અને જગદીશ માં ભેદ નહીં પાડીએ. જગત્ અને જગદીશ એક સિક્કાની બે બાજુ છે. એક જગ્યાએ જગદીશ દેખાઈ રહ્યો છે. બીજી જગ્યાએ જગત્ જોવામાં આવી રહ્યું છે. બે બાજું છે. કોઈપણ માણસ સહેલું કામ કરવા માટે તૈયાર નથી થતો. અઘરામાં અઘરૂં કામ કરવા માગે પરંતુ સહેલું કામ નથી કરતો.

એક મહારાજશ્રીના ચરણસ્પર્શ કરવાની સૂચના વૈષ્ણવોને આપવામાં આવી. અને ચરણસ્પર્શ કરવા માટે જે ભીડ ભરાણી તે ધક્કામુક્કીમાં મહારાજશ્રી કુવાની પાળી ઉપર બેઠા હતા તે કુવામાં પડી ગયા. હવે ભીડવાળાઓએ કહ્યું ‘‘અરે રે રે! કુવાનું જલ ગુરૂચરણામૃત બની ગયું. ચરણામૃત લ્યો’’ અને મહારાજશ્રી દેકારો કરે કે ‘‘અરે ભાઈ! મને કાઢો તો ખરા!’’ લોકો કહે કે ‘‘પહેલા ચરણામૃત લેવા દો’’ માણસથી સહજ વાત ન બને પણ અસહજ બધી જ વાતો કરે. તમે ચરણામૃતની વાત કરો છો પણ મહારાજશ્રીનું શું થશે એ તો વિચારો. પણ એમને મહારાજશ્રીના ચરણામૃતની ચિંતા છે પણ મહારાજશ્રીનું શું થશે તેની ચિંતા નથી. માણસ અસહજ બધી જ વાતો કરવા તૈયાર થાય પણ એક સહજ વાત ન કરે.

## ૩૩. બધા નામ–રૂપ–કર્મ એણે ધારણ કર્યા છે :

હકીકતમાં જગત્ અને જગદીશમાં કોઈ મૌલિક ભેદ નથી. એક જ સિક્કાની બે બાજુ છે. તેને કહીએ કે જગત્‌ને તું બ્રહ્મના રૂપમાં જાણ. જગદીશનું જ રૂપ જાણ. હવે આ રહસ્ય કોઈને કહેવામાં આવે પછી જગદીશને યાદ જ નહીં કરે. તેને કહીએ કે જગદીશને યાદ કર તો જગત્‌ને ધૃણાથી જોવા લાગશે. મહાપ્રભુ કહે છે માણસ અંદરથી ખુરાફાતી છે. એકવાર તેને રહસ્ય બતાવી દો તો એવા–એવા કામ કરવાના અતિરેક ઉપર ચાલ્યો જાય કે એના એક જ એવા કર્મને કારણે આખા જગત્‌નો જ નાશ થઈ જાય. એમ જ બેઠા–બેઠા ખુરાફાતી મનમાં આવી જાય કે ફોડો એટમ્ બોંબ, આખા જગત્‌ને જલાવી દે. આવશ્યકતા શું છે કે જગત્ અને જગદીશની વચ્ચે અભેદ માનવો જોઈએ. પણ અભેદ માનીને પણ ભક્તિભાવપૂર્વક સ્નેહ તો જગદીશમાં જ કરવો. ત્યારે સંતુલન નભશે. બુદ્ધિથી આ વાતને સમજો કે જગત્ અને જગદીશ એક છે. જગત્ અને જગદીશ એક છે એમ સમજીને જગદીશની ચાહના હૃદયમાં પેદા કરો. જગદીશને ભુલી ન જાવ. જગત્‌માં એટલા રચ્યાપચ્યા ન થઈ જાવ કે જગદીશને જ ભૂલી જાવ. જગદીશમાં પણ એવી રીતે રચ્યા પચ્યા ન બની જાવ કે જગત્‌નો જ નાશ કરી દો. જગત્‌ની એક અલગ ખૂબસુરતી છે. જ્યારે બંનેને અનુપાતમાં જોશો તો મજા આવશે. જ્યારે અનુપાતમાં નહીં જોઈ શકીએ તો વાતની મજા બગડી જશે.

આ વાતને સમજાવવા માટે મહાપ્રભુ કહી રહ્યા છે **‘‘બ્રહ્મરૂપં જગદ્ જ્ઞાતવ્યં બ્રહ્મ જગતો વ્યતિરિચ્યતે ઈતિ ન તત્ર આસક્તિઃ કર્તવ્યા’’**. આ રહસ્ય પ્રમાણે મહાપ્રભુ તો ત્યાં સુધી કહે છે કે તમને જો લાગી રહ્યું છે કે બ્રહ્મ નિરાકાર છે, નિર્ધર્મક છે, નિર્ગુણ છે અને માયા વગર જગત્ પેદા ન થઈ શકે તો તે કાંઈ ખરાબ વાત નથી. સારૂં ભલે માયાથી જગત્ પેદા થાય છે પણ માયાના સિદ્ધાન્તોપદેશના અધિકારી કોણ છે એ બતાવો! તે વ્યક્તિ જે જિદ પકડીને બેઠો છે કે જગત્‌નેજ પકડીશ, જગદીશને નહીં પકડું. તેની જગત્‌ને પકડી બેસવાની આદતને છોડવા માટે ‘માયા’ કહેવામાં આવશે. માયા છે, ક્ષણભંગુર છે, ઠગારી છે ‘‘માયા હમ ઠગિની જાની’’ એમ કહેવામાં આવે કેમકે જગદીશને છોડીને જગત્‌ને પકડીને બેસી ગયો છે. વૈરાગ્ય જગાવવા માટે જ જગત્‌ને ‘‘માયિક’’ કહેવામાં આવે છે. તેમાં કોઈ ખોટી વાત પણ નથી. કેમકે બ્રહ્મની એક શક્તિ માયા પણ છે. હવે એ જ વાતને બીજી રીતથી પણ કહી શકાય છે કે બ્રહ્મ પોતેજ જગત્‌રૂપમાં પ્રકટ થઈ ગયું છે. જેમ સોનું કુંડલ બની જાય. સોનું પોતે જ કડા બન્યું છે, વીંટી

બન્યું છે. તો શું આ બધુ બનવાથી સોનું ખતમ થઈ જાય? સોનું તો એમને એમ જ રહે છે. એમાં કોઈ બીજા નામ-રૂપ વધુ જોડાઈ ગયા બસ. ઉપનિષદે આટલા માટે જ કહ્યું **''સર્વાણિ રૂપાણિ વિચિત્ય ધીરો નામાનિ કૃત્વા અભિવદન્ યદ્ આસ્તે''** (પુ.સૂ.૧૬) બધા નામ અને રૂપ ને ધારણ કરવાવાળું તત્ત્વ તો એક જ છે. જગત્ શું છે? એક નામ છે. તે નામની સાથે કેટલાક રૂપ જોડાયેલા છે. તે રૂપોની કાંઈક ક્રિયાઓ છે. જેમ એક સામાન્ય વાત સમજો કે સોનું છે. સોનામાંથી કાંઈક બનાવ્યું. માની લો એરિંગ બનાવ્યા. તો એનું નામ રાખ્યું એરિંગ. તેમાં હવે એક નવું ક્રિયાસામર્થ્ય બહાર આવ્યું કે તે કાનમાં પહેરી શકાય છે. હવે એને કોઈ હાથમાં પહેરે તો તેને ગાંડો કહેવાય. દરેક વસ્તુની પોતપોતાની ક્રિયાકારિતાઓ છે. તેનું પોતપોતાનું ઔચિત્ય છે. તે ઔચિત્યના અનુસાર નામ રૂપ અને ક્રિયા ના રૂપમાં પરમાત્મા છે. જે નામ રૂપ અને ક્રિયા ના રૂપમાં પરમાત્મા છે. જે નામ રૂપ અને ક્રિયા ત્રણ હોવા છતાં પણ પરમાત્માના રૂપમાં એક છે. પરમાત્મા એક હોવા છતાં પણ આ નામ રૂપ અને ક્રિયા ના રૂપમાં ત્રણ છે. જેમ એક જ સોનું એક તો વીંટી છે, એક બંગડી છે. અને એક હાર છે. એક જ સોનાના નામ રૂપ અને ક્રિયા અલગ છે પણ છેવટે છે તો સોનું જ. ત્રણ નામ થઈ ગયા, ત્રણ રૂપ થઈ ગયા અને ત્રણ ક્રિયા થઈ ગઈ. આ બધાના અલગ અલગ હોવા છતાં પણ સોનું તો સોનું જ રહેશે.

એવી રીતે જગત્ના જેટલા નામ છે, જેટલા રૂપ છે અને જેટલી ક્રિયાઓ આ નામ-રૂપો દ્વારા ઘટિત થઈ રહી છે, એ બધી ક્રિયાઓમાં એક પરમાત્માનું અદ્વૈત છે. મહાપ્રભુ કહે છે ''આમ પણ છે'' એક કહો પણ ''આમ જ છે'' એમ ન કહો. કેમકે બ્રહ્મ એવું પણ છે પરંતુ એવું જ નથી. બ્રહ્મ એટલું વ્યાપક છે, બ્રહ્મ આટલા વિરૂદ્ધ ધર્મોનો આશ્રય છે. એટલા માટે કોઈપણ એક વાદ દ્વારા બ્રહ્મને પૂરેપૂરું માપી નથી શકાતું. જેમ કોઈ બાળકને પૂછીએ કે હાથી કેવડો મોટો? તો તે બે હાથફેલાવીને કહેશે ''આટલો મોટો'' તો બાળક ખોટું નથી બોલી રહ્યો. તે જેટલું માપી શકે છે, એટલું તેણે હાથફેલાવીને બતાવી દીધું. હવે આપણે ન સમજીએ તો તે વાત અલગ છે. એવી જ રીતે ગીતા માટે જે પણ વાદનો જેટલો હાથફેલાય એટલું ગીતાનું તાત્પર્ય બતાવે છે અને બ્રહ્મને માપે છે. પણ એનાથી તમે એમ ન માની લેતા કે બ્રહ્મ આટલું જ છે. આ પણ માપવાનો એક વાદ છે. ''સિતારોંસે આગે જહાં ઔર ભી હૈ અભી ઈશ્કકે ઈમ્તહાં ઔર ભી હૈ'' એવી જ રીતે બ્રહ્મની વાત ત્યાંજ પૂરી નથી થઈ જતી, આખા જગત્માં તે ફેલાઈને ખૂબ

દૂર સુધી જાય છે. દામોદરલીલાના પ્રસંગમાં કૃષ્ણને બાંધવા માટે બધા દોરડાઓ ઓછા પડયા. તે ઓછા કેમ પડયા? કૃષ્ણને બાંધવો છે તો તેને બાંધી નથી શકાતો. પણ જ્યારે કૃષ્ણને બંધાવું હોય તો બાંધી શકાય છે. તેવી જ રીતે કૃષ્ણને સાધવો હોય તો સાધી નથી શકાતો. પણ જ્યારે કૃષ્ણને સધાવુ છે તો તેને સાધી શકાય. આ વાત સમજી જશો તો તમને બધી વાત સમજાઇ જશે. જ્યારે કૃષ્ણને બંધાવું છે તો તે એક નાનકડી દોરડીથી બંધાઇ શકે છે પણ નથી બંધાવું તો ગમે તેટલા દોરડા લાવ્યા નાના જ પડયા અને તેને ન બાંધી શક્યા. કેમકે જ્યારે આપણી શક્તિથી તેને બાંધવા જઈશું તો તેને બાંધી નહીં શકાય. એટલા માટે **''સર્વવાદાનવસરં નાનાવાદાનુરોધિ તદ્ અનન્તમૂર્તિ તદ્ બ્રહ્મ''** આ ન્યાયથી જ્યારે તે બંધાવા ઈચ્છે, જે વાદથી બંધાવા ઈચ્છે, જેવું રૂપ ધારણ કરવા ઈચ્છે, તેવું રૂપ જ તે ધારણ કરે છે. આ અર્થમાં બધા વાદો સાચા છે. કોઈપણ વાદ ખોટો નથી. તે તે વાદ અન્તતઃ પોતાનામાં સાચા છે. પૂર્ણતઃ કોઈપણ વાદ સત્ય નથી. બ્રહ્મ બધા વાદોની સમષ્ટિ છે. બધા વાદ જેમ બધી નદીઓ સમુદ્રમાં જઈને તેમાં મળી જાય છે, એમ જ બધા વાદોની આપણી ધારણાઓ, વિચારધારાઓ બ્રહ્મરૂપી સાગરમાં જઈને મળી જાય છે.

જેમ નદીમાં પૂર આવે છે અને તે નદીના બે કાંઠા તે પૂરના પાણીને સાચવી નથી શકતા ત્યારે તારાજગી ફેલાય છે. પરંતુ કેટલી બધી નદીઓ સાગરમાં જઈને મળે છે પણ સાગરમાં એનાથી કાંઇ ફરક નથી પડતો. આવી જ રીતે બ્રહ્મમાં આ બધી વિચારધારાઓ, બધી ધારણાઓ મળી જાય છે અને તે બ્રહ્મ પોતાની મસ્તીમાં લહેરાતો રહે છે. તે ધારણા કે વિચારધારા ની નદીઓના મળવાથી તેને કાંઇ ફરક નથી પડતો. **''સર્વે હોતારો યત્ર એકનીડં ભવન્તિ''** (તૈત્તિ.આર. / / ) જેમ સાંજના સમયે બધી દિશામાં ઉડનારા પક્ષીઓ પાછા પોતાના માળામાં આવીને બેસી જાય તેમ દરેક સમ્પ્રદાયના વ્યાખ્યાકાર, આ ભારતમાં પણ અને ત્યાં સુધી કે હવે તો ઈશ્વરવાદી અને અનીશ્વરવાદી પણ ક્યાંકને ક્યાંક ગીતામાં એકનીડ થઇ જાય અને જે વખતે વિભિન્ન વ્યાખ્યાકારોને આપણે જોઈએ તો દરેક વ્યાખ્યાકાર આપણને એમ જ કહે કે આ ગીતાનું મૂળ તાત્પર્ય છે, આ ગીતાનો સાચો અર્થ છે. પરન્તુ આ બધા વાદ બ્રહ્મરૂપી નીડમાં જઈને બેસી જાય. આવી રીતે બધા વાદ પોતપોતાના મત મુજબ બ્રહ્મનું નિરૂપણ કરે છે અને એ નિરૂપણ સાચું પણ છે. પરંતુ એ જ નિરૂપણ સાચું છે એ વાત બરાબર નથી. બધા વાદ બ્રહ્મમાં ઘટી શકે છે. પરંતુ સંપૂર્ણ બ્રહ્મ ક્યારેય એક

વાદમાં ઘટી નથી શકતું. આવી રીતે જ ભગવાન્ કહી રહ્યા છે **‘‘યો માં પશ્યતિ સર્વત્ર સર્વં ચ મયિ પશ્યતિ. તસ્ય અહં ન પ્રણશ્યામિ સ ચ મે ન પ્રણશ્યતિ’’** (ગીતા. ૬।૩૦).

(અહીંથી આગળના પ્રવચનમાં લગભગ અર્ધો કલાક વિજળી જતી રહેવાથી રેકોર્ડીંગ નથી થયું)

## ૩૪. વેદાન્તના ત્રણ વાદ :

મહાપ્રભુ આજ્ઞા કરે છે કે જેમ બ્રહ્મના નિર્ગુણ નિરાકાર હોવાથી માયાની કલ્પના કરીને જગત્‌ની વ્યાખ્યા થઈ શકે છે, બરાબર તેવી જ રીતે બ્રહ્મના સર્વાકાર હોવાથી માયા વગર જ જગત્‌ની વ્યાખ્યા થઈ શકે છે. તેવી જ રીતે બ્રહ્મના સાકાર હોવાથી બ્રહ્મને સર્વાકાર માનવાની જરૂરત નથી. વેદાન્તમાં ત્રણ પ્રકારના વાદ માનવામાં આવે છે. એક વિવર્તવાદ માનવામાં આવે છે. બીજો પરિણામવાદ માનવામાં આવે છે. અને ત્રીજો આરમ્ભવાદ માનવામાં આવે છે.

વિવર્તવાદ એટલે શું? જેમ દોરડું અંધારામાં આપણને સાપ લાગે. તે સાપ શું દોરડામાં પેદા થયો કે જેમ એક સાપમાંથી બીજો સાપ પેદા થાય છે? નહીં. કારણ કે દોરડામાંથી સાપ પેદા તો નથી થયો. તો જ્યાં દોરડું છે ત્યાં જ કેમ દેખાય છે? બધી જગ્યાએ કેમ નથી દેખાતો? એટલે દોરડાની કાંઈકને કાંઈક કારણતા છે. તે કેવી કે તે સાપ દોરડામાં ખરેખર તો પેદા નથી થયો તો પણ ત્યાં દેખાય છે જરૂર. આને ‘વિવર્ત’ કહેવામાં આવે છે. એટલે પેદા થયેલો લાગે પણ ખરેખર પેદા નથી થયો. એમ બ્રહ્મમાં જગત્ પેદા તો થયું છે પણ ખરેખર પેદા નથી થયું. એમ કહો તો ‘વિવર્તવાદ’ આવે. જ્યારે બ્રહ્મને નિર્ગુણ નિરાકાર માનીએ તો જગત્‌ના પેદા હોવાની વ્યાખ્યા આપણે વિવર્તવાદના આધાર ઉપર દેવી પડશે.

જ્યારે બ્રહ્મને આપણે સર્વાકાર માનીએ ત્યારે જગત્‌ની વ્યાખ્યા માટે આપણને વિવર્તવાદની જરૂર નહીં પડે. મહાપ્રભુ કહે છે કે આના માટે પરિણામવાદ પૂરતો છે? તો આપ કહે છે કે જેમ સોનામાંથી અલગ અલગ ઘરેણા બને છે તેથી તે ઘરેણા સોનાનું પરિણામ છે. તેવી જ રીતે જગત્ પ્રભુમાં પ્રકટયું છે તેથી તેની વ્યાખ્યા માટે **પરિણામવાદ** પૂરતો છે.

હવે જેમ પરિણામવાદ તેમ જ ત્રીજો એક આરમ્ભવાદ છે. જેમ કુંભારે ઘડો બનાવ્યો. તો શું કુંભારમાં ઘડો પેદા થયો છે? કુંભારમાંથી તો ઘડો બન્યો નથી. એણે માટીના બે-ચાર લોંદા ભેગા કરીને એક ઘડો બનાવ્યો અને પોતે તો અલગ રહ્યો. તો આને 'આરમ્ભવાદ' કહેવામાં આવે. આમાં બનાવનારો પોતે સમાવિષ્ટ નથી થતો હોતો અને બીજું કાર્ય એક નવું પેદા થઈ જાય. આવા કાર્યને આરમ્ભવાદ કહે છે.

પરમાત્મામાં જગત્ વિવર્તના રૂપમાં પણ પેદા થઈ શકે છે. જગત્ પરમાત્માનું પરિણામ પણ હોઈ શકે છે. પરમાત્મા દ્વારા જગત્ આરમ્ભ પણ હોઈ શકે છે. જે રીતે કહો તે રીતે કહી શકાય છે. પરમાત્મા ત્રણેય વાદોને કોરસપોન્ડ કરી શકે છે. પરમાત્માનું એવું સામર્થ્ય છે. આ વાત ઉપર ધ્યાન દેવા માટે જે રહસ્ય ઉપનિષદે કહ્યું છે પણ **ધર્મક્ષેત્રે કુરુક્ષેત્રે સમવેતા યુયુત્સવઃ** એક ઝઘડાનો વિષય બની ગયો. પણ ભગવાને આ વાતનો ખુલાસો ખૂબ જ વિસ્તારથી આપી દીધો છે કે ભાઈ! મારા ત્રણેય રૂપ છે. શા માટે ઝઘડી રહ્યા છો. હું અવ્યક્ત પણ છું, હું પરમાત્મા પણ છું અને હું પુરુષોત્તમ પણ છું.

અવ્યક્તનો મતલબ શું? નિરાકાર. તે અર્જુન પૂછી રહ્યો છે. **''યે તુ અક્ષરમ્ અનિર્દેશ્યમ્ અવ્યક્તં પર્યુપાસતે યે ચાપિ અક્ષરમ્ અવ્યક્તં તેષાં કે યોગવિત્તમાઃ?''** આ અક્ષરની ઉપાસના કરવાવાળા અને તમારી ઉપાસના કરવાવાળા, આમાં સૌથી વધુ જાણનારો કોણ છે? આ પ્રશ્ન કેમ પેદા થયો અર્જુનના દિમાગમાં? કેમકે ભગવાને સાતમા અધ્યાયથી માંડીને અગીયારમા અધ્યાય સુધી પોતાના ત્રણ રૂપ બતાવ્યા છે. એક સ્વરૂપ નિરાકારનું બતાવ્યું, હું અવ્યક્ત છું. એક પોતાનું રૂપ સર્વાકાર બતાવી દીધું વિરાટમાં. **''દિવ્યં દદામિ તે ચક્ષુઃ પશ્ય મે યોગમ્ ઐશ્વરમ્''** (ગીતા. ૧૧।૮). લે જો મારું રૂપ. જેટલા પણ દુનિયામાં આકાર છે તે બધા મારામાં છે. એટલે અર્જુને વિરાટમાં પોતાને પણ જોયો. બીજું બધું તો દેખાયું પણ અર્જુનને પોતાનુ રૂપ પણ દેખાણું. ભગવાને પહેલાથી જ આ વાત સમજાવી દીધી હતી. **''વૃષ્ણીનાં વાસુદેવોઽસ્મિ પાંડવાનાં ધનંજયઃ''** (ગીતા.૧૦।૩૭). તું મારી વિભૂતિ જાણવા માટે છે તો જો તું પણ મારી વિભૂતિ છો. વૃષ્ણીઓમાં હું વાસુદેવ છું અને પાંડવોમાં હું ધનંજય (અર્જુન) છું. હવે ભગવાન્ કહી રહ્યા છે ''બીજો કોઈ પ્રશ્ન છે?'' અર્જુન કહી રહ્યો છે ''નહીં મહારાજ! ઘણું થઈ ગયું.''

જ્યારે ભગવાન્ સર્વાકાર છે, સર્વરૂપ છે તો દેખાડી શું શકાય? છતાં પણ ભગવાને કહ્યું, ‘‘લે, જો-**દિવ્યં દદામિ તે ચક્ષુઃ પશ્ય મે યોગમ્ ઐશ્વરમ્’’** લે જો મારી વિભૂતીઓને દુનિયામાં જેટલા પણ નામ રૂપ આકાર છે તે બધા જ મારામાં છે. ક્યો વાદ છે આ? પરિણામવાદ. સોનામાં દરેક રૂપ છે. દરેક રૂપમાં સોનું ઘડાઈ રહ્યું છે. બંગડી બની, એરીંગ બન્યા, વીંટી બની. જે કાંઇ પણ બન્યું છે તે સોનામાંથી જ બન્યું છે. સોનામાં જ ઘરેણાના બધા રૂપ, આકાર સ્થિત છે. આ સ્થિતિને જુઓ તો પરિણામવાદ આવી ગયો. હવે એક રૂપ પ્રભુએ બીજું બતાવ્યું છે નિરંતર. **‘‘યસ્માત્ ક્ષરમ્ અતીતો અહમ્ અક્ષરાદપિ ચ ઉત્તમઃ અતો અસ્મિ લોકે વેદે ચ પ્રથિતઃ પુરુષોત્તમઃ’’** (ગીતા.૧૫।૧૮). અરે! જગતમાં જે આ ક્ષર છે, જે ક્ષણભંગુર વસ્તુઓ જોવામાં આવી રહી છે, તેનાથી હું બહુ ઉપર છું. મારૂં જે સ્વરૂપ છે અક્ષર, નિર્ગુણ-નિરાકાર તેનાથી હું ઉત્તમ છું. એટલે એક તો જે અર્જુનનો રથચલાવી રહ્યા છે તે રૂપ. બીજું રૂપ જે અર્જુનના રથને ચલાવવા છતાં અર્જુનને સર્વરૂપતયા દેખાઈ રહ્યું છે. જેમાં આખું જગત્ અર્જુનને દેખાઈ રહ્યું છે. જ્યારે જગત્ કૃષ્ણમાં સ્થિત છે તો કૃષ્ણ જગતમાં સ્થિત ન હોઈ શકે. અને જ્યારે કૃષ્ણ જગત્માં સ્થિત છે તો કૃષ્ણમાં જગત્ સ્થિત ન હોઈ શકે તો એટલા માટે ભગવાને કહ્યું **‘‘દિવ્યં દદામિ તે ચક્ષુઃ પશ્ય મે યોગમ્ ઐશ્વરમ્’’** જો હું જગતમાં સ્થિત છું અને જગત્ મારામાં સ્થિત છે. વિરાટના રૂપમાં ભગવાને આ બતાવી દીધું કે આખું જગત્ મારામાં સ્થિત છે. તું પણ મારામાં સ્થિત છે અને હજી જો હું જગત્માં સ્થિત છું. ગુજરાતીમાં કહે છે ‘‘ધૃતાધારં પાત્રં વા પાત્રાધારં ધૃતમ્’’ ઘીનો આધાર પાત્ર છે અથવા પાત્ર છે આધાર જેનો એવું ઘી છે! એટલે કે બંનેનો એક જ અર્થ હોવા છતાં પણ શબ્દપ્રયોગમાં વિવાદના ચક્કર ચાલતા રહે. નિર્ણય આવે નહીં. વકીલાત જેવી વાત થઇ ગઇ. ભલે ધૃતાધાર પાત્ર, ભલે પાત્રાધાર ધૃત, આપણે શું? હોમ કરો ને! જે છે તે છે. પાત્રાધાર હોય તો પણ હોમ કરો.

સીધી વાત એ છે કે જેવું છે તેવા બ્રહ્મનો સ્વીકાર કરી લો. કોઇ ખટપટની વાત જ નથી. કેમ કે બધું જ કાંઇ તે છે અને જ્યારે તે જ બધું છે તો તેને સ્વીકાર કરવામાં આપણને શું તકલીફ હોવી જોઇએ! એટલા માટે જે વખતે પુરુષોત્તમને આપણે જોઇએ, પુરુષોત્તમ ઉપર આપણી દષ્ટિ સ્થિર થઇ જાય અને પછી પુરુષોત્તમથી આપણે જગત્ની તુલના કરીએ તો સ્પષ્ટ સમજાશે કે

પુરુષોત્તમ તો અક્ષરથી પણ ઉત્તમ છે. ક્ષરથી અતીત છે. તો આવો બધાથી અતીત અને બધાથી ઉત્તમ વ્યક્તિ જગત્માં પેદા ન થઈ શકે. આપણને લાગે કે જેમ કુંભારે ઘડો બનાવી દીધો, તેમ ભગવાને આ જગત્ બનાવી દીધું છે. ભગવાન્ જગત્નો કર્તા છે. જગત્નું કારણ નથી. તો ક્યારેક જગત્નો કર્તા લાગે, ક્યારેક જગત્નું કારણ લાગે, ક્યારેક જગત્નું અધિષ્ઠાન લાગે, ભગવાન્ ત્રણેય લાગી શકે છે. ત્રણેય એક-એક રૂપ ઉપર ધ્યાન દો તો ત્રણેય વાત સમજાઈ જશે. જે વખતે અક્ષરબ્રહ્મ જોશો તો લાગશે કે જગત્ તેનું વિવર્ત છે. જે વખતે પરમાત્મા જોશો તો તે વખતે લાગશે કે જગત્ તેનું નિયમ્ય કાર્ય-શરીર છે અને જે વખતે પુરુષોત્તમને નિહાળશો તો સ્પષ્ટ અંતર દેખાશે કે પુરુષોત્તમ તો પુરુષોત્તમ છે. તેનાથી આવા પુરુષાધમ તો પેદા નહીં થઈ શકે દુર્યોધન જેવો, શકુનિ જેવો. પણ પરમાત્માને જ્યારે જોશો તો ખબર પડશે કે વિરાટમાં દુર્યોધન પણ છે, યુધિષ્ઠિર પણ હાજર છે. વિરાટમાં બધી ચીજ હાજર છે. પણ પુરુષોત્તમ કૃષ્ણ જે રથચલાવી રહ્યા છે, તેને જોશો તો ઘણું જ અન્તર દેખાશે. અરે, દુર્યોધન અને શકુનિ ની તો વાત જવા દો, ક્યારેક શાંતિથી વિચારીને જુઓ તો વ્રજના જે કૃષ્ણ છે માખણચોર, તે કૃષ્ણ અને ગીતાનો જે ઉપદેશ આપી રહ્યા છે, તે કૃષ્ણ એક લાગે? અરે! બુદ્ધિ બેર મારી જાય. જે ખુદ માખણ ચોરતો હતો તે આ રીતના ઉપદેશ આપી રહ્યો છે કે ચોરી ઉપર કાબૂ રાખ, ક્રોધ ઉપર કાબૂ રાખ **''ન જાતુ કામ કામાનામ્ ઉપભોગેન શામ્યતિ હવિષા કૃષ્ણવર્ત્મેવ ભૂયએવ અભિવર્ધતે''** (ભાગ.પુરા.૯।૧૧।૧૪) કામનાઓ ઉપર કાબૂ રાખ. અરે! ખુદ શા માટે માખણ ચોરતો હતો? આપ માખણ પણ ચોરી રહ્યા છો અને અકામ તથા આપ્તકામ પણ છો. તો પણ તેમને ભૂખ લાગે જ નહીં! આ બ્રહ્મમાં બધા રૂપો છે. તે બધું જ કાંઈ કરી શકે છે. કર્તુમ્ અકર્તુમ્ અન્યથાકર્તુમ્ સર્વસમર્થ છે. તે માખણ પણ ખાઈ જાય અને આપ્તકામ છે તો પણ તેને ભૂખ લાગે જ નહીં! આ બ્રહ્મમાં બધી વિચિત્ર સામર્થ્ય છે. **''સર્વવાદાનવસરં નાનાવાદાનુરોધિ''** દરેક વાદ પ્રભુને માપવા માટે એક સારી ફુટપટ્ટી છે પણ કોઈ વાદ ઉપર એવો અહંકાર ન કરતા કે આ વાદથી બ્રહ્મને પૂરો માપી શકશું. દરેક વાદ સાચા છે પણ સાચો જ છે એવું ન માની લેતા. દરેક વાદ સાચા પણ છે પરંતુ સાચા જ નથી. 'જ' અને 'પણ' માં થોડુંક અન્તર છે. આ વાત સમજવી જોઈએ કે કોઈ વાત ખોટી નથી. દરેક વાદ સાચી વાત કહી રહ્યો છે. દરેક વાદ બ્રહ્મના એક-એક પાસાને સમજાવી રહ્યો છે અને તે દરેક પાસા બ્રહ્મમાં છે. પણ એ જ બ્રહ્મ નથી. બ્રહ્મ તેનાથી વધારે

છે. બ્રહ્મ ઘણું વધારે છે આ ન્યાયથી જ્યારે આપણે સમજીએ, તો તે સમજાશે કે અર્જુન શું પૂછી રહ્યો છે ''હમણાં ઘણી જગ્યાએ એ વાત બતાવી કે એક રૂપ અવ્યક્તનું છે.'' **''અવ્યક્તા હિ ગતિઃ દુઃખં દેહવદ્‌ભિઃ અવાપ્યતે''** હમણાં તમે સાતમા અને નવમા અધ્યાયમાં સતત આ વાતનો ખુલાસો કર્યો છે કે અક્ષરબ્રહ્મ સુધી પહોંચવું બહુ અઘરી વાત છે. તારે જો પહોંચવું હોય તો તું મને જ કેમ નથી મળી લેતો. આમ કહીને કહેવા શું માગો છો?

## ૩૫. અવ્યક્તા હિ ગતિઃ દુઃખમ્ :

જુઓ એક સામાન્ય વાત બતાવું. ચૌબુર્જા એક પહાડ છે. સીધુ ચૌબુર્જા ઉપર ચઢવું હોય તો બહુ તકલીફ છે. ન ચઢી શકાય. થોડો-થોડો વાંકો-ચૂકો ચડવાનો રસ્તો બનાવી દો તો ઘોડો પણ ચઢી શકે, મોટર પણ ચઢી શકે. પહાડો ઉપર ઘાટ બનાવી દે ને. ક્યારેય હિમાલયમાં જઈને જુઓ તો કેવા કેવા ઘાટ ત્યાં બનાવ્યા છે! આટલા ઊંચા પહાડ સુધી એટલી મોટી-મોટી બસો ચઢી જાય. કેમ ચઢી જાય? કેમકે એજ રસ્તો એજ પહાડ ઉપર સીધો બનાવવાના બદલે ગોળ-ગોળ બનાવીને આગળ જઈ શકાય. એ જ પહાડમાં જ્યાં રસ્તો ગોળ-ગોળ બનાવેલા છે તેના ઉપર આપણે બસ ચઢાવી શકીએ છીએ. જ્યાં રસ્તા નથી બનાવેલા ત્યાં આપણે સીધા ચઢવા જઈએ તો માણસ એકલો પોતાના પગેથી પણ ન ચઢી શકે એવી સ્થિતિ થઈ જાય. તેવી જ રીતે પરમાત્માનું જે અક્ષરરૂપ છે, ત્યાં આપણે ચઢવા માગીએ તો બહુ તકલીફ છે. ચઢી ન શકીએ. તે પહાડ આપણને પગ મૂકવા માટે જગ્યા નથી આપતો. માણસ તો પગથી ચઢે પણ વાંદરા તો હાથપગ બંનેથી ચઢે અને આપણે તે રીતે ઉપર ચઢીએ અને જરાક હાથછૂટ્યો તો સીધા નીચે પડીએ, આવી સ્થિતિ અક્ષરબ્રહ્મની છે. એટલા માટે ભગવાન્ કહે છે **''અવ્યક્તા હિ ગતિઃ દુઃખમ્''** અવ્યક્તની ગતિ બહુ દુઃખ ભરેલી ગતિ છે. તેના ઉપર તમે ચઢી નહીં શકો. અવ્યક્તની ઉંચાઈ સુધી તમે પહોંચી નહીં શકો, તેમાં બહુ તકલીફ છે, કેમકે તમે ક્યારેય તમારી જાતને તો અવ્યક્ત બનાવીને જુઓ? આપણે બધા જાણીએ છીએ, કે આપણો આત્મા ન તો જીવ છે, ન તો પુરૂષ છે, ન તો જ્ઞાની છે, ન તો મૂર્ખ છે, આત્મા તો શુદ્ધ ચૈતન્ય છે. કોણ નથી જાણતું? પણ જરાક જ જો કોઈને કહી દો ''તું પૂરેપૂરો વિદ્વાન નથી'' તો તે નારાજ થઈ જશે. કેમ નારાજ થઈ ગયો? અને ક્યાંક એમ કહેવાય જાય કે ''તમે મૂર્ખ છો, મહામૂર્ખ છો!'' તો તો આવી જ બને !

## ૩૯. અહંતા–મમતાનો નશો બધાને ચઢેલો છે :

હું બનારસ ગયો. અમારી સાથે એક શાસ્ત્રીજી હતા. એમણે ભાંગ પી લીધી. હવે ભાંગ પીને બ્રહ્મજ્ઞાન બોલવા લાગ્યા. તેઓ જેને સંભળાવી રહ્યા હતા તેણે પણ ભાંગ પીધી હતી... હવે બંનેએ હસવાનું પણ શરૂ કર્યું. એક એક વાત કહેતા જાય અને હસતા જાય. સાથે–સાથે એકબીજાને એ પણ પૂછતા જાય ‘‘કેમ હસી રહ્યા છો?’’ મેં કહ્યું બ્રહ્મજ્ઞાનની તો ખૂબ સારી વાત કહી રહ્યા છો પણ સાથે હસવાની જે ક્રિયા હેરાન કરી રહી હતી એ તો બ્રહ્મજ્ઞાનની સાથે જ ચાલી રહી હતી ને! શુદ્ધ બ્રહ્મજ્ઞાન હોવા છતાં હસવાની જે ક્રિયા પરેશાન તો કરી જ શકે છે. તેઓ પરસ્પર સવાલ કરી રહ્યા હતા કે દેહ ઉપર હસી રહ્યા છો કે આત્મા ઉપર હસી રહ્યા છો કે પછી બીજા કોઈ ઉપર હસી રહ્યા છો ! આવી રીતે બ્રહ્મજ્ઞાનની મજા માણી રહ્યા હતા અને નશાના લીધે આવતુ હાસ્ય પણ ચાલુ હતું! બ્રહ્મજ્ઞાનથી નશાનો ઈલાજ તો થયો નહીં. આપણને બ્રહ્મજ્ઞાન તો પ્રાપ્ત થઈ જાય પણ નશો જે ચઢેલો છે અહંતા–મમતાનો, તે બ્રહ્મજ્ઞાનનો ઉપદેશ આપતી વખતે હસવાના અવાજને સાથે ચોક્કસ કાઢશે, ઘણો બધો ઉપદેશ આપશે કે ‘‘આત્મા ઉપર હસી રહ્યા છો કે દેહ ઉપર હસી રહ્યા છો’’ અને પોતે પણ ‘‘હિ!હા–હા!!’’ થઈ રહી હતી! તે અહંતા–મમતાના નશા ઉપર કાબુ ન આવે. એટલા માટે એક બાજુ ચાલે બ્રહ્મજ્ઞાનની મનમુગ્ધ વાત અને બીજી બાજુ અહંતા–મમતાની અવિદ્યા પણ ચાલુ જ રહે. એટલા માટે ભગવાન્ કહે છે **‘‘દૈવી હ્યેષા ગુણમયી મમ માયા દુરત્યયા મામેવ યે પ્રપદ્યન્તે માયામ્ એતાં તરન્તિ તે’’** (ગીતા.૭।૧૪) પ્રભુ કહી રહ્યા છે કે અહંતા–મમતામાં એક નશીલી મજા લેવા માટે મેં બધાને પીવડાવી રાખ્યું છે. હવે તમે બ્રહ્મજ્ઞાની પણ થઈ જશો તો પણ બ્રહ્મજ્ઞાન રજુ કરતી વખતે પણ તમે ‘હિ–હાહા’ હંસતા રહેશો. આમ બ્રહ્મજ્ઞાનની વાત કરશો તો તેમાં પણ આ અહંતા–મમતા બોલશે, બોલશે અને બોલશેજ. કેમકે તમને અહંતા–મમતાની ભાંગ પીવડાવી તો મેં જ છે ને. તેથી નશો દરેક વ્યક્તિને ચઢેલો છે અહંતા–મમતાનો. તે જ્ઞાનીને પણ ચઢેલો છે, તે કર્મીને પણ ચઢેલો છે, તે ભક્તને પણ ચઢેલો છે. તે બધાને ચઢેલો છે. **‘‘મામેવ યે પ્રપદ્યન્તે માયામ્ એતાં તરન્તિ તે’’** તેથી આ નશાને ઉતારવો હોય તો તેનો ઈલાજ આપણા હાથમાં નથી, તેનો ઈલાજ પણ તેના જ હાથમાં છે. તે જો ઈચ્છે તો તે નશાને ઉતારી શકે છે. બાકી આપણે તો જ્ઞાનની વાતો તો ખૂબ કરી શકીએ. જેમ આપણે કહીએ ‘‘અહં બ્રહ્માસ્મિ’’ પણ આ મંત્રને જપવાવાળાને એક શ્રુતિવચનમાં ખૂબ

સુન્દર વાત સમજાવવામાં આવી છે. **‘‘યો અહમ્ અસ્મિ બ્રહ્માહમ્ અસ્મિ અહમેવ માં જુહોમિ સ્વાહાઃ’’** (મહાનારા.ઉપ.૫।૧૦). હું શું છું? હું બ્રહ્મ છું. બ્રહ્મ શું છે? હું છું. હું મારી અહંની આહુતિ બ્રહ્માગ્નિમાં આપી રહ્યો છું. પણ માણસ બહુ ચતુર છે. તે તો પોતાના અહંની અગ્નિમાંજ બ્રહ્મની આહુતિ નાખી દે છે. એમ કહીને કે ‘‘હું બ્રહ્મ છું’’ અરે! જ્યારે ‘હું’ બોલ્યો તો પાછો અહંકાર આવી ગયો. કહેવા માટે તો બ્રહ્મ છું પણ છેવટે તો હું જ છું. પણ માણસ પ્રભુને ભૂલી જાય અને બ્રહ્મની સાથે ‘હું’ લગાડીને બોલે ‘‘હું બ્રહ્મ છું’’. જ્ઞાનમાં જ્ઞાની જ્ઞાનોપદેશ તો કરશે પણ તેણે જે અહંકારનો નશો કરી રાખ્યો છે, એની મનમુગ્ધ વાતો તો સાથે-સાથે ચાલતી જ રહે માણસ ભક્તિ તો બહુ દીન બનીને કરશે પણ આ મનમુગ્ધ વાતો ઉપર કાબૂ નથી રાખી શકતો.

## ૩૭. સેવામાં પણ અહંનો નશો :

અમારે ત્યાં મુંબઈમાં એક ભાઈ હતા. અમારા દાદાજીએ હાલતી-ચાલતી હોસ્પિટલની ગાડી શરૂ કરી હતી. દાદાજીતો લીલામાં પધારી ગયા. હવે ભારે પ્રશ્ન ઉભો થયો કે આ ગાડીનું સંચાલન કોણ કરશે? તે ભાઈએ કહ્યું ‘‘મહારાજ આ કામ હું કરીશ’’ હવે તે ભાઈએ હોસ્પિટલની ગાડી ચલાવવાની જવાબદારી સંભાળી. મેં પણ કહ્યું ‘‘હું પણ સાથે ચાલીશ.’’ તે ભાઈના મનમાં એક વહેમ ઘૂસી ગયો હતો કે દરેક માણસને ફટકારવાથી જ કામ બરાબર થાય. અમે લોકો પચાસ સાંઈઠ માઈલ દૂર સુધી બસ લઈ લઈને જતા. જે અન્દરના ગામડા છે જ્યાં કપડા પણ ન પહેરે એવા એવા લોકો જ્યાં ખાલી લંગોટી પહેરે, માછીમારોની વસ્તીમાં દવાઓ પહોંચાડી. ત્યાં ડોકટર, નર્સ, કમ્પાઉન્ડર, ડ્રાઈવર, કલીનર, તે ભાઈ એ બધા જતા અને એક હું જતો. બહુ આનંદ આવતો. એક દિવસ કમ્પાઉન્ડરે કહ્યું ‘‘પાણીની માટલી ફૂટી ગઈ છે’’ તે ભાઈએ કહ્યું ‘‘બરાબર જવાના ટાણે જ કેમ બોલ્યો? પહેલાં કેમ ન કહ્યું? ફૂટેલી માટલી લઈ લો’’ અમે જ્યાં સુધીમાં ગામડે પહોંચ્યા ત્યાં સુધીમાં તો બધું પાણી ખાલી થઈ ગયું. અને બધાને ખૂબ તરસ લાગી. તે ભાઈનું તો પોતાનું આઈસબોક્સ હતું. તેમાંથી કાઢી-કાઢીને પાણી પીવે. હવે ડ્રાઈવર, ડોકટર, નર્સ, કમ્પાઉન્ડર્ તરસના માર્યા ‘‘ત્રાહિ-ત્રાહિ’’ કરે. સામાન્ય માણસ હોય તો ગામના કૂવામાંથી પાણી પી લે પણ તે ડોકટરના દીમાગમાં ઠસાયેલું હોય કે ગામડાના કુવાનું પાણી ન પીવાય, કેમકે તેમાં જીવાત હોય. તેથી ગામના કૂવાનું પાણી પી ન શકે અને માટલું ફૂટેલું

હતું તેમાંથી પાણી કયારનુંય  નિકળી ગયું હતું. હવે તે ભાઈ લઘુશંકા કરવા ઉતર્યા તો મેં બધાને કહ્યું ‘‘મારા થર્મોશમાંથી થોડું થોડું પાણી પી લો. એક-એક ગ્લાસ પીવડાવ્યું’’ એમાં તે ભાઈ આવી ગયા. હવે તે ભાઈએ આવીને એમને ફટકારવાનું શરૂ કર્યું. ‘‘શું સમજીને મહારાજના થર્મોસમાંથી પાણી પીધું?’’ મેં કહ્યું ‘‘એમણે નથી પીધું, મેં આપ્યું છે.’’ તો તે બોલ્યા ‘‘શું સમજીને બધાને પાણી આપ્યું?’’ મેં કહ્યું, ‘‘અરે ભાઈ! મારા બાપની ગાડી હું ચલાવું છું’’ પણ તે કહે ‘‘શું સમજીને તમારા થર્મોશમાંથી જલ આપ્યું?’’ માણસ સેવા તો કરે, મહેનત પણ બહુ કરે પણ પેલો અહં તો જાય નહીં. અહંનો નશો આવી રહ્યો છે. સેવા કરે તો તેનો પણ નશો આવી રહ્યો છે. હવે ડોકટર્‌ને કૂવાનું પાણી ન પીવાનો નશો આવી રહ્યો છે. તેથી ભાઈને પણ નશો ચડી રહ્યો છે. મને પણ કહી દીધું, ‘‘શું સમજીને પીવાનું પાણી આપ્યું તમે?’’ પણ પેલી અહંની ભાંગ ઘૂંટેલી છે ઓડકાર તો આવશે જ અને આવ્યા વિના રહેશે જ નહીં. માણસ ઘણી જાતના કામ કરે. જ્ઞાનનું કરે, ભક્તિનું કરે પણ ખરા ટાઈમે તે અહંકારની ઓડકાર તો આવી જ જાય. તો તેનો ઉપાય નથી. આપણે વિચારીએ કે તેનો ઉપાય મળી જશે.

## ૩૮. દૈન્યમાં પણ અહંકાર :

ભગવાન્ આટલા માટે જ કહે છે **‘‘દૈવી હિ એષા ગુણમયી મમ માયા દુરત્યયા મામેવ યે પ્રપદ્યન્તે માયામ્ એતામ્ તરન્તિ તે’’** મારા સામે શરણાગત થઈ જા. તું ચિંતા છોડી દે. મેં પીવડાવી છે અહંતા-મમતાની ભાંગ તને, તું એની ચિંતા ન કર. તું તારી ચિંતા કર. બધી જ વાતો માર ઉપર છોડી દે. જ્યારે ભક્ત છોડી દે પ્રભુ ઉપર ત્યારે વાત બીજી છે. પણ જે વખતે આપણે જાતે નિર્ણય કરવા જઈએ તો કાંઈક ને કાંઈક ગોટાળો જ્ઞાનમાં પણ થઈ જાય, કાંઈકને કાંઈક ગોટાળો ભક્તિમાં પણ થઈ જાય. કાંઈક ને કાંઈક ગોટાળા કર્મમાં પણ થઈ જાય. કર્મ જ્ઞાન ભક્તિને આપણી રીતે આપણે કરવા જશું તો તેનું નિરાકરણ ન થઈ શકે. પ્રભુ ઉપર છોડી દઈએ. જાહિ વિધિ રાખે રામ તાહિ વિધિ રહિયે. તો દરેક વાતનું સમાધાન તે જ વખતે થઈ જાય. ઉકેલ સામે રાખેલો જ છે. પણ સહજ ઉકેલ માણસને જોઈતો નથી. માણસને પોત-પોતાના ઉકેલ જોઈએ. અહં બ્રહ્માસ્મિ કે જેનાથી આપણી અહંતાને સુધારવા માગીએ. પણ તે અહં બ્રહ્માસ્મિ જપવાથી જ માણસની અહંતા વધી જાય. આપણે વિચારીએ કે ચાલોઅમે અહં બ્રહ્માસ્મિ નહીં કરીએ, દાસોઽહમ્ દાસોઽહમ્ કહેશું પણ દાસોઽહમ્ કરવામાં પણ અહંતા વધી

જાય. સંસ્કૃતમાં એક ખૂબ જ સુંદર શ્લોક છે કે **''કે યૂયં? હરિપાદપદ્મનિરત-શ્રીપાદપાયૂદક-ક્લિદ્યન્મૂત્ર-લુઠત્-પિપીલવધૂદાસાઃ।''** દૈન્યમાં કેટલો અહંકાર! કોઈએ પૂછયું તમે કોણ છો? જવાબ આપ્યો કે તમે મળત્યાગ કરીને જે પાણીથી હાથધોઓ છો, તે પાણીમાં જે કીડી ભીંજાય તેનો હું દાસ છું. હવે પૂછનારને તેણે પૂછયું કે તમે કોણ છો? તે તેણે કહ્યું કે તે પાણીથી ઉગેલું જે ઘાંસ તે ઘાંસને જે ગધેડો ખાય, તે ગધેડાના પગમાં ચોંટેલી જે રજ, તે રજના જે દાસ, એનો પણ હું અનુદાસ છું!'' આપણે કહીએ કે દીનતા રાખો પણ આ દીનતામાં પણ હરીફાઈ શરૂ થઈ ગઈ. તું દીન છે તો હું તારાથી દોઢો દીન. હવે દીનતા પણ અહંતાપરક થઈ ગઈ. માણસ મોટો ખુરાફાતી છે. જેટલા પણ ઉપાય બતાવશો તેમાં ક્યાંક ને ક્યાંક અહંતાની વાત શોધી કાઢશે. કેમકે બુદ્ધિ છલવાળી છે, ખૂબ જ નશો છે તેમાં અહંતાનો. આટલા માટે પ્રભુ કહે છે **''મમ માયા દુરત્યયા''** આ અહંતા-મમતાની માયા દુરત્યય (તરી ન શકાય તેવી) છે. પણ પ્રભુ કહે છે ''જેમ હું કહું તેમ કર. તું ચિંતા શા માટે કરે છે. મેં તારા અંદર અહંતા-મમતાને ખોલવાનો અને બંધ કરવાના બટન રાખ્યા છે, એ બટન જ્યાં સુધી હું બંધ નહીં કરૂં, ત્યાં સુધી તું તારા સાધનોથી આ બટનોને બંધ કરવા માગીશ તો પણ અહંતા મમતા ની અવાજ થતી રહેશે. બટન બંધ નહીં થાય'' આ અહંતા-મમતાનું ચક્કર બહુ વિચિત્ર છે. એટલા માટે જો આપણે જગત્‌ની આસક્તિથી છૂટવું છે, તો તે જ્ઞાનમાર્ગ આપણને બતાવે કે તમે તમારા પોતાને છોડી દો. પણ આપણે પોતાને છોડી ક્યાં શકીએ છીએ? તમે ખૂદ તો અવ્યક્ત થઇ નથી શકતા, જે રીતે તમારી મમતા વ્યક્ત થઈ રહી છે એક-એક વિષયોમાં, તે જ રીતે તમારી અહંતા પણ વ્યક્ત થઈ જાય છે તે છૂટતી નથી. તમે એમ માનો કે પરમાત્માની અવ્યક્તોપાસના કરી લેશું, તો ભગવાન્ કહે છે **''અવ્યક્તા હિ ગતિર્ દુઃખં દેહવદ્ભિઃ અવાપ્યતે''** અવ્યક્તની ગતિ બહુ અઘરી છે. ખૂદને અવ્યક્ત કરી શકવું બહું અઘરૂં છે અને કરી શકો તો સારી વાત છે. છોડવું તો જોઈએ જ પણ છોડી શકશો? સવાલ એ છે. ત્યાં આપણે એમ કહીએ ''જ્ઞાન નહીં કરી શકીએ, ભક્તિ કરશું'' ભગવાન્ કહે છે ''સારૂં ભક્તિ કરો'' ભક્તિ કરતાં-કરતાં વળી પાછી દાસાનુદાસની હરીફાઈ શરૂ થઈ જશે. એક કહેશે ''હું દાસ છું'' તો બીજો કહેશે ''હું અનુદાસ છું'' વળી ત્રીજો કહેશે ''હું દાસાનુદાસ છું'' ચોથો કહેશે હત્! ''હું દાસાનુદાસનો પણ દાસાનુદાસ છું'' આમાં પણ ચડસાચડસી. આ ચડસા-ચડસીથી બચી નહીં શકાય. એટલે ભગવાન્ કહે છે ''મમ માયા દુરત્યયા'' મેં

તારું જે બંધારણ કર્યું છે, તેને તું શા માટે તોડવા માગે છે? મેં તને જેવો ઘડયો છે તેવો તું રહે. શરણાગતિનો ભાવ રાખ કે ''હું તારે શરણે છું'' જેનાથી તને નશો નહીં ચઢે. ત્યારે દરેક વાતનો ઉકેલ આવી જશે. પણ છોડવાની ગડમથલમાં પડીશ તો વિચાર કે તેમાં મેં કેવી આંટી-ઘૂંટી મુકેલી છે. તું આ બાજુથી જઈશ તો અહંતા પેલી બાજુથી પકડી લેશે. તું એમ વિચારીશ કે હું બ્રાહ્મણ નથી, વૈશ્ય નથી, ક્ષત્રિય નથી, શુદ્ર નથી. હું સ્ત્રી નથી કે નથી પુરૂષ. છેવટે તને હું બ્રહ્મ છું એવી અહંતા આવી જશે. વાત તો ત્યાંની ત્યાંજ રહીને! ખાલી વિષય બદલી ગયો અહંતાનો.

## ૩૯. વ્રતોમાં પણ ગોટાળો :

હું વારંવાર એક વાત કહું છું કે માણસ મૌનવ્રત લઈ લે. મૌનવ્રત લઈ લે એટલે શું? પાટીમાં લખતો રહે રાત-દિવસ. પાટીની અને પેનની વધારાની બરબાદી. આટલો સમય વેડફાય એવું મૌનવ્રત લેવું જ શા માટે? જે વાત બોલવામાં બે મિનીટ લાગતી હતી તે વાતને લખવામાં બીજી દશ મિનીટ વધારે વેડફાઈ જાય. પણ માણસ સમજે નહીં. મૌનવ્રત તો લેવું જ છે. અરે ! લખવામાં કેટલો સમય વેડફાઈ ગયો. તેનો હિસાબ કર્યો? માણસ તે ગણત્રી ન કરે. એક કે બે મિનીટમાં જે વાત બોલીને છુટકારો મળી જતો હતો. તે વાતને દશ મિનીટ સુધી લખવી. એટલો વખત મનમાં તો એ વાત રહીને! હવે મૌનવ્રતથી શું લાભ થયો? એ મૌનવ્રતમાં ત્યારે લાભ થશે જ્યારે તમે કાંઈક ભગવત્ચિંતન કરશો. જો તમે ભગવત્ચિંતન કર્યું તો મૌનનો લાભ મળ્યો. માણસ બોલી બોલીને પોતાનો સમય બગાડી રહ્યો છે, ઋષિ મુનિઓએ સાધના બતાવી ''મૌન લઈ લો'' એટલે મૌન લઈ લીધું. પણ જીભથી ન બોલીને આંગળીઓથી બોલવા મંડી ગયો. પણ બોલવાનું તો બંધ ન થયું. બોલવાની ઈન્દ્રિયને બદલાવી છે. બોલી તો રહ્યા જ છો. પહેલાં કાંઈક ઓછું બોલતા હતા, હવે વધારે બોલી રહ્યા છો. જે વાત એક મિનીટમાં બોલી શકાતી હતી તેને કલાકો સુધી બોલી-બોલીને પૂરી નથી કરી શકતા. હવે તમે મૌન કેવી રીતે છો? માણસ આવું કરે છે.

આપણે અગિયારસનો ઉપવાસ કરીએ ત્યારે લે મહારાજ ! ફળાહાર થઈ જાય કે નહીં ? અમે એક દિવસ કોઈકના ઘરે ઉતર્યા. તે દિવસે અગિયારસ હતી. તેણે પૂછયું ''મહારાજ ! તમે અગિયારસ કરો છો કે નહીં?'' હું તે વખતે એકાદશી કરતો નહોતો. પણ જ્યારે એમણે પૂછયું એટલે કહી દીધું કે હા કરૂં છું.

તેણે તો એટલા માટે પૂછયું હશે કે હું એકાદશી કરતો હોઈશ. ત્યારે મારા મનમાં નિરાશા થઈ ગઈ કે હવે આરામ કરો. આખો દિવસ શું કરશું. હું જઈને બેસી ગયો. બાર વાગ્યા એટલે ખબર આવી ''ચાલો મહારાજ ભોજન કરવા પધારો'' મેં કહ્યું ''તમે તો એકાદશી કહેતા હતા?'' તેણે કહ્યું ''હા હા એકાદશીની જ તો વાત કરૂં છું'' હવે એમાં શું ફળાહાર ન હોય. રોજ તો ચાર-પાંચ વસ્તુઓ રસોઈમાં થતી હોય પણ તે દિવસે તો વીસ-પચ્ચીસ વસ્તુઓ હતી. હવે મેં ઘરે જઈને લક્ષ્મી(વહુજી)ને કહી દીધું ''આજે મારે એકાદશી છે. આપણે બારસ નહીં રાખીએ. કોણ બારસ રાખે? એવી બારસ રાખીને ફાયદો શું કે રોજ ચાર પાંચ વસ્તુઓ બનતી હોય અને એકાદશીના દિવસે બાર વસ્તુઓ બને. શા માટે આપણે બારસ રાખવી?'' માણસ આવી જ મોટી-મોટી વાતો કરે છે. એકાદશીના દિવસે એકાદશી જેવું હોય જ નહીં. એકાદશીના દિવસે એકાદશ ફળાહાર થઈ જાય. આપણે મનને મનાવી રહ્યા છીએ આપણે વ્રત કરી રહ્યા છીએ પણ ખરેખર વ્રત હોય નહીં. અહંતા-મમતાના આવા ગોટાળા છે કે આપણે કરી ન શકીએ. ફળાહારની જગ્યાએ કાંઈક બીજું કરી લેશું. ફળાહાર છોડી દે તો કોઈક આહાર કરવા મંડી જાય. વાત તો એ ચાલુ જ રહેશે. ત્યાં સુધી વાત ચાલુ રહેશે જ્યાં સુધી તાવ ન આવે.

એટલા માટે ભગવાન્ કહે છે ''તું છોડી દે આ બધા ગોટાળા **''મામેવ યે પ્રપદ્યન્તે માયામ્ એતાં તરન્તિ તે''** આ જ્ઞાનના, આ ભક્તિના, આ કર્મના અધિકાર બહુ અઘરા છે. પણ કાંઈક તો કરવું પડશે. કાંઈક તો સમજવું પડશે. કાંઈક તો તૈયારી રાખવી પડશે. એ જ તૈયારી છે શરણાગતિનો માર્ગ. ખૂબ જ સરળ સ્નેહનો માર્ગ છે. શરણાગતિનો આ સરળ માર્ગ છે તેથી તું શરણાગત થઈ જા. દરેક વાતનો ઉકેલ આમાં મળશે. ઉકેલ શું? પ્રભુ જે રીતે રાખે તે રીતે તું રહે. બીજા ક્યા સમાધાનની આશા આપણે રાખીએ? પણ અર્જુન એક અલગ પ્રકારનો શિષ્ય છે. એવો શિષ્ય ભગવાન્‌ને ક્યારેય મળ્યો હશે કે નહીં, જે ઝીણવટપૂર્વક વાત પૂછે છે ''અચ્છા તમે એ વાત કહી હતી કે જ્ઞાનયોગી અવ્યક્તોપાસક છે અને આ જે તમે વિરાટ સ્વરૂપ બતાવ્યું, તેમાં તમે ભક્તિની વાત કરી. પણ મહારાજ મને બરાબર ચોકખે-ચોકખી વાત બતાવો કે ''યે તુ અક્ષરમ્ અવ્યક્તં પર્યુપાસતે. યે ચાપિ અક્ષરમ્ અવ્યક્તં તેષાં કે યોગવિત્તમાઃ'' કોણ વધારે જાણકાર છે? શું જ્ઞાનયોગી વધારે જાણકાર છે? કે ભક્તિયોગી વધારે

જાણકાર છે?'' ભગવાન્ કહે છે ''લે તારે હજુ વધારે સમજવું છે પણ દવા ખાવી નથી. દવાઓના વર્ણન સાંભળવા છે, સાંભળતો જા.'' કાલથી ભગવાન્‌ની દવાઓનું વર્ણન શરૂ થશે.

## ચોથા દિવસનું પ્રવચન

### ૪૦. ભગવાન્ કૃષ્ણની ક્રીડા ત્રણ પ્રકારથી :

**''નમો ભગવતે તસ્મૈ કૃષ્ણાય અદ્‌ભુતકર્મણે, રૂપનામવિભેદેન જગત્ ક્રીડતિ યો યતઃ''** (ત.દી.નિ.૧।૧). શાસ્ત્રાર્થ પ્રકરણના પ્રારંભમાં મહાપ્રભુએ આ શ્લોક કહ્યો છે. ત્રણ પ્રકારની ક્રીડા આ શ્લોકમાં મહાપ્રભુએ બતાવી. ''રૂપ-નામ-વિભેદેન જગત્ ક્રીડતિ યો યતઃ'' એટલે કે ભગવાન્ ¹અનેક નામ રૂપ ધારણ કરીને ક્રીડા કરે ²સાથે-સાથે અનેક નામ-રૂપવાળું જગત્ બનીને પણ ક્રીડા કરે છે; અને, ³અનેક નામ-રૂપવાળું જગત્ જેના કારણે ક્રીડા કરે છે.

આવી રીતે ત્રણ પ્રકારે ક્રીડાના પાસા બતાવ્યા. અહીં ત્રણ પાસાઓની બાબતમાં મહાપ્રભુજી કહે છે '''બ્રહ્મ' ઈતિ 'પરમાત્મા' ઈતિ શબ્દ્યતે'' (ત.દી.નિ.૧।૯). જે ક્રીડા ત્રણ રીતથી ચાલી રહી છે તેમાં એક ક્રીડા એવી કે જે ક્રીડા ઉપર આપણે નજર નાખીએ તો આપણને લાગે કે ભગવાન્ ખુદ ક્રીડા કરી રહ્યો છે. બીજી ક્રીડા એવી જેના ઉપર ધ્યાન આપીએ તો લાગે કે ભગવાન્ જગત્ બનીને ક્રીડા કરી રહ્યો છે. ત્રીજી ક્રીડા એવી કે જે ક્રીડા ઉપર ધ્યાન દઈએ તો આપણને લાગે કે ભગવાન્ તો કાંઈ જ નથી કરી રહ્યા, ખાલી બિરાજી રહ્યા છે પણ જગત્ ભગવાન્‌ના ખાલી બિરાજવાના કારણે ક્રીડા કરી રહ્યું છે. જેમ કે દીવો, દીવો કાંઈ કરતો નથી, પણ પતંગિયા તેની આજુબાજુ નાચતા રહે. હવે દીવા ઉપર પતંગિયા ક્યાંથી આવી જાય તે ખબર પડે નહીં. દીવાએ કોઈ આમંત્રણ આપ્યું હોય, એવું તો લાગતું નથી. તેનો સ્વભાવ કાંઈક એવો છે કે દીવો પેટાવ્યો નથી કે પતંગિયા તેની આજુબાજુ નાચવાનું શરું કરી દે. એમ ભગવાન્ કૂટસ્થબિરાજેલા છે અને નામરૂપનું જગત્ તેની આજુબાજુ ક્રીડા કરી રહ્યું છે આપમેળેજ. આ ત્રણ જાતની ક્રીડા કરવાવાળાના ત્રણ નામ મહાપ્રભુ આપે છે. 'બ્રહ્મ', 'પરમાત્મા', 'ભગવાન્' એક પહેલું છે જેમ મેં તમને બતાવ્યું કે બલ્બ ચાલુ થયો અને પતંગિયાએ આવીને તેની આજુબાજુ નાચવાનું શરૂ કરી

દીધું. બલ્બ કાંઇ જ નથી કરી રહ્યો. એક માણસ નાચે, ગવૈયો સાજ બજાવે, તબલચી એમાં તાલ આપે. પણ બલ્બ કાંઈ જ ન કરે. બલ્બ પોતાની રીતે ચાલુ થાય અને પતંગીયા આપમેળે નાચવા લાગી જાય. આવી રીતે પરમાત્માનું એક રૂપ એવું કૂટસ્થછે કે જે કાંઇ કરે-ધરે નહીં પણ નામ-રૂપ તેના કારણે નાચતા રહે. ક્યારેક ધ્યાનથી જોઈએ તો સૂતેલા માણસની ચેતના કેવી લાગે? સુપ્ત ચેતના પણ સ્વપ્નમાં તો તેની આગળ અનેક નામ-રૂપ નાચતા હોય. આ રૂપ જે વખતે જે સંબંધથી આપણને જોવામાં આવે છે, મહાપ્રભુ કહે છે કે આ બ્રહ્મની લીલા છે. બ્રહ્મ કૂટસ્થછે. અવ્યક્ત છે. બ્રહ્મ નિરાકાર છે, વ્યાપક છે. કાંઈપણ નથી કરી રહ્યું. તે પોતે પોતાનામાં છે. તેની પોતાની પોતાનામાં હાજરી જ કાંઈક એવી છે કે નામ-રૂપ તેના કારણે નાચવા લાગી જાય. કૂટસ્થની સ્થિતિ જ એવી છે કે નામ-રૂપમાં ગતિ પેદા થઇ જાય ત્યારે તે ‘બ્રહ્મલીલા’ કહેવાય.

બીજી પરમાત્માની લીલા. પરમાત્માની લીલા કેવી ? પરમાત્મા જગત્ બનીને ક્રીડા કરી રહ્યા છે. પરમાત્માનો પ્રત્યય એવો છે, પરમાત્મા ખુદ જગત્ બની ગયા અને ક્રીડા કરી રહ્યા છે. આ પ્રકારની ક્રીડાને મહાપ્રભુ ‘પરમાત્મલીલા’ કહે છે.

ત્રીજી લીલા એવી કે જેમાં આપણને લાગે કે ભગવાન્ ખુદ ક્રીડા કરી રહ્યા છે. જેમ જગત્માં ભગવાન્ અવતીર્ણ થઇ જાય. હવે તેનું અવતીર્ણ હોવું પણ તો એક લીલા છે. જેમ જગત્ એક લીલા છે. તેવી રીતે એક બીજી લીલા પાછી શરૂ થઇ ગઇ. મોટાભાગની રામાયણ ભાગવત કે પુરાણોની જેટલી પણ કથાઓ છે, તેમાં તમે જોયું હશે કે બધું આવી રીતથી જ ચાલે છે. કાકભુશંડીજીએ એક કથા તેમને કહી. તેમાંથી એક કથા બીજી નીકળી, તેમાંથી એક ત્રીજી કથા નીકળી. એવી રીતે ભાગવતમાં સૂતજીએ શૌનકને કહ્યું, વ્યાસજીએ નારદજીને કહ્યું. શુકદેવજીએ પરીક્ષિતને કહ્યું. આમ કથામાં કથા ચાલતી રહે. એવી રીતે લીલામાં લીલા ચાલતી રહે. આમ જગત્ બનીને જે લીલા કરે છે પરમાત્મા, તેમાં પાછી એક લીલા બીજી પ્રકટ થઈ ગઈ, તેના પ્રકટ થવાની. આ લીલામાં લીલા છે. હવે તે લીલા ઉપર નજર કરશું તો એવું લાગે કે આ લીલા તો ખુદ કરી રહ્યા છે. આ કોઈ બીજાની તાકાત નથી.

તમને એક સામાન્ય વાત બતાવું. હજી અહીં રાજસ્થાનમાં ભગવાન્ની

દયા છે કે આ કૌભાંડ શરૂ નથી થયું. અમારે ત્યાં મુંબઈમાં મહારાષ્ટ્ર અને ગુજરાતમાં આ કૌભાંડ જોરદાર ચાલે. લોકો ભાગવતની સપ્તાહ કરાવે. કારણ શું ભંડોળ ભેગું કરો! કર ભાગવત-સપ્તાહ, કર ભાગવત-સપ્તાહ, કોઈ લાખ રૂપિયા ભેગા કરે, કોઈ પાંચ લાખ ભેગા કરે. હવે આ પ્રકારની ભંડોળ ભેગું કરવાની લીલા શરૂ થઈ ગઈ ભાગવત કરાવવાની. તેથી તેને સાંભળી-સાંભળીને લોકો ફેડ્અપ(ધરાઈ) થઈ ગયા. હવે ભાગવતમાં રૂચિ કેવી રીતે પેદા કરવી? સ્ટેજ (વ્યાસપીઠ) ઉપર એક માણસ ભાગવત કહે. તે સ્ટેજની બાજુમાં તે કથા મુજબ લીલા ચાલે. હમણાં મેં આની એક મજેદાર કથા સાંભળી. છે તો આ પણ એક લીલા જ છે ને! એક ઠેકાણે સપ્તાહમાં નૃસિંહ અવતારની કથા ચાલી રહી હતી. સ્ટેજ ઉપર એક માણસ નરસિંહજી બન્યો. જે માણસ નરસિંહજી બન્યો હતો તેનામાં નૃસિંહનો આવેશ અચાનક આવી ગયો. અને તેણે ચારે બાજુ અફડા-તફડી ચાલુ કરી. તે ભીડમાં મેયર પણ બેઠા હતા. તો મેયરને પણ ધોલધપાટ લગાવી દીધા નરસિંહજીએ. મેયરને જેવું માર્યું અને તેની પીટાઈ થઈ એટલામાં પોલીસે આવીને નરસિંહજીને એરેસ્ટ્ કરી લીધા! પોલીસે કહ્યું નરસિંહજી હશો તો વૈકુંઠમાં, અહીં મેયરની પીટાઈ કરી તેથી ચાલો જેલમાં. થઈ તો ભાગવત-સપ્તાહ અને નરસિંહજી એરેસ્ટ્ થઈ ગયા. આવી કથા, ભગવાન્‌ની કૃપા છે, રાજસ્થાનમાં શરૂ નથી થઈ. આવશે થોડા દિવસમાં અહીં પણ હવા. ‘‘નઈ સુબહપે નજર હૈ ઔર સાથયે ભી ડર હૈ કે સહર ભી રફતા-રફતા કહીં શામ તક ન પહુંચે’’ આ હવા આવશે થોડા દિવસોમાં અહીંયા પણ. જાશે ક્યાં !

મારો કહેવાનો મતલબ શું? લીલામાં એક બીજી લીલા ચાલે. આપણે જ્યારે નૃસિંહલીલા કરવા જઈએ તો એરેસ્ટ્ થવાની મોટી સંભાવના છે. પણ જ્યારે ભગવાન્ નૃસિંહલીલા કરે ત્યારે કોઈ હિરણ્યકશિપુ એટલે પોલીસની એટલી તાકાત નથી કે એ નૃસિંહને એરેસ્ટ્ કરી શકે. આપણે જ્યારે નૃસિંહલીલા કરવા જઈએ અને મેયરની પીટાઈ કરીએ તો પોલીસ એરેસ્ટ્ કરી લે. વડાપ્રધાનની તો વાત દૂર રહી. નાનકડા શહેરના મેયરની શું વિસાત ? પણ જે વખતે હિરણ્યકશિપુને ભગવાને ચીરી નાખ્યો હતો છતાં કોઈ નૃસિંહને એરેસ્ટ્ કરવા ન આવી શક્યો કે અમારા રાજાને કેમ ચીરી નાંખ્યા, ચાલો જેલમાં. ચાલો ફાંસીએ ચઢો. એ નૃસિંહને એરેસ્ટ્ કરવાની કોઈની તાકાત નથી. એ નૃસિંહને કેપિટલ પનિશ્મેન્ટ્ (રાજકીય સજા) દેવાની કોઈમાં તાકાત નથી. એણે કહ્યું, ‘‘અરે નૃસિંહનો આવેશ આવ્યો’’ તો કહ્યું ‘‘આવ્યો હશે આવેશ. હૂ કેયર્ ફોર્ નૃસિંહ?

મેયરની પીટાઇ કેમ કરી? એનો જવાબ આપ.'' આપણામાં શક્તિ નથી એ લીલા કરવાની. આપણે ડેમોન્સ્ટ્રેશન (પ્રદર્શન) ભલે કરીએ તે લીલાનું. પણ આપણામાં એ લીલા કરવાની શક્તિ નથી. આપણે કરવા જઇએ તો લાંબા સાથે ટૂંકો જાય મરે નહીં તો માંદો થાય. નૃસિંહની લીલા કરવી બહુ અઘરી છે. સહજ વાત નથી. એવી રીતે ભગવાન્ સ્વયંની લીલામાં ખુદ પ્રકટ થઇને ગિરિરાજ ઉપાડી શકે પણ ગિરિરાજ ઉપાડીને કોણ બતાવી શકે! ઘણી-ઘણી લીલાઓ થાય. કોઇ કૃષ્ણ બની જાય. કોઇ કૃષ્ણના પિતા વસુદેવ બની જાય. કોઇ દેવકી બની જાય. કોઇ રુકમણિના મા-બાપ બની જાય. એમાં વળી બેન્ડ-વાજા આવે. ફીલ્મીગીત ગાય. પછી જાન નીકળે કૃષ્ણની. પછી તે નાક પકડે કૃષ્ણનું. આ તો બહુ ફજેતી થઇ બિચારા કૃષ્ણ ભગવાન્‌ની. એક ભાગવત સપ્તાહ શું થઈ કે સારામાં સારો નફો થઇ ગયો! આવી જાતની આપણે લીલા કરીએ છીએ અને કેટલો મોટો રસાભાસ ઉભો કરતા હોઈએ છીએ. કહેવાનો મતલબ શું કે જે ભગવાન્ ખુદ કરે તે તો આપણે મંજૂર કરવું જ પડે કે આ તો ભગવાન્‌ની ખૂદની લીલા છે. **''ભગવતે તસ્મૈ કૃષ્ણાય અદ્‌ભૂતકર્મણે રૂપનામવિભેદેન જગત્ ક્રીડતિ યો યતઃ''** ભગવાન્ ખુદ જે લીલા કરે તેને આપણે 'ભગવલ્લીલા' કહીએ. ભગવાન્ જ્યારે જગત્ બનીને લીલા કરે ત્યારે તે લીલાને ભગવલ્લીલા કહેવાના બદલે 'પરમાત્મલીલા' કહેવું ઉચિત છે. મહાપ્રભુની પરિભાષા બતાવી રહ્યો છું. બધાની વાત નથી બતાવી રહ્યો. જેના લગ્નમાં બેઠા હોઇએ તેના જ ગીત ગાવા જોઇએ ને! અમે તો મહાપ્રભુની જ વાત બતાવશું બીજી બીજી વાત ક્યાંથી લાવશું. જે ભણ્યા છીએ તે બતાવશું. મહાપ્રભુને ત્યાંની પરિભાષા એવી છે, જ્યારે તે પરમાત્મા બનીને લીલા કરે ત્યારે તે બ્રહ્મલીલા નથી, તે ભગવલ્લીલા પણ નથી પણ તે પરમાત્મલીલા છે. એટલા માટે બ્રહ્મના કૂટસ્થરહેવાના કારણે જે લીલા થાય તે લીલાને આપણે 'બ્રહ્મલીલા' કહીએ છીએ. મતલબ શું? બ્રહ્મ નિરાકાર છે, પરમાત્મા સર્વાકાર છે અને ભગવાન્ પુરૂષાકાર છે. ગીતામાં નિરંતર આ ત્રણ વાતોને લઈને ઉપદેશ ચાલ્યો છે. અર્જુનના પ્રશ્નથી ભગવાન્‌ના જવાબ સુધી પહોંચવાની વચ્ચેના અંતરમાં એક મોટો મુકામ છે જે મુકામ ઉપર ઊભા રહીને આપણે સારી રીતથી આ વાત સમજી લેવી જોઇએ કે બ્રહ્મ નિરાકાર છે, પરમાત્મા સર્વાકાર છે જેમાં બધા આકાર સમાયેલા છે અને ભગવાન્ પુરૂષાકાર છે.

કૃષ્ણ જે અર્જુનનો રથહાંકી રહ્યા છે, તેને આપણે ભગવાન્ કહેશું. એટલા માટે જ આને આપણે 'ભગવદ્‌ગીતા' કહીએ છીએ. બ્રહ્મગીતા કે

પરમાત્મગીતા નથી કહેતા. અત્યારે આપણે 'ગીતા' શબ્દને સંજ્ઞા સમજીએ છીએ પણ સંજ્ઞા નથી, ગીતા ક્રિયાપદ છે. 'ભગવદ્ ગીતા' એટલે ભગવાને જે ગાઈ, તે ગીતા. આ ક્રિયાપદ ઉપનિષદ્‌ના વિશેષણના રૂપમાં વાપરવામાં આવ્યું. નહીંતર 'ભગવતા ગીતમ્' આમ હોવું જોઈતું હતું. **સામાન્યે નપુંસકમ્** ન્યાયથી ગીતમ્ હોવું જોઈતું હતું. પણ કેમકે ઉપનિષદ્ શબ્દ સ્ત્રીલિંગ છે, એટલા માટે ભગવાને જે ઉપનિષદ્, ગાઈ તે આ અર્થમાં 'ગીતા' કહેવામાં આવે છે. આપણે સમજીએ કે 'ગીતા' એક નામ છે. 'ગીતા' નામ નથી. 'ગીતા' એ તો ઉપનિષદ્‌નું વિશેષણ છે. ભગવાન્‌ના દ્વારા ગાવામાં આવેલી ઉપનિષદ્ તે 'ગીતા', તે ભગવદ્‌ગીતા. ગીતા ભગવાને કહી છે તે પરમાત્માએ નથી કહી, બ્રહ્મે નથી કહી. હવે પાછું એવું ન સમજતા કે કૃષ્ણ પરમાત્મા નથી, કૃષ્ણ બ્રહ્મ નથી. પણ એક પાસાની વાત હું સમજાવી રહ્યો છું કે ક્યા પાસાથી આ વાત આવી. છે તો ત્રણેય એક જ ચીજ. જે બ્રહ્મ છે એ જ પરમાત્મા છે. જે પરમાત્મા છે એ જ ભગવાન્ છે. ત્રણેય એક છે. જે નિરાકાર છે તે જ સર્વાકાર છે. જે સર્વાકાર છે એ જ પુરૂષાકાર છે. ત્રણેમાં કોઈ ફરક નથી પણ તેના એક-એક રૂપ અલગ-અલગ છે. જેમ સિક્કો. સિક્કાની કેટલી બાજુ હોય. સિક્કાના ત્રણ પાસા હોય. એક આગળનો, એક પાછળનો, અને એક ત્રીજો કિનારી હોય છે. કોર આપણને ધ્યાનમાં ન આવે. તેવી જ રીતે એક પાસુ જે ધ્યાનમાં નથી આવતું, તે પરમાત્માનું પાસુ છે. આપણને એ સમજમાં આવે કે તે તરફ અવ્યક્ત નિરાકાર બ્રહ્મ છે અને આ તરફ આપણને સમજમાં આવે કે પુરુષોત્તમ સાકાર કૃષ્ણ ભગવાન્ છે. જે પાસુ ધ્યાનમાં નથી આવતું તે કિનારીવાળું પાસુ પરમાત્માનું કે જે સર્વાકાર છે. તે કિનારીજ તો તેનો આકાર ઘડી રહી છે. તે ભલે કાંટા હોય કે છાપ હોય. તે કિનારી જો ન હોય તો સિક્કાનો આકાર ઘડી જ ન શકાય. ચારઆનીનો આકાર કિનારીને કારણે છે, દશ પૈસાનો આકાર પણ તેની કિનારીના કારણે છે. તેની છાપ અને કાંટા તો તેમાં સમાયેલા છે. હવે જેટલા પણ પૈસા છે તે બધાની કિનારી ઉપર ધ્યાન નથી જતું, તે એકદમ સૂક્ષ્મ છે. તેના ઉપર ધ્યાન જાય તો ખબર પડે કે બંને આકારને ઘડવાવાળી તો કિનારી છે. આવી પરમાત્મા વચ્ચેની સ્થિતિ છે. પરમાત્માથી મારો મતલબ શું? સર્વાકાર. તે વચ્ચેની સ્થિતિ છે. આ બાજુ તેનું નિરાકારનું પાસું છે બીજી બાજુ તેનું પુરુષાકારનું પાસુ છે ભગવાન્‌નું. વચમાં જે કિનારી છે, જે સર્વાકાર પરમાત્મા છે તે કિનારી ઉપર આપણું ધ્યાન નથી જતું. કેમકે આપણા તર્કોના એક ડબ્બામાં એ સમજમાં આવે કે કૃષ્ણ પુરુષાકાર છે અને બીજા ડબ્બામાં એ સમજમાં આવે કે કોઈપણ આકાર નથી, નિરાકાર છે. પણ વચ્ચેનો

જે કિનારીનો પાસો છે પરમાત્માનો, તે અસલ રૂપિયાનો આકાર, પૈસાનો આકાર, બધા પૈસાનો આકાર ઘડવાવાળો પાસો છે તે કિનારીવાળુ પાસુ છે. તેથી હવે ધ્યાન રાખજો કે પૈસાના ત્રણ પાસાઓ હોય છે બે પાસા ન કહેતા.

ઋગ્વેદ કેવી સુંદર વાત કહે છે : તમારી અંદર રહીને તે તમારા ઉપર સત્તા ચલાવી રહ્યો છે. બહાર રહીને કોઈ ડંડાના જોરે શાસન નથી ચલાવી રહ્યો ! કાંઈ ખબર જ ન પડે કે શાસન તે ચલાવી રહ્યો છે કે તમે પોતે તે રીતથી ચાલી રહ્યા છો? શાસન ચલાવી રહ્યો છે તે પણ આપણને લાગે કે આપણે ચાલી રહ્યા છીએ. અંદરથી કોઈ કોઈને ચલાવે તો તેને શું ખબર પડે? બહારથી જેમ કોઈ ખેંચતો હોય, જેમ બળદગાડુ, ઘોડાગાડી. તો આપણને બળદ કે ઘોડો ગાડીને ખેંચતો દેખાય પણ મોટરને ખેંચવાવાળો તો તેની અંદર જ લાગેલો છે. તેની તો આપણને ખબર જ ન પડે કે કોણ ચલાવી રહ્યું છે? એ તો આપણને ખબર છે કે મોટર્ કોણ ચલાવી રહ્યું છે પણ કોઈ બહારનો માણસ આવે તો તેને બહુ નવાઈ લાગે મોટરને કોણ ચલાવી રહ્યું છે?

## ૪૧. જગત્નો ખેલ :

હમણાં એક મહીના પહેલાં હું મુંબઈમાં જુહૂના કિનારે ફરવા ગયો. ત્યાં એક જાપાનની બનાવેલી કાર, જે રિમોટ્ સિસ્ટમથી ચાલે, તેને એક માણસ જોગીની જેમ બેસીને પોતાની પાસેના રિમોટ્ કન્ટ્રોલથી તેને ચલાવી રહ્યો હતો. હવે બધી જ ભીડ ઊભી થઈ ગઈ કે કાર પોતાની મેળે કેમ ચાલી રહી છે? હવે તે કારની અંદર એવી ડિવાઈસ્ લાગેલી હતી અને તે તેને રિમોટ્ કન્ટ્રોલથી ચલાવી રહ્યો હતો. તે વળવાનું બટન દબાવે તો કાર વળી જાય, ઊભી રહેવાનું બટન દબાવે તો કાર ઊભી રહી જાય, મેં કહ્યું કે આ શેની ભીડ છે? હું પણ એકબાજુથી જોવા લાગ્યો. હું પણ ઊભો થઈ ગયો. એટલામાં એક બાજુથી કુતરો દોડતો આવ્યો અને કારની બાજુમાં ઊભો રહી ગયો. હવે જેવી કાર ચાલી કુતરો ઊભી પૂંછડીએ ભાગ્યો. તે ડરી ગયો કે કાર પોતાની મેળે ચાલી તો કેવી રીતે ચાલી? આ નવું જનાવર ક્યાં પેદા થઈ ગયું? આપણે જનાવર નથી પણ આપણને લાગે કે કોઈ નવું ચાલતું ફરતું જનાવર હોવું જોઈએ. મને એ સમજાણું કે આપણા બધાની આ જ ગતિ છે, ખેલ શું જોવો! ચાલો ઘરે ચાલો. તો હું મારા ઘરે ભાગીને આવી ગયો. માણસને નવું ચાલતું સમજમાં ન પડે કે અંદરથી ચાલી રહ્યું છે કે બહારથી

ચાલી રહ્યું છે. નીચેથી ચાલી રહ્યું છે કે ઉપરથી ચાલી રહ્યું છે. એક તમાશો પેદા થઇ ગયો. બધા લોકો ઊભા થઇને જોવા લાગ્યા. ભીડ ભેગી થઇ ગઇ. પોતાની મેળે ગાડી કેમ ચાલી રહી છે? સમજાય જ નહીં. આવી જ રીતથી જગત્‌ના દરેક તમાશા ચાલી રહ્યા છે. દરેક ખેલ આવી રીતે જ જોડાયેલો છે. **‘‘ઈશ્વરઃ સર્વભૂતાનાં હૃદ્દેશે અર્જુન તિષ્ઠતિ ભ્રામયન્ સર્વ ભૂતાનિ યન્ત્રારૂઢાનિ માયયા’’** (ભગ.ગીતા.૧૮।૬૧). આપણે ગભરાઇ જઇએ કે ચાલી કેવી રીતે રહ્યું છે પોતાની મેળે? અંદરથી કોઇ ચલાવી રહ્યો છે, બહારથી દેખાતો નથી, ક્યાંથી ખેંચી રહ્યો છે? કોણ ખેંચી રહ્યો છે?

## ૪૨. સર્વાકારને સમજવું મુશ્કેલ :

તે દરેક આકારને ધારણ કરીને, આકાર ધારણ કરવાવાળો આકારમાં જ છુપાઇ ગયો છે. ક્યાંય બીજે નથી છુપાણો. તે આકાર જ તેના પડદાનું માધ્યમ બની ગયો. આ આકારમાં તે છુપાયેલો છે, એવું જે પાસુ છે તે પાસુ પરમાત્મા કહેવામાં આવે છે. આ પાસુ જો નહી સમજો તો ગીતાનું તાત્પર્ય ક્યારેય પણ નહીં સમજી શકો. આ થર્મોમીટર્ દરેક વખતે તમારી પાસે રાખો. સર્વાકાર પરમાત્માને તમે સમજી લ્યો. આટલા માટે જ ભગવાને પોતાના ખુદના પુરુષોત્તમ હોવાનું ગીતામાં કેટલીય વખત કહ્યું છે. **‘‘અવજાનન્તિ માં મૂઢા માનુષીં તનુમ્ આશ્રિતમ્ પરં ભાવમ્ અજાનન્તો મમ ભૂતમહેશ્વરમ્... જન્મ કર્મ ચ મે દિવ્યમ્ એવં યો વેત્તિ તત્ત્વતઃ ત્યક્ત્વા દેહં પુનર્જન્મ ન એતિ મામ્ એતિ સોડઅર્જુન’’** (ગીતા.૯।૧૧, ૪।૯). આવી રીતે પુરુષોત્તમ ભગવાન્ હોવાની ઘોષણા ઘણી વખત કરી છે. પણ તે વાત સમજાવવા માટે અર્જુનને કેમ ન કહ્યું ‘‘લે હું તને દિવ્યદૃષ્ટિ આપું, જોઇ લે હું પુરુષોત્તમ છું.’’ ખાલી સમજાવી દીધી, અર્જુન પણ સમજી ગયો. અક્ષરબ્રહ્મ માટે પણ ભગવાને ઘણી વાતો સમજાવી છે. ઘણી વખત અક્ષરબ્રહ્મનું નિરૂપણ કર્યું. જે નિરાકારવાળુ પાસુ છે તે પાસા માટે પણ ભગવાને ક્યારેય એમ ન કહ્યું ‘‘લે હું તને દિવ્યદૃષ્ટિ આપું’’ પણ પરમાત્માનું સર્વાકારવાળુ પાસુ સમજવું બહુ અઘરૂં છે. કાંઇ સમજાય જ નહીં કે એક જ સમયે એક વ્યક્તિ સર્વાકાર કેવી રીતે થઇ શકે છે. તે કિનારીવાળુ તત્ત્વજ ધ્યાન બહાર રહે છે. બાકી કાંટા અને છાપ તો બધાને દેખાય છે. નિરાકાર બધાને લાગે છે. પુરુષાકાર બધાને દેખાય છે પણ સર્વાકારવાળુ પાસુ ગાયબ રહે છે. તેથી ભગવાને કહ્યું **‘‘દિવ્યં દદામિ તે ચક્ષુ પશ્ય મે યોગમ્ ઐશ્વરમ્’’** (ગીતા.૧૧।૮). જો

સર્વઆકાર મારામાં છે. આ એક પાસુ સમજાય તો ગીતા સમજી શકાય. આ વિરાટ સમજાતો ન હોય તો આપણી ગીતાને ભણવા લાયક દિવ્યદષ્ટિ નથી, જ્યારે પરમાત્મા સમજાય ત્યારે ગીતા ભણવા લાયક દષ્ટિ છે.

ભગવાન્ કહે છે **‘‘દિવ્યં દદામિ તે ચક્ષુ પશ્ય મે યોગમ્ ઐશ્વરમ્’’** અને એમ કહ્યું **‘‘ભકત્યા તુ અનન્યયા શક્યમ્ અહમ્ એવંવિધો અર્જુન જ્ઞાતું દ્રષ્ટું ચ તત્ત્વેન પ્રવેષ્ટું ચ પરન્તપઃ’’** (ગીતા.૧૧।૫૪). જે વખતે ભગવાન્ ખુદ રથ ઉપર બિરાજી રહ્યા છે અને દિવ્યદષ્ટિનું દાન આપ્યું અર્જુનને, તે વખતે સર્વાકાર પરમાત્મા અર્જુનને દેખાઈ ગયો અને એ જ કૃષ્ણ બંને સેનાઓની વચ્ચે બેઠેલા અને બીજા કોઈને સર્વાકાર ન દેખાયો સિવાય અર્જુન. અર્જુનને જ દેખાણું. બીજા લોકો તો એમ જ સમજતા રહ્યા કે સારથી અને રથી વચ્ચે કાંઈક વાર્તાલાપ ચાલી રહ્યો છે ! પણ તે જે તેમની અંદરોઅંદર વાતો ચાલી રહી હતી તે વાતો દરમ્યાન કેટલી મોટી ઘટના ઘટિત થઈ ગઈ કુરુક્ષેત્રમાં. જે કૃષ્ણને અર્જુન એમ સમજી રહ્યો હતો કે મારા મિત્ર છે અને બહુ મહાનમિત્ર છે, જેને લોકો પુરુષોત્તમ માને છે જેને લોકો ભગવાન્ માને છે, તે અર્જુને પોતે પણ તો કહ્યું **‘‘અસિતો દેવલો વ્યાસઃ સ્વયં ચૈવ બ્રવીષિ મે સર્વમ્ એતદ્ ઋક્તમ્ મન્યે યદ્ માં વદસિ કેશવ!’’** (ગીતા.૧૦।૧૩). તે બધું તો માની શકાય છે. અર્જુન પણ માની શકતો હતો. અર્જુનને પણ જે વાત પલ્લે નહોતી પડી, તે એક કિનારીવાળા પાસાની હતી કે જે પુરુષાકાર દેખાઈ રહ્યો છે તે શું સર્વાકાર હોઈ શકે છે? અર્જુનને ભગવાને દિવ્યદષ્ટિ આપી. દિવ્યદષ્ટિથી અર્જુનને જ જોવામાં આવ્યું બીજા કોઈ જોઈ ન શક્યા. હવે પ્રશ્ન થાય કે પરમાત્મતત્ત્વ આપણને કેમ સમજાશે? આ સમજવું છે તો ભગવાને કહ્યું સારું. હું એક દિવ્યદષ્ટિ બીજી આપી રહ્યો છું તને. **‘‘ભકત્યા તુ અનન્યયા શક્ય અહમ્ એવંવિધો અર્જુન જ્ઞાતું દ્રષ્ટું ચ તત્ત્વેન પ્રવેષ્ટું ચ પરન્તપ’’** (ગીતા.૧૧।૫૪). બારમા અધ્યાય પહેલાં અગીયારમા અધ્યાયનો જે સમઅપ્ (ઉપસંહાર) કર્યો છે પ્રભુએ તેમાં એમ કહ્યું છે **‘‘સુદુર્દર્શમ્ ઈદં રૂપં દ્રષ્ટવાન્ અસિ યદ્ મમ દેવાઅપિ અસ્ય રૂપસ્ય નિત્યં દર્શનકાંક્ષિણઃ’’** (ગીતા.૧૧।૫૨). આ મારું સર્વાકારતાનું જે રૂપ મેં તને બતાવ્યું. આ રૂપને જોવા માટે તો દેવતાઓ તલસે છે. આ વાત તું સમજજે અર્જુન. આ કાંઈ સાધારણ ઘટના ન હતી કે પુરુષાકારમાં બેઠેલાને અનંત આકારોમાં જોવો અને જેને બતાવ્યું તેને જ દેખાયું બીજા બધા એમ જ જોતા

રહી ગયા. જેને દેખાણું તેને જ દેખાણું બીજા કોઈનેય કાંઈપણ ન દેખાયું. તો પ્રશ્ન પેદા થાય કે ''શું ભગવાને અર્જુન ઉપર વશીકરણ કરી દીધું હતું? નહીં નહીં! એવી વાત નથી. આ બહુ મોટી ઘટના હતી જે અર્જુનને સમજાણી અને એટલા માટે ભગવાન્ કહે છે **''દેવા અપિ અસ્ય રૂપસ્ય નિત્યં દર્શનકાંક્ષિણઃ. ન અહં વેદૈઃ ન તપસા ન જ્ઞાનેન ન ચ ઈજ્યયા શક્ય એવંવિધો દ્રષ્ટું દૃષ્ટવાન્ અસિ માં યથા''** (ગીતા.૧૧।૫૨-૫૩). ન વેદથી આ વાતને ઓળખી શકાય છે. ન તપ કરવાથી. જ્યારે પણ તમે વેદ ભણશો તો તમારા તર્કના જે ડબ્બા છે એમાં જ તો ક્યાંકને ક્યાંક વેદને પૂરશો તમે, અને ડબ્બા બે જાતના છે. આપણને આ તો સમજાય છે કે એક નિરાકાર હોય છે અને બીજો કૂદકો લોલકની જેમ તે તરફ ગયો તો તે એમ સમજમાં આવે કે અથવા પુરૂષાકાર છે. વચ્ચેની સ્થિતિમાં ઘડીયાળનું લોલક કેટલી વખત ટકે? લોલક જે ઘડીયાલનું ચાલે છે આમથી આમ, તેમાં ટક્નો જે ખટકો (અવાજ) છે એતો વચમાં જ થાય છે. બાકી અહીં અને ત્યાં તો ખાલી આવતું જતું રહે. તો વચ્ચેનો ખટકો કોઈને સમજમાં નથી આવતો. પેલી બાજુ જાય તો લાગે કે ગયુ અને આ આ બાજુ આવે ત્યારે દેખાય કે આવ્યું પણ વચ્ચે જે ખટકો છે એજ આપણા ધ્યાનમાંથી સરકી જાય. એક ખૂબ જ નાજુક ક્ષણ છે કે ખટ્ થયું નહીં કે લોલક તે તરફ ગયું. નિરાકારથી સાકાર ઉપર જાય એકવાર. સાકારથી ઉછળ્યો તો સીધો નિરાકાર ઉપર જાય. પણ આ જે વચલો ખટકો છે તે સમજાય તો સમજાય. જેના માટે ભગવાન્ કહે છે **''નાહં વેદૈઃ ન તપસા ન જ્ઞાનેન ચ ઈજ્યયા શક્ય એવંવિધો દૃષ્ટું દૃષ્ટવાન્ અસિ માં યથા''**. ન વેદથી, ન તપથી, ન દાનથી, ન યજ્ઞથી, એકેય પ્રકારથી આ ખટકો નહીં સમજાય. કેમકે જ્યારે પણ તમે જોવાની કોશિશ કરશો ત્યારે જે તમારા ભેજામાં જામેલા ડબ્બા છે તર્કના તે દેખાડશે કે કાં તો કોઈક સાકાર હોય છે કાં નિરાકાર. પણ વચ્ચેની કિનારી ગાયબ રહે છે. એટલા માટે ભગવાન્ કહે છે **''ભક્ત્યા તુ અનન્યયા શક્ય અહમ્ એવંવિધો અર્જુન જ્ઞાતું દ્રષ્ટું ચ તત્ત્વેન પ્રવેષ્ટું ચ પરન્તપ''**. અનન્ય ભક્તિ હશે તારામાં તો આ વાત સમજતાં તને વાર નહીં લાગે કે સર્વાકાર પણ હું જ છું, નિરાકાર પણ હું છું અને પુરુષાકાર પણ હું જ છું.

ખરેખર હું સમજું છું કે ભગવાને જે દિવ્યદષ્ટિ આપી હશે તે દિવ્યદષ્ટિ ભક્તિની, અનન્યરૂપમાં જ આપી હશે. તો જ આ વાત સમજી શકાય. અનન્યભક્તિ વિના પરમાત્મામાં આ વાત સમજી ન શકાય. કેમકે માણસ

પરમાત્માથી ડરી શકે છે, પરમાત્માને ડરાવી શકે છે પણ પરમાત્માને ભજવા એ ભક્તિ વિના કેવી રીતે થઈ શકે? માણસને જ્ઞાનનું બહુ જોશ આવે તો કહી દેશે કે જાવ, **‘‘અહં બ્રહ્માસ્મિ’’**. માણસમાં નબળાઈ આવી તો, કહેશે લે ભઈ ‘‘તું જ છો, તું જ છો, તું જ છો’’ એમ કરવા મંડી જાય. ‘‘સર્વાકાર તું છે’’ એમ કહેવામાં થોડોક માદ્દા જોઈએ. એટલે છાતી ફુલાય એવી વાત છે. કેમકે સર્વાકારના અન્તર્ગત જ્યારે સર્વનો અર્થ આપણે કરવા બેસશું તો ચોર પણ આવશે, સંત પણ આવશે, સ્ત્રી પણ આવશે, પુરૂષ પણ આવશે, જ્ઞાની પણ આવશે, અજ્ઞાની પણ આવશે, પાપી પણ આવશે, પુણ્યાત્મા પણ આવશે, હાથી પણ આવશે, ભૂંડ પણ આવશે. બધું જ કાંઈ આવશે. હવે આ વાત કહેવામાં ચિત્ત ગભરાઈ જાય કે હવે શું થશે? આટલી બધી વસ્તુઓ જ્યારે આવતી હોય સર્વાકારના અર્થમાં. પણ ભગવાને પોતાના સર્વાકારમાં બધું જ બતાવ્યું અને એટલી હદ સુધી બતાવ્યું કે સર્વાકાર વિરાટ સ્વરૂપમાં અર્જુનને અર્જુન પણ દેખાયો, દુર્યોધન પણ દેખાયો, યુધિષ્ઠિર પણ દેખાયા, આખું મહાભારત દેખાયું. જીવનની શક્તિ દેખાઈ, મરણની શક્તિ દેખાઈ, યમરાજ દેખાયા, સૂર્ય દેખાયો, બધું જ દેખાયું, મૃત્યુ જોયું, અમરતા જોઈ. આટલું બધું જોઈને માણસનું ચિત્ત ગભરાઈ જાય. અર્જુનનું ચિત્ત આ જોતા જોતાં ગભરાઈ ગયું. બોલ્યો ‘‘મહારાજ! ભૂલ થઈ ગઈ કે તમારી સામે ભલામણ કરી કે તમારૂં પરમાત્મરૂપ બતાવો’’ પરમાત્મરૂપ જોવાની જરૂર નથી. પરમાત્મરૂપ ફક્ત સમજવાની જરૂર છે. સમજાઈ જાય તો બસ વાત સુધરી ગઈ. જોવા જશું તો ગભરાઈ જશું. **‘‘દિવિ સૂર્યસહસ્રસ્ય ભવેદ્ યુગપદુત્થિતા યદિ ભાઃ સદૃશિ સા સ્યાદ્ ભાસઃ તસ્ય મહાત્મનઃ’’** (ગીતા.૧૧।૧૨). એટલે જાણે હજાર સૂર્ય એકસાથે ઉગ્યા હોય, તેની કેવી ચમક હોઈ શકે છે એક સૂર્યને થોડીકવાર માટે આપણે ભૂલથી જોઈ લઈએ તો પછી દુનિયાની કોઈ વસ્તુ જોઈ નહીં શકીએ. ચારે બાજુ અંધારું થઈ જશે. જો હજાર સૂર્યો ઉપર કોઈએ નજર સ્થિર કરી તો પછી કઈ ચીજ દેખાશે? દેખાતી બંધ થઈ જશે. કેમકે દષ્ટિની તાકાત નથી કે એ સર્વાકારતાને તે ગ્રહણ કરી શકે. પણ એક શક્તિ છે કે જે શક્તિના કારણે આ વાત સારી રીતથી સમજી શકાય છે અને તે છે **‘‘ભક્ત્યાતુ અનન્યયા શક્યમ્ અહમ્ એવંવિધો અર્જુન જ્ઞાતું દ્રષ્ટું ચ તત્ત્વેન પ્રવેષ્ટું ચ પરન્તપ’’** સમજી શકો છો, આને જોઈ શકો છો, એ કોઈ વશીકરણ ન હતું, આ કાંઈ ઉપાસના માટે કલ્પિત રૂપ ન હતું.

## ૪૩. શું સર્વાકારતા કેવળ ઉપાસનાર્થ છે?

કેટલાક લોકો એમ કહે છે કે આ સર્વાકારતા કેવળ ઉપાસનાર્થ છે. પરમાત્માની આ રીતથી ઉપાસના કરો. જેમ પત્થરમાં આપણે ભગવાન્‌ની ઉપાસના કરીએ છીએ. જેમ સોપારીમાં ગણપતિજી પધરાવીને ‘‘ગણપતિમ્ આવાહયામિ... પૂજયામિ...વિસર્જયામિ’’ કરી દઈએ છીએ. એમ આ પરમાત્માના સર્વાકારતાની કેવળ ઉપાસના છે? ભગવાન કહી રહ્યા છે ‘‘નહીં આ ઉપાસના નથી’’ કેમ **‘‘જ્ઞાતું દ્રષ્ટું ચ તત્ત્વેન’’** આ તત્ત્વદષ્ટિ છે. આ દર્શન પરમાત્માની સર્વાકારતાનું તત્ત્વદર્શન છે. **‘‘પ્રવેષ્ટું ચ પરન્તપઃ...મત્કર્મકૃત્ મત્પરમો મદ્ભક્તઃ સંગવર્જિતઃ નિર્વૈરઃ સર્વભૂતેષુ યઃ સ મામ્ એતિ પાણ્ડવ!’’** (ગીતા.૧૧।૫૪-૫૫). જો તને કોઈ રૂપોથી વેર છે, જ્યાં સુધી તારી અંદર દ્વેષ છે કોઈ રૂપ સાથે ત્યાં સુધી તો સતત તારા હૃદયમાં ખટકો રહેશે જ કે ઘોડો તો પરમાત્મા હોઈ શકે પણ ગધેડો કેવી રીતે હોઈ શકે? અરે! પણ જ્યારે પરમાત્માની વાત વિચારશો ત્યારે બધા નામ રૂપ તેના માટે થયા છે. ઘોડા અને ગધેડા ના ભેદ તમે ઉભા કર્યા છે. પરમાત્માના ઉભા કરેલા નથી. ઘોડા અને ગધેડા ના ભેદ આપણે પરમાત્મામાં માની લીધા છે. **‘‘સમો અહં સર્વભૂતેષુ ન મે દ્વેષ્યો અસ્તિ ન પ્રિયઃ યે ભજન્તિ તુ માં ભક્ત્યા મયિ તે તેષુ ચાપિ અહમ્’’** (ગીતા.૯।૨૯). જે મારું ભજન કરે છે. જે મારી ભક્તિ કરે છે, તેને બધું જ કાંઈ મારામાં જોવામાં આવશે એટલા માટે જ્ઞાનમાર્ગની જે જોવાની રીત છે અને ભક્તિમાર્ગની જે જોવાની રીત છે તેની વચ્ચે મૌલિક અંતર અહીં આવીને સ્ફૂટ થાય છે. જ્ઞાની દરેક વસ્તુમાં ભગવાન્‌ને જોવા માગે છે અને ભક્ત દરેક વસ્તુને ભગવાન્‌માં જોવા માગે છે. અહીં આવીને તેમાં ફરક પડી જાય છે. જ્ઞાની દરેક નામ-રૂપમાં બ્રહ્મનું દર્શન કરવા માગે છે. ભક્ત દરેક નામ-રૂપને ભગવાન્‌માં જોઈ રહ્યો છે. **‘‘ત્વમેવ માતા ચ પિતા ત્વમેવ ત્વમેવ બન્ધુશ્ચ સખા ત્વમેવ. ત્વમેવ વિદ્યા દ્રવિણં ત્વમેવ ત્વમેવ સર્વં મમ દેવદેવ!’’** આ ભક્તિનો મૂળ ભાવ છે. તું મારા માટે બધું જ કાંઈ છે. મારી માં પણ તું છે, મારો પિતા પણ તું છે, મારો ભાઈ, સખા, પૈસા બધું જ કાંઈ તું છે. સર્વરૂપતા આપણા અંદર ભક્તિ હશે તો પરમાત્મામાં જોઈ શકાશે અને ભક્તિમાં જરા પણ ઓછપ આવી તો સર્વરૂપતામાં ચક્કર પડી જશે. એમ લાગશે કે આ તો છે પણ આ કેમ હોઈ શકે? જે ભક્તને સ્નેહ છે પરમાત્મા પ્રત્યે તેને બધા રૂપ પરમાત્મામાં દેખાય. જે રૂપમાં પરમાત્માને જોવો હોય તે રૂપમાં દેખાવા લાગશે. બધા રૂપ દેખાવા લાગશે. ભક્તિની પહેલી

શરત છે પરમાત્માનો બોધ. ભક્તિ કરવી છે તો પરમાત્માનું સ્વરૂપ સારી રીતથી સમજવું જોઈએ. જો ભક્તિ નથી કરવી, જ્ઞાન કરવું છે તો અક્ષરબ્રહ્મનું સ્વરૂપ સારી રીતથી જાણો, તે નિરાકાર છે. નિરાકાર હોવા છતાં તેની ઉપસ્થિતિને લીધે આખું જગત્ કેવી રીતે ક્રીડા કરી રહ્યું છે.

## ૪૪. જ્ઞાનયોગ અને ભક્તિયોગ :

અક્ષરબ્રહ્મનો બોધ સમજો જો ભક્તિ કરવી છે. જ્યારે આપણે જ્ઞાનયોગ અને ભક્તિયોગની તુલના કરી રહ્યા છીએ તો આ વાત સમજવી જોઈએ કે જ્ઞાનયોગ અક્ષરબ્રહ્મથી પરમાત્મા તરફની ગતિ છે. પરમાત્માથી પુરુષોત્તમ ભગવાન્ સુધીની મનની ગતિ ભક્તિયોગ છે. અક્ષરબ્રહ્મથી જે વખતે મન પરમાત્મા સુધી પહોંચે, તો જ્ઞાનયોગના રસ્તા ઉપર બૌદ્ધિક યાત્રા છે. જે વખતે પરમાત્માથી હૃદય પુરુષોત્તમ સુધી પહોંચે, તે યાત્રા ભક્તિની. ભક્તિયુક્ત હૃદયની યાત્રાનું આરંભબિન્દુ પરમાત્મા છે અને તેનું ચરમબિન્દુ પુરુષોત્તમ છે.

જ્ઞાનની યાત્રા અક્ષરબ્રહ્મથી શરૂ થાય છે અને પરમાત્મા સુધી પહોંચે છે. જે જ્ઞાની અક્ષરબ્રહ્મથી જ્ઞાનની યાત્રા શરૂ કરીને પરમાત્મા સુધી પહોંચી ન શકે ,તે જ્ઞાનીના જ્ઞાનમાં કાંઈક વિફલતા રહી જાય છે. એમ ભાગવત આપણને સમજાવે છે. **‘‘યે અન્યે અરવિન્દાક્ષ! વિમુક્તમાનિનઃ ત્વયિ અસ્તભાવાદ્ અવિશુદ્ધબુદ્ધયઃ આરુહ્ય કૃચ્છેણ પરં પદં તતઃ પતન્તિ અધો અનાદૃતયુષ્મદઙ્ઘ્રયઃ’’** (ભા.પુરા.૧૦।૨।૩૨). ખૂબ મહેનત પડે છે, પહેલાં ક્ષર જગત્થી અક્ષરબ્રહ્મ સુધી યાત્રા કરવી જ ખૂબ મહેનતનું કામ છે. એટલી મહેનત કરીને જે આગળ પહોંચી શકે છે, અક્ષરબ્રહ્મનો સાક્ષાત્કાર કરી શકે છે અને એ કરીને પણ જો પરમાત્મા સુધી પહોંચી ન શક્યો, તો પડવાની ઘણી સંભાવના છે. પરમાત્માથી યાત્રા શરૂ કરો, પુરુષોત્તમ સુધી જવું છે તો. બહુ સરળ યાત્રા છે. કોઈ તકલીફ નથી. લોજીકલી (તાર્કિક રીતે) ક્યારેક આનો વિચાર કરો. જુઓ જે સર્વાકાર છે તેને પુરુષાકાર થવામાં શેનું જોર પડશે? જે સર્વાકાર છે તેને આપણે વધારામાં પુરુષાકાર માની લીધો.

એક ‘જેનો’ નામનો તત્ત્વચિંતક યૂનાન્માં થયો. તે એમ કહેતો કે જો ઘોડાને મૂર્તિ બનાવતા આવડતી હોત તો ઘોડો પરમાત્માની મૂર્તિ ઘોડાના આકારની બનાવત. માણસને મૂર્તિ બનાવતા આવડે છે. એટલે માણસે

ભગવાન્‌ની મૂર્તિ માણસના આકાર જેવી બનાવી. કોણ જાણે કેટલાય લોકો આવી વાતનો વિચાર કરી કરીને નાસ્તિક થઈ ગયા. વાહ! શું વાત કરી છે! પણ ક્યારેય પરમાત્માનો અને ભગવાન્‌નો કન્સેપ્ટ્ (વિચાર) જે છે, એની સંગતિ કરીને જોઈએ તો આપણને ખબર પડે કે જો ઘોડો પોતાના જેવી મૂર્તિ બનાવે તો તેમાં શું ખોટું છે? **"સમો નાગેન સમો મશકેન"** (બૃહ.ઉપ.૧।૩।૨૨). તે હાથીના બરાબર પણ છે અને મચ્છરના બરાબર પણ છે, આમ ઉપનિષદ્ કહે છે. હું તો કહું કે ઘોડાને ઘોડાના રૂપમાં જ ભગવાન્‌ની પૂજા કરવી જોઈએ. મનુષ્યને મનુષ્યના રૂપમાં કરવી જોઈએ. હાથીને હાથીના રૂપમાં કરવી જોઈએ. આટલા માટે જ આપણા પુરાણોની કથાઓમાં પરમાત્માના બધા રૂપ બતાવવામાં આવ્યા છે. હંસાવતાર પણ છે, કચ્છપાવતાર પણ છે, મત્સ્યાવતાર પણ છે. અરે! બીજું તો ઠીક પણ વરાહ (ભૂંડ) અવતાર પણ છે, જેને આપણે ગંદુ પ્રાણી માનીએ છીએ. ભગવાન્ ક્યું રૂપ ધારણ નથી કરી શકતા? આ બધા અવતારોની યાદીમાં ધ્યાન આપશો તો જણાશે કે તે પરમાત્માની લીલાને જ ભગવલ્લીલામાં ઘટિત કરીને બતાવી રહ્યા છે પુરાણો. જેમ કે આ વિષય થોડો અઘરો લાગશે તમને પણ સમજશો તો કાંઈ અઘરા જેવું નથી. જેમ આપણે યુક્તિ આપતા હોઈએ, તો યુક્તિ આપવા માટે એમ કહેવામાં આવે છે કે ઓલ મેન્ આર્ મોર્ટલ્. સોક્રેટીઝ્ ઈઝ્ મેન્. ધેરફોર્ સોક્રેટીઝ્ ઈઝ્ મોર્ટલ્. દરેક માણસ મરણશીલ છે. સુકરાત્ માણસ છે. તેથી સુકરાત્ મરણશીલ છે. આવો નિષ્કર્ષ આપણે લેવો હોય તો તેના પહેલાં આપણામાં મેઝર્પ્રિમાઈઝ હોવી જોઈએ કે ઓલ મેન આર મોર્ટલ્. એવી રીતે પુરુષાકાર ભગવાન્ સાક્ષાત્ પરમતત્ત્વ છે, આવો નિષ્કર્ષ લેવો હોય, તો મેજરપ્રિમાઈઝ પરમાત્મા છે. તે સર્વાકાર છે. તે સર્વાકાર છે તેથી તે પુરુષાકાર પણ હોઈ શકે છે. પણ જો પરમાત્મતત્ત્વ ન સમજ્યા હોઈએ તો સતત મનમાં ચક્કર ચાલતું રહેશે કે પુરુષાકાર કેવી રીતે પ્રકટ થયો!

## ૪૫. ભક્તિ=પરમાત્માને સમજીને ભગવાનને ચાહવા ગીતાનો મુખ્ય સિદ્ધાંત :

અમારા મુંબઈમાં આ જે ભાગવત સપ્તાહના કૌભાંડ ચાલી રહ્યા છે, તેમાં એક શાસ્ત્રીજીએ કહ્યું કે "શુદ્ધ સોનાનો ઘાટ ઘડી ન શકાય, થોડુંક તાંબુ ઉમેરવું પડે ત્યારે ઘાટ ઘડી શકાય. એવી રીતે શુદ્ધ બ્રહ્મનો આકાર ઘડાય નહીં, એમાં થોડીક માયા ઉમેરવી પડે તો આકાર ઘડાય" હવે ખરેખર આવી વાત નથી ભાઈ!

સર્વાકાર પરમાત્મા ઉપર ધ્યાન આપો તો ખબર પડશે કે પુરૂષાકાર થવામાં તેને ક્યું જોર પડશે? આ પુરૂષાકાર થવામાં કોઈ જોર નહીં પડે. કેમકે બધા આકાર છેવટે તેના જ છે. જ્યારે બધા આકાર તેના છે તો પુરૂષાકાર પણ તેનો છે. બુદ્ધિથી અને હૃદયથી જો વિચાર કરો તો બહુ સરળ થઈ જાય યાત્રા, ભક્તિની જે નવવિધ પ્રક્રિયાઓ છે, તેમાં વિચારો શ્રવણ, કીર્તન, સ્મરણ, પાદસેવન, અર્ચન, વંદન, દાસ્ય, સખ્ય, આત્મનિવેદન–ભક્તિના જે નવ પાસા છે, એ પાસાઓને વિચારો. એક વખત એ સમજાય કે બધા આકાર પરમાત્માના છે, તો સમજતા વાર નહીં લાગે કે પુરૂષાકાર પણ પરમાત્મા જ છે. આ વાત એકદમ સ્પષ્ટ થઈ જાય છે. જો પરમાત્માથી ભક્તિની યાત્રા શરૂ ન થઈ અને ભગવાન્થી શરૂ થઈ તો કાંઈક ગોટાળો થશે. કેમકે દિમાગ/મગજ ચકરાવે ચડી જશે. આટલા માટે જ મહાપ્રભુજી આજ્ઞા કરે છે **‘‘માહાત્મ્યજ્ઞાનપૂર્વસ્તુ સુદ્ઢો સર્વેતોધિકસ્નેહોઃ ભક્તિ ઈતિ પ્રોક્તઃ’’** પરમાત્માનું માહાત્મ્ય સમજો જે પુરૂષાકાર ભગવાન્ કૃષ્ણ છે અથવા જેને જે ભગવાન્ ગમતો હોય, તે આકારના ભગવાન્ની ભક્તિ કરો. તમારી યાત્રા સરળ થઈ જશે. કેમકે ભક્તિ પરમાત્માની કરવી બહુ અઘરી છે. સર્વાકારની ભક્તિ કરવી બહુ અઘરી છે. સર્વાકારને સમજવો સરળ છે પણ સર્વાકારની ભક્તિ કરવી કઠીન છે. માણસને સ્નેહ પોતાના આકારવાળા સાથે જ થઈ શકે. જેમ જેઓએ તર્ક આપ્યો કે ઘોડો જો મૂર્તિ બનાવત તો તે ઈશ્વરની મૂર્તિ ઘોડા જેવી બનાવત. આ સાચી વાત છે કે ઘોડાને જેટલો પ્રેમ ઘોડા સાથે હશે, એટલો માણસ સાથે નહીં હોય. કેમકે માણસ નિરંતર ચાબુક મારે. ઘોડાના મનમાં માણસનો પ્રભાવ બહુ ખરાબ છે કે એ ખાલી ચાબુક મારવા સિવાય બીજુ કોઈ કામ કરતો નથી. દોડાવવા સિવાય બીજું કામ કરતો નથી. ફક્ત ઓછું ઘાસ આપવા સિવાય કાંઈ સારું કામ કરતો નથી. એટલા માટે ઘોડાને બધા કરતાં ખરાબ પ્રાણી મનુષ્ય જ લાગતો હશે. જેમ આપણને સૌથી ખરાબ પ્રાણી ક્યું લાગે? આપણને ખરાબ પ્રાણી ઉંદર લાગે જે અનાજ ખાઈ જાય, આપણને ખરાબ પ્રાણી મચ્છર લાગે જે આપણું લોહી પી જાય. એમ ઘોડાને પૂછો કે સૌથી ખરાબ પ્રાણી કોણ? તો એ મચ્છર નહીં કહે, તે કહેશે કે સૌથી ખરાબ પ્રાણી પૃથ્વી ઉપર કોઈ પેદા થયું હોય તો તે મનુષ્ય છે જે નિરન્તર ઓછું ઘાસ આપે અને ખૂબ દોડાવે. માણસના પોત–પોતાના કન્સેપ્ટ્ છે. મચ્છરને પૂછો કે સૌથી સારું પ્રાણી ક્યું? તો તે કહેશે કે મનુષ્યથી સારું પ્રાણી કોઈ નથી. જ્યારે પણ ડંખ મારો તો સ્વાદ જ આવે. હરિશ્ચંદજી કહે છે કે ‘‘રસગુલ્લા બાસોંધીકી બાત નિત્ય નઈ’’ તેવી રીતે એક એક સામગ્રી તેને મળે તો કહે કે મનુષ્ય ખૂબ વધે, ખૂબ તેને ખોરાક મળે, ખૂબ

સ્વાદ આવે, કેમકે તેનો ખોરાક મનુષ્ય છે. તેને મનુષ્ય સારો લાગશે.

મુંબઈમાં એક કોન્વેન્ટ્ સ્કુલ છે. ત્યાંનો એક હિન્દીનો શિક્ષક બતાવી રહ્યો હતો કે તેણે છોકરાઓને કહ્યું કે ગાયની ઉપર એક નિબંધ લખો. છોકરાઓએ નિબંધ લખ્યો કે ગાય બહુ સ્વાદિષ્ટ પ્રાણી છે. ત્યાં બધા સામિષ(માંસાહારી) છોકારાઓ ભણતા હતા. તો ત્યાંના શિક્ષકે મને લાવીને બતાવ્યું કે જુઓ ગાયની મહત્તા કેટલી છે કે ગાય બહુ સ્વાદિષ્ટ પ્રાણી છે. મને યાદ આવ્યું કે શરૂઆતમાં જ્યારે પાદરી લોકો આફ્રિકા ગયા ખ્રિસ્તી ધર્મનો પ્રચાર કરવા ત્યાં એક પાદરી પછી બીજો પાદરી ગયો. તેણે પૂછ્યું કે ''પહેલાનો પાદરી કેવો હતો?'' એમણે કહ્યું ''ખૂબ જ મીઠો હતો'' તેણે કહ્યું જોખમ છે અહીં તો. બિચારા પાદરીને જ તેઓ ખાઈ ગયા. માણસને શું સારું લાગે અને શું સારું ન લાગે. આ બહુ જટિલ સમસ્યા છે. અરે! એક વખત સર્વાકારતાનું સ્વરૂપ સમજો, એ તો સમજી શકો છો પણ સર્વાકારતાના રૂપમાં ભક્તિ કરી શકવી ખૂબ જ અઘરૂં છે.

એટલા માટે જ અર્જુને પણ જિજ્ઞાસા પ્રકટ કરી કે મહારાજ સર્વાકારતા બતાવો અને જેવું ભગવાને સર્વાકારતાનું સ્વરૂપ બતાવ્યું કે તુરત જ અર્જુને પોતાનો સ્પષ્ટ નિર્ણય આપી દીધો. **''પશ્યામિ દેવાન્ તવ દેવ દેહે સર્વાન્ તથા ભૂતવિશેષસંધાન્ બ્રહ્માણમ્ ઈશં કમલાસનસ્થમ્ ૠષીંશ્ચ સર્વાન્ ઉરગાંશ્ચ દિવ્યાન્. અનેકબાહૂદરવકત્ર નેત્રં પશ્યામિ ત્વાં સર્વતો અનન્તરૂપમ્ નાન્તં ન મધ્યં ન પુનઃ તવ આદિં પશ્યામિ વિશ્વેશ્વર વિશ્વરૂપં''** (ગીતા.૧૧।૧૫-૧૬). તમે જે સ્વરૂપ બતાવ્યું તે છે તો બહુ મજેદાર પણ ભગવાન્ મારી તકલીફ પણ તમે સમજો. **''દંષ્ટ્રાકરાલાનિ ચ તે મુખાનિ દૃષ્ટ્વૈવ કાલાનલસન્નિભાનિ દિશો ન જાને ન લભે ચ શર્મ પ્રસીદ દેવેશ જગન્નિવાસ!''** (ગીતા.૧૧।૨૫). આ સર્વરૂપમાં એવા એવા ભયંકર રૂપ બતાવ્યા કે જેનાથી બધો અહંકાર ઓગળવા લાગ્યો કે હું મારીશ નહીં. કેમકે અર્જુન એ વિચારતો હતો કે હું ભગવાન્‌ની સાથે ચર્ચા કરીને નિર્ણય કરું કે મારવા ઉચિત છે કે અનુચિત છે? તેમાં બધા વિરાટસ્વરૂપમાં તો મરેલા દેખાયા તેની અર્જુનને જે અહંકાર હતો કે હું મારીશ નહીં. અર્જુનને જે અહંકાર હતો કે મારીશ એ કહેવામાં પણ અહંકાર છે અને મારીશ નહીં કહેવામાં પણ અહંકાર છે. તે બંને જાતના એટલેકે પ્રવૃત્તિના અહંકાર

અને નિવૃત્તિના અહંકારની ફજેતી તેણે વિરાટના સ્વરૂપમાં જોઇ. હું શું મારીશ? હું કોને મારીશ? કોણ મારશે અને કોણ મરશે? કાંઇ જ ન સમજાય. એક વખત વિરાટનું રૂપ દેખાય અને અક્કલ ચકરાવે ચડી જાય. તેણે કહ્યું **''અમી ચ ત્વાં ધૃતરાષ્ટ્રસ્ય પુત્રાઃ સર્વે સહૈવ અવનિપાલસંઘૈઃ ભીષ્મો દ્રોણઃ સૂતપુત્રઃ તથા અસૌ સહ અસ્મદીયૈઃ અપિ યોધમુખ્યૈઃ વક્ત્રાણિ તે ત્વરમાણા વિશન્તિ દંષ્ટ્રાકરાલાનિ ભયાનકાનિ''** (ગીતા.૧૧।૨૬-૨૭). આ બધું એને દેખાયું કે જે-જે યોદ્ધાઓ મરવાના છે એ બધા યોદ્ધાઓના માથા ભગવાન્‌ના ભયંકર દાંતો વચ્ચે ચવાઇ રહ્યા હતા. આ ભયાનક દ્રશ્ય જોઇને અર્જુને કહ્યું કે ભઇ બહું થઇ ગયું! હવે વધારે નથી જોવું. **''વિજ્ઞાતુમ્ ઇચ્છામિ ભવન્તમ્ આદ્યં ન હિ પ્રજાનામિ તવ પ્રવૃત્તિમ્''** (ગીતા. ૧૧।૩૧). હવે મને વધુ ન દેખાડો. મને તો એ જ **''કિરીટિનં ગદિનં ચક્રહસ્તં ઇચ્છામિ ત્વા દ્રષ્ટુમ્ અહં તથૈવ તેનૈવ રૂપેણ ચતુર્ભુજેન સહસ્રબાહો ભવ વિશ્વમૂર્તે!''** (ગીતા.૧૧।૪૬). ક્યાંક દ્વિભુજેન એવો પણ પાઠ છે પણ સાચો 'ચતુર્ભુજેન' પાઠ છે. આનો ખુલાસો ભાગવત વિના થઇ ન શકે. આ હજારો હાથમને ન બતાવો. મને તો તમારા ચાર હાથજોવામાં સુંદર લાગે છે જે ભગવાન્‌ના હાથહતા. પરમાત્માના હજાર હાથજોવા માટે આંખોમાં તાકાત જોઇએ. પરમાત્માનું સર્વરૂપ નિહાળવા માટે હ્રદય કેવડું મોટું જોઇએ, વિચાર કરો!

મહાપ્રભુજીએ એટલા માટે ખૂબ જ સુંદર ખુલાસો આપ્યો છે, સમજો બુદ્ધિથી અને ચાહો હ્રદયથી. હ્રદયથી ચાહો ભગવાન્‌ને. બુદ્ધિથી સમજો પરમાત્માને, કેમકે પરમાત્માને હ્રદયથી ચાહવા માટે તો હ્રદયની એટલી વિશાળતા જોઇએ કે પરમાત્મા જ પરમાત્માને હ્રદયથી ચાહી શકે. જીવાત્માના વશની વાત નથી કે પરમાત્માને હ્રદયથી ચાહી શકે. પણ પરમાત્માને સમજી શકાય છે સારી રીતથી. પરમાત્માનું માહાત્મ્ય સમજીને સુદ્રઢ સર્વતોધિક સ્નેહ ભગવાન્‌ને કરી શકાય છે. આટલા માટે આ ગીતામાં જ્યાં ભક્તિયોગ શરૂ થયો તે ભક્તિયોગના પ્રારંભમાં એટલે બારમો અધ્યાય ભક્તિયોગ છે એટલે અગીયારમાં અધ્યાયમાં માહાત્મ્યજ્ઞાન સમજાવવામાં આવ્યું છે. વિરાટદર્શન દ્વારા. માહાત્મ્ય સમજો પરમાત્માનું અને આ જે પુરૂષરૂપ ભગવાન્ રથઉપર બેઠેલા છે, એને પુરૂષોત્તમ સમજવામાં વાર નહીં લાગે.

આ ગીતાનો મુખ્ય સિદ્ધાંત છે. આ ગીતાનો મુખ્ય સિદ્ધાંત અવશ્ય સમજવો જોઈએ. કેમ? તો એટલા માટે કે ભક્તિ આપણે ભગવાન્‌ની કરીએ છીએ પણ ભગવાન્‌ની ભક્તિ કરતાં પહેલાં જો પરમાત્માનું જ્ઞાન આપણને નહીં હોય, તો ભક્તિમાં ક્યાંકને ક્યાંક કાંઈક ગોટાળો થઈ જશે. શું ગડબડ થઈ જશે?

મને એક વખત એક વ્યક્તિ મળી. બહુ જ રોઈ રહ્યા હતા. મને કહ્યું મહારાજ! વીસ વરસ થઈ ગયા ભગવાન્‌ની સેવા કરી રહ્યો છું. હજી સુધી એ બોલ્યા નહીં'' મેં કહ્યું ''બોલ્યા નહીં તો શું તમે પહેલાથી લખાણ કર્યું હતું કે બોલશે તો ભક્તિ કરીશ?'' તો તેણે કહ્યું ''લખાણ પેપર તો નહોતા કર્યા'' મેં કહ્યું ''તો પછી તમે કરારનામા વગર સેવા કેવી રીતે શરૂ કરી દીધી? પહેલા શરત કરવી હતી કે ત્રણ ચાર વરસ સમય મર્યાદા આપવી જોઈતી હતી ભગવાન્‌ને કે આટલા વરસમાં બોલશો તો આગળ ભક્તિ ચાલુ રાખીશ નહીંતર કરારનામું ફોક કરીશ. જ્યારે તમે કરારનામુ કર્યા વગર ભક્તિ ચાલુ કરી દીધી અને હવે પસ્તાઈ રહ્યા છો કે આટલા વરસથી હું જેની સેવા કરી રહ્યો છું તે ગૂંગો છે, મૂંગો છે'' મેં કહ્યું ''અરે ભાઈ! એ ગૂંગો મૂંગો નથી. તારી બધી વાત સાંભળી રહ્યો છે એ'' તો બોલ્યો ''સાંભળતો હશે પણ મને જવાબ ન આપે તો મારા માટે ગૂંગો મૂંગો છે.'' મેં કહ્યું વાત સાચી છે કેમકે ભક્તિ આપણે કરી રહ્યા છીએ પરમાત્માને ઓળખ્યા વિના. પરમાત્માને ન ઓળખ્યા એટલા માટે આપણને લાગી રહ્યું છે કે જેની આપણે ભક્તિ કરી રહ્યા છીએ તે ગૂંગો મૂંગો છે. એ પરમાત્મા ગૂંગો મૂંગો નથી. એ બધું જ સાંભળી રહ્યો છે. પરમાત્મા નિરંતર તમારી સાથે બોલી રહ્યો છે. પણ થોડુંક ધ્યાન આપવાની જરૂર છે. ધ્યાન નહીં આપો તો ગડબડ થઈ જશે. ધ્યાન નહીં આપો તો ચક્કર પડી જશે. એક રૂપમાં તમે એને પૂજશો અને બીજા રૂપમાં તેને ગાળો દેતા હશો. તમને ખુદને સમજ નહીં પડે.

## ૪૭. દુર્વિદગ્ધની દુવિધા :

એક મજેદાર કથા સંભળાવું માધવાનંદ સરસ્વતીના બે શિષ્ય હતા. એક શિષ્ય હતો વિદગ્ધ અને બીજો દુર્વિદગ્ધ બંને માધવાનંદ સરસ્વતીની સેવામાં ખૂબ પરાયણ હતા. બંને એકબીજાથી ઝઘડતા ગુરૂની સેવા માટે. માધવાનંદ સરસ્વતીએ કહ્યું શા માટે ઝઘડો છો. પોતાના આશ્રમમાં એ બંનેની બધી વ્યવસ્થા બરાબર કરી આપી. આ કામ તારે કરવાનું, આ કામ તારે કરવાનું વિ.વિ. ઝઘડો તો પણ બંધ ન થતો. કોઈ ને કોઈ કામમાં ઝઘડો ચાલુ જ રહેતો. છેવટે એમણે

પોતાના ચરણ દબાવવાની સેવામાં કહ્યું કે એક પગ તું દબાવજે બીજો પગ તું દબાવજે. એ બંનેએ કહ્યું સારું. હવે એક પગ વિદગ્ધે પકડયો અને બીજો પગ દુર્વિદગ્ધે પકડયો. એક દિવસ એવો ગોટાળો થયો કે દુર્વિદગ્ધ જે પગ દાબતો હતો એ પગ ઉપર વિદગ્ધ દાબતો હતો તે પગ માધવાનંદ સરસ્વતીએ રાખી દીધો. રાખતાની સાથે જ દુર્વિદગ્ધે કહ્યું ‘‘એય! પગ હટાવ!’’ વિદગ્ધે કહ્યું ‘‘મારો પગ થોડો છે, ગુરૂજીનો પગ છે’’ તેણે કહ્યું ‘‘ગમે તેનો પગ હોય હટાવ’’ વિદગ્ધે કહ્યું કે ‘‘હું કેવી રીતે હટાવું’’ દુર્વિદગ્ધે કહ્યું ‘‘નહીં હટાવે તો!!’’ લઈ ડંડોને એ પગ ઉપર માર્યો. હવે માધવાનંદ પગ પકડીને રોવે કે મેં શું ગુનો કર્યો? તો દુર્વિદગ્ધ બોલ્યો ‘‘મારા પગ ઉપર એનો પગ કેમ આવ્યો?’’ માધવાનંદ બોલ્યા ‘‘પગ તો બેય મારા જ છે તે વિદગ્ધનો થોડો છે’’ છતાં પણ દુર્વિદગ્ધને આ વાત ન સમજાય અને એ તો બોલતો જ જાય ‘‘નહીં, નહીં, એનો પગ મારા પગ ઉપર ન આવવો જોઈએ.’’

## ૪૭. તસ્માદ યોગી ભવ અર્જુન!

માણસ ઝઘડવા લાગી જાય કે આ સાકારબ્રહ્મની વાત અમારી સામે ન કરો. નિરાકાર બ્રહ્મની વાત કરો. બીજો કહે કે નિરાકારની શા માટે કરો સાકારની કરો. અરે ભાઈ! બેય પગ તો એના જ છે. પરમાત્માને સમજશો તો ખબર પડશે. એ બંને પગ તો એના જ છે. સાકારનો પગ અને નિરાકારનો પગ અલગ અલગ થોડા છે! પણ દુર્વિદગ્ધ અને વિદગ્ધ ને એ સમજાય નહીં. એના વચ્ચે ઝઘડો ચાલતો જ રહે કે આ અહીં કેમ આવ્યો અને તે ત્યાં કેમ આવ્યો. ઝઘડો ખતમ ન થાય. જો તમે પરમાત્માને સમજશો તો તમને સમજાશે કે તમે તમારો પગ જે માધવાનંદનો છે તેને દબાવો તેમાં કાંઈ ખરાબ નથી, જેમ ઈચ્છા પડે એમ દાબો પણ ભૂલથી એક પગ બીજા પગ ઉપર આવી જાય તો ડંડો તો ન મારો બિચારાને. કેમકે છેવટે છે તો બંને પગ એ બિચારાના. તે સર્વાકારતા પણ એની છે, પુરુષાકારતા પણ એની છે અને નિરાકારતા પણ એની જ છે. ડંડાબાજી ચાલે વિદગ્ધ અને દુર્વિદગ્ધમાં અરે! કેમ ઉપર આવ્યો? બીજો કહે મેં થોડો ઉપર રાખ્યો? અસલ વાત તો એ છે કે જગત્ તો બૌરાના છે. આપણે પરમાત્માને નહીં સમજીએ તો આપણને આ વાતનું સમાધાન નહીં મળે. આ સાકાર નિરાકારના ઝઘડા છે શું? શા માટે ઝઘડા થઈ રહ્યા છે? કેમ ડંડા મારી રહ્યા છે એક-બીજાને? અરે ભાઈ! જે પગ અક્ષરબ્રહ્મનો તમને મળ્યો તો જ્ઞાનયોગમાં મસ્ત

થઈ જાવ. તમને પુરુષોત્તમનો પગ મળ્યો તો ભક્તિયોગમાં મસ્ત થઈ જાવ. યોગનો મતલબ જેને તમે પકડયો તેના ઉપર પૂરેપૂરું ધ્યાન રાખો પણ બીજાને ડંડા ન મારો. ત્યારે તો યોગ છે. તમે તો એકને પકડી લીધો અને બીજાને ડંડો માર્યો. તમે જ્ઞાની હોઈ શકો છો, તમે ભક્ત હોઈ શકો છો પણ તમે જ્ઞાનયોગી ન થયા, તમે ભક્તિયોગી ન થયા. યોગી અને જ્ઞાનયોગી ક્યારે કહેવાશે? કે જ્યારે તમારી નિષ્ઠા નિરાકારમાં છે તો શાંતિથી નિરાકારની ઉપાસના કરો. **''યે તુ અક્ષરમ્ અનિર્દેશ્યમ્ અવ્યકતં પર્યુપાસતે''** કાંઈ ખરાબી નથી. પણ સાકારને ડંડો ન મારી દેતા. જો તમે ભક્ત છો તો આનંદથી સાકારની ભક્તિ કરો એમાં કોઈ ખરાબી નથી. નિરાકારનું ચિંતન ક્યારેય પણ ન કરો એમાં કોઈ બુરાઈ નથી. પણ નિરાકારના પગ ઉપર ડંડો તો ન મારતા ભલા માણસ! તમે ભક્ત થયા અને નિરાકારના પગ ઉપર ડંડો મારશો તો તે લાગશે તો પરમાત્માને જ એ ડંડો. એ પગ તમે તમારો સમજી લીધો છે, એ પાછી તમારી અહંતા જ કામ કરી રહી છે. એ જ નશો કામ કરી રહ્યો છે. જે મેં તમને કાલે બતાવ્યો કે શાસ્ત્રીજી જ્ઞાનની મોટી-મોટી વાતો કરી રહ્યા હતા. જ્ઞાનની વાત કરી રહ્યા હતા કે 'દેહ ઉપર હસો છો કે આત્મા ઉપર હસો છો?'' પણ જે ભાંગ પી લીધી હતી અહંતા-મમતાની તેની ડકાર (ઓડકાર) આવ્યા વિના રહેશે નહીં. ઓહિયા ઓહિયા કરીને ખુદ હસી રહ્યા હતા અને પૂછી રહ્યા હતા કે ''મારા ઉપર હસો છો કે દેહ ઉપર હસો છો? દેહ ઉપર હસવા જેવું શું છે? એ તો ક્ષણભંગુર છે. આત્મા તો નિરાકાર છે એના ઉપર કેવી રીતે હસી શકાય?'' અરે! તારી ભાંગ ઉપર હસી રહ્યો છે, ન દેહ ઉપર હસી રહ્યો છે ન આત્મા ઉપર હસી રહ્યો છે. હસવું આવી રહ્યું છે. આ અહંતા-મમતાની ડકાર ઉપર કે જેને જ્ઞાનનો વઘાર લગાવવા છતાં પણ છૂટતી નથી, જે ડકાર છે તે ભક્તિ કરવા છતાં પણ છૂટતી નથી. આટલા માટે ભગવાન્ કહે છે **''તસ્માદ્ યોગી ભવ અર્જુન''**. જ્ઞાની ન બન જ્ઞાનયોગી બન. એટલે તે જો નિરાકારને પકડયો છે તો તેને પૂરા જોશથી પકડી લે છે. એ પકડવામાં જરાય ઢીલું ન રાખતો પણ બીજા સાકાર પક્ષને ડંડો ન મારી દેતો. તેં જો સાકારને પકડયો છે તો તેને પૂરી રીતથી એકભક્તિ થઈને પકડી લે. તેમાં ઢીલાશ ન રાખતો પણ નિરાકારને ડંડો ન મારી દેતો. જ્ઞાનયોગી બન, કે ભક્તિયોગી બન. **''તસ્માદ્ યોગી ભવ અર્જુન. યોગિનામપિ સર્વેષાં મદ્ગતેન અન્તરાત્મના શ્રદ્ધાવાન્ ભજતે યો માં સ મે યુક્તતમો મતઃ''**.

## ૪૮. અર્જુનનો સંદેહ/અક્ષરનું રહસ્ય :

અર્જુન પૂછી રહ્યો છે **‘‘એવં સતતયુક્તા યે ભક્તાઃ ત્વાં પર્યુપાસતે યે ચાપિ અક્ષરમ્ અવ્યક્તમ્ તેષાં કે યોગવિત્તમાઃ’’** એક રહસ્ય હજી સુધી આપે ખુલાસાથી નથી કહ્યું અને એ રહસ્ય આ છે અહીં ગીતામાં ભગવાને જ્યાં અન્તર્યામીનું નિરૂપણ કર્યું છે, પરમાત્માના પહેલુનું નિરૂપણ કર્યું છે ત્યાં ત્યાં ભગવાને એક વાત ખૂબ જ સાવધાનીપૂર્વક કહી છે કે પરમાત્મા હું છું, પરમાત્મા હું છું. દરેક વખતે પરમાત્માને ‘‘હું’’ તરીકે સંબોધન કર્યું અને જ્યારે પણ અક્ષરની બાબતમાં વાત કહી ત્યારે તેને ‘હું’ તરીકે સંબોધન નથી કર્યું. બહુ ક્યારેક જોશ આવ્યું તો બસ એટલી વાત કહી કે એ મારું ધામ છે. પણ અક્ષરને ક્યારેય ‘હું’ નથી કહ્યું. અર્જુનના મનમાં સંદેહ થઇ ગયો કે આ પક્ષ પરમાત્માવાળા પક્ષને તો આપ ‘હું-હું’ કહી રહ્યા છો પણ અક્ષરબ્રહ્મના માટે ‘હું’ કેમ નથી કહી રહ્યા? ભગવાન્‌નો કિસ્સો બહુ સાફ છે. ભગવાન્ કહી રહ્યા છે જ્યારે અવ્યક્ત છે તો તેને ‘હું’ ન કહી શકાય. **‘‘મયા તતમ્ ઈદં સર્વં જગદ્ અવ્યક્તમૂર્તિના.’’** એટલે ‘અમૂર્તિ’ નથી કહી રહ્યા ભગવાન્ અહીં **‘અવ્યક્તમૂર્તિ’** કહી રહ્યા છે. મેં મારી મૂર્તિને છૂપાવી લીધી છે, અવ્યક્ત બનાવી દીધી છે. જ્યારે અવ્યક્ત બનાવી દીધી ત્યારે શા માટે તેને ‘હું’ કહું? ભગવાન્ આટલા માટે ‘હું’ નથી કહી રહ્યા. તેઓ કહી રહ્યા છે ‘‘તું પોતાને જ્ઞાનયોગી કહી રહ્યો છે તો તું પોતાને ‘હું’ ન કહેતો. ‘હું’ છોડી દે. બ્રહ્મ જ બ્રહ્મ રાખ’’ જ્યારે બ્રહ્મ જ બ્રહ્મ રહેશે તો તો વાત સિધ્ધ થઇ જશે. અને જ્યારે ‘હું બ્રહ્મ’ રહ્યું તો બ્રહ્મ નબળું પડી જશે અને ‘હું’ જોર પકડી લેશે અને પછી અહંતાની ડકાર (ઓડકાર) આવી જશે. ભગવાન્ તો પોતાની વાતમાં કનસિસ્ટેન્ટલી જ્યારે અવ્યક્તનું નિરૂપણ કરી રહ્યા છે તો ‘હું’ નથી કહી રહ્યા દરેક વખતે કહી રહ્યા છે **‘‘યેતુ અક્ષરમ્ અનિર્દેશ્યમ્ અવ્યક્તં પર્યુપાસતે’’** જેમ અક્ષરબ્રહ્મ કોઇ બીજું બ્રહ્મ હોય અને તે બીજું બ્રહ્મ હોય. પણ ભગવાન્ આને ‘હું’ લગાડયા વગર બોલે છે. તેનું મુખ્ય કારણ આ છે. ભગવાન્ જ્યારે એને અવ્યક્ત કહી રહ્યા છે ત્યારે ‘હું’ કહીને વ્યકત શા માટે કરવું જોઇએ? તેને ‘હું’ કહીને વ્યક્ત કરીશ તો અવ્યક્ત નહીં રહી જાય. આ હેતુથી ભગવાને તેને ‘હું’ નથી કહ્યું. અર્જુને બસ અહીંથી વાત પકડી લીધી છે કે તમે તેને ‘હું’ નથી કહી રહ્યા, એનું કારણ કહો? તે એમ પૂછી રહ્યો છે કે ‘‘જ્યારે તમે પોતાના સર્વાકારતાના રૂપને દરેક વખતે ‘હું હું’ કહીને ગીતામાં કહ્યું છે અને જ્યારે પણ અક્ષરબ્રહ્મની વાત આવી ત્યારે તેને ‘હું’ ન કહ્યું, કાંઇ ચક્કર છે શું? આ ચક્કરનો

ખુલાસો ભગવાન્ આગળ જઈને આપશે. આગળ જઈને શ્લોક આવી રહ્યો છે **"તે પ્રાપ્નુવન્તિ મામેવ સર્વભૂતહિતે રતાઃ"** મેં હમણાં તે અક્ષરને 'હું' નથી કહ્યું પણ એવું ન સમજતો કે અક્ષરની ઉપાસના કરવાવાળો મને પ્રાપ્ત નહીં કરે. અક્ષરોપાસકને પણ પ્રાપ્ત તો હું જ થઈશ પણ તેને માટે 'હું' કહેવા માટે તૈયાર નથી. કેમકે મેં જ્યારે મને ખુદને અવ્યક્ત બનાવી દીધો તો પછી 'હું' શા માટે કહેવું? જેમ સૂર્ય. સૂર્યનો પિંડ ગોળ છે, સાકાર છે. પણ તે સૂર્યનો જે પ્રકાશ ચારે બાજુ ફેલાય છે, તેમાં આકાર છે? એમાં તો આકાર નથી. તે તો નિરાકાર ચારે બાજુ ફેલાયેલો છે અને પુરુષોત્તમ સાકાર છે સૂર્યના ગોળ પિંડની જેમ, બંનેમાં અંતર શું છે? અંતર કાંઈપણ નથી. તે પ્રકાશનો આશ્રય. વેદવ્યાસજી કહે છે બ્રહ્મસૂત્રમાં **"પ્રકાશાશ્રયવદ્ વા તેજસ્ત્વા"** (બ્ર.સૂ.૩।૨।૨૮). એટલે ભગવાન્ અને અક્ષરબ્રહ્મ નો જે સમ્બન્ધ છે, પુરુષોત્તમ અને અક્ષરબ્રહ્મ નો સમ્બન્ધ અથવા પુરુષાકાર ભગવાન્નો અને નિરાકાર અક્ષરબ્રહ્મનો સમ્બન્ધ કેવો છે જેમ સૂર્ય અને સૂર્યના પ્રકાશનો સમ્બન્ધ છે. સૂર્ય ગોળ આકાર છે અને ચારે તરફ ફેલાયેલો પ્રકાશ નિરાકાર છે. પણ ભગવાન્ એટલા કનસિસ્ટેન્ટ્ કે જે વખતે તેઓ નિરાકારની વાત કરે ત્યારે તેને 'હું' નથી લગાવતા. આપણે જ્યારે બ્રહ્મની વાત કરીએ ત્યારે પણ તેમાં 'હું' લગાડયા વિના રહીએ નહીં. 'હું' લગાડે અને પાછો અહંકાર જોર પકડી લે. ભગવાન્ એની ખૂબ સાવધાની રાખીને તેમાં 'હું' નથી લગાડી રહ્યા. ત્યાંથી અર્જુનને પ્રશ્ન પેદા થયો **"એવં સતતયુક્તા યે ભક્તાઃ ત્વાં પર્યુપાસતે યે ચાપિ અક્ષરમ્ અવ્યક્તં તેષાં કે યોગવિત્તમાઃ"** મહારાજ! આ દરેક વખતે સર્વાકાર રૂપને 'અહં' કહી રહ્યા છો. સર્વાકાર રૂપને 'હું' કહી રહ્યા છો. **"જન્મ કર્મ ચ મે દિવ્યમ્ એવં યો વેત્તિ તત્ત્વતઃ..... અવજાનન્તિ માં મૂઢા માનુષીં તનુમ્ આશ્રિતમ્"** (ગીતા.૪।૯, ૯।૧૧). મારું તેઓ અપમાન કરે છે. હું પુરુષાકાર રૂપમાં પ્રકટ થયો તેથી મને સાધારણ મનુષ્ય સમજે છે લોકો. મૂર્ખ છે. પણ હજી સુધી અક્ષરબ્રહ્મને 'હું' કહીને સમ્બોધન કેમ ન કર્યું? શું ગરબડ છે? આ વાતનો ખુલાસો કરો. અહીંથી ખુલાસો શરૂ થઈ રહ્યો છે ભગવાન્નો. **"મયિ આવેશ્ય મનો યે માં નિત્યયુક્તા ઉપાસતે શ્રદ્ધયા પરયા ઉપેતાઃ તે મે યુક્તતમા મતાઃ"** એ મને યુક્તતમ લાગે છે. **"યે તુ અક્ષરમ્ અનિર્દેશ્યમ્ અવ્યક્તં પર્યુપાસતે. સર્વત્રગમ્ અચિન્ત્યં ચ કૂટસ્થમ્ અચલં ધ્રુવમ્. સન્નિયમ્ય ઈન્દ્રિયગ્રામં સર્વત્ર સમબુદ્ધયઃ તે પ્રાપ્નુવન્તિ મામેવ સર્વભૂતહિતે રતાઃ"** તે પણ પ્રાપ્ત તો મને જ કરનારો છે, એવો સંકોચ મનમાં ન

રાખ કે તે કોઈ બીજી વસ્તુ છે. અક્ષરબ્રહ્મ પણ મારૂં જ એક પાસુ છે. અંતર ફક્ત એટલું જ છે કે જેટલો સૂર્યપિંડ સાકાર છે તે એક જગ્યાએ છે અને સૂર્યનો ચારે તરફ ફેલાયેલો પ્રકાશ નિરાકાર છે. અંતર મારામાં અને અક્ષરબ્રહ્મમાં ફક્ત આટલું છે. આ અંતરને સમજી લે તો વાત સિદ્ધ થઈ જશે. આ અંતરને ન સમજ્યો તો જ્ઞાનયોગ અને ભક્તિયોગના મૂલ તારતમ્યને સમજવામાં ગોટાળે ચડીશ. આ વાતને સમજવાની કોશિશ કરીએ, તેથી ભગવાને ભક્તિયોગ પ્રારંભ કર્યો છે.

## પાંચમા દિવસનું પ્રવચન

### ૪૯. આરમ્ભવાદ, વિવર્તવાદ અને પરિણામવાદ :

**''મયિ આવેશ્ય મનો યે માં નિત્યયુક્તા ઉપાસતે. શ્રદ્ધયા પરયા ઉપેતાઃ તે મે યુક્તતમા મતાઃ''** કાલે આપણે એ વાત સમજવાનો પ્રયાસ કર્યો કે એક જ તત્ત્વના ત્રણ નામ આપવામાં આવેલા છે. **''બ્રહ્મેતિ પરમાત્મેતિ ભગવાનિતિ શબ્દ્યતે''** બ્રહ્મ પરમાત્મા ભગવાન્. આમાં **યઃ ક્રીડતિ** જે ક્રીડા કરે છે, જે સ્વયં ક્રીડા કરે છે. યા જગત્ ભૂત્વા ક્રીડતિ એટલે જે જગત્‌ના નામરૂપ અને કર્મોને ધારણ કરીને ક્રીડા કરે છે. યતઃ જગત્ ક્રીડતિ આ નામરૂપાત્મક જગત્ જેના સન્નિધાનથી ક્રીડા કરે છે. કાલનો અને પરમદિવસના બંને પ્રસંગ મેળવીને આપણે એ જોયું હતું કે ત્રણ જાતના કારણ હોય છે. એક જેવી રીતે દોરડામાં સાપ પેદા થયાનું એક જેવી રીતે સોનામાંથી એરિંગ કે વીંટી પેદા થાય છે, એક એવી રીતે કુંભાર ઘડો પેદા કરે છે. અહીં કુંભાર ઘડામાં માટીની જેમ લાગી નથી જતો. અલગથી એક કાર્ય પેદા થાય છે તેને આરંભ કરવાવાળો 'કર્તા' કે 'કારણ' કહેવામાં આવે છે. જ્યાં દોરડામાં સાપ પેદા થાય, તેને 'અધિષ્ઠાન' કહેવામાં આવે. જ્યાં સોનામાંથી કુંડલ કે કડા કે એરિંગ બને ત્યાં 'ઉપાદાન' કહેવામાં આવે. આ બંને વાતોને કાલની અને પરમદિવસની મેળવીને જુઓ, તો આ વાત સ્પષ્ટ થઈ જશે કે જે વખતે આપણે 'અક્ષરબ્રહ્મ' કહીએ છીએ તો તેમાં અધિષ્ઠાનતા જેવી વાત આવે છે, જેમ દોરડામાં સાપ. જે વખતે આપણે 'પરમાત્મા' કહીએ છીએ ત્યારે ઉપાદાનતા જેવી વાત આવે છે, જેમ સોનામાંથી કુંડલ, કડા બનાવ્યા. જે વખતે 'ભગવાન્' કહીએ છીએ તે વખતે એવું સ્વરૂપ આવે છે કે જેવી રીતે કુંભારથી ઘડો પેદા થાય છે એટલે કર્તા ઉપાદાન, જેમ દૂધમાંથી દહીં બન્યું તો દૂધને 'ઉપાદાન' કહેવામાં આવે. દહીંને તેનું 'કાર્ય' કહેવામાં આવે. સોનામાંથી

કુંડલ બન્યા તો સોનાને ‘ઉપાદાન’ કહેવામાં આવે, કુંડલને ‘કાર્ય’ કહેવામાં આવે. જેમ છીપમાં ચાંદીનો ભ્રમ થઈ જાય અથવા જેમ દોરડામાં સાપનો ભ્રમ થઈ જાય. તો દોરડાને આપણે ‘અધિષ્ઠાન’ કહીએ અને સાપને કે ચાંદીને ‘વિવર્ત’ કહીએ. એક તે સંદર્ભમાં ત્રણે પ્રકારની ક્રીડાઓ થઈ રહી છે. પરિણામની ક્રીડા થઈ રહી છે, વિવર્તની ક્રીડા થઈ રહી છે અને તે સ્વયંના રૂપમાં પણ ક્રીડા કરી રહ્યો છે. ભગવાન્ જ્યારે ખુદ ક્રીડા કરે તો ‘ભગવાન્’ કહેવાય. પરમાત્મા જ્યારે જગત્ બનીને ક્રીડા કરે તો ‘ઉપાદાન’ કહેવાય. અક્ષરબ્રહ્મ તટસ્થરહે જેને કાલે મેં ઉદાહરણ આપીને બતાવ્યું, પતંગિયા બધું કરે પણ બલ્બ કાંઈ કરે નહીં. બલ્બ ખાલી ચાલુ થાય અને પતંગિયા તેની આજુબાજુ નાચવા લાગી જાય. શું બલ્બે એમને આમંત્રણ આપ્યું? આપણે કહેશું કે ના. બલ્બતો આમંત્રણ નથી આપી રહ્યો. બલ્બ તો માત્ર ચાલુ થઈ રહ્યો છે. તેના ચાલુ થવા માત્રથી જ પતંગિયાઓમાં ગતિ પેદા થઈ જાય. બલ્બની આસપાસ નાચવા લાગી જાય. એમ અક્ષરબ્રહ્મની સત્તા, અક્ષરબ્રહ્મની ચેતના, તે પ્રકટ થાય અને નામરૂપ તેના કારણે ગતિશીલ થઈ જાય પોતાની મેળે. તેને આપણે જોઈએ તો એમ લાગે કે વિવર્ત છે આ. આટલા માટે મહાપ્રભુજીએ **“નમો ભગવતે તસ્મૈ કૃષ્ણાયાદ્‌ભુત કર્મણે. રૂપનામવિભેદેન જગત્ ક્રીડતિ યો યતઃ”** આમાં ત્રણ જાતની લીલાઓનો સંગ્રહ કરીને એક કૃષ્ણને નમસ્કાર કર્યા. એક કૃષ્ણની અદ્‌ભુતકર્મતા બતાવી. કેવો અદ્‌ભુત છે કે દાર્શનિક લોકો ઝઘડતા રહે. કોઈ કહે આરમ્ભવાદ સાચો, કોઈ કહે વિવર્તવાદ સાચો, કોઈ કહે પરિણામવાદ સાચો અને કૃષ્ણ એવો અદ્‌ભુતકર્મા છે કે ત્રણે વાદીઓના વિવાદમાં નિર્ણય ન આવતો હોય તો તે ત્રણે વાદોને ધારણ કરીને ત્રણે જાતની ક્રીડા કરે. આ મેં તમને કાલે સમજાવ્યું હતું.

## ૫૦. વિરૂદ્ધધર્મોનો અવિરૂદ્ધ આશ્રય :

**“સર્વવાદાનવસરં નાનાવાદાનુરોધિ તદ્ અનન્તમૂર્તિ તદ્ બ્રહ્મ કૂટસ્થં ચલમેવ ચ, અનન્તમૂર્તિ તદ્ બ્રહ્મ હિ અવિભક્તં વિભક્તિમદ્”** (ત.દી.નિ.૧.૭૦-૭૧, ૨૬). આ મહાપ્રભુજીના આખા દષ્ટિકોણનો પ્રમુખ સ્વર છે. આ સૂર સમજમાં આવ્યો તો બધી વાત સમજાશે. આ સૂર સમજમાં ન આવ્યો, તો સેંકડો પાના મહાપ્રભુના ગ્રન્થના વાંચી જાવ, એકેય વાતનો તાલમેલ સમજાશે નહીં. આ એક વાત એવી છે. ક્યારેય તમારે ગડબડાવાની સંભાવના નહીં રહી જાય. મહાપ્રભુ ઘણી જાતની વાતો કરશે અને મહાપ્રભુ સ્વયં આને સ્વીકારી

રહ્યા છે. બહુ સ્પષ્ટ રૂપથી શ્રુતિઓમાં ઘણી જગાએ વિરોધી વિરોધી વર્ણન આવે છે. એક એક વર્ણનને બીજા વર્ણનની સામે રાખશો તો લાગશે કે ભાઈ! મોટા મોટા ગપ્પા માર્યા છે. આ રીતે કહી રહ્યા છે ક્યારેક તે રીતે કહી રહ્યા છે. એ બધા ગપ્પા સત્ય બની જાય છે, કેમ સત્ય બની જાય છે?

## ૫૧. યથાર્થની યથોપાસનતા :

તેનું કારણ વાણી નથી. તેનું કારણ વાણીથી પ્રતિપાદિત થનારો અર્થ છે. ‘‘યથા યથા ઉપાસતે તથા તથા ભવતિ’’ જેવી-જેવી તેની ઉપાસના કરો તેવું-તેવું તે રૂપ બદલતું જાય. હવે આ ઉપાસનાનું સામર્થ્ય છે કે તેનું સામર્થ્ય છે ? ઉપાસનામાં એટલું સામર્થ્ય નથી. તેનામાં વસ્તુતઃ આટલું સામર્થ્ય છે પણ બ્રહ્મના સ્વભાવનું એક વૈલક્ષણ્ય છે કે કરે કામ બધા પોતે અને આરોપ તેના ઉપર કાંઈ પણ આવે નહીં. આટલા માટે ગીતામાં આપણે જે બારમો અધ્યાય જોઈ રહ્યા છીએ તેના પહેલાં ભગવાને ખુલાસાથી આ સમજાવી દીધું. **‘‘મયા હતાઃ ત્વં જહિ મા વ્યથિષ્ઠા યુધ્યસ્વ જેતાસિ રણે સપત્નાન્’’** (ગીતા.૧૧।૩૪). મેં મારી રાખ્યા છે. હવે તું મારી નાખ. ચિંતા ન કર. અરે! મારી રાખ્યા છે તો મારી કેમ શકાય? અર્જુન દ્વારા મરાવવા છે તો તેં પહેલા શા માટે મારી દીધા? હવે ભગવાન્‌ની લીલા એવી છે કે કરે કામ બધા પોતે જ, પણ આવે એના ઉપર કાંઈ જ નહીં-જોવાવાળો જોઈ રહ્યો છે, જોવાવાળાને દેખાઈ રહ્યું છે, અર્જુને તીર છોડયા, અર્જુનના તીર છૂટયા, તો એના શરીરમાં ખૂંચ્યા, એના શરીરમાં ખૂંચ્યા એટલે તે મર્યા અને જાણવાવાળો પણ આને જાણી રહ્યો છે. **‘‘મયા હતાઃ જહિ મા વ્યથિષ્ઠા યુધ્યસ્થજેતાસિ રણે સપત્નાન્’’** મેં મારી નાખ્યા છે. હવે તું તીર છોડી દે. ‘‘નિમિત્તમાત્રં ભવ સવ્યસાચિન્’’ ભગવાન્ પોતાના ઉપર કાંઈ ન લે અને બધા કામ ખુદ કરે.

## ૫૨. કર્તા કારયિતા હરિઃ

જેમ કાલના ઉદાહરણમાં મેં તમને સમજાવ્યું કે બેઠા બેઠા તે રિમોટ કન્ટ્રોલથી મોટર ચલાવી રહ્યો હતો અને મોટી ભીડ ભેગી થઈ ગઈ તમાશબીનોની (તમાશો જોવાવાળાની). કેમકે કોઈ સમજી નહોતા શકતા કે મોટર અહીં પોતાની મેળે કેમ નાચી રહી છે? તો ચક્કર આવું જ છે કે એક રિમોટકન્ટ્રોલ એવું ચાલી રહ્યું છે, મોટર પોતાની મેળે ચક્કર મારે બધા જોવાવાળા ઉભા થઈ ગયા દાર્શનિક

કે આ ચાલી કેમ રહી છે? કોઈ કહી રહ્યો છે કાળથી ચાલી રહી છે. કોઈ કહી રહ્યો છે કે કર્મથી ચાલી રહી છે. કોઈ કહી રહ્યો છે સ્વભાવથી ચાલી રહી છે. કોઈ કહી રહ્યો છે માયાથી ચાલી રહી છે. કોઈ કહી રહ્યો છે કે પ્રકૃતિથી ચાલી રહી છે. કોઈ કહી રહ્યો છે કે ચેતનથી ચાલી રહી છે અને તે જ જાણી રહ્યો છેકે બધું તેનાથી ચાલી રહ્યું છે. જે કાંઈ ચાલી રહ્યું છે તે એનાથી ચાલી રહ્યું છે. **‘‘માયિકં સગુણં કાર્યં સ્વતન્ત્રં ચેતિ નૈકધા. તદેવ એતત્ પ્રકારેણ ભવતિ ઈતિ શ્રુતેઃ મતમ્’’**(સિ.મુ.૪-૫). આ મહાપ્રભુજી કહે છે. જે સમજી રહ્યા છે સાચું સમજી રહ્યા છે. સમજવામાં ક્યાંય ગરબડ નથી. બધું, બધા પ્રકારથી ચાલી રહ્યું છે. બધા રૂપ લઈલઈને એ ચલાવવાવાળો એક છે. જો તમને લાગી રહ્યું છે કે તે ગાડી બેટરીથી ચાલી રહી છે, તો એ બેટરી છે. જો તમને લાગી રહ્યું છે કે ગાડી ચાવીથી ચાલી રહી છે, ચાવી ભરવાના કર્મથી ચાલી રહી છે તો ચાવી ભરવાવાળો એ છે. જો તમને લાગી રહ્યું છે ગાડી પોતાની મેળે સ્વભાવથી જ ગબડી રહી છે કેમકે જમીન ઉપર ઢાળ વધારે છે, તો ઢાળ અને ગાડીનો સ્વભાવ બનાવવાવાળો એ છે. દરેક રૂપમાં દરેક પક્ષમાં એ જ કરી રહ્યો છે બધી ખૂરાફાત. જો ખૂરાફાત માનો તો ખૂરાફાત એ કહી રહ્યો છે. જો લીલા માનો તો લીલા એ કરી રહ્યો છે. આ તો શબ્દના કહેવાનો ફરક છે. બાકી કરવાવાળો તો એ જ છે. ‘‘કર્તા કારયિતા હરિઃ’’ આ સિદ્ધાંત સમજાય તો આપણને સમજમાં આવે. મહાપ્રભુજી આ વાતનું ખૂબ જ સુંદર વિવેચન કરે છે અને સમજાવે છે. **‘‘દ્રવ્યં કર્મ ચ કાલઃ ચ સ્વભાવો જીવએવ ચ. વાસુદેવાત્ પરો બ્રહ્મન્ નચ અન્યો અર્થો અસ્તિ તત્ત્વતઃ’’** (ભા.પુ.૨।૫।૧૪). દ્રવ્ય, કર્મ, કાલ, સ્વભાવ અને જીવ આ બધા જ પદાર્થ એક પરમાત્માના જ અલગ અલગ રૂપ છે. આ રૂપ આપણી સામે ખુલીને આવી ગયા છે. આપણે જ્યારે વિચારીએ તો આપણને લાગે કે ચેતનને કારણે અમુક ચીજ થઈ રહી છે.

## ૫૩. વિભિન્ન દર્શનની ભિન્ન-ભિન્ન દૃષ્ટિ :

નૈયાયિકોની ખૂબ મજેદાર વાત તમને બતાવું. નૈયાયિક લોકો પરમાણુવાદી હોય છે. પરમાણુવાદી એટલે શું? જગતનું દરેક કાર્ય પરમાણુથી ઉત્પન્ન થયું છે, એવું માનવું. એમની સામે પ્રશ્ન આવ્યો કે પરમાણુથી પેદા તો થઈ રહ્યું છે, એ વાત બરાબર છે, પણ જ્યારે બે પરમાણુ જોડાશે ત્યારે તો કોઈક કાર્ય થશે. તો એણે કહ્યું જોડવાવાળો કોણ? હવે આજના વૈજ્ઞાનિકો બહુ વિચિત્ર વાત કહે ‘‘પરમાણુ જોડવાની આવશ્યકતા નથી. કેમકે દરેક પરમાણુ બીજા

પરમાણુને ખેંચી રહ્યો છે, એ તેનો સ્વભાવ છે''. આમ જોઈએ તો સ્વભાવવાદ આવ્યો. નૈયાયિકો કહે ''એવું ન બની શકે કેમ કે પરમાણુ તો જડ છે. કોઈ ને કોઈ ચેતનની આવશ્યકતા ત્યાં છે.'' જેમ એક કવરને અને પુસ્તકને જોડવું હોય તો હું ચેતનની એક પ્રક્રિયા શરૂ કરૂં ત્યારે એ જોડાય, નહીંતર કેવી રીતે જોડાય? એમણે કહ્યું ''ચેતનની જરૂર પડે છે જ્યારે બે પરમાણુને જોડવા હોય તો'' પણ તે જો પોતાની મેળે જોડાતા હોય તો? જેમ કે સૂર્યની ચારે બાજુ પૃથ્વી ફરી રહી છે. એમ દરેક પરમાણુની આસપાસ દરેક બીજો પરમાણુ ફરતો હોય છે. આ પરમાણુમાં રહેલો તેનો પોતાનો સ્વભાવ છે. વૈજ્ઞાનિકો કહી દીધું ''એટલા માટે ઈશ્વરની આવશ્યકતા નથી.''

ફ્રાન્સમાં 'ડીડ્રો'કરીને એક વિશ્વકોશ બનાવવાવાળો હતો. તેને ત્યાંના રાજાએ પૂછયું કે તમે આટલા બધા ચેપ્ટર (પ્રકરણ) લખ્યા પણ એક ચેપ્ટર ભગવાન્‌ની બાબતમાં ન લખ્યું વિશ્વકોશમાં? તેણે કહ્યું કે જરૂર જ નહોતી. ભગવાન્‌ની આવશ્યકતા વગર વિશ્વકોશ લખી શકાય. વાત બરાબર છે. કેમકે સ્વભાવ પ્રકટ થયો છે. પરમાણુમાં આ સ્વભાવ પ્રકટ થયો છે. જોઈ લો દૂરબીન લઈને કે પૃથ્વી પોતાની મેળે સૂર્યની ચારે તરફ ફરી રહી છે. એમની વાત પણ સાચી છે. નૈયાયિકોની વાત વિચારશો તો એમની પણ વાત બરાબર છે કે દુનિયામાં બધી જડ ચીજો દેખાય છે તો ચેતનના દ્વારા ચાલતી હોય તેવું. પોતાની મેળે તો ગાડી ચાલતી નથી દેખાઈ રહી. આપણે કહીએ કે પોતાની મેળે તો ગાડી ચાલતી દેખાતી નથી. કોઈ રિમોટ કન્ટ્રોલ કરનારો ચલાવી રહ્યો છે ત્યારે તો ગાડી ચાલી રહી છે. તો તેઓ એમ કહે કે એટલા માટે ચેતન કર્તા હોવો જોઈએ. બે પરમાણુમાં ક્રિયા ઉત્પન્ન કરવા માટે એક ચેતન કર્તા જોઈએ. એમણે કહ્યું કે માટીના બે લોંદા હોય તો એને ભેગા કરીને ઘડો બનાવનારો એક કુંભાર જોઈએ. એમ બે પરમાણુઓને ભેગા કરીને જગત્ બનાવનારો એક ચેતન ઈશ્વર કર્તા જોઈએ.

**''ક્ષિત્યંકુરાદિકં કર્તૃજન્યં કાર્યત્વાદ્ ઘટવત્''** ક્ષિત્યંકુરાદિક બનાવનારો કોઈ ચેતન કર્તા છે. જેમ ઘડો બનાવનારો કર્તા કુંભાર છે. વાત આ પણ સાચી છે. કેમ કે આવું પણ દેખાઈ રહ્યું છે. સ્વભાવની વાત વિચારીએ તો એ પણ દેખાઈ રહ્યું છે. જૈમિનિએ કહ્યું ''કાળના અન્તર્ગત આ બધું પેદા થયું છે.'' ખરેખર એ પણ દેખાઈ રહ્યું છે. કઈ વાતને નકારી શકાય છે દુનિયામાં? જ્યાં જોશો કે આ

ચીજ છે, બરાબર તે જ રીતથી જોવામાં આવશે. જે વખતે તે તે દર્શનના પુસ્તકો વાંચશો, બરાબર તે વાત મગજમાં ઉતરતી જશે. ક્યું પુસ્તક તમે વાંચવાનું શરૂ કર્યું બસ પ્રશ્ન આનો છે? સાંખ્યનું પુસ્તક વાંચશો તો સાંખ્યનો સિદ્ધાંત હૃદયમાં ઉતરતો જશે. ન્યાયનું પુસ્તક વાંચશો તો ન્યાયનો સિદ્ધાંત હૃદયમાં ઉતરતો જાય. વિજ્ઞાનના પુસ્તક વાંચશો તો વિજ્ઞાનનો સિદ્ધાંત હૃદયમાં ઉતરતો જાય. કોઈપણ પુસ્તક વાંચવાનું શરૂ કરો તો તે-તે સિદ્ધાંત હૃદયમાં ઉતરતો જાય. આપણે કહીએ અમારો તમારી સાથે મતભેદ છે. અરે! મતભેદ કોઈ નથી. તમે પુસ્તક વાંચવું શરૂ કર્યું બસ વાત આ જ છે. એ પુસ્તક ન વાંચીને બીજું પુસ્તક શરૂ કર્યું હોત તો એ સિદ્ધાંત સમજમાં ન આવત તે સિદ્ધાંત સમજમાં આવી જાત. જે સિદ્ધાંત સમજમાં આવી રહ્યો છે તે સમજમાં આવી રહ્યો છે, તેના સિવાય બીજો કોઇ સિદ્ધાંત સમજમાં નથી આવતો. ચક્કર ક્યાં છે? ચક્કર અહીંયા છે કે તમે ફક્ત એક દશ્ય જોયું અને તે દશ્ય હકીકતમાં છે જગતમાં તે વાત તમને સમજાય છે. બીજી વાત તમે પુસ્તકમાં વાંચી નહીં એટલે આપણને લાગે કે બહુ આપત્તિજનક સિદ્ધાંત છે. પણ તે પુસ્તક વાંચવાનું શરૂ કરી દો એક વખત ધીરજથી તો ધીરે-ધીરે તે સમજમાં આવવા લાગી જશે. જરાપણ તકલીફ નથી. કાંઈપણ સમજી શકાય છે. કાંઈપણ કરી શકાય છે. ‘‘દ્રવ્યં કર્મ ચ કાલઃ ચ સ્વભાવો જીવએવ ચ વાસુદેવાત્ પરો બ્રહ્મન્ નચ અન્યો અર્થો અસ્તિ તત્ત્વતઃ’’ (ભાગ.પુ.૨।૫।૧૪).

કેટલાક લોકો ચાર્વાક જેવા ભૌતિકવાદી હોય તે કેવળ દ્રવ્ય માને. અત્યારે પણ રશિયામાં મટીરિયલિઝમ ચાલે છે. તે લોકો એમ કહે કર્તાની કોઈ જરૂરત નથી ફક્ત મેટર્ (પદાર્થ) પોતે પોતાનામાં બધા રૂપ ધારણ કરવામાં સમર્થ છે. દ્રવ્યમાં આ શક્તિ છે કે જગત્ની બધી વસ્તુઓ તેનાથી બની શકે છે. હવે એમના સિદ્ધાન્તના પુસ્તક વાંચવા શરૂ કરો તો તે વાત હૃદયમાં ઉતરી જશે. તમે મટીરિયલિસ્ટક્ બની જશે. પુસ્તક ક્યું વાંચવાનું શરૂ કર્યું બસ ફરક ત્યાં પડી જશે. તમે મટીરિયલિસ્ટિક્ બની જશો. પુસ્તક વાંચવાનું શરૂ કર્યું અને વાત સમજમાં આવવા લાગી જાય. દરેક વાત સમજમાં આવી રહી છે. દરેક વાત ઉપર વિવાદો થઇ રહ્યા છે. પ્રશ્ન ફક્ત એટલો જ છે કે દરેક વાત સાચી છે. કોઈ વાત ખોટી નથી. પણ જે વાત આપણે વાંચી રહ્યા છીએ તે વાત સમજમાં આવે બીજી વાત સમજમાં ન આવે.

જેમ એક સામાન્ય વાત કહું. એક વૈરાગીની વાત સાંભળો. બધી

જગ્યાએ ક્ષણભંગુરતા જોવામાં આવે. બધી જગ્યાએ માયા જોવામાં આવે છે. ભક્તની વાત સાંભળીએ તો બધી જગ્યાએ લીલા જોવામાં આવશે. તન્મયતા વૈરાગ્યમાં પણ આવી શકે છે, તન્મયતા લીલામાં પણ આવી શકે છે. કોઈની વાત સાંભળો તો તેની વાત પણ સાચી દેખાશે. એટલે કે તમે શરૂ ક્યાંથી કર્યું પ્રશ્ન આનો છે. બ્રહ્મમાં આ બધા જ પાસાઓ છે. ચક્કર એ છે કે દ્રવ્ય પણ છે એટલે કે મેટર્ પણ છે, કર્મ પણ છે, કાલ પણ છે, સ્વભાવ પણ છે, અને ચેતન પણ છે. બધું જ કાંઇ છે અને એનું એક પંચામૃત ચાલી રહ્યું છે. પંચામૃતમાં પાંચેય પ્રકારના સ્વાદ છે. હવે જેમ એક મીઠાઇ ખાવાવાળાને ખાંડનો સ્વાદ સારો લાગે અને તે લાડુ ખાય તો તેનું ધ્યાન લાડુ ઉપર નહીં જઇને તેની મીઠાશ ઉપર જશે. અનાજ ખાવાવાળાને મીઠાઇ ઉપર ધ્યાન નથી પણ મીઠાઇ ખાવા છતાં પણ ધ્યાન મીઠાશ ઉપર નહીં જઇને ઘઉં કે વેસણ ઉપર જશે. માણસ ખાઈ લાડુ રહ્યો છે પણ તેનો સ્વાદ પોત-પોતાના આવશે. હવે ભલે પછી એમાં કેસર પણ ભળેલું છે, એલચી પણ ભળેલી છે, ખાંડ પણ ભળેલી છે પણ જેને જે ચીજનો શોખ છે તે ખાતી વખતે તે ચીજ પહેલા સમજમાં આવશે. કેસર ખૂબ સરસ મેળવેલું છે. અરે ભાઈ! ખાંડ નહોતી મેળવેલી શું? મળેલી હતી. મળેલી તો એમાં ખાંડ પણ હતી, પણ તમે ખાતા પહેલા ધારણા એ રાખી કે કેસરવાળો લાડુ ખાઇશુ તો કેસરની સુગંધ આવશે, કેસરનો સ્વાદ આવશે. તમે ખાંડ ઉપર ધ્યાન રાખ્યું તો ખાવામાં પહેલાં ખાંડ સમજમાં આવશે. ધ્યાન ક્યાં રાખ્યું છે? ધ્યાન જ્યાં રાખ્યું છે ત્યાંથી દરેક વાત સમજમાં આવતી જશે. ધ્યાન ઉપર કર્મ રાખશો તો કર્મથી સમજમાં આવી જશે. આખી સૃષ્ટિની પૂરી વ્યાખ્યા થઇ જશે. ધ્યાન સ્વભાવ ઉપર રાખશો તો આ સૃષ્ટિની સંપૂર્ણ વ્યાખ્યા સ્વભાવથી થઇ જશે. ચેતન વિના કામ નહીં ચાલે. તો ચાલો ચેતન ઉપર ધ્યાન રાખો તો ચેતનથી આખી સૃષ્ટિની વ્યાખ્યા સમજમાં આવી જશે. વ્યાખ્યા બધી સમજમાં આવી શકે છે. મહાપ્રભુજી આટલા માટે જ કહે છે કે પાંચે પાંચ તત્ત્વ બ્રહ્મના પાંચ પાસા છે અને આ પાંચે પાસાઓનો વિસ્તાર જ આખું જગત્ છે.

## ૫૪. કર્મ, સ્વભાવ અને કાલના અધિદેવ બ્રહ્મા વિષ્ણુ શિવ :

આપણે ત્યાં ત્રણ દેવ કહેવાયેલા છે : બ્રહ્મા વિષ્ણુ અને શિવ. મહાપ્રભુજી કહે છે કે આ કર્મ સ્વભાવ અને કાલના અધિદેવ છે. બ્રહ્મા કર્મના અધિદેવ છે. એટલા માટે કોઈ કર્મ કરવું હોય તો બ્રહ્માની ઉપસ્થિતિ અનિવાર્ય મનાય છે. વિષ્ણુ સ્વભાવના અધિદેવ છે. શિવ કાલના અધિદેવ છે. સૃષ્ટિની

ઉત્પતિ થાય છે કર્મથી, સૃષ્ટિની સ્થિતિ થાય છે સ્વભાવમાં, સૃષ્ટિ લીન થાય છે કાલને કારણે. કર્મ સ્વભાવ અને કાલ આ ત્રણેય તેના ફંકશન્ (કાર્ય) છે. તે પરમતત્ત્વ એક જ છે અને આ ફંકશન્ પ્રકટ થયા, એના ત્રણે પાસાઓ પાછા, ખૂબ સુંદર ઉદાહરણ આપીને મહાપ્રભુ સમજાવે છે આને, જેમ એક ગંગા નામની નદી જે વહી રહી છે ગંગોત્રીથી લઈને ગંગાસાગર સુધી, તે ગંગા નામની નદીમાં દરેક જગ્યાએ તીર્થ નથી. ક્યાંક-ક્યાંક તીર્થ છે. જેમ પ્રયાગમાં તીર્થ છે, કાશીમાં તીર્થ છે. અમુક અમુક આવા ક્ષેત્ર છે જ્યાં તેની નદીરૂપતા પ્રકટ થાય છે. કોઈ કોઈ એવું સ્થાન આવે કે જ્યાં તેની તીર્થરૂપતા પ્રકટ થાય છે. નદી એક છે જે નદીની અંદર જલ વહી રહ્યું છે. એક તીર્થ છે જ્યાં તેનું માહાત્મ્ય પ્રકટ થઈ રહ્યું છે. પછી મહાપ્રભુ ખૂબ સુંદર કહે છે કે જો કોઈ ખરેખર ભક્ત છે તો એ જ ગંગાનું એક દેવીનું પણ રૂપ છે જે પ્રકટ થઈને ભક્તને દર્શન આપી શકે છે. આ પ્રકારના ત્રણે રૂપ છે એક જ ગંગાના. જલ આધિભૌતિક રૂપ છે, તીર્થ એક આધ્યાત્મિક રૂપ છે, દેવી રૂપથી એક એ જ ગંગાજીનું આધિદૈવિક પાસુ પણ છે. આ જ પ્રકારથી કાલ કર્મ સ્વભાવ પ્રકૃતિ અને પુરુષ પાંચ તત્ત્વ છે. આના પણ ત્રણે પાસાઓ છે. કર્મના આધિદૈવિક પાસાને ‘બ્રહ્મ’ કહેવાય. સ્વભાવના આધિદૈવિક પાસાને ‘વિષ્ણુ’ કહેવાય. કાલના આધિદૈવિક પાસાને ‘શિવ’ કહેવાય. ચીજ તેની તે જ છે. ગંગામાં અને તેમાં કોઈ અન્તર પણ નથી. પણ દેખાશે કોને? જેનામાં ભક્તિ અને જ્ઞાન નથી માત્ર કર્મ કરવું છે, કામ ચલાવવું છે, તેને તો ખાલી પાણી જ દેખાશે. આય પાણીને એય પાણી.

## ૫૫. યમુનાજલના નામે તમસાજલ :

એક વાત મારા સાંભળવામાં આવી. જેમ કાલે મેં તમને એક વિચિત્ર લીલા બતાવીને. એવી જ એક વિચિત્ર લીલા બીજી પણ થઈ. હમણાં હમણાં યમુનાજીના જલની લોટીઓ ભરી-ભરીને લોટીમહોત્સવ થાય છે. લોટીમહોત્સવનો મતલબ શું? કે એક-એક લોટીની હરાજી થાય. આ લોટી તમે લો. આ લોટી તમે લો. એક લોટીના માનીલો પાંચસો રૂપિયા કિંમત રાખી દીધી. થોડાક રૂપીયા ઉત્સવના આયોજનમાં વાપર્યા. બાકી બધો નફો ખિસ્સામાં નાખી દેવાનો. કોઈએ લંડનમાં યમુનાલોટીના ઉત્સવનું આયોજન કર્યું. અહીંથી એક હજાર લોટી લંડનમાં ગઈ. તો ત્યાં કસ્ટમવાળાઓએ કહ્યું ‘‘આ શું છે? આને ખોલીને બતાવો.’’ એણે કહ્યું ‘‘કાંઈ નથી ખાલી યમુનાજલ છે.’’ તેણે કહ્યું ‘‘જલ છે તો ખોલીને બતાવો. કોઈ ને કોઈ પોલ્યુશન્ (પ્રદૂષણ) હશે.’’ ખોલીને

જોયું તો ખરેખર પોલ્યુશન્ નીકળ્યું. હવે તે લોકોએ કહ્યું ''બધું જ જલ અહીં ઢોળી નાંખો, શહેરમાં નહીં લઈ જઈ શકો, જલમાં પોલ્યુશન્ છે.'' હવે લોટીનો ઉત્સવનો જાહેર થઈ ગયો હતો. એણે કહ્યું હવે શું કરવું? એણે કહ્યું ''ઢોળી નાંખો પાણી'' અને એમણે યમુનાજલ ફેંકી દીધું. પછી તેમણે ટેમ્સ્નદીનું જલ એમાં ભરીને પછી લોટી ઉત્સવ મનાવી લીધો. હવે વિચારીએ કે જે ભક્ત છે ત્યાંના એમણે ટેમ્સ્નદીના જલમાં યમુનાજીની ભાવના કરી. એ બિચારા શું કરે? એ તો ક્ષમાને પાત્ર છે. હવે એ તો એમ જ સમજે કે લોટી આવી છે તો યમુનાજલ જ હશે. એમની ભાવના વિફલ નથી. પણ લોટીની આયાત-નિકાસનો જે ધંધો કરે છે તેમાં ચક્કર પડી ગયું. એમણે સપ્લાઈ કર્યું હતું યમુનાજલ નહીં ટેમ્સ્જલ. હવે ટેમ્સ્નું સંસ્કૃતાઈજેશન કરો તો તમસાજલ થાય. તમસાજલ સપ્લાઈ કરી દીધું યમુનાજીના નામ ઉપર. આવું જ ચક્કર ચાલે ધંધાદારી માણસના આયોજનમાં.

કહેવાનો મતલબ શું છે કે જેની આધિદૈવિક દૃષ્ટિ છે તેને તો તમસામાં પણ યમુનાનો ભાવ થશે. તેનામાં તો એ જ ગદ્ગદ્તા, એ જ રોમાંચ થશે. જેની કાંઈક ભૌતિક દૃષ્ટિ છે કે ભાઈ! કમાવુ ધમાવુ છે, તો તેને તો યમુનાજલ હોય કે તમસાજલ હોય, જલની લોટી સપ્લાઈ થવી જોઈએ. માલથી શું મતલબ છે? લેબલ્ જોઈએ બસ! આવા-આવા અલગ માહાત્મ્ય છે દરેક વસ્તુના. એ માહાત્મ્યના અનુસાર આપણને તેનું સ્વરૂપ નજરમાં આવે. હવે બિચારા ઇંગ્લેન્ડના કસ્ટમ ઓફિસરોને શું ખબર પડે કે યમુનાજલ શું છે? આ લોટી શું છે? એમને તો એમ લાગ્યું કે પ્રદૂષિત જલ લઈ આવ્યા હિન્દુસ્તાનથી. એટલે એમણે ઢોળાવી નાંખ્યું. કોણ ખોટું કોણ સાચું? નિર્ણય કરવો અઘરૂં કામ છે. સમજવાની વાત આમાં એટલી છે, એ જ જલ પ્રદૂષિત હોવાના કારણે એમના માટે ઢોળવા લાયક પણ છે. એ જ જલ જેને ભાવ છે તેના માટે પૂજવા લાયક પણ છે. એ જ જલ જેને ધન્ધો કરવો છે તેના માટે વેપારની કમાણી કરવાનો એક હેતુ પણ છે. યમુનાજલ તો એક છે પણ રૂપ તેના જુદા જુદા હોઈ શકે છે.

આ જ પ્રમાણે એક જ કાલ એકને માટે કાલ હોઈ શકે છે. એ જ કાલ જેમાં ભાવ છે, કાલથી જે ડરી નથી રહ્યો, કાલને સ્વીકારી રહ્યો છે, તેના માટે તે શિવ બની જશે. એ જ કાલ જે કાલથી ડરી રહ્યો છે, તેના માટે તે શિવ પણ રુદ્ર બની જશે. રુદ્ર એટલે શું? ભયંકર. મરતો માણસ જો મોજથી મરશે તો શિવના

દર્શન થશે. જો રોતા-રોતા મરશે તો તેને રુદ્રના દર્શન થશે. કાળના રૂપમાં આવ્યો, પકડયો માર્યું ત્રિશુલ. વસ્તુ એક ને એક જ છે. માણસ જોઈ રહ્યો છે તેમાં બધા જ પાસાઓ રહેલાં છે. એ જ વિષ્ણુ જે સ્વભાવથી આખું વિશ્વ ચલાવી રહ્યા છે. આ બાજુથી જુઓ તો એમ લાગે છે કે દરેક વસ્તુ સ્વભાવથી ચાલી રહી છે. વૈજ્ઞાનિકો બિચારા આ જ કહી રહ્યા છે કે દરેક વસ્તુ સ્વભાવથી ચાલી રહી છે. એમાં શા માટે વિષ્ણુની કલ્પના કરવી. એ બિચારા માફીના પાત્ર છે. કેમકે એને આ બાજુ દેખાઈ રહ્યું છે. પેલી બાજુ નથી દેખાઈ રહી, જે સ્વભાવનો ઘનીભૂત છે, જેને આપણે વિષ્ણુ કહીએ છીએ. જેમ સિક્કાની જે બાજુની બાજુ આપણને જોવામાં આવે, એ બાજુ જ છે એમ આપણે માનીએ. બીજી બાજુ જે દેખાતી નથી એટલે તે બાજુ છે જ નહીં, એમ માની લેવું પોતાનામાં એક અદૂરદર્શિતા છે. દૂરદર્શિતા એમાં છે કે જેટલો તમને દેખાઈ રહ્યો છે એટલો તો મસ્તીથી માણો અને બાકીનાને છોડી દો. હવે શું ખબર કે શું છે અને શું નથી? પણ માણસ પોતાની ખોપડી ઉપર વધારે વિશ્વાસ કરે, જગત્‌ની હકીકત સમજવાને બદલે. એટલા માટે આપણને લાગે કે દેખાઈ રહ્યું છે તો છે, નથી દેખાઈ રહ્યું તો નથી.

એમ કહેવાય છે કે શુતુરમૃગ(શાહમૃગ) રેતીમાં પોતાનું મોઢું ઘૂસાડી દે છે તેથી તેને શિકારી ન દેખાય. તે એમ સમજે કે શિકારી ગાયબ થઇ ગયો. શિકારી એ મૃગના રેતીમાં મોઢું ઘૂસાડી દેવાથી ગાયબ થઇ નથી જતો. શિકારી તો એનું તીર છોડે જ છે. મૃગને ન દેખાય, આવા શુતુર મૃગોની કોઈ અછત નથી. બાકી શિકારી તો તેની જગ્યાએ છે અને છે અને છે જ. શુતુરમૃગને ક્યારેક દેખાય છે, ક્યારેક નથી દેખાતો. આપણા દર્શનના વિચાર આવા શુતુરમૃગીવિચાર છે કે જે આપણને દેખાય છે તેને આપણે માની લઈએ કે છે. જે નથી દેખાતું તેને માનીએ કે નથી. આવા શુતુરમૃગીવિચારોની જરૂર નથી. સ્પષ્ટ રૂપથી જે નથી દેખાતું તે પણ છે. જે દેખાઈ રહ્યું છે તે પણ છે. સ્વભાવ દેખાઈ રહ્યો છે એમાં કોઈ ખોટી વાત નથી. એ સિક્કાનો પાસો એવો જ છે કે સ્વભાવ છે અને એ જ સિક્કાની બીજી બાજુનો પાસો એવો છે કે વિષ્ણુ પણ છે.

## ૫૭. તત્ત્વ એક પરંતુ આધિભૌતિક આધ્યાત્મિક આધિદૈવિક હોવાનું ત્રૈવિધ્ય :

એવી જ રીતે કર્મ કે જેનાથી સૃષ્ટિ પેદા થઇ છે. હવે કર્મને જ કહીએ કે ક્યાંથી આવ્યું? ઘણા લોકો કહે કે કર્મ પોતાની મેળે ચાલી રહ્યું હતું. કેમ? તેઓ

એમ કહે કે કર્મને જો કોઈએ પેદા કર્યું હોય તો તે પેદા કરનારને કોણે પેદા કર્યો? હવે બધા લોકો બહુ જબરદસ્ત યુક્તિ સમજે કે જો જગત્‌ને ભગવાને પેદા કર્યું અને જગત્‌ને પેદા કરવા માટે ભગવાન્‌ની જરૂર છે તો ભગવાન્‌ને કોણે પેદા કર્યો? હવે વિચારે કે બહુ ભારે તીર મારી દીધું! ભગવાન્‌ને કોણે પેદા કર્યો તો એક બીજો ભગવાન્ લાવો. એ ભગવાન્‌ને કોણે પેદા કર્યો તો એક ત્રીજો ભગવાન્ લાવો. હજુ વધારે કહે કે ભગવાન્ જો ભગવાન્ વગર પેદા થઈ શકે છે તો જગત્ પણ ભગવાન્ વિના પેદા કેમ ન થઈ જાય? આ વાત બિલ્કુલ સાચી છે. પણ તે આ તરફનું પાસુ છે. તે તરફ એક બ્રહ્મા બેઠેલો છે જે આ કર્મનું નિયંત્રણ કરી રહ્યો છે. આપણને એક પાસુ દેખાય છે કે કર્મ પોતાની મેળે ચાલી રહ્યું છે તો બીજું પાસુ હજુ છે તેનું તે તરફનું, જે બ્રહ્મા તેને ચલાવી રહ્યો છે તે. જેમ મેં તમને બતાવ્યું જ્યારે તે નાની ગાડી ચાલી રહી હતી. ચાલી રહી હતી તો કૂતરાને લાગ્યું કે આ પણ કોઈ જાનવર છે જે પોતાની મેળે ચાલી રહ્યું છે અને તે તેની પાછળ આવ્યો. હવે જે માણસ રિમોટ કન્ટ્રોલ કરી રહ્યો હતો તેણે તે ગાડી કૂતરાની પાછળ દોડાવી. હવે કૂતરાને લાગ્યું કે આ તો મારાથી ડરતું નથી તો ક્યાંક મને ખાઈ જ ન જાય એટલે કૂતરો ઉભી પૂંછડીએ ભાગ્યો. માણસ સમજી ન શકે કે ચક્કર શું છે? તે એક પાસાને જુએ. ગાડી ચાલતી દેખાય એટલે એને એમ લાગે કે આ પણ કોઈ ન કોઈ જાનવર હશે. પોતાને મેળે કેવી રીતે ચાલે ગાડી? ફરીને ગાડી તેની સામે આવી એટલે હિંમત જ ભાંગી ગઈ કૂતરાની એને ખાવાની. એ છોડીને ભાગી ગયો. આવી રીતે આપણને સમજ ન પડે. આપણને એક બાજુ જોવામાં આવે. કર્મના કારણે પેદા થતું હોય તો જગત્ તો પોતાની રીતે હોવું જોઈએ. હવે તે બાજુ બ્રહ્મા બેઠા છે કર્મને કન્ટ્રોલ કરી રહ્યા છે. તે આપણને ન દેખાયું. કેમ કે આપણે એક જ ભાગ જોયો છે.

હકીકતમાં એવું નથી. આ બાજુ કર્મ છે તે બાજુ બ્રહ્મા છે. આ બાજુ સ્વભાવ છે તે બાજુ વિષ્ણુ છે. આ બાજુ કાળ છે તે બાજુ શિવ છે કે રુદ્ર છે. ડરતા હો તો રુદ્ર છે, મસ્ત હો તો શિવ છે. વાત સરખી જ છે. એ શિવ પણ છે, એ રુદ્ર પણ છે. એ બધું જ કાંઈ છે. કેમ? એ જ એક પરમાત્માના **''દ્રવ્યં કર્મ ચ કાલઃ ચ સ્વભાવો જીવ એવ ચ વાસુદેવાત્ પરો બ્રહ્મન્ નચ અન્યો અર્થો અસ્તિ તત્ત્વતઃ''** (ભાગ.પુ.૨।૫।૧૪). આ પંચવિધ રૂપથી સૃષ્ટિ પેદા થઈ. જેમ આપણે છાસ વલોવીએ તો માખણ નીકળે. માખણ શું આકાશમાંથી ટપકે છે એમાં? છાસમાં જ હતું માખણ. ઘનીભૂત થઈ ગયું તેથી 'માખણ' કહીએ.

ઘનીભૂત ન થયું, ફેલાયેલું માખણ ‘છાસ’ કહીએ. છાસ અને માખણમાં ફરક કેટલો? બહુ જ થોડો. ઘનીભૂત થઈ ગયું તમારા મંથનને કારણે તો ‘માખણ’ કહેવાશે. અને ઘનીભૂત નથી થયું, ફેલાયેલું છે તો છાસ છે. આ જ રીતે કાળ જ્યારે ઘનીભૂત થઈ જાય તો તે શિવ થઈ જાય કે રુદ્ર થઈ જાય. સ્વભાવ જે વખતે ઘનીભૂત થઈ ગયો તો તે વિષ્ણુ છે. કર્મ જ્યારે ઘનીભૂત થઈ ગયું તો તે બ્રહ્મા થઈ જાય. ફેલાયેલું માખણ છાસમાં જેવી રીતે ન દેખાય તેમ ઘનીભૂત દેવના રૂપમાં છે તે આપણે ત્યાં ફેલાયેલો જોઈ શકાય છે? અંતર બહુ થોડુંક જ છે. માણસને જેને માખણ જોવામાં આવે, માણસનાં પોત-પોતાના ધ્યાન છે. તેને માખણ ઉપર ધ્યાન હોય, કોઈને છાસ ઉપર ધ્યાન હોય. જેને છાસ ઉપર ધ્યાન હોય તેને લાગે કે માખણ ચોક્કસ આકાશમાંથી ટપકયું હશે. એ છાસમાં તો પહેલાં માખણ હતું જ નહીં. એ ચમત્કાર માને. જેનું માખણ ઉપર ધ્યાન હોય, તેને છાસ ઉપર ધ્યાન ન જાય.

તમે ક્યારેક અનુભવ કર્યો હશે કે જ્યારે આપણે ક્યારેય ટ્રેનમાં બેસીએ અને બાજુમાં કોઈ ગાડી ચાલવા લાગી જાય ત્યારે જો તમારૂં ધ્યાન ચાલી રહેલી ગાડી ઉપર હશે તો તમને તમારી ગાડી સ્થિર લાગશે. જો તમને તમારી ગાડી ઉપર ધ્યાન હશે બારી ઉપર, ડબ્બા ઉપર અને પછી ગાડી ચાલે તો તમને લાગશે કે આપણી ગાડી ચાલી રહી છે. શું ચાલી રહ્યું છે અને શું સ્થિર છે? એમાં તમારૂં ધ્યાન ક્યાં છે તેના ઉપર સ્થિત છે. જો તમે મોઢું ફેરવીને પ્લેટફોર્મ જોઈ લીધું પાછું, તો ખબર પડી જશે કે આપણી ગાડી સ્થિર છે. તમારી ગાડીને જોશો તો ખબર પડશે કે ન તો તે ચાલે છે ન તો સ્થિર છે. તેમાં તો તમે બેઠેલા જ છો. માણસનું ધ્યાન ક્યાં છે તેના ઉપર દરેક વાત નિર્ભર કરે. માણસ પોતાના ધ્યાનને સમજે નહીં અને પછી ચક્કર ખાઈ જાય અને પછી લાગે કે ગાડી ચાલતી થઈ ગઈ. ઘણા માણસ દેકારો કરી મૂકે કે અરે! ઉપડી ઉપડી પકડો પકડો, બોલાવો સ્ટેશન ઉપર. ઘણી વખત મેં જોયું છે. અરે! આપણી ગાડી નથી ઉપડી, ગાડી ઉપડી બાજુવાળી. તમે શા માટે ચિંતિત થાવ છો. તમે શા માટે ઉદ્વિગ્ન થાવ છો? માણસ ઉદ્વિગ્ન થઈ જાય કે ગાડી ચાલી કહેવાનો મતલબ શું? જેમ દરેક ચીજનું એક તરલ રૂપ છે, એક ઘનીભૂત રૂપ છે. એવી જ રીતે પરમાત્માનું એક તરલ રૂપ છે જેને આપણે અવ્યક્તરૂપ કહીએ છીએ, જે ફેલાયેલો છે. મેં કાલે કે પરમ દિવસના ઉદાહરણમાં સમજાવ્યું હતું સૂર્ય અને સૂર્યનો પ્રકાશ.

એક યહૂદી દાર્શનિક થયો છે તેણે બહુ સુંદર સમજાવ્યું છે. તે કહે છે જેમ સૂર્ય અને સૂર્યનો તડકો અને સૂર્યનો પ્રકાશ. એક તો સૂર્ય જે ઘનીભૂત પ્રકાશ અતિશય ગરમ અને સાકાર. સૂર્યનો તડકો તેમાં ગરમી છે અને પ્રકાશ પણ છે. પણ જેમ મકાનની અંદર તમે બેઠા છાયામાં તો પ્રકાશ તો હશે તડકો નહીં હોય. પ્રકાશ એક બીજી વસ્તુ છે તડકા સિવાય. એક સૂર્ય છે, એક સૂર્યનો તડકો છે અને એક સૂર્યનો પ્રકાશ છે. એવી રીતે તે કહે છે કે બ્રહ્મ પણ ત્રણ પ્રકારનું છે. એક બ્રહ્મ જે મૂળ છે તે કહે છે ઈશ્વર મૂળ છે. ઈશ્વર ન કહીને 'યહોબા' કહે છે, વાત એક જ છે. એમાં કોઈ બહુ ફરક નથી. યહોબા મૂળ છે અને આપણે જીવ તેના તડકા જેવા છીએ. આ બધુ જગત પ્રકાશના જેવું છે. એમાં કોઈ ગરમી નથી. જે ચેતનાની ગરમી હોવી જોઈએ તે નથી. તે ઠંડી પડે તો પ્રકાશ છે. દેખાઈ રહ્યું છે બધું પણ ઠંડો પડી ગયેલો પ્રકાશ છે.

## ૫૭. સાકારતા–સર્વાકારતા–નિરાકારતા–વ્યક્તાકારતા :

આપણે ત્યાં આને આમ કહ્યું છે, જે મૂળ પરમાત્મા છે, તે આનન્દરૂપ છે. જીવ ચૈતન્યરૂપ છે અને જડ સત્તારૂપ છે. સત્તાએ તરલ થઈ જાય છે. ચેતનમાં થોડોક ઘનીભાવ આવે છે, થોડીક ગરમી આવે છે અને જે વખતે આપણે આનન્દ ઉપર પહોંચીએ, સચ્ચિદાનંદ ઉપર તો, **''આનન્દોહિ બ્રહ્મવાદે આકારસમર્પકઃ''** (ત.દી.નિ.૧।૪૪) આનન્દના કારણે તે ઘનીભાવ એટલો વધી જાય કે સૂર્યનો એક ગોળમટોળ પિંડ આપણને આકાશમાં દેખાય. જેના માટે મહાપ્રભુજી કહે છે **''આનન્દોહિ બ્રહ્મવાદે આકારસમર્પકઃ''** આ બધા આકાર ઘનીભાવના કારણે આવી રહ્યા છે અને ઘનીભાવ જ આનન્દ છે. માખણ ઘનીભૂત છે એટલા માટે આનન્દ છે. ''ખાટી છાછ તનક નહીં ભાવે સૂર ખવૈયા ઘીકો'' ઘનીભાવની આપણને ભારે મહિમા લાગે છે. ખરેખર તે ઘનીભૂત હતો ક્યાં? ત્યાં જ ફેલાયેલો હતો છાસમાં. બહારથી કાંઈ નથી આવ્યું પણ આપણે દૃષ્ટિ જો માખણ ઉપર નથી તો આપણને લાગશે કે માખણ મિથ્યા છે. એટલે કે પરમાત્મામાંથી પ્રકટ થતાં નામ અને રૂપોના પ્રકટ થવાની એક દિશા છે. જેમ એક નદી ગંગોત્રીમાંથી ગંગા નીકળી રહી છે. તેની એક દિશા છે. આ જ રીતથી પરમાત્મામાં મૂળ સાકારતા છે. પછી સાકારતાથી સર્વાકારતા આવે. સર્વાકારતાથી નિરાકારતા આવે. પછી નિરાકારતાથી કાલ કર્મ સ્વભાવમાં થોડા થોડા આકાર પ્રકટ થવાની વ્યકતતા આવે. કાલ કર્મ સ્વભાવ પ્રકૃતિ પુરૂષના સંયોગથી, નામરૂપમાં

પાછી સાકારતા આવી જાય. આ રીતે આ એક પુરું ચક્ર ચાલી રહ્યું છે. જેમ એક નદી ઉતરે છે પહાડથી. થોડો સમય જમીન ઉપર વહે પાછી જઈને સમુદ્રમાં મળી જાય. પાછી ફરીથી વરાળ બનીને ઉપર ઉડી જાય, પાછી વરસાદ થઈને નીચે આવે, તે એક ચક્ર ચાલતું રહે. એવી રીતે જ નામ-રૂપનું ક્યારેક વ્યકત થવાનું અને ક્યારેક અવ્યક્ત થવાનું, એક ચક્ર ચાલી રહ્યું છે. તેમાં એક છેડા ઉપર ઊભા રહીને કહીએ કે તે અવ્યક્ત જ છે. તે વાત ખોટી છે. એક છેડે ઊભા રહીને કહીએ કે વ્યક્ત જ છે તો તે વાત પણ ખોટી છે. આખા ચક્ર ઉપર ધ્યાન દેશો, તો તેમાં જોશો કે વ્યકત, અવ્યકત, અવ્યકતથી વ્યકત, એક નિરન્તર ચક્ર ચાલી રહ્યું છે. **''એવં પ્રવર્તિતં ચક્રં ન અનુવર્તયતિ ઈહ યઃ અઘાયુઃ ઈન્દ્રિયારામો મોઘં પાર્થ સ જીવતિ''** (ભ.ગી.૩।૧૬). એક ચક્ર છે નામ-રૂપનું. વ્યકતથી અવ્યક્ત થવાનું અને અવ્યકતથી વ્યકત થવાનું જે ચક્ર ચાલી રહ્યું છે, આ જ ચક્રમાં કર્મ જ્ઞાન ભક્તિ સ્થિત છે. ધ્યાન આપશો તો જણાશે. અવ્યકતથી વ્યકત થવાની પ્રક્રિયાનો અંશ એક લાઈન (રેખા) હોય, જેમ રેંટ ચાલે, એના એ જ ડબ્બા રેંટની ઉપર જાય અને ખાલી થઈને આવે, નીચે આવે પછી પાછા ભરાઈને ઉપર જાય. પાછા એના એ જ ડબ્બા ખાલી થઈ જાય, આ એક ચક્ર ચાલી રહ્યું છે. એવી જ રીતે વ્યક્ત અને અવ્યક્ત માં નામ-રૂપનું એક ચક્ર ચાલી રહ્યું છે. નામ-રૂપના રેંટમાં ક્યારેક વ્યકતતા આવે છે. જ્યારે તે ઉલ્ટા થઈ જાય ત્યારે તેમાં અવ્યકતતા આવી જાય છે. આમાં અન્તર કેટલું છે? જે વખતે નામ-રૂપ વ્યકત થઈ રહ્યા છે તે અવ્યકતથી વ્યકત થવાની પ્રક્રિયામાં માણસ ભક્તિ કરે છે. વ્યકતથી અવ્યકત થવાની નામ-રૂપની પ્રક્રિયા જ્ઞાનની છે. વ્યકત નામ-રૂપોથી અવ્યકતની દિશામાં જવાની પ્રક્રિયામાં જ્ઞાનમાર્ગ સ્થિત છે. જે વખતે નામ-રૂપ અવ્યકતથી વ્યકત થવાના ચક્કરમાં છે તે વખતે ભક્તિમાર્ગ છે.

આ વાતને આ રીતથી પણ સમજી શકો છો. ગતિ બે પ્રકારની હોય છે. ક્લોકવાઈઝ્ અને એન્ટિકલોકવાઈઝ્. જે ચક્કર ચાલી રહ્યું છે અવ્યકતથી વ્યકત થવાની પ્રક્રિયામાં જે વખતે માણસ આવે, એટલે કે તે પ્રક્રિયાની જે મજા માણી શકતો હોય, અવ્યકતના વ્યકત થવાની જે મજા માણી રહ્યો હોય, તેને ભક્તિ કરવી જોઈએ. વ્યકતના અવ્યક્ત થવામાં જેને મજા આવતી હોય, તેને જ્ઞાન કરવું જોઈએ. મૂળ વાત આ છે.

## ૫૮. ભક્તિમાર્ગ અને જ્ઞાનમાર્ગ :

ભગવાન્ અર્જુનને એ સમજાવવા માગી રહ્યા છે **“મયિ આવેશ્ય મનો યે માં નિત્યયુક્તા ઉપાસતે શ્રદ્ધયા પરયા ઉપેતાઃ તે મે યુક્તતમા મતાઃ”** કેમકે અર્જુને આ પ્રશ્ન પૂછ્યો કે જે સતતયુકત થઈને આ રીતથી ઉપાસના કરી રહ્યા છે, કઈ રીતથી ? જે રીતે તમે મને સર્વાકારતા વ્યક્ત કરીને દેખાડી, તે રીતથી જે તમારી ઉપાસના કરી રહ્યા છે અને જે અવ્યકતમાં વ્યકતને શોધી રહ્યા છે, એટલે કે અવ્યકતમાં વ્યકતને શોધવો અને વ્યકતમાં અવ્યકતને શોધવો. અવ્યકતમાં વ્યકતને શોધવો ભક્તિમાર્ગ છે. વ્યકતમાં અવ્યકતને શોધવો જ્ઞાનમાર્ગ છે. થોડામાં સમજવું હોય તો મર્મ તો આ છે. તથ્ય આ છે કે અવ્યકતમાં વ્યકત સમાયેલો છે અને વ્યકતમાં અવ્યકત પણ. બંને એકબીજામાં છે. તે રેંટ તો નિરંતર ચાલી રહ્યો છે પણ આપણે જ્યારે બંનેનો સ્વીકાર કરી લઈએ ત્યારે યોગ બનશે. તમે જ્યાં છો ત્યાં રહો તેમાં કાંઈ હરકત નથી. આ સારું લાગતું હોય જોવું કે પાણી રેંટમાં ભરાઈને ઉપર કેવી રીતે આવી રહ્યું છે તો તે બાજુ જુઓ. આ બાજુની ચિંતા ન કરો કે ખાલી કેવી રીતે થઈ રહ્યો છે નીચે. કોઈને એ જોવામાં મજા આવી રહી છે કે પાણી ભરેલું ડબલું ખાલી થઈને નીચે કેવી રીતે જઈ રહ્યું છે તો રેંટની તે બાજુમાં જુઓ તો તેમાં પણ કાંઈ હરકત નથી, નુકશાન નથી. એ તો ચક્ર ચાલી રહ્યું છે. રેંટ તો ચાલી રહ્યો છે, વ્યકતથી અવ્યકત તરફ અને અવ્યકતથી વ્યકતની તરફ. એમાં તમને જે દશ્ય જોયું સારું લાગતું હોય, એક નજરે નિરખો તે દશ્યને, તેમાં કાંઈ હરકત નથી. પણ જે તમને સારું લાગી રહ્યું છે તે હકીકત સિવાય બીજી હકીકતને નકારશો નહીં. જો તમે નકારી રહ્યા છો તમારું જ્ઞાન છે પણ જ્ઞાનયોગ નથી. જો તમે નકારી રહ્યા છો તો તમારી ભક્તિ છે પણ ભક્તિયોગ નથી. જો તમે સતતયુક્ત થઈને જેને નિહાળી રહ્યા છો તન્મયતાથી તો એ જ યોગ બની જશે. અર્જુન આ જ પૂછી રહ્યો હતો **“એવં સતતયુક્તા યે ભક્તાઃ ત્વાં પર્યુપાસતે યે ચાપિ અક્ષરમ્ અવ્યક્તં તેષાં કે યોગવિત્તમાઃ”**. પણ કેટલાક લોકો આ વાતને સમજતા નથી અને કહે છે કે સતતયુકતા. તો સતતનો મતલબ શું? એમને પસંદ નથી આવતી આ વાત સાંભળવી કે ભક્તિ સતત કરવી જોઈએ. તેઓ કહે છે કે જ્ઞાન જ સતત કરવું જોઈએ. ભક્તિ તો સતત ન થઈ શકે. ભક્તિ તો થોડોક ટાઈમ કરીને છોડી દેવી જોઈએ. જેમ મેં તમને બતાવ્યું કે ડેટિંગ્ કરે. એમ ડેટિંગ્ કરીને છોડી દો. આજે આની સાથે ફરો, કાલે તેની સાથે ફરો. આ ડેટિંગ્‌વાળા ચક્કરમાં એમને જે વાત પસંદ નથી આવતી તે સતતયુકતા હોવાની!

એક વ્યાખ્યાકાર આવો મજેદાર અર્થ કરે છે. 'તત' એટલે વીણા. એટલે કે 'સતત' વીણા વગાડી-વગાડીને ભક્તિ કરો. અરે ભાઈ! આવો અર્થ શા માટે કાઢો છો કે વીણા વગાડી-વગાડીને ભક્તિ કરો? અરે! આ નારદવિદ્યા શું કામ કરી રહ્યા છો? ભકત અને ભગવાન્ જ નહીં પરંતુ જ્ઞાની અને ભકત ને પણ અંદરોઅંદર લડાવી દેવાની વીણા વગાડતા રહેવી! 'સતતયુક્ત'નો આવો અર્થ કરવો પડે કેમકે પસંદ નથી આવતી એમને આ વાત કે ભક્તિ કરવી જોઈએ. અરે ભાઈ! હકીકત એ છે કે કરવી હોય તો ભક્તિ પણ સતત થઈ શકે છે, જ્ઞાનની જેમ. જે કરો તે સતત કરો. ડેટિંગ્ની પ્રક્રિયા ન કરો. જે કરો તે સતત જ કરો. એમાં કોઈ હરકત નથી. ભક્તિ પણ તમને ત્યાંજ લઈ જઈ રહી છે.

## ૫૯. જ્ઞાનયોગ=વ્યક્તમાં અવ્યક્તની અને ભક્તિયોગ = અવ્યક્તમાં વ્યક્તની ખોજ :

અન્તર ફકત એટલું છે કે ભકિતમાં તમે વ્યકતને અવ્યકતમાં શોધી રહ્યા છો અને જ્ઞાનમાં તમે વ્યકતમાં અવ્યકતને શોધી રહ્યા છો.

**''એવં સતતયુક્તા યે ભક્તાઃ ત્વાં પર્યુપાસતે યે ચાપિ અક્ષરમ્ અવ્યક્તમ્ તેષાં કે યોગવિત્તમાઃ''**. આ શ્લોકમાં અર્જુન શું એમ પૂછી રહ્યો છે કે જે ભકત વીણા વગાડી-વગાડીને તારી ભક્તિ કરે છે અથવા અવ્યકત ઈશ્વરની ભક્તિ કરે એ બંને યોગને સારી જાણનારો કોણ છે? અર્જુન એમના માટે પૂછી રહ્યો છે જે સતતયુકત થઈને પરમાત્માની ભક્તિ કરે છે અને સતત જ્ઞાની જે દરેક ઠેકાણે વ્યકતમાં અવ્યકતને શોધે છે, એમાંથી તમને ક્યા પ્રકારનો સારો લાગે છે, એ બતાવો? **કે યોગવિત્તમાઃ**? શા માટે યોગવિત્તમાઃ? કેમકે તમે જ તો આ વાત કહી હતી **''તપસ્વિભ્યો અધિકો યોગી જ્ઞાનિભ્યોઽપિ મતો અધિકઃ કર્મિભ્યશ્ચ અધિકો યોગી તસ્માદ્ યોગી ભવ અર્જુન. યોગિનામપિ સર્વેષાં મદ્ગતેન અન્તરાત્મના શ્રદ્ધાવાન્ ભજતે યો માં સમે યુક્તતમો મતઃ''** અને કહ્યું કે **''પશ્ય મે રૂપમ્ ઐશ્વરમ્''** મારું રૂપ જો. આવી રીતે અક્ષરને અવ્યકતને તમે 'હું' કેમ ન કહ્યું. અહીં કોઈ ચક્કર તો નથીને? જ્યારે પણ તમે અક્ષરની વાત કરી ત્યારે વધુમાં વધુ આટલી વાત કરી **''અક્ષરં બ્રહ્મ પરમમ્ સ્વભાવો અધ્યાત્મમ્ ઉચ્યતે ભૂતભાવોદ્ભવકરો વિસર્ગઃ કર્મસંજ્ઞિતઃ. અધિભૂતં ક્ષરો ભાવઃ પુરૂષઃ ચ અધિદૈવતમ્ અધિયજ્ઞો અહમેવ અત્ર દેહે દેહભૃતાં**

**વર''**(ભ.ગી.૮।૩-૪). ત્યાં પણ અક્ષરબ્રહ્મને 'હું' કહીને નથી ગણાવ્યું. અધિયજ્ઞ કહીને ગણાવ્યું પણ અક્ષરબ્રહ્મને 'હું' નથી કહ્યું. આ વાત અર્જુનને સતાવી રહી છે. જો વસ્તુતઃ અક્ષરબ્રહ્મ પણ તમારૂં રૂપ છે અને જો કોઇ જ્ઞાનયોગી, વ્યક્તમાં અવ્યક્તને શોધી રહ્યો છે, તો તમે એને આ દરજ્જો કેમ નથી આપી રહ્યા કે તે પણ મને જ શોધી રહ્યો છે? શા માટે તમે કહી રહ્યા છો **''તપસ્વિભ્યો અધિકો યોગી જ્ઞાનિભ્યોડપિ મતો અધિકઃ કર્મિભ્યશ્ચ અધિકો યોગી તસ્માદ્ યોગી ભવ અર્જુન! યોગિનામપિ સર્વેષાં મદ્‌ગતેન અન્તરાત્મના શ્રદ્ધાવાન્ ભજતે યો માં સ મે યુક્તતમો મતઃ.''** હકીકતમાં આ પ્રશ્નની શરૂઆત, પહેલા ભગવાને જે ''સ મે યુક્તતમો મતઃ'' કહ્યું તેના ઉપર અર્જુન ફરીથી ખુલાસો માગી રહ્યો છે. બહુ ચતુરાઈથી માગે છે. તે આક્ષેપ કરીને નથી માગતો, સરળતાથી ભોળપણાથી પૂછી રહ્યો છે ''એ બતાવી દો કે બંનેમાં યુક્તતમ કોણ છે? જ્ઞાનયોગી બનો જ્ઞાની ન બનો આ વાત તમે કહી હતી. આ વાત પણ તમે કરી હતી કે કર્મીન બનો પણ કર્મયોગી બનો. તમે કહી હતી આ વાત કે ભક્ત ન બનો. ભક્તિયોગી બનો. તો સારું મહારાજ! હવે છેલ્લો ખુલાસો મને એ આપો કે જ્ઞાનયોગી અને ભક્તિયોગી માં યુક્તતમ કોણ છે? ત્યારે બધી વાત સમજાઇ જશે. ત્યારે અક્ષરબ્રહ્મનો ખુલાસો થઈ જશે''ભગવાન્ આ પ્રશ્નનો ખુલાસો આપે છે **''મયિ આવેશ્ય મનો યે માં નિત્યયુક્તા ઉપાસતે શ્રદ્ધયા પરયા ઉપેતાઃ તે મે યુક્તતમા મતાઃ''** કેમ? જો તું વ્યક્તમાં અવ્યક્તને શોધી રહ્યો છે તો પછી ચિંતા ન કર. તને શું યુક્તતમ લાગે છે? વ્યક્તમાં જો અવ્યક્તને શોધવો છે તો દરેક ચીજને અવ્યક્ત થવું પડશે. શોધવાવાળાને પણ અવ્યક્ત થવું પડશે અને જે શોધવામાં આવી રહ્યો છે તે તો અવ્યક્ત છે જ. હવે આમાં મળશે તો શું મળશે? અવ્યક્ત. તે સ્થિતિમાં પ્રશ્ન ઉપપન્ન નથી થઈ રહ્યો કે યુક્તતમ શું છે? કેમકે યુક્તતમ તો વ્યક્તમાં જ હોઈ શકે છે.

## ૬૦. તુલના બે વ્યક્તની વચ્ચે થાય અવ્યક્તની સાથે નહીં :

યુક્તતમનો મતલબ શું? કોઈ યુક્ત હોય, તો કોઈ યુક્તતર હોય, તો કોઈ યુક્તતમ હોય. જેને પોઝિટિવ્, કમ્પેરેટિવ્, સુપરલેટિવ્ કહેવાય. આ ડિગ્રીઓ તો વ્યક્તમાં જ લગાડી શકાશે. અવ્યક્તમાં આપણે ડિગ્રી કહીએ તો કેમ ખબર પડે?

જેમ આંકડો ન લગાવ્યો હોય અને શૂન્ય હોય અને બે શૂન્ય હોય તો વાત વ્યક્ત ન થઈ. આંકડો લાગે ત્યારે તો વાત વ્યક્ત થાય. આંકડો ન લખ્યો

અને કોઈ ગણત્રી કરે કે એક શૂન્ય કરતાં બે શૂન્ય વધારે છે, બે શૂન્ય કરતાં ત્રણ શૂન્ય વધુ છે. અરે ભાઈ! છે તો ત્રણેના ત્રણેય શૂન્ય! અને એ શું પૂછી રહ્યો છે? કોણ વધારે છે? અવ્યક્ત શોધવો હોય તો વત્તા-ઓછાનો પ્રશ્ન જ નહીં આવે. વત્તા-ઓછાનો પ્રશ્ન આવી રહ્યો છે તો તેનો મતલબ એ છે કે વ્યક્તની ખોજ છે. જ્યારે વ્યક્તની ખોજ છે તો કહેવું પડશે **''તે મે યુક્તતમા મતાઃ''** નહીંતર પછી પોઝિટિવ્ ડિગ્રી શક્ય નથી. આ તો એકથી બે વધારે થાય છે. બે થી ત્રણ વધારે થાય છે. ત્રણ કરતાં ચાર વધારે થાય છે. પણ એક શૂન્ય કરતાં બે શૂન્ય વધારે થાય છે, એવું નથી થતું. બે શૂન્યથી ત્રણ શૂન્ય વધારે થાય છે એવું નથી થતું. કેમકે એ તો અવ્યક્ત સંખ્યા છે અને એકથી માંડીને નવ સુધીની સંખ્યા, વ્યક્ત સંખ્યા છે. તેમાં એ નક્કી કરી શકાશે કે એકથી વધુ બે, બેથી વધુ ત્રણ, ત્રણથી ચાર વધુ. પણ નવ શૂન્ય લગાડી દીધા તો પણ પહેલા શૂન્યનું જે મૂલ્ય છે, તેનાથી એક અંશ પણ મૂલ્ય વધારે નહીં વધે. ભલે નવ શૂન્ય લગાડો, ભલે નેવું શૂન્ય લગાડો. ખાલી એકડો લગાડી દીધો તો આખી વાત બદલાઈ જશે. એક જ 'એકડો' લાગી ગયો તો આખી કથા બદલી જશે. કેમકે એકડો વ્યક્ત સંખ્યા છે. તો શું એકડો સંખ્યા છે અને શૂન્ય સંખ્યા નથી?

ઘણા લોકો એમ સમજે કે શૂન્ય હોવાનો મતલબ ન હોવું છે. ખરેખર એવું નથી. કેમકે તો પછી એકડા પછી શૂન્ય લગાવવાથી દશ કેમ થાત! એકડા પછી શૂન્ય લગાડો તો દશનો મતલબ ક્યાંથી નિકળશે? તેથી શૂન્યનો મતલબ ન હોવું એવો નથી. શૂન્યનો મતલબ છે કાંઈક હોવું, પણ હોવું કેવી રીતે? **''મયા તતમ્ ઈદં સર્વં જગદ્ અવ્યક્તમૂર્તિના. મત્સ્થાનિ સર્વભૂતાનિ ન ચ અહં તેષુ અવસ્થિતઃ''** (ભ.ગી.૯।૪). તે અવ્યક્તમૂર્તિ સંખ્યા છે. એટલા માટે ગોળમટોળ કરવામાં આવે ચારે બાજુથી. તેની કોઈ ઓળખાણ નથી. ગોળમટોળ સંખ્યા 'શૂન્ય' કહેવાય. કેમ શૂન્ય કહેવાય? કેમકે તેમાં મૂર્તિ નથી. છે તો ખરી પણ અવ્યક્તમૂર્તિ છે. એટલા માટે **''મયા તતમ્ ઈદં સર્વં જગદ્ અવ્યક્તમૂર્તિના''** જ્યારે તમે અવ્યક્તમૂર્તિને વ્યક્તમાં શોધવા જશો તો ચક્કર પડશે. ત્યારે તમે એ નહીં પૂછી શકો કે બે શૂન્ય કરતાં ત્રણ શૂન્ય વધારે છે કે ઓછા? ખતમ. જ્યારે તમે અવ્યક્ત શોધી રહ્યા છો તો પહેલા તમે અવ્યક્ત બનો.

એક સામાન્ય વાત તમને બતાવું. જેમ લીલા ચાલી રહી છે. કોઈ નાટક

ચાલી રહ્યું છે. હવે માનીલો કે નાટકનો ડાયરેક્ટર સ્ટેજ ઉપર છે અને બીજો એકટર પણ સ્ટેજ ઉપર આવે. હવે એકાએક નાટકની વચ્ચે કોઈ એકટર કહે કે ભઈ! હું હવે થાકી ગયો છું. આ વેષને હું ઉતારી દઉં છું. તો ડાયરેકટર શું કહેશે? ઉતારી દે ભાઈ! હવે પૂછવાનું શું બાકી રહી ગયું. બધા વેશ ઉતારી દેવાના છે અને તું તેને કહે કે ઉતારી દે અને તું ખુદ ન ઉતારે ત્યારે તો ચાલે નહીં. હવે જ્યારે આપણે અવ્યક્તની ઉપાસના કરવી છે, ભગવાને જે નામ-રૂપના વેષ ધારણ કર્યા, એ નામ-રૂપના વેષ ધારણ કરીને આપણે ડાયરેકટર્ને કહીએ કે તમે ઉતારી દો આ નામ-રૂપના વેષ. તે ઉતારે એના પહેલા તમે તો ઉતારો. હવે તમે તેના અવ્યક્તરૂપની ઉપાસના કરો અને ખુદ નામ-રૂપના વેષ ધારણ કરીને વ્યક્ત બનેલા રહો તો તો કામ ચાલશે નહીં. આ શરૂઆત કેમ થાય અવ્યક્ત ઉપાસનાની? અવ્યક્ત ઉપાસનાની શરૂઆત થશે મારા નામ-રૂપોને હું પહેલાં ઉતારૂં ત્યારે તો આપણે તેની માંગના ઔચિત્ય ઉપર કાયમ કરી શકીએ છીએ. જેમ ''ચેરિટી બિગિન્સ્ એટ્ હોમ્'' કહેવામાં આવે છે. કોઈ કામ કરવું છે તો પહેલા ખુદ કરો.

આ હિન્દીવાળાઓએ બહુ આગ્રહ રાખ્યો કે બાળકોને નિશાળમાં હિન્દીમાં ભણાવવા જોઈએ. ખબર પડી કે તે પોતે પોતાના બાળકોને હિન્દી નિશાળમાં નહોતા ભણાવતા! લોકોને લાગ્યું કે હિન્દી રાષ્ટ્રભાષાની માંગ અહિન્દીભાષીઓના વિરૂદ્ધ કોઈ ષડયંત્ર છે. મરી બિચારી હિન્દીભાષા. લોકો સમજી ગયા, બધાને સમજાઈ ગયું કે હિન્દીનો ઝઘડો માત્ર ભાષાનો જ ઝઘડો છે, કોઈ સાચો ઝઘડો નથી. કોઈ ગોટાળા છે, નહીંતર શા માટે તેઓ પોતાના બાળકોને હિન્દીમાં ન ભણાવે? ગામને ઉપદેશ આપે કે બાળકોને હિન્દીમાં ભણાવો અને પોતાના બાળકોને અંગ્રેજીમાં ભણાવે? કાંઈકને કાંઈક ચક્કર છે.

## ૭૧. શાસ્ત્રનો ઉપદેશ અને તે ઉપદિષ્ટમાં વિશ્વાસ :

એવું કહેવામાં આવે છે કે એક જ્યોતિષીએ ભવિષ્યવાણી કરી કે પાંચ પચ્ચીસ દિવસ પછી પ્રલય થવાનો છે. ગામના માણસો બિચારા ગભરાઈને પહાડ ઉપર ચાલ્યા ગયા. એક માણસ ચતુર હતો. એણે કહ્યું કે જ્યોતિષી ખુદ કેમ ન આવ્યા પહાડ ઉપર! પ્રલય આવવાનો છે તો. તેણે જઈને જોયું તો જ્યોતિષી માળીકામ કરતા હતા. એણે કહ્યું કે જ્યારે પ્રલય થવાનો છે છતાં પણ તે બાગવાની કરે છે તેનો મતલબ એ છે કે જે આ બીજ વાવી રહ્યા છે, એ જ્યારે

અંકુરિત થશે, ફૂટશે અને ફલ આવશે, એટલા દિવસ તો પ્રલય થવાનો નથી. જેમ જ્યોતિષી રહેશે તેમ જ આગળ પાછળ આપણે રહેશું. આપણે પણ ગામમાં જ રહો, શા માટે પહાડ ઉપર જવું? તે બધા પાછા નીચે ઉતરી ગયા. એમ આપણે જો કહી રહ્યા છીએ કાલે પ્રલય થવાનો છે, તો પહેલા અમે ભાગશું કે તમે ભાગશો? બીજાને કહો કે ભાગી જાવ અને પોતે ત્યાંના ત્યાંજ રહે તો તો ચક્કર છે.

એટલા માટે ભગવાન્ કહે છે કે અવ્યક્તની ઉપાસના કરવી હોય તો પહેલાં પોતે અવ્યક્ત બન. અને જો તું અવ્યક્ત બન્યો તો આ પ્રશ્ન જ પેદા નહીં થાય કે કોણ યુક્તતમ છે? યુક્તતમનો પ્રશ્ન તો વ્યક્તમાં પેદા થઈ રહ્યો છે. અવ્યક્તમાં પેદા નથી થઈ રહ્યો. ભગવાન્ કહી રહ્યા છે કે જો તું યુક્તતમ પૂછી રહ્યો છે તો ચાલ હવે મારો ઉત્તર સાંભળ.

**‘‘મયિ આવેશ્ય મનો યે માં નિત્યયુક્તા ઉપાસતે શ્રદ્ધયા પરયા ઉપેતાઃ તે મે યુક્તતમા મતાઃ’’** કેમકે હું તો બધા નામ-રૂપોને ધારણ કરી કરીને અવ્યક્તથી વ્યક્ત થવાની પ્રક્રિયામાં આવી રહ્યો છું અને તું કહી રહ્યો છે કે તારે વ્યક્તથી અવ્યક્ત થવું છે તો શા માટે વ્યક્તથી અવ્યક્ત થાય છે. તારા મનને મારામાં લગાડી દે. તું પોતાને શા માટે મારામાં ભેળવે છે? તું તારા મનને મારામાં સમાવ. તારે સમાવાની જરૂર નથી. કેમકે તું સમાય કે ન સમાય, જો તું મારામાં ન હોત તો તું હોત જ નહીં. ઉપનિષદ્ ખૂબ સુંદર કહે છે **‘‘કો હ્યેવ અન્યાત્ કઃ પ્રાણ્યાદ્ યદેશ આકાશ આનન્દો ન સ્યાત્. એષ હ્યેવ આનન્દયાતિ’’** (તૈત્તિ.ઉપ.૨.૭). કોણ જીવી શકત જો પરમાત્મા હવાના એક એક કણમાં ભરાયેલો ન હોત. એક-એક શ્વાસ આપણે છોડીએ છીએ તેમાં આપણા દુઃખોને આપણે છોડી રહ્યા છીએ. આટલા માટે જ દુઃખને નિઃશ્વાસ (નિસાસો) કહેવામાં આવે. જે લઈએ તેને શ્વાસ કહેવાય. જે છોડીએ તેને નિઃશ્વાસ કહેવાય. માણસને દુઃખ હોય તો શું છોડે, નિઃશ્વાસ છોડે. એ તો દુઃખની અભિવ્યક્તિ છે. દરેક શ્વાસમાં પરમાત્માના આનન્દને તમે લઈ રહ્યા છો. પરમાત્માનો આનન્દ વ્યક્ત થઈ રહ્યો છે શ્વાસ લેવાની પ્રક્રિયામાં. થોડીક વાર શ્વાસ બંધ કરી દો અને જુઓ તો ખબર પડશે કે શ્વાસ મળતો બંધ થયો કે તૂરત કેટલું કષ્ટ વધી જશે, ફેંફસાઓ ફાટવા લાગી જશે. કેમ ફાટવા લાગી જશે કેમકે પ્રસરાયેલો આનન્દ પરમાત્માનો,

તે દેખાતો નથી પણ એક એક શ્વાસમાં આપણી અંદર જઈ રહ્યો છે. તેનો દરવાજો તમે રોકી રહ્યા છો. ખુદ વ્યક્તથી અવ્યક્ત થવાનું ચક્કર કરી રહ્યા છો. થોડીક વાર વધારે શ્વાસ રોકી રાખો તો પોતાની મેળે અવ્યક્ત થઈ જાય માણસ. સાધના જોઈએ. ત્યારે તે વાત બનશે. બાકી તો કાંઈ સહેલી વાત નથી. વ્યક્તમાં અવ્યક્તને શોધવા માટે ખૂબ અઘરી સાધના જોઈએ. તેમાં કોઈ પ્રશ્નનો અવકાશ નહીં રહે. જ્યારે પ્રશ્નનો અવકાશ છે તો ચોક્કસ સમજો **''મયિ આવેશ્ય મનો યે માં નિત્યયુક્તા ઉપાસતે. શ્રદ્ધયા પરયા ઉપેતાઃ તે મે યુક્તતમા મતાઃ''** કેમકે નામ-રૂપને હું નિરન્તર પોતાનામાં વ્યક્ત કરી રહ્યો છું.

## ૬૨. બ્રાહ્મિકી સત્તા નામ-રૂપ-કર્મોનો અજસ્ર સ્રોત :

સમજી લો કે ભગવાન્‌માં એક એવી ગંગોત્રી છે કે જે ગંગોત્રીમાંથી નામ રૂપ ની સરિતા વહી રહી છે. હવે ત્રણ પ્રકારની આમાં સંભાવનાઓ છે. કાં તો આ નામ-રૂપની સરિતામાં વહો. બીજી સંભાવના એ પણ છે કે તે જે તરફ વહી રહી છે તેની સામે તરો. ત્રીજી સંભાવના અથવા એ પણ થઈ શકે કે કિનારા ઉપર ઉભા રહીને મોજ માણો. તટસ્થ થઈ જાવ. કોઈ ક્યાંક તટસ્થ, કોઈ ક્યાંક પ્રવાહસ્થ. આપણે કહીએ કે ફલાણા ભાઈ તટસ્થ છે. તટસ્થનો મતલબ શું? જે પ્રવાહ ચાલી રહ્યો છે તેમાં પડે નહીં. કાંઠે ઉભા રહેલા છે. પ્રવાહ તો ચાલી રહ્યો છે પણ તે એમાં પડવા નથી માગતો. કોઈ પ્રવાહસ્થ હોય. પ્રવાહસ્થ બે જાતના હોય. પ્રવાહની દિશામાં અનુકૂલ વહેવાવાળા. પ્રવાહની દિશાથી ઉલ્ટા ચાલવાવાળા. ત્રીજો વ્યક્તિ હોય છે તટસ્થ. પ્રવાહ ભલે આ બાજુ જતો હોય ચાહે તે બાજુ જતો હોય, તેનાથી કોઈ લેવા-દેવા નથી. એટલા માટે તટસ્થ. તટસ્થ બનવું હોય તો તટસ્થ બની જાવ. પ્રવાહસ્થ બનવું હોય તો પ્રવાહસ્થ બની જાવ. પ્રવાહથી ઉલ્ટી દિશામાં વહેવું હોય તો તેની ઉલ્ટી દિશામાં હાથ-પગ પછાડો. પ્રવાહની દિશામાં વહેવું હોય તો તે દિશામાં હાથ-પગ પછાડો. પરંતુ પ્રવાહ તો તમને તે દિશામાં લઈ જઈ રહ્યો જ છે. નિરન્તર એક નામ-રૂપની સરિતા વહી રહી છે. તમારે શું કરવું છે એ નક્કી કરો.

ભગવાન્ કહી રહ્યા છે કે તમને જો પ્રવાહમાં વહેવામાં તકલીફ થઈ રહી હોય તો, કોઈ ચિંતાની વાત નથી. થોડાક તટસ્થ થઈને જુઓ, તમને પ્રવાહનો આનંદ પણ મળશે અને પ્રવાહમાં તણાવાનો ભય પણ જતો રહેશે. તમારે ઉલ્ટી દિશામાં હાથ-પગ પછાડવા હોય તો ઉલ્ટી દિશામાં હાથ-પગ પછાડો કોઈ

ચિંતાની વાત નથી. પૌરુષ તો છે એમાં પણ, પૌરુષનો તો ઈન્કાર કરી જ નથી શકાતો.

અમે એક દિવસ બનારસ ગયા હતા તો ગંગાજીના પ્રવાહમાં તરવાની મજા લેવા માટે નદીપ્રવાહમાં કૂદી પડયા અને આનંદના ઉત્સાહમાં આંખો બંધ કરીને હાથ-પગ હલાવવા શરૂ કર્યા તો લગભગ વીસ-પચ્ચીસ મિનિટ સુધી હાથ-પગ હલાવ્યા. તરવાની મસ્તીમાં આજુ-બાજુ જોતો નહોતો. પણ જેવી આંખ ખોલીને કેટલા આગળ વધ્યા એ જોવા લાગ્યો તો હું ત્યાંનો ત્યાં જ હતો. પ્રવાહથી ઉલ્ટો તરવા માગી રહ્યો હતો (સામા પુરે). તેથી કાંઠે કોણ જુએ! પ્રવાહથી ઉલ્ટા તરવું હતું તેની તન્મયતા હતી. પણ આંખ ખોલીને મોઢુ ફેરવીને કાંઠે જોયું તો જે ઘાટથી પ્રવાહમાં કૂદયો હતો તે ઘાટથી આગળ વધવાના બદલે થોડોક પાછળ જતો રહ્યો હતો! હું તો હાથ-પગ પછાડી રહ્યો હતો પણ વહેણ તે તરફ જઈ રહ્યું હતું તેથી આગળ વધવાને બદલે, કાંઈક સમીકરણ એવું થઈ ગયું તેનું કે આગળ તો ન વધી શક્યો પણ પાછળ પહોંચી ગયો! એટલા માટે કહે છે કે પ્રવાહથી ઉલ્ટી દિશામાં તરવા માટે ભારે તાકાત જોઈએ હાથમાં, એટલા મજબૂત હાથજોઈએ કે જે પ્રવાહને કાપી શકે. પ્રવાહને કાપી શકે તો આગળ વધી શકે. ન કાપી શકે અને મારી જેમ ખાલી હાથ-પગ પછાડતો રહે તો થોડીક વાર મારી જેમ એ ઘાટથી પાછળ જ રહીને હાથ-પગ પછાડતો રહેશે. મેં કહ્યું હવે કોણ જાય, કોણ જાણે કેવા ઘાટ ઉપર જઈને ઉતરી ગયા કે આ તો ખોટો ઉપદ્રવ થયો. પ્રવાહસ્થ થવાને બદલે તટસ્થ રહેવું સારું. પણ મજા તો આવી ગઈ ને જેટલી આવવાની હતી. મજા જ તો જોઈતી હતી.

ભગવાન્ કહી રહ્યા છે કે જો તમને નામ-રૂપના વહેતા પ્રવાહનો ડર છે, તો થોડાક તટસ્થથઈ જુઓ. કાંઠેથી તમે જોશો તો પ્રવાહની મજા પણ મળશે અને પ્રવાહ તાણીને લઈ પણ નહીં જાય. ભક્તિ તમને એવો એક અવકાશ (મોકળાશ) આપે છે, જે તમને તટસ્થ બનાવે છે. આ નામ-રૂપની પ્રવાહની વિપરીત અથવા અનુકૂળ બંને દિશાઓથી તમને તટસ્થ બનાવે છે. તમે કાંઠે આવીને ઉભા રહી જાવ, પ્રવાહની મજા પણ લઈ શકો અને પ્રવાહમાં વહેવાનો ભય પણ નથી. બંને વાતની મજા તમને એક સાથે મળશે, આ મજા નામ-રૂપની નિરન્તર તીવ્ર વહેતી સરિતાની પાસે ભક્તિરૂપી તટ ઉપર સુલભ છે. જ્ઞાનનો મતલબ છે કે તમારામાં તાકાત હોય તો પ્રવાહને કાપીને આગળ વધો. કોઈ ચિંતા જેવું નથી. તમે તો ઉભા-ઉભા પૂછી રહ્યા છો કે પડુ કે ન પડુ ત્યારે તો પહેલાથી તમારૂં મન મરેલું છે.

ઘણી વખત એવું થાય છે કે માણસ નદીના કાંઠે પહોંચી જાય અને પછી પૂછે કે કૂદકો મારું કે ન મારું? અરે ભાઇ! જો સામર્થ્ય છે તો પૂછવાની જરૂર જ શું? જો સામર્થ્ય નથી, કાંઠા ઉપર પહેલાથી જ મન હાલક-ડોલક થઇ રહ્યું છે તો પછી કૂદકો મારવાની બહાદુરી ન બતાવતા. નહીંતર આગળ વધવાને બદલે પાછળ ધકેલાઇ જશો, મારી જેમ.

## ૬૩. નામ–રૂપ–કર્મના પ્રબળ પ્રવાહમાં વહેવું કે તટસ્થ થઇને મજા લેવી :

ભગવાન્ કહે છે **“મયિ આવેશ્ય મનો યે માં નિત્યયુક્તા ઉપાસતે શ્રદ્ધયા પરયા ઉપેતાઃ તે મે યુક્તતમા મતાઃ”** અતિ શ્રદ્ધાથી કાંઠે ઉભો રહે, બંને વાતનો આનંદ તને બહુ મજાથી મળશે. નામ-રૂપનો પ્રવાહ નિરન્તર તે અવ્યક્તમાંથી નીકળી રહ્યો છે. કાલ કર્મ સ્વભાવ પ્રકૃતિ પુરૂષ ના સંયોગથી નામ-રૂપનો પ્રવાહ પ્રબળ બનીને વહી રહ્યો છે. અવ્યક્તમાંથી નિરન્તર વ્યક્ત થઇ રહ્યો છે. એ પ્રવાહનો આનંદ પણ મળશે અને એ પ્રવાહની સાથે વહી જવાનો તને ભય પણ નથી. કેમકે તું ભક્તિના કિનારા ઉપર ઉભો છે. ભક્તિના કિનારા ઉપર તને સુરક્ષા પણ મળશે અને પ્રવાહનો આનંદ પણ મળશે. બંને વાત મળશે. જો પડવું છે તો આગળ કહી રહ્યા છે **“યે તુ અક્ષરમ્ અનિર્દેશ્યમ્ અવ્યક્તં પર્યુપાસતે સર્વત્રગમ્ અચિન્ત્યં ચ કૂટસ્થમ્ અચલં ધ્રુવમ્...સન્નિયમ્ય ઈન્દ્રિયગ્રામં સર્વત્ર સમબુદ્ધયઃ. તે પ્રાપ્નુવન્તિ મામેવ સર્વભૂતહિતે રતાઃ ક્લેશો અધિકતરઃ તેષામ્ અવ્યક્તાસકતચેતસામ્. અવ્યક્તા હિ ગતિઃ દુઃખં દેહવદ્ભિઃ અવાપ્યતે”** (ભ.ગી.૧૨।૩-૫). આ જે પ્રવાહ ચાલી રહ્યો છે, એમાં જો તું તરીને આગળ જવા માગતો હોય, તો ચિંતાની કોઇ વાત નથી. કેમકે આ તટ પણ એની જ મજા લેવાનું કહે છે, પ્રવાહની સાથે વહેવું પણ છેવટે તેની મજા લેવી એ જ છે. પ્રવાહની દિશાથી ઉલ્ટું વહેવું પણ નદીની જ મજા લેવાનું છે. નદીની મજાતો દરેક સ્થિતિમાં આવશે. માણસમાં હિમ્મત જોઇએ કે નદી જે દિશામાં વહી રહી છે, તે દિશામાં વહીને મજા લેવી છે તો કર્મ કરો આનંદથી તે દિશામાં વહીને. કર્મ ન કરવા હોય, જ્ઞાન કરવું હોય-ઉલ્ટી દિશામાં વહેવું હોય, વ્યક્તથી અવ્યક્તની દિશામાં આગળ વધો, બહુ આનંદ છે. કોઇ ચિંતાની વાત નથી. પણ અન્તર એટલું જ છે કે ક્લેશ છે તેમાં. એ ધ્યાન રાખજો. કેમકે નામ-રૂપનો પ્રવાહ, ખૂબ જ શક્તિથી ખૂબ જ સામર્થ્યથી ભગવાન્ના સર્વભવન

સામર્થ્યથી પ્રકટ થઇ રહ્યો છે. એને કાપી કોણ શકશે? જો કાપી શકતો હોય તો ચાલ આવી જા. પ્રશ્ન જ નથી રહી જતો. ભગવાન્ કહે છે ''તું મને જ પ્રાપ્ત કરીશ. આસ્વસ્ત રહે.'' તું મનમાં એ બીક ન રાખતો કે વ્યકતમાંથી અવ્યકતની દિશામાં જવાથી ''હું'' ભટકી જઇશ. ભટકવાનું અહીં ક્યાંય પણ નથી. કેમકે સર્વત્ર બ્રહ્મ છે, ભટકીશ ક્યાં? જ્યાં પણ જઇશ ત્યાં બ્રહ્મ જ મળશે. જ્ઞાનમાં જ્ઞેયના રૂપમાં બ્રહ્મ મળશે. ભક્તિમાં ભજનીયના રૂપમાં બ્રહ્મ મળશે. કર્મમાં કાર્યના રૂપમાં બ્રહ્મ મળશે. બ્રહ્મ તો મળશે. તટ ઉપર ઉભા રહેશો તો બ્રહ્મ મળશે, પ્રવાહમાં ઉલ્ટો વહેશે તો બ્રહ્મ મળશે. અન્તર કેટલું છે કે ત્રણેના પાસા અલગ-અલગ છે. આ તરફ વહીને ગયો તો તને બ્રહ્મ મળશે. તે તરફ વહીને ગયો તો તને પરમાત્મા મળશે, તટ ઉપર ઉભો રહીશ તો ભગવાન્ મળશે. અન્તર બસ આટલું તો છે.

આ જે મેં ત્રણ પાસા બતાવ્યા બ્રહ્મ, પરમાત્મા અને ભગવાન્ ના, પણ આ વાતને સાવધાનીપૂર્વક સમજજો. એક-એક જે પાસા છે તે ત્રણેના ત્રણેય પાસા એક જ બ્રહ્મના છે, આ બાબતમાં કોઇ શંકાની વાત નથી. પણ ભગવાને અક્ષરબ્રહ્મને કેમ ''અહમ્'' ન કહ્યું તેનું એક જ કારણ છે. ભગવાન્ કહી રહ્યા છે ''જો અવ્યકતની ભાષા બોલવી છે તો હું અક્ષરને અહમ્ પણ નહીં કહું. એને અવ્યકત જ કહીશ. અવ્યકતને માટે 'અવ્યકત' શબ્દ જ ઉચિત છે. તેના માટે 'અહમ્' શબ્દ ઉચિત નથી. તું પણ તારા માટે અહમ્ કહીશ તો પાછો તું વ્યકતના ચક્કરમાં ફસાઇ જઇશ. એટલા માટે 'અહમ્' ન કહેતો. તેથી ઉપનિષદ્માં કહ્યું છે **''આત્મૈવ ઈદમ્ અગ્રે આસીત્... સો અનુવીક્ષ્ય ન અન્યદ્ આત્મનો અપશ્યદ્. સો 'અહમ્સ્મિ' ઈત્યેવ અગ્રે વ્યાહરત્ તતો 'અહં'નામા અભવદ્. સ યત્પૂર્વો અસ્માત્ સર્વસ્માત્... સો અબિભેત્. તસ્માદ્ એકાકી બિભેતી''** (બૃહ.ઉપ.૧।૪।૧-૨). આ વચનમાં વ્યકત હોવાની કારણાવસ્થાના રૂપમાં અહંબોધ માનવામાં આવ્યો છે અને તે અહંબોધના ભયમાં પરિણત થવાની કથા સાથે કહેવામાં આવી છે. જગત્માં પ્રકટ થતી બધી ભીતિના મનોભાવ પોતાના અહંબોધ ઉપર અવલંબિત હોય છે. એટલા માટે જ દરદીને બેહોશ બનાવીને તેના અહંકારને બેઅસર કરી દે તો ઓપનહાર્ટ સર્જરીમાં કોઇ તકલીફ કે ભીતિ રહે નહીં!

જો અવ્યકતની ઉપાસના કરવી છે **''યે ચાપિ અક્ષરમ્ અવ્યક્તં તેષાં કે**

**યોગવિત્તમાઃ''** તો આ યોગવિત્તમાના આધાર ઉપર તું ગોથે ચડી જઈશ. કેમકે અહમ્‌માં પણ કાંઈકને કાંઈક વ્યક્તતા તો આવી જ ગઈ. જો અવ્યક્તતાને પકડવી છે તો આ અહમ્‌ને પણ છોડી દે. આ અહમ્‌ને જો તેં ન છોડયો તો એક સૂફી સંત કહે છે **''ખુદી કુફ્રસ્ત અગર ખુદ પારસાઈસ્ત''** જે ખુદી છે એ સૌથી મોટો કુફ્ર છે. પણ આ કુફ્ર ક્યાં અને ક્યારે થાય? 'ખુદી' એટલે અહમ્. આ ખુદી કુફ્ર છે પણ ક્યાં કુફ્ર છે એ વાતનું ધ્યાન રાખજો, એ ખોટું નથી કહેતો, એ પણ બરાબર કહી રહ્યો છે. ખુદી કુફ્ર છે પણ ક્યા પાસામાં? જે વખતે આપણે વ્યક્તથી અવ્યક્તની દિશામાં જઈ રહ્યા હોઈએ ત્યારે આ ખુદી કુફ્ર થઈ જશે. આ જ ખુદી જ્યારે ભક્તિ કરવા લાગી જશે ત્યારે મજા લેવાનું સૌથી મોટું સાધન બની જશે. આપણી ખુદીમાં જ એટલી બેખુદી આવી જશે કે આપણને ખબર પણ નહીં પડે કે ખુદી અને બેખુદી ની વચ્ચે અંતર શું છે? પણ તે ક્યારે ખબર પડશે જ્યારે આપણે આપણું મન પરમાત્મામાં લગાડયું. આપણે પોતાની જાતને પરમાત્મામાં નથી ભેળવી દેતા, જ્ઞાનમાં પોતાની જાતને અક્ષરબ્રહ્મમાં મેળવી દેવાની હોય છે. ભક્તિમાં આપણે તટસ્થથઈને આપણા મનને પરમાત્મામાં મેળવીએ છીએ. અન્તર આ છે. **''મયિ આવેશ્ય મનો યે માં નિત્યયુક્તા ઉપાસતે શ્રદ્ધયા પરયા ઉપેતાઃ તે મે યુક્તતમા મતાઃ''** એટલે આપણે આપણા મનને જે વખતે પરમાત્મામાં મેળવ્યું ત્યારે તો ભક્તિ થઈ પણ પોતાની જાતને જ ભગવાન્‌માં ભેળવી દીધી, તો જ્ઞાન થઈ ગયું. પોતાની જાતને ભગવાન્‌માં ભેળવવાનો મતલબ છે, તમે વ્યક્તથી પાછા અવ્યક્ત બની જશો. પોતાના મનને ભગવાન્‌માં ભેળવ્યું તો તમે પોતે રહેશો અને એક એવી બેખુદી આવી જશે તેમાં મનના ભેળવવાના કારણે, કેમકે જે કાંઈ ખરાબી પેદા થઈ હતી, તે તો મનના કારણે થઈ હતી. તે મનને જો ભગવાન્‌માં તન્મય કરી દીધું. અને ખુદ બહાર રહ્યા તો ભક્તિ થઈ ગઈ. ખુદ તન્મય થઈ ગયા તો જ્ઞાન થઈ ગયું. અન્તર આટલું જ છે.

જ્ઞાની ખુદ **''બ્રહ્મભૂતઃ પ્રસન્નાત્મા ન શોચતિ ન કાઙ્ક્ષતિ''** (ભ.ગી.૧૮।૫૪) બને છે. ભક્ત બ્રહ્મભૂત નથી થતો, ભક્ત પોતાનો અહમ્ કાયમ રાખે છે. તે અહમ્ કાયમ રાખીને પણ, આ અહમ્‌ની ભીતર મનની ચંચળતાના કારણે જે ખરાબ પરિણામ આવી શક્તું હતું તેનાથી બચી જાય છે. ક્યા એક રહસ્યથી? એ રહસ્ય છે **''મયિ આવેશ્ય મનો''** પોતાના મનને એમાં મેળવી દેવાનું છે. મન એમાં મેળવ્યું નથી કે બધી વાતનું સમાધાન મળી ગયું.

મન ન મેળવી શક્યા તો ભક્તિમાં પણ થોડીક ખુરાફાત રહેશે. આ મેં તમને બતાવ્યું કે તમે ભક્તપણાનો અહંકાર જગાડી લેશો. પણ જો મન એમાં મેળવી દીધું, મન જો ભગવન્મય થઈ ગયું, તો પછી તમારો અહંકાર બાધક નહીં બને. આ જ અહંકાર તમને અનુભવાશે **‘‘ભૂમિઃ આપો અનલો વાયુઃ ખં મનો બુદ્ધિરેવ ચ અહંકાર ઈતિ ઈયં મે ભિન્ના પ્રકૃતિઃ અષ્ટધા’’** (ભ.ગી.૭।૪). આ ભગવાન્‌નું આપેલું એક વરદાન લાગશે અહમ્. અહમ્ એક એટલું સુંદર વરદાન છે, જે અહમ્‌ના કારણે ભક્ત ‘તું’કહીને ભગવાન્‌ને બોલાવી શકે છે. કેટલી મોટી વાત છે? અવ્યક્તને ‘‘હું’’ ‘તું’ કહીને બોલાવી શકે છે. આ કોઈ નાની-સુની વાત છે!! આ અહમ્‌ના કારણે પરમાત્મા ત્વમ્ બનશે. **‘‘પાહિ માં ત્વાં પ્રપન્નઃ શિષ્યઃ તે અહમ્’’** અર્જુન કહે છે **‘‘શિષ્યઃ તે અહં શાધિમાં ત્વાં પ્રપન્નમ્’’** (ભ.ગી.૨।૭). અવ્યક્તને નહીંતર કોઈ ‘તમે’ કેવી રીતે કહી શકે? તેને આ કેમ કહી શકાય કે ‘‘તું મને બતાવ કે શું યુક્તતમ છે અને શું અયુક્તતમ છે?’’ જો આ અહમ્ કાયમ છે તો તેને ‘તુ’ કહીને બોલાવી શકશો. ‘તુ’ કહીને બોલાવી શકશો તો થોડું પૂછી પણ શકશો. ‘‘ભઈ! અહીં બેસીને વાતો કરી લે કે કઈ વાત તને સારી લાગી રહી છે? કઈ વાત મને સારી લાગી રહી છે?’’ જરાક તેની સાથે વાતો કરી લેશો તો આ અહમ્ સુધરી જશે. આ જ અહમ્ બગડી પણ જશે જો મન ભગવાન્‌માં ન મળ્યું તો.

## ૬૪. ભક્તિની આવશ્યકતા મનનો ભજનીયમાં નિત્યયોગ પરન્તુ જ્ઞાનમાં તે અનાવશ્યક :

એટલા માટે ભક્તિની પહેલી શરત છે **‘‘મયિ આવેશ્ય મનો યે માં નિત્યયુક્તા ઉપાસતે શ્રદ્ધયા પરયા ઉપેતાઃ તે મે યુક્તતમા મતાઃ’’** અને જ્ઞાનની પહેલી શરત છે અહમ્-બહમ્‌ની પંચાત પછી થઈ જશે પહેલા તું તારી જાતને મારામાં મેળવવા તૈયાર છે કે નહીં? આ વાતનો ખુલાસો કર. જો તું તારી વ્યક્તતાને છોડવા તૈયાર ન થાય અને ફક્ત અહમ્‌ને જોડવા જઈશ તો અહમ્ ત્યાં પણ ઠગી લેશે તને. ભાર બ્રહ્મને બદલે અહમ્ ઉપર આવી જશે ‘‘અહમ્ બ્રહ્માસ્મિ’’ થઈ જશે. અને આમ પછી વાત બગડી જશે. અહમ્ ત્યાં પણ ઠગવા તૈયાર હશે. પહેલી વાત આ છે કે નિશ્ચય કર કે તું તને ખુદને મારામાં મેળવવા માગી રહ્યો છે કે નહીં? અહમ્‌ને તો હું સંભાળી લઈશ. કેમકે અહમ્ તો ભગવાને જ આપણને આપ્યો છે. ભગવાન્‌નો આપેલો અહમ્ છે. તેને સુધારતા ભગવાન્‌ને

વાર નહીં લાગે. પણ અહમ્‌ને જેમ ત્યાં બતાવ્યું **‘‘દૈવી હિ એષા ગુણમયી મમ માયા દુરત્યયા મામેવ યે પ્રપદ્યન્તે માયામ્ એતાં તરન્તિ તે’’** (ભ.ગી.૭।૧૪).

‘પ્રપદ્યન્તે’ ના બંને અર્થ થઈ શકે છે. આનો એક અર્થ થઈ શકે છે શરણાગતિ. એક બીજો અર્થ આ પણ થઈ શકે છે કે જેમને સારી રીતથી જાણી લે છે. ‘‘યે ગત્યર્થકાઃ તે જ્ઞાનાર્થકાઃ’’ પ્રકર્ષેણ યે બુદ્ધ્યન્તે જે મને સારી રીતે સમજી જાય છે તે **‘‘માયામ્ એતાં તરન્તિ તે’’**. આમ જ્ઞાનમાર્ગમાં પણ ઉપાય સંભવ છે. શરણાગતિમાં પણ ઉપાય સંભવ છે. પણ પ્રકર્ષ હોવો જોઈએ. સાધારણ જ્ઞાન, ખાલી શાસ્ત્રીય જ્ઞાનના આધારે આનો ખુલાસો નહીં આવે. કેમકે પંડિત વોહી જો ગાલ બજાવા. ગાલ વગાડવા લાગી જશો. તે જ્ઞાન પ્રકટ નહીં થાય. પૂરી રીતથી સમજી જશો પરમાત્માને, પછી કોઈ સમસ્યા નહીં રહે. જ્ઞાનથી પણ એવું સમાધાન થઈ શકે છે. શરત કેવળ એ છે કે તમે પોતે-પોતાને પરમાત્મામાં મેળવવા તૈયાર છો કે નહીં? ‘‘યો અહં અસ્મિ બ્રહ્મ અહમ્ અસ્મિ અહમેવ માં જુહોમિ સ્વાહા’’ બ્રહ્મમાં તમારા ખુદની આહુતિ આપવા તૈયાર છો કે નહીં? તમારા વ્યક્ત નામ-રૂપની આહુતિ અવ્યક્ત બ્રહ્મમાં આપવા તૈયાર હો તો વાત સુધરી જશે જ્ઞાનમાર્ગની. અને જો તૈયારી નથી, તો ભગવાન્ કહી રહ્યા છે કે યુક્તતમ તમે પૂછી રહ્યા છો એટલે કહું છું. હજી યુક્તતમ નથી લાગી રહ્યો. ઈટ્ ઈજ્ ટૂ અર્લી. હજી આટલી ઉતાવળ ન કરો. તટ ઉપર ઉભા રહો. હિમ્મત ન હોય તો પડો નહીં. પડો તો જે રીતે વહી રહ્યા છો વહો, ચિંતા ન કરો. કેમકે આ પ્રવાહ મેં વહાવ્યો છે, આનો ઉદ્‌ગમ મારામાંથી નિકળ્યો છે. કોઈ વહી રહ્યો છે તો મારા પ્રવાહમાં વહીને જઈ રહ્યો છે. ચિંતા જેવી કાંઈ વાત નથી.

એટલા માટે બંને પ્રકારથી ભગવાન્ તેને સમજાવી રહ્યા છે **‘‘યે તુ અક્ષરમ્ અનિર્દેશ્યમ્ અવ્યક્તં પર્યુપાસતે સર્વત્રગમ્ અચિન્ત્યં ચ કૂટસ્થમ્ અચલં ધ્રુવમ્’’** આ વિષયનું વિવેચન કાલે કરશું.

## છઠ્ઠા દિવસનું પ્રવચન

**યે તુ અક્ષરમ્ અનિર્દેશ્યમ્ અવ્યક્તં પર્યુપાસતે ।**
**સર્વત્રગમ્ અચિન્ત્યં ચ કૂટસ્થમ્ અચલં ધ્રુવમ્ ।।૩।।**
**સન્નિયમ્ય ઈન્દ્રિયગ્રામં સર્વત્ર સમબુદ્ધયઃ ।**
**તે પ્રાપ્નુવન્તિ મામેવ સર્વભૂતહિતે રતાઃ ।।૪।।**
**ક્લેશો અધિકતરઃ તેષાં અવ્યક્તાસક્તચેતસામ્ ।**
**અવ્યક્તા હિ ગતિઃ દુઃખં દેહવદ્ભિઃ અવાપ્યતે ।।૫।।**

આ ત્રણ શ્લોકોમાં ભગવાન્ હવે અક્ષરબ્રહ્મની ઉપાસનાના, અક્ષરબ્રહ્મની ઉપાસનાના ઉપાસક અધિકારીના સ્વરૂપનું અને ઉપાસ્ય અક્ષરબ્રહ્મના સ્વરૂપનું વર્ણન કરી રહ્યા છે. કાલના પ્રસંગમાં જેમ મેં તમને સમજાવ્યું હતું કે આપણે છાસ વલોવીએ અને માખણ ઉપર આવે. જો દૃષ્ટિ માત્ર છાસ ઉપર જ છે, માખણ ઉપર નથી તો એમ લાગશે કે આ તો નામ-રૂપ છે. માખણ નામનું કોઈ તત્ત્વ નથી. તત્ત્વ તો છાશ જ છે. દૃષ્ટિ જો ફકત માખણ ઉપર છે છાશ ઉપર નથી, તો એમ લાગશે કે માખણ પોતે પોતાનામાં કોઈ એક નવું તત્ત્વ છે. મને બરાબર ખ્યાલ નથી પરંતુ જો સામાન્ય બુદ્ધિથી વિચારી લઈએ તો એવું પ્રતીત થાય છે કે જેટલી છાશમાંથી જેટલું માખણ નિકળ્યું, એટલી છાશ પીઓ અને એટલું માખણ ખાઓ, તો હું નથી માનતો કે પેટમાં જે જઈ રહ્યું છે, તેમાં બંનેમાં કાંઈ ફરક પડશે. છતાં પણ માણસ છાશ પીએ તો એવું લાગે કે આ એટલી શક્તિદાયક વસ્તુ નથી જેટલું માખણ ખાઈએ તે શક્તિદાયક છે એમ લાગે. તત્ત્વના હિસાબથી વિચારીએ તો જેટલી છાશમાંથી જેટલું માખણ નિકળ્યું, તે હતું તો છાશમાં જ, એટલી છાશ પણ પીએ તો એટલું માખણ શરીરમાં જાય અને તેનું માખણ ખાઈએ તો પણ એટલું જ શરીરમાં જશે. માણસ માખણ ખાય તો એમ માને કે બહુ શક્તિ આવી જાય અને છાશ પીવે તો એમ માને કે ખાલી છાશ જ છે.

### ૭૫. મોઢામાં મૂક્તાં જ ગરમી સોહાગસૂંઠની નહીં પણ તેના મસાલાની મહિમા :

મુંબઈમાં એક પ્રોફેસર છે, એમણે કહ્યું એક દિવસ મને આવીને

‘‘મહારાજ ઠંડી પડે ત્યારે આપને ત્યાં સોહાગસૂંઠ બને?’’ મેં કહ્યું ‘‘હા બને છે’’ તે બોલ્યા ‘‘તેમાં શું શું હોય છે?’’ મેં કહ્યું ‘‘ઘણી બધી વસ્તુઓ હોય છે એમાં કેશર હોય, કસ્તુરી હોય, સૂંઠ હોય’’. તે બોલ્યા ‘‘એ પ્રસાદ અમને એક દિવસ આપો’’ ઠંડીના જ દિવસો હતા. મેં મંગાવીને આપી દીધી. એક ટુક એમણે મોઢામાં નાખી અને માથા ઉપર હાથરાખીને બોલ્યા ‘‘હાડડડઅ ખૂબ ગરમી આવી જાય છે!’’ મેં કહ્યું ‘‘એટલી વારમાં ગરમી આવી ગઇ?’’ ગરમી એમને સોહાગસુંઠની નહોતી આવી પણ એમણે સાંભળ્યું હતું કે એમાં કેસર હોય, કસ્તુરી હોય એ સાંભળવાને લીધે ગરમી આવી ગઇ. ‘‘ઓહો! ગરમી આવી ગઇ ખાતાંવેત’’ ખાતાંવેત જ ગરમી આટલી આવી જતી હોત તો બધાને આવવી જોઈએ પણ બધાને તો નથી આવતી. કહેવાનો મતલબ શું? જેની દૃષ્ટિ માખણ ઉપર છે તે એમ સમજે કે છાશ બાશ જવા દો. હવે છાશનું શું કરવું? માખણ ખાધું. ઓહો બહુ તાકાત આવી ગઇ. ખરેખર માણસ વિચારવા મંડી જાય કે તાકાત આવી રહી છે તો આવવા પણ મંડી જાય. મનની એક એવી ખુરાફાત છે કે ખાલી વિચારવા લાગે કે શક્તિ આવી રહી છે, શક્તિ આવી રહી છે તેથી થોડીક વારમાં આવવા માંડશે. પણ બહુ તાકાતવાળો માણસ હોય, તેના મનને મારી નાખો અને કહો કે તાકાત જઇ રહી છે, તાકાત ઓછી થવા માંડી છે તમારી. મોઢું કેમ આવું થઇ ગયું? શરીર કેમ દુબળુ દેખાવા મંડયું છે ? પાંચ દશ પચ્ચીસ જણા મળીને રોજ આવું કહેવા મંડે તો એક વર્ષમાં માણસ ટી.બી.માં જરૂર સપડાઇ શકે છે. એટલે મનનું બહુ ગજબનું ચક્કર છે. મનથી વિચારવા લાગી જાવ તો તાકાત આવવા માંડે, મનથી વિચારવા માંડો તો તાકાત ઓછી થવા માંડે. હવે શક્તિ માખણથી આવી રહી છે કે વિચારવાથી આવી રહી છે. એ તો ભગવાન્ જાણે. પણ માણસના મનમાં ખુરાફાત એવી ભરેલી છે કે જે વિચારવા લાગે તે ચોક્કસ થાય.

મારો કહેવાનો આશય એ છે કે માખણ ઉપર આપણે દૃષ્ટિ રાખીએ તો આપણને લાગે કે છાસ–બાસ તો બરાબર છે પણ માખણ તો એક મહાન વસ્તુ છે. મહાન તત્ત્વ છે. જેની છાસ અને માખણ બંને ઉપર દૃષ્ટિ હોય, તે બરાબર આ વાતને સમજશે કે છાશ હોય કે માખણ હોય ભલે, પણ વલોવવાથી ઉપર આવી ગયું તો માખણ થઇ ગયું, વલોવ્યું નહીં તો તે માખણ છાશમાં જ સૂક્ષ્મ રૂપથી ફેલાયેલું હતું.

આ જ રીતે અક્ષરબ્રહ્મને જ્યારે આપણે જ્ઞાનથી કે વિજ્ઞાનથી કે કર્મથી

મંથન કરશું કે પછી પરમાત્મા જ જ્યારે પોતાના જ સંકલ્પથી મંથન કરે તો તે ઘનીભૂત માખણ સદશ એક સાકાર રૂપમાં પ્રકટ થઈ જાય. તે વખતે તે માખણ ઉપર દ્રષ્ટિ ન હોય તો આપણને લાગે કે જે સાકારરૂપ પ્રકટ થયું તે માત્ર નામરૂપ જ છે અને નામરૂપ તો બધા મિથ્યા હોય છે. એટલા માટે મૂળ અસલ તત્ત્વ તો અક્ષરબ્રહ્મ જ છે. અને તે અક્ષરબ્રહ્મ નિરાકાર છે, એવી એક દષ્ટિ. આવી દષ્ટિને ભગવાન્ 'જ્ઞાન' કહે છે, 'જ્ઞાનયોગ' નથી કહેતાં. જ્ઞાનના વિવેકથી આ વાત બરોબર છે પણ જ્ઞાનયોગ ક્યારે થાય? જેમ પંખો ચાલે તો હવા ફેંકે આપણા ઉપર પણ તે પંખો હવા પેદા નથી કરતો. પંખો તો ફરે છે. હવાને ઉત્પન્ન નથી કરતો. પંખો તો હવા એકઠી કરીને ફેંકે છે. પરંતુ જે રૂમમાં હવા હોય જ નહીં અને પંખો એકદમ ફૂલ સ્પીડમાં ચાલુ કરો તો જરાપણ હવા નહીં આવે. હવા તો આવશે ત્યારે કે જ્યારે હવા રૂમમાં ભરાયેલી હશે. આવી જ રીતથી સાકાર તત્ત્વ જ્યારે આવી રહ્યું છે ભક્તિના મંથન દ્વારા અથવા જ્ઞાન ઉપાસના ના મંથન દ્વારા, માણસે ચિત્ત એકાગ્ર કરીને મંથન કર્યું તે અક્ષરતત્ત્વને અને અક્ષરતત્ત્વની ઉપાસના દ્વારા મંથનથી, આ જ્ઞાનમાર્ગીય મંથન છે અથવા અસ્નેહાત્મક મંથન છે.

## ૭૭. ભક્તિ અને ઉપાસના :

ઘણા લોકોને ભક્તિ અને ઉપાસના એકબીજામાં કન્ફ્યુજન્ (ગુંચવાડો) ઉભો કરે છે. તેથી ભક્તિને ઉપાસના સમજે અને ઉપાસનાને ભક્તિ સમજી લે. પરંતુ ઉપાસના અને ભક્તિ માં થોડો ફરક છે. તેની બારીકી સમજશો તો અક્ષરબ્રહ્મની વાત સમજવામાં બહુ સરળતા થશે. હવે ફરક શું છે? સંકલ્પની દ્રઢતા કે ચિત્તની એકાગ્રતા ને કારણે કોઈપણ વસ્તુની ઉપાસના થઈ શકે છે. તે ઉપાસનામાં સ્નેહનો ભાવ હોય જ એ જરૂરી નથી. ભક્તિને માટે સંકલ્પ ભલે થોડો કાચો હોય, પણ સ્નેહ જો દઢ છે તો વાત સુધરી જશે. કેમકે ભક્તિમાં પ્રધાનતા સ્નેહની છે, સંકલ્પ હોવો તો જોઈએ જ, સંકલ્પ નહીં હોય તો સ્નેહમાં પણ આગળ નહીં વધી શકાય. સંકલ્પ હોવો જોઈએ પરંતુ સંકલ્પ અહીં સ્નેહનો અંગભૂત છે અને ચિત્તની એકાગ્રતા ઉપાસનામાં બહુ મોટો ભાગ ભજવશે. ભક્તિમાં ચિત્તની એકાગ્રતાને બદલે હૃદયની એકાગ્રતાની મુખ્યતા વધારે છે. ચિત્તની એકાગ્રતા અને હૃદયની એકાગ્રતાનું અંતર આપણે કેવી રીતે સમજી શકીએ? સાધારણ શબ્દમાં સમજી લો કે ચિત્ત એટલે બુદ્ધિ. બુદ્ધિ અહીં છે (મસ્તકમાં) અને હૃદય અહીં છે (શરીરમાં). જેમ કોઇ વ્યક્તિ આપણા ઘરમાં આવે, તેનો સત્કાર કરીએ, એ સત્કાર બાળક હોય તેમાં કોઈ બાળક આ વાતને

સમજી શકે, કોઈ બાળક ન સમજી શકે કે ઘરમાં આવેલા અતિથિનો કેમ સત્કાર કરવો જોઈએ. બાળકો તો આમતેમ આંટા મારતા રહે, ધ્યાન નથી આપતા આવેલ અતિથિઉપર. પણ આપણે તેને સમજાવવું પડે લડીને, ઝઘડીને કે પ્રેમપૂર્વક જેવી જેની પ્રકૃતિ હોય તેમ, કે મહેમાન આવ્યા છે તેને નમસ્કાર કરો. આ જે વાત આપણે સમજાવીએ તે વાત ક્યાં જાય છે, બાળકના હૃદયમાં કે બુદ્ધિમાં? બુદ્ધિમાં જઈને જ્યારે બાળકને સમજાઈ જાય કે બહારનું કોઈપણ જ્યારે આવે તેને નમસ્કાર કરવા જોઈએ. સ્નેહ હોય કે ન હોય, નમસ્તે કરવું જોઈએ, આ વાત બુદ્ધિથી સમજમાં આવે. પણ જ્યારે બાળકની સાથે જેનો સ્નેહ સંબંધ હોય એવી વ્યક્તિ આવે ત્યારે તે બાળકને કહેવું નહીં પડે કે આ આવ્યા છે તેનો સત્કાર કરો. બાળક દોડીને પોતાની જાતે તેના ખોળામાં બેસી જશે. બાળક દોડીને તેને વળગી જશે. આ વૃત્તિમાં સ્વતઃ ઉત્સાહ છે. આમાં સમજાવવાની જરૂર નથી પડતી. જ્યારે સ્વતઃ વાત સમજમાં આવી જાય, તેમાં તે કદાચ નમસ્તે કરે કે ન કરે, પણ તે બાળક જ્યારે દોડીને ખોળામાં બેસી જાય, તો સમજી લો કે અતિ સ્નેહ છે તે બંનેની વચ્ચે. ખાલી નમસ્તે કરીને કે ચાચાજી નમસ્તે, કરીને ચાલ્યો જાય, તેમાં આપણે તેને ડિસિપ્લિન્ (શિસ્ત) તો સમજાવી દીધી છે, અનુશાસન તો સમજાવી દીધું છે, એ કાંઈ ખરાબ વાત નથી, એ પણ હોવું જોઈએ, પરંતુ આ વાત તેનામાં બુદ્ધિથી આવી છે, સ્નેહ હોવો એમાં જરૂરી નથી. પરંતુ જ્યારે હૃદયની વાત છે, ત્યારે તેની બુદ્ધિમાં આ વાત આવી કે ન પણ આવી, અને તે નમસ્કાર કરે કે ન કરે. આપણે કોઈના ઘરે જઈએ અને બાળક આપણને વળગી પડે, તો આપણો ઉત્સાહ કેટલો?

એટલે કે એક વાત બુદ્ધિથી સમજમાં આવી અને એક વાત બુદ્ધિથી સમજમાં આવી કે ન આવી, હૃદય આપણને તેના તરફ ખેંચી લે. આ બન્નેમાં જે અન્તર છે એ જ જ્ઞાન, ઉપાસના અને ભક્તિ નું અન્તર છે. ઉપાસનામાં આપણે બુદ્ધિથી આ વાતનો નિષ્કર્ષ લઈએ છીએ કે ચિત્તને એકાગ્ર કરવું છે, કેમકે ચિત્ત ભટકી રહ્યું છે તેથી તેને એકાગ્ર કરવું છે. આપણે સંકલ્પ કર્યો, સંકલ્પ ક્યારેક ડગી જશે, બે દિવસ ડગમગાશે, ભગવાન્ ગીતામાં આજ્ઞા કરે છે **''અથચિત્તં સમાધાતું ન શક્નોસિ મયિ સ્થિરમ્ અભ્યાસયોગેન તતો મામ્ ઈચ્છ આપ્તું ધનંજય''** (ભ.ગી.૧૨ા૯). જુઓ તો ભાષા કેવી છે? કોઈ પરણીને નવવિવાહિતા પત્ની ઘરમાં આવે અને આપણે તેને કહીએ કે ભલે તમને પ્રેમ ન થતો હોય તો થોડો અભ્યાસ કરો મારાથી પ્રેમ કરવાનો. આજ્ઞા કરવાથી પ્રેમ થશે?

અભ્યાસ કરવાથી પ્રેમ ન થાય, પ્રેમ તો હશે તો હશે, રોજ બેસીને અભ્યાસ કરીએ પ્રેમનો, તો અભ્યાસ કરવાથી પ્રેમ પ્રકટ નહીં થાય. અભ્યાસને કારણે પ્રકટ થયેલો પ્રેમ પ્રેમ હશે કે નહીં એ પણ સંદેહ છે! કેમકે તેમાં બહારની ક્રિયાઓ તો બધી પ્રકટ થઈ જશે, પણ અંદરનો ઉત્સાહ, અંદરનો ઉમળકો નહીં હોય. એ 'નમસ્તે કાકા' વાળી જ વાત હશે. નમસ્તે કાકા કરીને અહીં તહીં ચાલ્યો જાય. બાળક કેટલી વાર ઉભુ રહેશે? ઘણી વખત આવી ઘટના બની જાય. મતલબ કે અભ્યાસની વાત આપણે બુદ્ધિથી સમજી છે અને એક હૃદયની વાત જેને સમજવાની જરૂર નથી. આપમેળે જ પ્રકટ થઈ જાય. આવી રીતનું ઉપાસના અને ભક્તિ માં અન્તર છે. ઉપાસનામાં આપણા તરફથી પરમાત્મા તરફ વધવાની કાંઈક સાધના છે, તે જ્ઞાનમાર્ગીય પ્રકાર છે. ભગવાન્‌માં બુદ્ધિ લગાવવાનો પ્રકાર છે. ભક્તિમાં ભગવાન્‌માં બુદ્ધિ લગાવવાનો પ્રકાર નથી. ભક્તિમાં ભગવાન્‌ની સાથે હૃદય લગાવવાનો પ્રકાર છે. હૃદય લાગશે તો લાગશે અને નહીં લાગે તો નહીં લાગે. પરંતુ જે માણસ ભક્તિ અને ઉપાસના માં ગડબડ કરે છે, તેને સમજમાં ન આવે. ક્યારેક તે ભક્તિના નામે ઉપાસના કરે, ક્યારેક ઉપાસનાના નામે ભક્તિ સમજી લે અને ગડબડ થઈ જાય.

## ૬૭. ભક્તિના અનુભાવ લાચારીનો પરંતુ ઉપાસનાનો ઐચ્છિક:

મારા એક પરિચિત શાસ્ત્રીજી છે. શાસ્ત્રીજી છે એટલે પ્રવચન પણ કરે છે. એમની સમજણ એવી હતી કે ભક્ત છું આંખમાં આંસુ આવવા જોઈએ, મન પીગળવું જોઈએ, ગળુ ગદ્‌ગદ્‌ થવું જોઈએ. એટલે જ્યારે પ્રવચન કરે ત્યારે એવું મજેદાર પ્રવચન કરે ''અને પછી ભગવાન્ મથુરા ચાલ્યા ગયા'' અને રોવા લાગી જાય. પછી અક્રુરજી આવ્યા એમ કરીને હસવા લાગી જાય. અરે ભાઈ! રોવાનો અભ્યાસ ગળાને ગદ્‌ગદ્‌ કરવાનો અભ્યાસ, એ કોઈ ભક્તિ નથી. એ તો બહારની આપણી ટેકનીક્ (ચતુરાઈ) છે જે કોઈપણ અભિનેતાને સિદ્ધ થઈ જાય. તેવી રીતે આપણને પણ સિદ્ધ થઈ ગઈ પ્રવચન કરતાં કરતાં, પરંતુ આ ટેકનિક્ એક વસ્તુ છે અને ભક્તિ બીજી વસ્તુ છે. મેં એમને કહ્યું ''તમે કેમ દર વખતે રોતા રહો છો?'' તો એમણે કહ્યું ''મને ભગવાન્ યાદ આવે છે'' મેં કહ્યું ''યાદ આવતા હોય તો ભગવાન્‌ની પાસે બેઠા રહો, ગામમાં પ્રવચન શા માટે કરો છો?'' તો કહે છે કે ''પ્રવચન કરવું એ તો મારો ધર્મ છે'' મેં કહ્યું ''એ ધર્મને ભગવાન્

માટે છોડી દો'' એમણે કહ્યું ''એ તો ન છૂટી શકે'' મેં કહ્યું ''ભગવાન્‌ને યાદ કરવાનું બંધ કરી દો'' તો કહે ''પ્રવચન કરું તો યાદ આવે!'' અરે ભલા માણસ! વાતોચીતો કરો છો ત્યારે યાદ નથી આવતા, સૂઈ રહ્યા છો ત્યારે યાદ નથી આવતા ભગવાન્, ખાઈ રહ્યા છો ત્યારે યાદ નથી આવતા, પ્રવચન વખતે જ યાદ આવે છે ભગવાન્! આ તે કેવી યાદ છે ભગવાન્‌ની! માણસ આવા આવા ઉલ્ટા અર્થ સમજી લે છે ભક્તિના નામે. આ ઉપાસના છે ભક્તિ નથી. અન્તર સમજો. વાત ખરાબ નથી. ભગવાન્ તરફ જે પગલું ભરી રહ્યા છો, અભ્યાસ કરી રહ્યા છો તે બધું સારૂં છે. ખરાબ વાત નથી, પરંતુ આ ઉપાસના છે. જ્યારે તમે ચિત્તથી બુદ્ધિથી નિર્ણય કર્યો અને બુદ્ધિથી નિર્ણય કરીને, સંકલ્પ કરીને, જે ગણત્રીપૂર્વકના પગલા છે તે તો બધી ઉપાસના છે અને ગણત્રી વિના જે પગલું ભરાઈ જાય તે પગલાને ભક્તિનું પગલું સમજો. જ્યારે ગણત્રીપૂર્વક તમે પગલું ભર્યું, જ્યારે જોઈ જોઈને તમે પગલા ભર્યા કે હવે આમ કરવાનું છે, હવે ગળાને ગદ્‌ગદ્ બનાવવાનું છે, હવે થોડો વખત રોતા અવાજમાં બોલવાનું છે, હવે થોડીવારમાં આંસુ લૂછી લેવાના છે, આ બધા ઉપાસનાના પ્રકાર છે. આ ભક્તિના પ્રકાર નથી, કેમકે ભરવામાં આવેલા પગલાં છે, ભરાઈ ગયેલા પગલાં નથી. ભરાઈ ગયેલ પગલાં ભક્તિના પગલાં છે અને ભરવામાં આવેલા પગલાં ઉપાસનાના પગલાં છે. આ વાતોનો ભેદ સમજવો જોઈએ. ન સમજીએ તો ભગવાન્‌ના આ વચન **''યે તુ ધર્મ્યામૃતમ્ ઈદં યથોક્તં પર્યુપાસતે શ્રદ્ધાના મત્પરમા ભક્તાઃ તે અતીવ મે પ્રિયાઃ''** (ભ.ગી.૧૨।૨૦) નું રહસ્ય નહીં સમજી શકીએ. આપણે ભક્તિના નામે ઉપાસના કરીને આપણી જાતને છેતરતા હોઈશું કે પછી ભગવાન્‌ને છેતરતા હોઈશું. જેવી રીતે ઘરમાં મહેમાન આવે અને આપણે થાકેલા હોઈએ છતાં પણ મહેમાન આવ્યા તેથી આવો! આવો!! આવો!!!, પરંતુ મનમાં વાટ જોતાં રહીએ કે હવે જલ્દી જાય તો સારૂં, જેથી સૂવાય. આ રીતે બધી બુદ્ધિપૂર્વક ગણત્રી કરેલી ચાલ છે વ્યવહારમાં, એ ચાલ ભગવાન્‌ની સાથે પણ ચાલવી છે, એમાં કાંઈ ખરાબ વાત નથી. ભગવાન્‌ની સાથે તો બધી જ વાત થઈ શકે છે, આ વાત પણ થઈ શકે છે. એટલા માટે ભાગવતનો તો એટલો ઉત્તમ દ્રષ્ટિકોણ છે **''ગોપ્યઃ કામાદ્ ભયાદ્ કંસો દ્વેષાદ ચૈદ્યાદયો નૃપાઃ સમ્બન્ધાદ્ વૃષ્ણયઃ સ્નેહાદ્ યૂયં ભકત્યા વયં વિભો''** (ભાગ.પુરા.૭।૧।૩૦) કોઈ કામદ્વારા પણ ભગવાન્ તરફ આગળ વધે, **ગોપ્યઃ કામાદ્.** કોઈ ભયથી પણ ભગવાન્‌ની તરફ આગળ વધે **ભયાત્ કંસઃ**. શિશુપાલ દ્વેષથી ભગવાન્‌ની તરફ આગળ વધે. જે

પ્રકારથી ભગવાન્‌ની તરફ આગળ વધે, એ તો સારી વાત છે, કાંઇ ખરાબ વાત નથી. પરંતુ બેય વાતોને કન્ફ્યુઝ્ ન કરશો. મારા કહેવાનું તાત્પર્ય એટલું જ છે. એ વાત પણ ખરાબ નથી પણ ક્યારેય ભક્તિને ઉપાસના ન માનશો, ઉપાસનાને ભક્તિ ન માનશો.

આ વાત કે ભક્તિમાર્ગ ઉપર આગળ વધી નહીં શકાય એટલા માટે ભક્તિ તરવાનું નામ નથી, ભક્તિ તણાઇ જવાનું નામ છે. ભક્તિની સરિતામાં કોઇ કહે કે હું તરું તો એ તરવાની વાત ભક્તિ નથી. સરિતામાં વહેવાની એક મજબૂરીની વાત છે. મસ્તીની વાત છે. એટલા માટે ભગવાન્ કહી રહ્યા છે કે તમે જ્યારે મને પૂછી રહ્યા છો **''યે તુ અક્ષરમ્ અનિર્દેશ્યમ્ અવ્યક્તં પર્યુપાસતે''** આ ઉપાસના છે. ઉપાસનાના ડગલા બહુ ગણત્રીપૂર્વકના હોવા જોઇએ. ગણત્રીપૂર્વકના પગલા ભરીને આપણે ઉપાસના ન કરી તો કાંઇક ગડબડ થઇ શકે છે. ગણત્રી વગરનું પગલું ભરવામાં ગડબડ પણ થશે તો સંભાળવાવાળા ભગવાન્ છે. આગળ જઇને ભગવાન્ કહેશે **''તેષામ્ અહં સમુદ્ધર્તા મૃત્યુસંસારસાગરાત્ ભવામિ નચિરાત્ પાર્થ''** (ભ.ગી.૧૨।૭) કેમ તેની શરત શું છે?

**''મયિ આવેશિતચેતસામ્!''** શબરીએ એઠાં બોર ખવડાવી દીધા. તેથી કાંઇ એવી વાત ન થાય કે ભગવાન્‌ને એઠાં બોર ખવડાવવા. પરંતુ તે ઉપાસનાની વાત ન હતી, સ્નેહની વાત હતી, ભાન હતું કે હું એઠાં બોર ખવડાવી રહી છું. કેવા ખવડાવવા જોઇએ? રામનું શું સ્વરૂપ છે? એમને કેવા બોર ખવડાવવા જોઇએ? ચિંતા પેદા થઇ ગઇ કે ચાખ્યા વિના કેમ ખબર પડે? એઠાં બોર ખવડાવી દીધા. આ ગણત્રી વગરનું પગલું છે. આ સ્નેહનું પગલું છે, આ પગલું ભરાઇ ગયું છે, ભર્યું નથી. પરંતુ જો આપણે શ્રીઠાકોરજીને કાલથી એઠું કરી કરીને ભોગ ધરીએ કે ''લો મહારાજ! અમારો પણ શબરી જેવો અધિકાર છે'' અરે ભાઇ! તે અધિકાર નથી, એ ભક્તિ ન રહી. આ તો ઉપાસના થઇ ગઇ. તમે શબરીની નકલ કરી રહ્યા છો. તમે શબરી નથી. તમે શબરી થઇ પણ ન શકો, આ વાત સમજો. શબરીએ તો એઠાં બોર ધરી દીધા હતા, ધરવાનો વિચાર નહોતો કર્યો. ઉપાસનાના પગલાં તો બહુ વ્યવસ્થિત હોવા જોઇએ. માપેલા, તોળેલા હોવા જોઇએ. માપેલા અને તોળેલા હશે તો તેનું પરિણામ આવશે. માપ-તોલવાળા નહીં હોય અને એમાં ડગુમગુ થયા તો તેનું ખરાબ પરિણામ પણ આવી શકે છે. ભક્તિના પગલા અસ્થિર પણ થયા, ક્યારેય ડગમગી પણ ગયા તો પણ કોઇ

ચિન્તા જેવી વાત નથી, કેમકે સ્નેહપૂર્વક ભરાયેલ પગલાં છે. એ બરાબર ભરવામાં આવેલા પગલાં નથી. બે વાતનું અન્તર સમજવું જોઇએ. આ વાતનો ફરક સમજશું તો આપણને ખ્યાલ આવશે. **''યે તુ અક્ષરમ્ અનિર્દેશ્યમ્ અવ્યક્તં પર્યુપાસતે સર્વત્રગમ્ અચિન્ત્યં ચ કૂટસ્થમ્ અચલં ધ્રુવમ્''** ભગવાન્ ''પર્યુપાસતે'થી શું કહેવા માગી રહ્યા છે? **પરિ ઉપાસતે** ઉપાસના કરવી છે વ્યક્તમાં અવ્યક્તની. આખું જગત્ દેખાઇ રહ્યું છે, ઉપાસક પોતાની જાતને જોવામાં વ્યક્ત સમજી રહ્યો છે, દેખાતું જે કંઇ પણ દુનિયામાં છે, તે વ્યક્ત જ વ્યક્ત છે. અને આ બધા આ દશ્યમાં કે અનિર્દેશ્યમાં, 'અનિર્દેશ્ય'નો અર્થ જેનો નિર્દેશ કરી ન શકાય, જેને દેખાડી ન શકાય, તેની ઉપાસના કરવી જોઇએ. જેને ન દેખાડી શકાય તેની ઉપાસના કરવી છે, જેને વિચારી ન શકાય તેની ઉપાસના કરવી છે. જે જોઇ ન શકાય તેની ઉપાસના કરવી છે. જે સંભળાતો નથી તેની ઉપાસના કરવી છે. ક્યાં કરવી છે ? સાંભળવામાં આવતી ધ્વનિઓમાં, જોવામાં આવતા રૂપોમાં, જે ન દેખાઇ શકતા એવા તત્ત્વની ઉપાસના કરવી છે, ન સંભળાઇ શકતા તત્ત્વની ઉપાસના કરવી છે **''યે તુ અક્ષરમ્ અનિર્દેશ્યમ્ અવ્યક્તં પર્યુપાસતે''** હવે તે તત્ત્વ છે ક્યાં? તે તત્ત્વ અક્ષરની ઉપાસના, અવ્યક્તની ઉપાસના, તે ઉપર નથી. આપણે ભગવાન્ માટે એમ કહીએ કે ભગવાન્ વૈકુંઠમાં છે, ભગવાન્ કૈલાશમાં છે, ખુદા બહિશ્તમાં છે. પરંતુ અક્ષર ઉપર નથી. અક્ષર તો તમારી ચારે તરફ છે. એટલા માટે અક્ષરની ઉપાસના ક્યાં થશે? **સર્વત્રગમ્** ક્યાંય પણ થઇ શકે છે. જ્યારે તમે કોઇ એક જગ્યાનો આગ્રહ પકડશો કે આ જગ્યાએ અક્ષરની ઉપાસના કરો, તો સમજી લો કે અક્ષરની ઉપાસનામાં તમે ભરેલાં પગલાંમાં ક્યાંક કાંઇક ભૂલ થઇ ગઇ છે. જ્યારે તમે વિચાર્યું કે હું અહીં કરીશ અને ત્યાં નહીં કરૂં તો તમારી ઉપાસનામાં કાંઇક ચક્કર છે. તમે અવ્યક્તની ઉપાસના નહીં કરી શકો. કેમકે અવ્યક્તની ઉપાસના અવ્યક્તરૂપમાં થવી જોઇએ. જ્યારે તમે વ્યક્તરૂપોમાં ઉપાસના કરી તો તે ઉપાસના અવ્યક્તની નહીં રહે. તેના માટે એક તેની વ્યવસ્થા બતાવવામાં આવે જ્ઞાનમાર્ગ, જ્ઞાનમાર્ગમાં બધી ઉપાસના સાધનસ્તરની છે. અવ્યક્તોપાસના સાધ્યેતરની ઉપાસના છે. વ્યક્તોપાસના જ્ઞાનમાર્ગમાં સ્ટેપિંગ્સ્ટોન (પગથીયું) છે. સ્ટેપિંગ્સ્ટોનનો મતલબ શું?

## ૬૮. શાખાઅરુન્ધતીન્યાય ઉપાસનામાં સારો, ભક્તિમાં ખરાબ:

જેવી રીતે કોઇ ખૂબ જ જીણો તારો હોય, જે જોઇ ન શકાતો હોય. તે

કોઈને બતાવવો હોય. હવે તે માણસની નજર તેના ઉપર જતી ન હોય તો આપણે કોઇ વૃક્ષની ડાળી બતાવીએ કે વૃક્ષની આ ડાળ જુઓ. હકીકતમાં વૃક્ષની ડાળ બતાવવી નથી. બતાવવો છે આપણે જીણો તારો. પરંતુ એટલા જીણા તારા ઉપર નજર ન જઇ રહી હોય તેથી એક વૃક્ષની ડાળ બતાવવામાં આવે, જે વૃક્ષની ડાળ બતાવવામાં આવે, તે ફકત આંખને સ્થિર કરવા માટે છે. અહીં તહીં ભટકતી આંખને એક દિશામાં બાંધવા માટે છે. જો એ દિશામાં આંખ સ્થિર થઈ ગઇ તો પેલા જીણા તારાને જોઈ શકી ત્યારે તો બરાબર છે. અને તે દિશામાં આંખ બંધાઈ નહીં અને અહીં તહીં ભટકતી રહી તો પેલો તારો જોઈ નહીં શકાય. આના માટે શાખાઅરૂન્ધતીન્યાય કહેવામાં આવે છે. અરૂન્ધતીનો જીણો તારો દેખાય નહીં તો તેને જોવા માટે કોઈ વૃક્ષની શાખા દેખાડવામાં આવે. પછી કહેવામાં આવે કે વૃક્ષની શાખા જોઈ, બસ એ ડાળ ઉપર જુઓ એટલે પ્રથમ કોઈ વસ્તુને સ્થાપિત કરવામાં આવે. પછી તે વસ્તુને હટાવી દેવામાં આવે. શાખાદર્શનને ઉપાસના સમજો અને તારાને જ્ઞેય (જાણવા યોગ્ય). તો ઉપાસ્ય બ્રહ્મ અને જ્ઞેય બ્રહ્મ માં અહીં ભેદ છે. કોઈ વસ્તુ બ્રહ્મ તરીકે ઉપાસના કરીને ચિત્તને એકાગ્ર કરવામાં આવે. ચિત્ત એકાગ્ર થયું એટલે બુદ્ધિમાં સામર્થ્ય આવી કે તે એકાગ્ર થઈ શકે છે. એકાગ્ર થતાની સાથે જ, કોઈ એક પણ વ્યક્તરૂપ ન હોવું જોઈએ. જો વ્યક્તરૂપ થયું તો અવ્યક્ત સુધી તમારી દૃષ્ટિ પહોંચી નહીં શકે. એટલા માટે અવ્યક્તની ઉપાસના અનિર્દેશ્યની ઉપાસના છે. અનિર્દેશ્યની ઉપાસનામાં નિર્દેશ સાધનસ્તર સુધી હોવો જોઈએ, સાધ્યસ્તર સુધી જવો ન જોઈએ. સાધ્ય પર જો નિર્દેશ પહોંચી ગયો, એટલે કે ડાળ ઉપર જ તમારી આંખ અટકી ગઈ તો તમારી ઉપાસનામાં પણ ઉપાડેલા પગલાં અટકી ગયા છે અથવા ભટકી ગયા છે. આ વાત ચોક્કસ સમજો, ડાળને છોડી દેવી પડશે.

## ૬૯. અધ્યારોપાપવાદથી આગળ જેનસાધનામાં અપોહિતાંગીકારની પ્રક્રિયા :

આપણે ત્યાં જેમ બૌદ્ધ ધર્મ છે તેમ બૌદ્ધ ધર્મનું એક રૂપ ચીન જાપાન માં ઝેન ધર્મ થયો. ઝેનધર્મમાં ઉપાસનાના પહેલા કે બીજા પાઠમાં એક ખૂબ મજેદાર વાત સમજાવવામાં આવે છે. ઉપાસના કરી રહેલા સાધકને બોલાવીને તે પૂછે ‘‘તમે ક્યાં ઉપાસના કરી રહ્યા છો?’’ ઉપાસક જ્યાં ઉપાસના કરતો હોય તે સ્થળનું નામ બતાવે. માનો કે કોઇ કહે કે હું ગામની બહાર બગીચામાં બેસીને ઉપાસના કરી રહ્યો છું. હવે પાઠમાં એમ કહેવામાં આવે છે કે જે ગુરૂ ઉપાસનાની

શિક્ષા આપી રહ્યો છે તેણે એમ પૂછવું જોઇએ કે ''સારું જ્યાં બેસીને ઉપાસના કરી રહ્યા છો, ત્યાનું તમે વર્ણન કરો''. પછી તે વર્ણન કરે કે હું જ્યાં બેસીને ઉપાસના કરી રહ્યો છું, ત્યાં એક આંબલીનું ઝાડ છે. એક આંબાનું ઝાડ છે કે પછી પીપળાનું ઝાડ છે. થોડા પત્થર છે, થોડા પહાડ છે, થોડીક કયારીઓ છે, એક બેસવાની ખુરસી છે કે ફુવારો છે. આ છે તે છે. જે કાંઇ હોય તે બતાવે, ત્યારે તે ઉપાસકને તેનો ગુરૂ કહેશે ''સારૂં, હવે આખો બંધ કરીને ઉપાસના એવી કરો કે આ બધું બતાવ્યું તે ત્યાં નથી. ત્યાં બેસીને હવે તમે એવી ઉપાસના કરો જેમાં એવું લાગે કે આ કાંઇ જ ત્યાં નથી. ચિત્તને એવી રીતે સુદઢ બનાવો કે તમને જે દેખાઇ રહ્યું છે, આંખ બંધ કરવાની જરૂર નથી, ખુલી આંખે જે તમને દેખાતું હોય તે વખતે તમારા સંકલ્પને એટલો દઢ બનાવો કે તમને તે સંકલ્પશક્તિના કારણે તે દેખાતું હોવા છતાં ન દેખાતું હોય એવું લાગે''. જ્યારે સંકલ્પશક્તિની આટલી સિદ્ધિ થઇ જશે, ત્યારે કહેશે ''સારું પછી પાછું વિચારો કે તે છે. કેમકે એક વખત તમને નથી ઉપર આગ્રહ બંધાઇ ગયો તો તે પણ સંકલ્પશક્તિનું ભટકવું છે.'' તેના માટે તે આમ કહે છે કે એક વખત જ્યારે તમને આ વાત સમજાઇ ગઇ કે તમારી સંકલ્પશક્તિને એટલી સુદઢ કરી લીધી કે જે છે એ જ વૃક્ષ નથી પણ, આવી રીતે તમે જો વિચારી શકો છો, તો બસ વાત પૂરી થઇ. હવે તે છે એમ ફરીથી વિચારો. ત્યારે ચિંતાની વાત નથી કેમકે નથી એમ વિચારશો તો નથી ઉપર ગાડી અટકી જશે, તમારે છે અને નથી, આ બંનેથી ઉપર ઉઠવાનું છે.

તે દિવસે મેં તમને બતાવ્યું હતું કે 'છે અને નથી' આનો વિચાર બુદ્ધિની ભીતર તર્કના જે ડબ્બા ભરી રાખ્યા છે, એ ડબ્બાઓની વાત છે. તે એમ કહે છે કે આ ડબ્બાઓથી ઉપર ઉઠીને, એક સ્થિતિ ઉપર બુદ્ધિને પહોંચાડવાની છે જે અવ્યક્ત છે જેમાં ન તો 'કોઇ છે' કહી શકાય અને 'નથી' કહી શકાય.

જેમ ભક્તિની એક સામાન્ય વાત તમે લો. આપણે ત્યાં ભક્તિના પ્રકારમાં આ વાત સમજાવવામાં આવે છે કે જે વખતે આપણે ભક્તિની શરૂઆત કરીએ, તે વખતે આપણને અનન્યાસક્તિ હોવી જોઇએ. દરેક રૂપોની ભક્તિ નહીં થઇ શકે. બધા રૂપોની ઉપાસના થઇ શકે છે. જ્યારે ભક્તિ પોતાની પરાકાષ્ઠાએ પહોંચશે, ત્યારે બધા જ રૂપ તેના જ રૂપ બની જશે. એ પ્રેમની પ્રબળતાને લીધે દરેક રૂપ તેમાં જ દેખાવા લાગશે. તે વખતે પછી બધા રૂપ માન્ય થઇ જશે. પરંતુ

જ્યારે એ ભક્તિ પરાકાષ્ઠાએ પહોંચે, એ ભક્તિની અવસ્થાને આપણે ત્યાં સર્વાત્મભાવ કહેવામાં આવ્યો છે. સર્વાત્મભાવનો મતલબ શું? આપણો પ્રેમ એટલી પ્રગાઢતામાં પહોંચી ગયો કે દરેક વસ્તુ આપણને આપણા પ્રિયતમમાં દેખાવા લાગી જાય. જ્યારે આવું થાય ત્યારે તે પ્રેમની પ્રગાઢતા છે. જ્યારે દરેક જગ્યાએ પ્રિયતમ દેખાવા લાગી જાય ત્યારે પ્રિયતમના અવ્યક્ત હોવાની પ્રક્રિયા છે. ધીરે ધીરે તે પોતાના રૂપોને ખોઈ રહ્યો છે. રૂપોને ખોઈને દરેક જગ્યાએ દેખાઈ રહ્યો છે. સર્વત્ર તેનું ભાન થવું અને બધાનું તેમાં ભાન થવું, બંનેમાં થોડુંક અન્તર છે. સર્વાત્મભાવ અને સર્વાત્મબોધ માં આ જ અન્તર છે. જ્ઞાનીને ધીમે ધીમે એવું દેખાવા લાગે છે કે સર્વત્ર બ્રહ્મ છે અને તે ક્યા પ્રકારનો છે? ''સર્વત્રગમ્ અચિન્ત્યં ચ કૂટસ્થમ્ અચલં ધ્રુવમ્'' એને બ્રહ્મનું ભાન સર્વત્ર થાય અને ભકતને બધું જ બ્રહ્મમાં દેખાવા લાગે છે. આ જ્ઞાની અને ભક્ત બંનેના એપ્રોચ્ (અભિગમ)માં બેજિક્ (મૂળભૂત) અન્તર છે. ભકતને બધુંજ બ્રહ્મમાં દેખાય છે અને જ્ઞાનીને બધે જ બ્રહ્મ દેખાય છે. વાત બહુ જ થોડાક અન્તરથી આવી રહી છે. ધ્યાનથી જોશો તો સમજાશે કે દરેક વિષયમાં, દરેક નામ-રૂપમાં બ્રહ્મનું ભાન થવું. આ જ્ઞાનની પરાકાષ્ઠા છે અને દરેક નામ-રૂપનું બ્રહ્મમાં ભાન થવું, આ સ્નેહની પરાકાષ્ઠા છે.

## ૭૦. ભર્તા સન્ ભ્રિયમાણો બિભર્તિ :

તમને એક સામાન્ય વાત બતાવું. એક પતિ/પુરુષ/વ્યક્તિ/છોકરો સમૃદ્ધ હોય, તેના વિવાહ થાય. માનો કે કોઈ કારણથી એ પતિ ગરીબ બની ગયો. હવે પતિ જ્યારે ગરીબ થઈ ગયો અને ત્યારે પત્ની તે વખતે એમ વિચારવા લાગે કે હવે તો એમની પાસે ગાડી પણ નથી કે એની પાસે ટી.વી. લેવાની પણ શક્તિ નથી કે પછી એની પાસે બે વખત ખાવા જેટલું કમાવાની પણ શક્તિ નથી. હવે આ પતિ-પત્નીનો સંબંધ ડિફાઈન્ થઈ જવો જોઈએ. તો આપણે પતિનું જ્ઞાન પ્રાપ્ત કર્યું કે પતિને સ્નેહ કર્યો? જેને પતિના પ્રત્યે જો સ્નેહ છે, તો પતિ સમૃદ્ધ છે ત્યારે પણ પતિ લાગશે, અસમૃદ્ધ છે તો પણ પતિ લાગશે. સમ્પદામાં પણ પતિ લાગશે. વિપદામાં પણ પતિ લાગશે કેમકે તેને બધું જ પતિમાં જ દેખાઈ રહ્યું છે. ટી.વી. પણ પતિમાં દેખાશે અને ગાડી પણ પતિમાં દેખાશે. તેને બધું જ પતિમાં દેખાશે. તે ગાડીમાં પતિ નહીં શોધે, પતિમાં ગાડી શોધી રહી છે. પતિમાં ટી.વી. શોધી રહી છે, ટી.વી.માં પતિ નથી શોધી રહી.

હવે તે એમ કહી દે કે ટી.વી. ન અપાવ્યું, રેડીયો તમે ન અપાવ્યો, એક સોનાની માળા પણ તમે ન અપાવી, હવે તમે પતિ શું કામના? હવે આવો પતિ નકામો છે. પરંતુ તેની પહેલાં આ વાત ચોક્કસ સમજી લો કે તમે પત્ની પણ નથી રહી ગયા તેની. કેમકે એ સમ્બન્ધ સ્નેહનો ન રહી ગયો, એ સમ્બન્ધ જ્ઞાનનો થઈ ગયો. એક અધિકારનો રહી ગયો. સ્નેહનો ન રહી ગયો. સ્નેહમાં અધિકાર અલગ પ્રકારનો અધિકાર છે અને આ અધિકાર અલગ પ્રકારનો છે. દાવાબાજીનો અધિકાર છે કે પતિ થયા છો તો ઓછામાં ઓછું એક સોનાની માળા તો અપાવવી જોઈએ કે નહીં!! દર મહીને એક નવી સાડી ન અપાવે તો પતિ શું કામનો? એ સાડીમાં પતિ શોધે છે. પતિમાં સાડી નથી શોધતી. જેમ સીતાજીના વિષે આપણે રામાયણમાં જોયું કે નહીં? સીતાજીએ જ્યારે રામ રાજ્ય ઉપર હતા, રાજ્યાસીન થઈ રહ્યા હતા ત્યારે પણ પોતાના પતિ શોધ્યા અને જ્યારે વનવાસ આપવામાં આવ્યો એમને ત્યારે પણ એમણે કહ્યું કે મારે રાજ્ય સાથે શું મતલબ છે? મારે તો રામથી મતલબ છે. તો જે રામને પસંદ કરે છે તે વનમાં પણ રામને પસંદ કરી શકે છે અને તે મહેલમાં પણ રામને પસંદ કરી શકે છે. જે રામને પસંદ નથી કરી રહી એમાં યુરોપમાં મોટાભાગે ઘણી વખત એવું થાય કે પતિ સૂતી વખતે નાકથી ખુર્રાટા લેતો હોય તો એમ કહે કે ઉંઘમાં બહુ ખલેલ પાડે છે, ચાલો છૂટાછેડા કરો. ત્યાંનો કાયદો પણ આને માન્ય કરે કે પતિ નાકથી બહુ ખુર્રાટા/નસકોરા લેતો હોય અને ઉંઘવા ન દેતો હોય, એવી સ્થિતિમાં શું કરવામાં આવે? તેથી છૂટાછેડાની આવશ્યકતા છે. હવે નસકોરાને લીધે ઉંઘ ન આવે તો શું કરે? પરિસ્થિતિ એવી છે કેમકે ત્યાં સમ્બન્ધ એવા જટિલ બની ગયા છે, સ્નેહનો કોઈ પ્રશ્ન જ નથી રહ્યો. ત્યાં સીધી જ વાત છે કે ખુર્રાટા લઈ રહ્યા છો, ખલેલ પડી રહી છે, પતિ થવાને લાયક નથી.

અમારા ગુરૂજી લંડન ગયા એટલે સુપર બજાર ફરવા ગયા. તેઓ કહી રહ્યા હતા. ગુરૂજી એંસી વરસના અને એમની પત્ની પણ સીત્તેર-પંચોતેરના તો હશે જ. ત્યાં ઉભા હતા. બધું જોઈ રહ્યા હતા. એટલામાં એક અંગ્રેજ સ્ત્રી આવી. તેણે પૂછયું આવીને ‘‘તે બૂઢો કોણ છે?’’ તે એમણે કહ્યું ‘‘મારા પતિ છે’’ તો તેણીએ પૂછયું ‘‘કેટલામો પતિ છે?’’ ગુરૂપત્નીને બિચારીને માઠુ લાગી ગયું ‘‘મતલબ શું છે તમારો?’’ ‘‘મતલબ શું? આટલો બૂઢો છે તો કેટલામો પતિ છે?’’ તો એમણે કહ્યું ‘‘અમે તો સોળ વરસના હતા ત્યારથી’’ તો તે અંગ્રેજ સ્ત્રી બોલી ‘‘સીત્તેર વરસ સુધી એક જ પતિ!!’’ અને કહ્યું ‘‘બહુ ગજબની છે ધીરજ

તમારી'' તેણે એમ વિચાર્યું કે આટલા બૂઢા પતિ-પત્ની છે તો ઓછામાં ઓછો ત્રીજો ચોથો નહીં તો બીજો તો હશે જ! એટલે કહ્યું ''સીત્તેર વરસ સુધી એક જ પતિ ખાલી!!'' આ સ્થિતિ કે સીત્તેર વરસ સુધી એક જ પતિ, આ વાત એને કેમ ન સમજાય? કેમકે ત્યાં સ્નેહનો પ્રશ્ન જ નથી. ત્યાં ફક્ત સમજૂતીનો પ્રશ્ન છે. એક સામાજિક સમજૂતી છે, જે સમજૂતી અંતર્ગત જેમ એક બળદગાડામાં બે બળદ જોડાઇ જાય છે, તેના ઉપર એક ધોંસરૂ રાખેલું છે, તે ધોંસરોમાં બંધાયેલા છે, એને ગાડુ ચલાવવું પડે છે ગૃહસ્થીનું. એક તે સ્થિતિ અને એક તે સ્થિતિ જેમાં સ્નેહનું ધોંસરૂ છે. તે સ્નેહના ધોંસરાથી અંદરોઅંદર એક બીજાને ચલાવી રહ્યા છે. આ સ્થિતિ છે એટલા માટે વેદમાં ખૂબ જ સુંદર કહ્યું છે **''ભર્તા સન્ ભ્રિયમાણો બિભર્તિ''** પરમાત્માનું સ્વરૂપ કેવું છે? ભર્તા છે, 'ભર્તા' એટલે તમારૂં ભરણ કરનારો. તમારૂં ભરણ તે ક્યારે કરે ? ભ્રિયમાણો. જ્યારે તમે તેનું ભરણ કરો છો તો તે તમારૂં ભરણ કરે છે. જ્યારે તે તમારૂં ભરણ કરે છે, ત્યારે તમે તેનું ભરણ કરો છો. આ અન્યોન્યાશ્રિત સમ્બન્ધ છે પરમાત્મા અને જીવાત્માની વચ્ચે. એ કોઇ સ્વાર્થ સમ્બન્ધ ઉપર નિર્ભર નથી. **''ભર્તા સન્ ભ્રિયમાણો બિભર્તિ''** એ ન્યાયથી સ્નેહનો સમ્બન્ધ એક જુદી જાતનો સમ્બન્ધ છે. તેમાં સહજ જ ખબર ન પડે. જેમ ઘરમાં આપણે ઝાડુ કાઢીએ, ઘરમાં આપણે રસોઇ બનાવીએ, ઘરમાં બધું જ કામ કરીએ. પરંતુ ન તો તેને એવો બોધ થાય કે આજે મને ભંગી બનાવી દીધો કે આજે મને રસોયાણી બનાવી કે જલઘરીયો બનાવી દીધો. માનો કે પતિને કાંઇ કામ કરવું પડે તો એને આવો બોધ થાય! પણ જ્યાં આવું જ્ઞાન થવા લાગી જાય, ત્યાં સમજો કે સમજૂતી થઇ ગઇ છે. આ સ્નેહ નથી. સ્નેહ અને સમજુતી માં બહુ ફરક છે. અક્ષરની સાથે સમજૂતી કરીને ચાલવું પડશે. ત્યાં સ્નેહનો પ્રશ્ન નથી. કેમકે એ બુદ્ધિથી કરવામાં આવતી ઉપાસના છે. બુદ્ધિથી કરવામાં આવતી ઉપાસનાનું સ્વરૂપ અને ભક્તિ ના સ્વરૂપમાં એક મૌલિક અન્તર છે કે તે ગણત્રીપૂર્વકના ડગલા છે અને આ ગણત્રી વિનાના ડગલા છે.

મેં રીડર્ડાયજેસ્ટ્માં એક વાત વાંચી હતી. એક ઘરમાં નવું રંગ-રોગાન થઇ રહ્યું હતું. ત્યાં એક નાની બાળકી હતી. જ્યારે માં કાંઇક ખરીદી કરવા બહાર ગઇ, તો બાળકીએ જોયું કે માને બહુ ઉત્સાહ છે કે ઘરની દીવાલો ઉપર રંગ લાગી રહ્યો છે. એણે વિચાર્યું કે મા બહાર ગઇ છે તો બ્રશ લઇને ટી.વી. ઉપર, ખુરશી ઉપર, આના ઉપર તેના ઉપર જેના ઉપર તેનાથી બ્રશ ચાલ્યું, બધા ઉપર ચલાવી દીધું. તેને શું ખબર પડે કે શું ચક્કર છે આમાં? ગણત્રીપૂર્વકના પગલાં તો છે નહીં.

તેના મનમાં ફક્ત એટલી ભાવના હતી કે માં ખુશ છે કે ઘરમાં નવો રંગ થઈ રહ્યો છે તેથી જે મારાથી લગાડી શકાય, જ્યાં સુધી મારો હાથપહોંચે, ત્યાં સુધી તો બ્રશ લઈને રંગ લગાડી દઉં! જ્યારે માંએ આવીને જોયું કે ખુરશી ઉપર, ટી.વી.ઉપર બધી જગ્યાએ રંગ લગાડેલો હતો અને તે બાળકીના હાથપણ રંગથી રંગાયેલા હતા. એટલે બાળકીના હાથ ક્યાં સુધી પહોંચે, જ્યાં-જ્યાં પહોંચ્યા ત્યાં-ત્યાં રંગી નાખ્યું. માંએ ખુદ અનુભવ લખ્યો કે એક વાર તો બહુ ક્રોધ આવ્યો કે બધી વસ્તુઓનું સત્યાનાશ કરી દીધું. તેણે ફેરવીને પૂછયું ''તેં આવું કેમ કર્યું?'' બાળકીએ કહ્યું ''માં મેં તારા માટે કર્યું'' બસ આવી વાત છે. ગણત્રીપૂર્વકના પગલાં નથી. ગણત્રી વિનાના પગલાં છે. ગણત્રીપૂર્વક હાથનથી ઉપડયો, ગણત્રી વગર હાથઉપડી ગયો. હાથમાં બ્રશ આવી ગયું. મનમાં બસ એટલી ખબર છે કે માંની પ્રસન્નતા છે. માંની પ્રસન્નતા છે મકાનમાં નવો રંગ થઈ રહ્યો છે. જાણતા-અજાણતા હાથમાં બ્રશ ઉપાડીને જ્યાં હાથપહોંચ્યો ત્યાં રંગી દીધું. થોડીક તકલીફ પણ થશે પણ પ્રેમના કારણે થયેલી તકલીફ સહન થવી જોઈએ. પરંતુ ગણત્રીપૂર્વક આપેલી તકલીફ સહન ન થઈ શકે.

જેમ આપણે કોઈના ઘરે જઈએ. અમારે ત્યાં ગિરધરબાવા પધાર્યા અહીં કિશનગઢના ઘરમાં પહેલી વખત. ત્યારે અમારા વહુજી અહીં ન હતા. પધાર્યા તો એમણે કહ્યું થોડુ નમક લાવો. મેં કહ્યું કે નમક તો છે જ નહીં. પણ એ અસુવિધાને અસુવિધા કેમ ન માની? કેમકે બાવાને સ્નેહ છે અમારી સાથે. પણ માનો કે કોઈ હોટલમાં જાવ. ત્યાં કોઈ કહે કે નમક નથી. તો આપણે શું કહેશું? ''હત્! ખરાબ હોટલ છે. નમક નથી રાખતા. પૈસા આપીએ છીએ, કાંઈ સાધારણ વાત છે?'' કેમ આવું થઈ જાય? કેમકે ત્યાં સમ્બન્ધ સ્નેહનો નથી. તે સમ્બન્ધ ગણત્રીપૂર્વકનો સમ્બન્ધ છે. અમે પૈસા ફેંકી રહ્યા છીએ ગણત્રીપૂર્વક, તેઓ ગણત્રીપૂર્વકની વસ્તુઓ તે ક્વોલિટીની આપી રહ્યા છે. તે સોદો ગણત્રીપૂર્વકનો હોવો જોઈએ, તેમાં ઓછા-વત્તુ ચાલશે નહીં. ભોજનની થાળી પીરસી છે. નમક તૈયાર હોવું જોઈએ. તે વખતે કોઈ વેઈટર આવીને એમ કહી દે ''નહીં સાહેબ, નમક આજે નથી'' તો પછી હોટલનો ધંધો બંધ થઈ જશે. નમક હોય તો પણ ઘર ચાલશે. નમક નહીં હોય તો પણ ચાલશે ઘર. નમક નહીં હોય તો પણ સ્નેહ ચાલશે કેમકે સ્નેહમાં હોવું અને ન હોવું બંને વાત સહન થઈ જશે. પરંતુ સ્નેહ હશે તો. તેવી જ રીતે ભક્તિ છે તો બધી વાત સહન થઈ શકે છે. ભગવાન્ એટલા માટે કહે છે કે ભક્તિ છે તો પછી ચિંતા ન કરો. આપમેળે ઠેકાણે આવી જશે વાત.

ભક્તિ નથી અને ગણી-ગણીને જો પગલા ભરવા છે, વ્યકતમાં અવ્યકતની ઉપાસના કરવી છે, તો પછી મોટી મોટી યાદી ઠાકોરજી પણ આપી રહ્યા છે **“સર્વત્રગમ્ અચિન્ત્યં ચ કૂટસ્થમ્ અચલં ધ્રુવમ્ સન્નિયમ્ય ઈન્દ્રિયગ્રામં સર્વત્ર સમબુદ્ધયઃ”** ભગવાન્ કહી રહ્યા છે કે તમારે પોતાના ઈન્દ્રિયગ્રામનું સંનિયમન કરવું પડશે. ‘નિયમન’ એટલે શું? રોકવું. અને ‘સંનિયમન’ એટલે શું? બહુ સારી રીતથી એને રોકવું પડશે. બધી ઈન્દ્રિયો અહીં તહીં ભટકે પછી તમે એ નહીં કહી શકો કે આ વસ્તુ સારી લાગી ગઈ અને તે વસ્તુ સારી લાગી ગઈ. કાંઈક રૂપ સારૂં લાગ્યું, કાંઈ અવાજ સારો લાગ્યો. કોઈક સ્વાદ સારો લાગ્યો અને વ્યકતની ઉપાસના તમે શરૂ કરી દીધી. અવ્યક્તોપાસના ખંડિત થઈ ગઈ. અવ્યક્તોપાસનાની પહેલી શરત છે **“સંનિયમ્ય ઈન્દ્રિયાણિ” “પરાંચિ ખાનિ વ્યતૃણોત્ સ્વયંભુઃ તસ્માત્ પરાક્ પશ્યતિ ન અન્તરાત્મન્. કશ્ચિદ્ ધીરઃ પ્રત્યગાત્માનમ્ ઐક્ષદ્ આવૃત્તચક્ષુઃ અમૃતત્ત્વમ્ ઈચ્છન્”** (કઠોપ.૨।૧।૧). જો અવ્યક્તોપાસનામાં તમને વ્યકતમાં અવ્યક્તને શોધવો છે તો પહેલી શરત છે ઈન્દ્રિયોના બહારની તરફ દોડી રહેલા ઘોડાઓને, આત્માથી વિષયોની તરફ દોડી રહેલા ઘોડાઓને, આત્માનંદથી વિષયાનંદ તરફ દોડી રહેલા ઘોડાઓને પાછા વાળવા પડશે પાછા વાળીને ફરીથી આત્માની તરફ દોડાવવા પડશે.

વ્યક્ત તરફથી પાછા એને અવ્યક્તની તરફ ખેંચવા પડશે. કેમકે વ્યકતની બધી જ અભિવ્યક્તિ પહેલાં તો ઈન્દ્રિયોમાંજ સ્ફુરિત થઈ રહી છે. બધી જ વ્યક્તની અભિવ્યક્તિ ઈન્દ્રિયોમાં જ થઈ રહી છે. ઈન્દ્રિયોથી આપણને જે ગ્રહણ ન થાય, એને તો આપણે અવ્યક્ત કહીએ છીએ. નહીંતર અવ્યક્ત કઈ ચીજનું નામ છે? સૌથી પહેલી શરત છે કે ઈન્દ્રિયોના ઘોડાઓ જે બહાર દોડી રહ્યા છે વિષયાનંદ તરફ, એને તમારે પાછા વાળવા પડશે. જો તમે એને પાછા ન વાળી શક્યા તો અવ્યક્તની ઉપાસના ખંડિત થઈ જશે. માણસ ઉપાસના કરવા લાગી જાય અને સાવધાની ન રાખે તો તેમાં મોટી અડચણો આવી જાય. ક્યાંક ક્યાંક ગડબડ થઈ જાય.

**“સંનિયમ્ય ઈન્દ્રિયગ્રામં સર્વત્ર સમબુદ્ધયઃ”** અને જ્યારે ઈન્દ્રિયગ્રામનું સંનિયમન કર્યું છતાં એટલાથી કામ નહીં ચાલે. કેમકે ભગવાને પહેલાં જ આ વાતની સ્પષ્ટતા કરી છે. તમારી ઈન્દ્રિયોને જે વિષયની તરફ દોડી રહી છે તેને રોકી લીધી તો આ તો શરૂઆત છે. આ શરૂઆત પછી, એક સારી

શરૂઆત પછી એક ખરાબ અન્ત પણ આવી શકે છે અને એ ખોટો અન્ત શું છે?

## ૭૧. નિન્દકોની નિન્દાની નિન્દારસાનુભૂતિ :

સાચી શરૂઆતનો ખોટો અન્ત એ છે કે ઈન્દ્રિયગ્રામને તો તમે રોકી લીધી પરંતુ અન્તઃકરણગ્રામ તમારા રોકાયા નહીં. એટલે માણસ એકાદશીનું વ્રત તો કરી લે પરંતુ આખી રાત ખાવાના સ્વપ્ના જોતો રહે તો એકાદશી ભંગ થાય. આટલા માટે એકાદશીના નિયમમાં આ વાત એક વધુ સમજાવવામાં આવી છે કે એકાદશી કરી હોય તો દિવસના સૂતા નહીં. શા માટે દિવસના ન સૂવું? કેમકે દિવસે ભુખ્યા પેટે સૂતા નહીં કે તરત ખાવાના સપના આવવા લાગી જાય. તો સમજી લો કે કામ પૂરું થઈ ગયું. એકાદશી ખતમ. બહાર ખતમ ન થઈ પણ અંદર ખતમ થઈ ગઈ. જ્યારે માણસને એકાદશી તો બહાર ચાલી રહી હોય તો શું અને ન ચાલી રહી હોય તો શું? આના માટે એમ કહ્યું છે ''સકૃદેવ દિવાસ્વાપાત્ સકૃત તામ્બૂલચર્વણાત્ અસકૃદ્ જલપાનાત્ ચ નશ્યતિ એકાદશી વ્રતમ્'' એટલે કે એકાદશી કરીને જો એક વખત દિવસમાં સૂઈ ગયા, તો એકાદશી ખતમ, એ કેમ બતાવ્યું છે? કેમકે **''સંનિયમ્ય ઈન્દ્રિયગ્રામં સર્વત્ર સમબુદ્ધયઃ''** શરૂઆત તો સારી છે, ઈન્દ્રિયગ્રામનું સંનિયમન કર્યું, આ તો સારૂં છે પરંતુ અંદર સપના જોવાના શરૂ કરી દીધા, ઢોકળા પણ આવી રહ્યા છે સપનામાં, લાડવા પણ આવી રહ્યા છે, આ સપના તમારી એકાદશી ખતમ કરી દેશે. એટલા માટે **''સંનિયમ્ય ઈન્દ્રિયગ્રામં સર્વત્ર સમબુદ્ધયઃ''** ભગવાન્ કહી રહ્યા છે. ફક્ત ઈન્દ્રિયગ્રામના સંનિયમનથી કામ નહીં ચાલે. સર્વત્ર સમબુદ્ધિ રાખવી પડશે. જુઓ કેવી મજેદાર વાત ભગવાને સમજાવી છે. સમબુદ્ધિ રાખવી પડશે. જેમ ઈન્દ્રિયગ્રામનું નિયમન બતાવ્યું છે, તેમ બુદ્ધિનું નિયમન નથી કહી રહ્યા. બુદ્ધિ માટે સમતાનો ઉપદેશ આપી રહ્યા છે. કેમ? બુદ્ધિનું નિયમન કરીને માણસ દરેક વિષયમાં દ્વેષ કરવા લાગી ગયો તો વાત ફરી ફરીને એ જ થઈ ગઈ. જેવી રીતે પ્રવચનકાર બિચારા નિન્દકોની નિન્દા દોઢ-બે કલાક સુધી અટકયા વિના કરે કે નિન્દા કરવી ખરાબ વાત છે! વાત ત્યાંને ત્યાંજ આવી ગઈ પાછી. માણસ કહે કે નિન્દા ન કરો. એ માણસ એકબીજાની નિન્દા કરે. પ્રવચનકાર બેસીને એક કલાક નિન્દા કરવાવાળાની નિન્દા કરે. વાત તો નિન્દાનીજ થઈને! જ્યાં સુધી નિન્દા ઉપર કાબૂ ન આવ્યો, ત્યાં સુધી તો નિન્દકની નિન્દા પણ નિન્દા છે અને અનિન્દકની નિન્દા પણ નિન્દા જ છે. નિન્દા તો નિન્દા જ છે. ફરક કેટલો પડશે? માણસને પ્રવચન

કરતા આવડી જાય, તો અંદરોઅંદરની નિન્દા ન કરીને નિન્દકની નિન્દા કરે. એક માણસ અંદરોઅંદર એકબીજાની નિન્દા કરે. જે નિન્દાની મૂળ વૃત્તિ છે, તેના ઉપર કાબૂ ન આવે માણસને. એના ઉપર કાબૂ ન આવ્યો તો કાંઈ અર્થ ન સર્યો. એમાં કાંઈ ફરક હોય તો એ કે આપણે વિષય બદલી દીધો. કોઈ અંદરોઅંદર કાકા-ભત્રીજાની કરી રહ્યો છે. ભત્રીજો કાકાની કરી રહ્યો છે. દુકાનદાર ગ્રાહકની કરી રહ્યો છે. આ માણસ થોડોક સિદ્ધ થઈ ગયો છે. એ બધાની નિન્દા ન કરીને નિન્દકોની નિન્દા કરી રહ્યો છે. પરંતુ જો નિન્દકની નિન્દામાં મજા આવી રહી છે, દોઢથી બબ્બે કલાક નિન્દકની નિન્દામાં જતા હોય તો વાત એની એ જ છે. માણસ એક પણ પગલું જરાક પણ આગળ વધ્યો નહીં. ત્યાંનો ત્યાંજ ઉભેલો છે. અન્તર શું છે? અન્તર તેમાં આ છે **“સંનિયમ્ય ઈન્દ્રિયગ્રામં સર્વત્ર સમબુદ્ધયઃ”** બુદ્ધિમાં સમતા આવવી જોઈએ. એટલે કે ન તો ક્યાંય નિન્દાનો વિષય રહી જાય, ન ક્યાંય સ્તુતિનો વિષય રહી જાય.

જ્યારે હિન્દુસ્તાન પાકિસ્તાનનું યુદ્ધ ચાલતું હતું ત્યારે અમારે ત્યાં એક અત્તર વેચવાવાળો મુંબઈના મંદિરમાં બેસતો. અત્તર વેચે પણ તેને રાજકારણની બહુ ચિન્તા રહેતી. જે દર્શન કરવા આવે એને બેસાડીને રાજનીતિની ચર્ચા કરે. આ સારી વાત નહોતી કે મન્દિરમાં આવનારા દર્શનાર્થીઓની સાથે રાજનીતિની ચર્ચા કરવી. મંદિરના વ્યવસ્થાપકોએ તેને બોલાવીને સૂચના આપી કે મંદિરમાં તમે રાજનીતિની ચર્ચા ન કરો. એ માન્યો નહીં. યુદ્ધ વધ્યું તેથી ચર્ચા પણ ગરમી પકડવા લાગી. તે પછી તેને બીજી કડક સૂચના આપવામાં આવી કે જ્યાં સુધી યુદ્ધ ચાલી રહ્યું છે ત્યાં સુધી મંદિરની અંદર કોઈપણ રાજનીતિની ચર્ચા કરતો મળશે તો તેને મંદિરની બહાર કાઢી મૂકવામાં આવશે. જન્મજાત આદત તો જાય નહીં. છતાં પણ તે અત્તર વેચવાવાળો એક દિવસ કોઈકને પોતાની પાસે બેસાડીને છાનોમાનો નિન્દા કરી રહ્યો હતો. કોઈએ દેકારો કર્યો અને વ્યવસ્થાપકે સાંભળ્યું કે હજુ રાજનીતિની ચર્ચા કરી રહ્યો છે. તે એક પાર્ટીનો હતો અને વ્યવસ્થાપક બીજી પાર્ટીનો હતો. એમણે એ પાર્ટીની નિન્દાનું બહુ ખોટુ લગાડયું. બે-અઢી કલાક અંદરોઅંદર એકબીજાની સાથે એટલો ઝઘડો થયો કે તમે મંદિરમાં નિન્દા કરો છો. તમે મંદિરમાં ઝઘડો કરો છો આખુ મંદિર માથે લઈ લીધું. વાત તો ત્યાંને ત્યાં જ રહી ગઈ. એક માણસ ઝઘડી રહ્યો હતો અને તમે એનાથી પણ મોટો ઝઘડો ઉભો કરી દીધો. વાતનું સમાધાન ન થયું. સમાધાન ક્યારે થઈ શકે?

જ્યારે તેને **''સર્વત્ર સમબુદ્ધય:''** જ્યારે સમબુદ્ધિ આવશે ત્યારે અવ્યક્તની તરફ આગળ વધશે. નહીં તો માણસ એકને બદલે બીજો આગ્રહ પકડી લેશે. બીજો આગ્રહ પકડયો તો આગ્રહ તો આગ્રહ જ છે. એટલે કે તમે એને ચાહી નથી રહ્યા, તમે એનાથી દ્વેષ કરી રહ્યા છો. ફરક એટલો જ પડયો. સંસારમાં આસક્ત વ્યક્તિ સંસારના વિષયોને ચાહી રહ્યો છે. તમે કેમકે અવ્યક્તની ઉપાસના કરી રહ્યા છો, તેનાથી સંસારના વિષયોથી દ્વેષ કરવાની છૂટ નથી. સમબુદ્ધિતા આવવી જોઈએ. એવી સમબુદ્ધિતા કે ન તો આસક્તિ અને ન દ્વેષ. આ જો બીજું પગલું આવ્યું તો પહેલું પગલું સાચું થશે. પહેલી વાત બરાબર હતી **સન્નિયમ્ય ઈન્દ્રિયગ્રામં** પરંતુ બીજું પગલું પાછું એવું ભરવું જોઈએ **સર્વત્ર સમબુદ્ધય:**. સમબુદ્ધિતા ન આવી, તો ઈન્દ્રિયગ્રામોના સંનિયમન કરવા છતાં પણ અવ્યક્તોપાસક ભટકી શકે છે. આ એક પગલું ભગવાન્ ગણાવી રહ્યા છે કે અવ્યક્તોપાસનામાં આગળ વધવું છે તો કેવી રીતના ગણત્રીપૂર્વકના પગલાં તમારે ભરવા પડશે. સમબુદ્ધિ પછી સર્વભૂતહિતેરત થવું પડશે.

એક બહુ મોટા વૈજ્ઞાનિક હતા નીલબર્ગ્સ જેમણે એટ્મની થીયરી (અણુ પધ્ધતિ) શોધી. નીલબર્ગ્સને કોઈએ પૂછયું કે આટલી મોટી તમે એટ્મની થીયરી શોધી. કોઈ દિવસ માનો કે એટ્મબમ્ ફૂટી ગયો તો શું થશે? નીલબર્ગ્સે જવાબ આપ્યો-''હાં કોઈ ખાસ ફરક નહીં પડે, આ બ્રહ્માંડ અનન્ત છે, આ અનન્ત બ્રહ્માંડમાં પૃથ્વી એક ધૂળના કણની બરાબર છે અને એક ધૂળકણ ખતમ થઈ જશે''. અરે ભાઈ! તમે વિજ્ઞાન કરી રહ્યા છો અને પૃથ્વીના ધૂળકણને ખતમ કરી રહ્યા છો, તમારું વિજ્ઞાન ઊંચુ છે, કોઈ ખરાબ વાત નથી. પરંતુ બીજાના પ્રાણ લેવાનું વિજ્ઞાન! એટલે કે વાત સાચી છે. જ્ઞાન સાચું છે. આ અનન્ત બ્રહ્માંડમાં એક પૃથ્વીની હેસિયત ધૂળકણના બરાબર છે. પરંતુ માણસનો પ્રયાસ શું આવો હોવો જોઈએ? એવું નથી કે તમને આ રહસ્ય સમજાઈ ગયું એટલે તમે એટ્મબોંબ બનાવી દો. માણસનો પ્રયાસ એવો હોવો જોઈએ કે ધૂળકણ છે તો તેનું પણ હિત થાય. તમારા દ્વારા અહિત ન થાય. ધૂળકણનું જે એનીમેળે થવું હોય તે થાય પરંતુ તમારા દ્વારા તેનું અહિત ન થવું જોઈએ. તમારા આ જ્ઞાનમાં કોઈક પ્રકારની સમબુદ્ધિતાની ખામી છે? કેટલી સમબુદ્ધિ છે? કોઈના પ્રત્યે રાગ નથી કોઈના પ્રત્યે દ્વેષ નથી. આખી દુનિયા ખતમ થઈ જશે તો થઈ જવા દો. આ પ્રકારની સમબુદ્ધિ અવ્યક્તોપાસનામાં ઘાતક છે. કેમકે તમે અવ્યક્તોપાસના કરી રહ્યા છો. તેનો મતલબ દુનિયાને ખતમ કરવાનો તમને અધિકાર નથી.

અવ્યક્તોપાસના તમારો શોખ છે, પરંતુ દુનિયાને અવ્યક્ત કરવાનો શોખ નથી. ભગવાન્ કહી રહ્યા છે કે જો તમે અવ્યક્તોપાસના કરી રહ્યા છો, તો તમારી કામનામાં એટલો કાબૂ હોવો જોઈએ કે તમારી કૃતિથી કોઈનું અહિત ન થાય.

એટલા માટે સંન્યાસ લેતી વખતે એક અભયવ્રતનો નિયમ લેવામાં આવે છે. એટલે કે જ્ઞાન વૈરાગ્ય ફકત પૂરતા નથી. તમને જ્ઞાન પ્રાપ્ત થયું, વૈરાગ્ય પ્રાપ્ત થયું, ત્યારે તમારે અભયવ્રત પણ લેવું પડશે. 'અભયવ્રત'નો મતલબ ''હું કોઈથી ડરીશ નહીં'' ''હું કોઈને ડરાવીશ નહીં'' જો અભયવ્રત ન લીધું તો સંન્યાસ સાચો ન કહેવાય. સંન્યાસની પહેલી શરત એ છે કે મારા દ્વારા બધા પ્રાણીભૂતને અભય, મને બધા પ્રાણીઓથી અભય. સિંહ મને ખાઈ જાય તો ભય નહીં, વીંછી મને કરડી લે તો ભય નહીં. હું કોઈને મારીશ નહીં. મને મરવાનો ભય નહીં. આ પ્રકારનું અભયવ્રત આવે છે, તો અવ્યક્તોપાસના આવશે. અભયવ્રત ન આવ્યું, જો તમે ડરી રહ્યા છો, તો તમે બધાથી વધારે ખૂંખાર બની જશો. જ્ઞાની જો ડરી રહ્યો છે, તો જ્ઞાની બધાથી ખૂંખાર થશે. અજ્ઞાની એટલો ખૂંખાર નહીં હોય.

જેમ સાપ બિચારો માણસથી ડરે છે. પરંતુ સાપ અજ્ઞાની છે. અજ્ઞાની છે એટલે સાપ માણસને શોધીને કરડતો નથી. કયારેક માણસ દેખાઈ જાય તો તે દેખાવાના અપરાધનો એવો દંડ નથી આપતો કે માણસ કેમ દેખાણો, ચાલો કરડો. સાપ આવું નથી કરતો. પરંતુ માણસ કેમકે જ્ઞાની છે, જ્ઞાની હોવાના કારણે સાપ જોયો નહીં કે કહે ''મારો, મારો, મારો!'' અરે ભાઈ! તમને એ કરડી નથી રહ્યો. તમારી સામે ફૂંફાડા નથી મારતો, પોતાના રસ્તે જઈ રહ્યો છે. શા માટે બૂમરાણ મચાવો છો ''મારો મારો મારો'' કેમકે તમે જ્ઞાની છો અને ભયભીત બની ગયા છો. અજ્ઞાની જ્યારે ભયભીત થશે ત્યારે તે એટલો ખૂંખાર નહીં થાય. તેના અજ્ઞાનના કારણે તેમાં એક ગુણ છે કે તે ભયભીત થશે તો ભાગી જશે. આટલો હિંસક નહીં બને. પરંતુ જ્ઞાની જ્યારે ભયભીત થયો, ત્યારે બધા કરતાં વધારે હિંસક બની જાય છે. સાપ એટલો હિંસક નથી જેટલો હિંસક મનુષ્ય છે. સાપ કરડે પણ ક્યારે કરડે? જો સાપની પૂંછડી ઉપર આપણે પગ મૂકી દઈએ તો કરડે. માણસને જોઈ લીધો કે દોડીને નહીં કરડે. માણસ એટલો હિંસક છે કે સાપ બિચારો દરમાં ઘૂસી ગયો હોય, તો તેમાંથી પણ ધુમાડો કરીને બહાર કાઢે અને પછી એને મારે. દેખાણો કેમ? અરે! દેખાણો તો એ જ એનો અપરાધ હતો? જગત્માં ભગવાને બનાવ્યો તેથી દેખાણો. તમારે આંખ હતી એટલે દેખાણો.

તમારે આંખ છે એટલે એ તો તેનો અપરાધ નથી. ભગવાને તમને આંધળા બનાવ્યા હોત તો ન દેખાત. એને બનાવવાવાળો અને તમારી આંખ બનાવનારો, ભગવાન્ એક જ છે. એ ભગવાન્‌ની માયાને કારણે તમને દેખાઈ રહ્યો છે. માણસ કેમકે જ્ઞાની છે અને ભયભીત છે, તેથી ભયંકર હિંસક છે. સાપ બિચારો અજ્ઞાની છે અને ભયભીત છે તેથી ભાગીને પોતાનો જીવ બચાવે પરંતુ માણસ જેટલો સાપ હિંસક નથી હોઈ શકતો. માણસ જેટલો હિંસક વીંછી નથી હોઈ શકતો.

એટલા માટે અજ્ઞાનીના ભયભીત થવાનો પ્રશ્ન નથી. અજ્ઞાની ભયભીત છે તો કાંઈ વાંધો નથી, વાત પતી જશે. પરંતુ જે જ્ઞાનમાર્ગ ઉપર આગળ વધ્યો તો ભગવાન્ તેને કહી રહ્યા છે કે પહેલી શરત આ છે કે અભય પ્રાપ્ત કરો. અભય આપો અને અભય મેળવો.

## ૭૨. સંસારીના બ્રહ્મજ્ઞાનની ગુરૂપાદુકાની નૌટંકી :

મેં એક વાત સાંભળી હતી. એક સ્વામીજીનો મઠ હતો. એમના ઘણા ખેતર હતા. હવે એમણે અભયવ્રત લઈ લીધું હતું. સંન્યાસી હતા એટલે. ખેડૂતોને ખબર પડી ગઈ કે અભયવ્રત એમણે લઈ લીધું છે તેથી તે ખેડૂત લગાન જ નહોતા આપતા. હવે સ્વામીજી પરેશાન કે મઠ ચાલે કેમ? ત્યારે એમના ચેલાઓએ કહ્યું મહારાજ આપે અભયવ્રત લીધું છે તેથી કોઈને દંડ ન આપી શકો પરંતુ બ્રહ્મજ્ઞાન આપવાનો તો અધિકાર છે. તો એમણે કહ્યું કે બ્રહ્મજ્ઞાન આપવાનો તો અધિકાર છે જ. 'તો શું કરવું?' તો કહ્યું કે ગુરૂપાદુકાથી જ બ્રહ્મજ્ઞાન મળે. લાકડાની મોટી મોટી ગુરૂપાદુકા બનાવી અને એમણે કહ્યું કે જે ખેડૂતે લગાન નથી ભરી, તો એને પચાસ બ્રહ્મજ્ઞાન આપી દો. જ્યારે બ્રહ્મજ્ઞાન મળવાનું શરૂ થયુ તો સમયસર લગાન આવવાની શરૂ થઈ. કોઈને પચાસ બ્રહ્મજ્ઞાન આપી દીધી, કોઈને પાંચ બ્રહ્મજ્ઞાન આપી દીધી. જેવી લગાન એવું બ્રહ્મજ્ઞાન આ અભયવ્રત નથી. અભયવ્રતનો મતલબ છે 'અભય સર્વભૂતેષુ' લગાન આપે કે ન આપે. આ ચક્કર અવ્યક્તોપાસનામાં નહીં ચાલે. વ્યક્તોપાસનામાં ચાલશે પરંતુ અવ્યક્તોપાસનામાં આવા બ્રહ્મજ્ઞાનનો ઉપદેશ નહીં ચાલે.

પહેલી શરત છે એટલા માટે ભગવાન્ કહી રહ્યા છે **''સંનિયમ્ય ઈન્દ્રિયગ્રામં સર્વત્ર સમબુદ્ધયઃ તે પ્રાપ્નુવન્તિ મામેવ સર્વભૂતહિતે રતાઃ''**

પહેલી શરત છે ઈન્દ્રિયગ્રામનું સંનિયમન. બીજી શરત છે સર્વત્ર સમબુધ્ધિ. ત્રીજી શરત છે પોતાના મનથી પણ કોઈનું અહિત ન કરો. સર્વભૂતનું પક્ષપાત વગર તમારાથી જે બને તે હિત કરો. તમે તો અહિત ન કરો. આ ત્રણ ગણત્રીપૂર્વકના પગલાં તમારા બરાબર રાખી શકાય, ત્યારે તો તમને વ્યકતમાં અવ્યકત દેખાવા લાગશે. પરંતુ જો આ પગલાંઓમાં, ક્યાંય તમે ડગમગી ગયા તો પછી તમે પાછા અવ્યકતમાં કોઈને કોઈ વ્યક્ત ઉભું કરી દેશો. અવ્યકતજ્ઞાનમાં ગુરૂપાદુકા વ્યકત થઈ જશે. અવ્યકતજ્ઞાનમાં ગુરૂપાદુકા વ્યકતનું ચક્કર ચાલ્યું તો તે અવ્યક્તોપાસના ખંડિત થઈ જશે. **‘‘યે તુ અક્ષરમ્ અનિર્દેશ્યમ્ અવ્યક્તં પર્યુપાસતે’’** એટલા માટે ભગવાન્ કહી રહ્યા છે **‘‘કલેશો અધિકતરઃ તેષામ્ અવ્યક્તાસકતચેતસામ્’’** એ પગલા ભરવામાં બહુ કલેશ છે. કેમકે તમારે આટલા પગલાં બરાબર ગણત્રીથી મૂકવા પડશે. એટલા માટે અધિકતર કલેશ છે. કલેશ તો વ્યક્તોપાસનામાં પણ અધિક કલેશ છે. પરંતુ અવ્યક્તોપાસનામાં અધિકતર કલેશ છે. આ અધિકતર ભગવાને લગાડયું છે. **‘‘કલેશો અધિકતરઃ તેષામ્ અવ્યક્તાસક્તચેતષામ્ અવ્યક્તા હિ ગતિઃ દુઃખં દેહવદ્ભિઃ અવાપ્યતે’’**. આ ઉપાસનાની સિદ્ધિ પછી ભગવાને એક નિર્ણય આપ્યો કે જે અવ્યક્તગતિ છે, તેના માટે તમારે તૈયારી કરવી પડશે.

એ તૈયારી ક્યા પ્રકારની? જે મેં કાલના પ્રવચનમાં તમને સમજાવી. ભક્તિમાં માણસને ફકત પોતાના મનને પરમાત્મામાં લગાડવું પડે છે. પરમાત્મામાં હોમવું પડે છે. પરંતુ અવ્યક્તોપાસનામાં પોતાની જાતને હોમવી પડશે. જો પોતાની જાતને હોમવાની તૈયારી નથી, તો અવ્યક્તોપાસનાની દિશામાં પગલું ન ભરશો. જો કોઈ રીતે પોતાની જાતને બચાવવાની લલક છે મનમાં, ઉપદેષ્ટાના રૂપમાં, કોઈ આશ્રમ ચલાવવાવાળાના રૂપમાં, આના રૂપમાં, તેના રૂપમાં, તો હજુ ઉતાવળ ન કરો અવ્યક્તોપાસનાની. ભગવાન્ કહે છે કે વ્યક્તોપાસના કરો. હજુ તે અધિકાર તમારો નથી આવ્યો. જ્યારે તે તૈયારી તમારી નિશ્ચિત થાય, પોતાની જાતને હોમવા માટે તૈયાર છો. એટલે કે **‘‘અવ્યક્તા હિ ગતિઃ દુખં દેહવદ્ભિઃ અવાપ્યતે’’** અવ્યકતની ગતિ દુઃખદાયક છે. ખૂબ સરસ રીતે ભગવાને એક શબ્દ રાખ્યો છે કોના માટે? જેને દેહાભિમાન છે, જે દેહધારી છે, તેના માટે તે ગતિ દુઃખદાયક છે. જો તમારી તૈયારી છે તો આ દેહમાં જે તમારૂં રૂપ વ્યકત થયું છે, તે વ્યકતરૂપને તમે હોમવા તૈયાર હો તો પછી કોઈ ચિંતા જેવું નથી. તો બધું કામ

ચાલશે. પરંતુ છેલ્લી પરિક્ષામાં જો તમે અવ્યક્તોપાસના કરતાં કરતાં, એ વાતથી ડરી ગયા કે હવે શું થશે? ત્યારે બસ વાત ખતમ થઈ ગઈ. આના માટે જ આપ કહે છે **"અવ્યક્તા હિ ગતિઃ દુઃખં દેહવદ્ભિઃ અવાપ્યતે યે તુ સર્વાણિ કર્માણિ મયિ સંન્યસ્ય મત્પરાઃ અનન્યેનૈવ યોગેન માં ધ્યાયન્ત ઉપાસતે તેષામ્ અહં સમુદ્ધર્તા મૃત્યુસંસારસાગરાત્ ભવામિ ન ચિરાત્ પાર્થ મયિ આવેશિતચેતસામ્."** આની સરખામણીમાં એક વાત સાવધાનીથી જુઓ **"તે પ્રાપ્નુવન્તિ મામેવ સર્વભૂતહિતે રતાઃ"** આ શ્લોકમાં ભગવાને **"તે પ્રાપ્નુવન્તિ મામેવ"** જે કહ્યું છે એ ખૂબ જ મહત્ત્વપૂર્ણ વાત છે. બે અતિવાદ મેં તમને બતાવ્યા. એક આ બાજુ અતિવાદ આ છે કે અવ્યક્ત પુરૂષાકાર નથી થઈ શકતો. બીજો અતિવાદ આ છે કે પુરૂષાકાર પરમાત્માનું સ્વરૂપ અવ્યક્ત ન થઈ શકે. એટલે કે અમુક લોકો પુરૂષાકારવાદી છે. તે લોકો એમ કહે છે કે અવ્યકત નામની કોઈ વસ્તુ જ નથી. તે અવ્યકતના મોટા મોટા વિચિત્ર અર્થ કાઢે છે. તેઓ કહે છે કે અવ્યકતનો મતલબ પ્રકૃતિ છે. અરે ભાઈ! પ્રકૃતિની વાત નથી અહીંયા. પ્રકૃતિની વાત હોય અવ્યકતના રૂપમાં તો ભગવાન્ ક્યારેય આમ ન કહેત કે **"તે પ્રાપ્નુવન્તિ મામેવ"** ભગવાન્ એમ કહી રહ્યા છે કે અવ્યકતોપાસક પણ મારા સુધી પહોંચશે. આ એ વાતનું પ્રમાણ છે.

ન તો ભગવાન્ આ વાતને સ્વીકારી રહ્યા છે કે અવ્યક્ત મારાથી જુદો છે. ન ભગવાન્ એ વાતને સ્વીકારી રહ્યા છે કે અવ્યકત નામની કોઈ વસ્તુ છે જ નહીં. માત્ર સાકાર, સાકાર જ હું છું. નિરાકાર છું જ નહીં. ભગવાને નિરાકારવાદી અને સાકારવાદી બંનેના ઝઘડાને અહિં ખતમ કરી દીધો છે આમ કહીને કે તે **પ્રાપ્નુવન્તિ મામેવ** જે અવ્યકતોપાસક છે, તે પણ મને પ્રાપ્ત કરશે. આનો સ્પષ્ટ મતલબ એ થયો મામ્ નો મતલબ અહીં જે કૃષ્ણ અર્જુનના રથઉપર સારથી બનીને બેઠેલો છે, તે આ વાતને કહી રહ્યો છે કે અવ્યકતોપાસક પણ અન્તમાં મળશે તો મને જ. જ્યારે આ વાત સારથી બનેલા કૃષ્ણ કહી રહ્યા છે, તો આ વાતને નિશ્ચયતર દઢતાથી સમજી લો કે નિરાકારમાં અને સાકારમાં કોઈ ભેદ નથી. કોઈ ભેદ હોય તો ફક્ત પાસાઓનો ભેદ છે. એક તરફના પાસાથી તે સાકાર છે, બીજી તરફના પાસાથી તે નિરાકાર છે. જેમ સૂર્ય અને સૂર્યના પ્રકાશનું મેં ઉદાહરણ આપ્યું. તેના માટે પ્રાપ્નુવન્તિ મામેવ પદ અતિ મહત્ત્વપૂર્ણ પદ છે આ વાતને સમજવા માટે. સાકાર અને નિરાકાર નો ઝઘડો, કેટલો ક્ષુદ્ર ઝઘડો છે. આપણે

પરમાત્માના એકાંગી સ્વરૂપને અન્ધહસ્તી ન્યાયથી જેમ એક આંધળો માણસ હાથીનો પગ પકડી લે અને તે કહે કે હાથી થાંભલા જેવો છે. બીજો આંધળો માણસ હાથીની પૂંછડી પકડી લે અને તે કહે કે હાથી દોરડા જેવો છે. ત્રીજો આંધળો માણસ હાથીની સૂંઢ પકડી લે અને તે કહે કે હાથી અજગર જેવો છે. હવે આ બધા ઝઘડવા લાગી જાય તો તેમાં કઇ વાત સાચી અને કઇ વાત ખોટી? જે અંગ હાથીનું એના હાથમાં આવ્યું છે, તેનું વર્ણન તે ખોટું નથી કરી રહ્યો. તે વર્ણન સાચું છે, પરંતુ જે કહી રહ્યો છે કે હાથી દોરડા જેવો છે, તે વાત પણ ખોટી નથી. કેમકે હાથીની પૂંછડી દોરડા જેવી છે હાથીની સમગ્રતામાં રહેલી **"દ્વે વાવ બ્રહ્મણો રૂપે મૂર્તં ચૈવ અમૂર્તં ચ મર્ત્યં ચ અમૃતં ચ"** (બૃહ.ઉપ.૨।૩।૧) બ્રહ્મના બંને રૂપ છે. એ મૂર્ત પણ છે તે અમૂર્ત પણ છે. તે ક્ષર પણ છે અને તે અક્ષર પણ છે, તે અન્તર્યામી પણ છે, તે પુરૂષોત્તમ પણ છે. તે પરમાત્મા પણ છે, તે ભગવાન્ પણ છે. તે વ્યક્ત પણ છે અને તે અવ્યક્ત પણ છે.

આ વાતના ઝઘડા ખૂબ જ અડધા-પડધા ઝઘડા છે, આ વાતને સમજો. ભગવાને આ ભક્તિયોગના પ્રસંગમાં, આ વાતનો કેટલો સ્પષ્ટતમ ખુલાસો આપી દીધો **"તે પ્રાપ્નુવન્તિ મામેવ સર્વભૂતહિતે રતાઃ ક્લેશો અધિકતરઃ તેષામ્ અવ્યક્તાસક્તચેતસામ્ અવ્યક્તા હિ ગતિઃ દુઃખં દેહવદ્ભિઃ અવાપ્યતે"** આજે અહીં રાખશું. કાલે આપણું ભક્તિનું પ્રકરણ ચાલશે. મહાપ્રભુજીનો ઉત્સવ છે. કાલે આપણે પ્રયાસ કરશું કે ભક્તિની બાબતમાં પ્રભુએ જે કાંઇ સમજાવ્યું છે, તે આપણે પણ સમજીએ.

## સાતમા દિવસનું પ્રવચન

### ૭૩. ભક્તિમાર્ગાબ્જ માર્તંડ શ્રીમદાચાર્યચરણ :

અત્યારે આપણે ગીતાજીના બારમાઅધ્યાય અંતર્ગત ભક્તિયોગનો વિચાર કરી રહ્યા હતા. શ્રીમદાચાર્યચરણને "ભક્તિમાર્ગાબ્જમાર્તંડ" કહેવામાં આવે છે. ભક્તિમાર્ગરૂપી કમળને ખિલાવનારા સૂર્ય જેવા આપણા શ્રીમહાપ્રભુજી છે. ક્યા અર્થમાં આપશ્રીએ ભક્તિમાર્ગના કમળને ખિલાવ્યું છે, તેને આપણે થોડું વિચારશું. કાલે જે લોકો હાજર હતા, જો કે સાંજના વરસાદના ઝાપટાને કારણે થોડીક ઠંડક થઇ ગઇ અને સાથે સાથે લાઇટ પણ ગુલ થઇ ગઇ, અંધારૂ થઇ ગયું,

તેથી અંધારામાં અવ્યક્તોપાસનામાં બધાને ઊંઘ આવવા લાગી ગઈ! પ્રસંગ પણ અવ્યકત આત્માનો હતો, એટલે તે અવ્યક્તના સાક્ષાત્કાર જેવાં ઊંઘના ઝોલા પણ આવી ગયા! હવે જેવો જેનો અધિકાર હતો તેને એટલી અવ્યક્તોપાસનાની ઉપલબ્ધિ તો સિદ્ધ થઈ જ હશે! આજે, પરંતુ વ્યક્તોપાસના અને ભક્તિ નું રૂપ સમજશું. કેમકે ભગવાન્‌ની કૃપાથી અત્યારે લાઈટ્ ચાલુ છે. જતી રહેશે તો પાછી અવ્યક્તોપાસના કરશું!

## ૭૪. ભક્તિ દુર્લભ પણ અને સુલભ પણ :

શ્રીમહાપ્રભુજીના મત મુજબ જેમકે આટલા દિવસથી તમે સાંભળી રહ્યા છો, ભક્તિનું સ્વરૂપ અતિ વિલક્ષણ છે. ભક્તિ કર્મ નથી, કેમકે કર્મ વિના પણ સ્નેહ થઈ શકે છે. ભક્તિ ક્રિયાવિહીનતા નથી, કેમકે ખરેખર જો ભક્તિ હોય તો કાંઈક ને કાંઈક તો ક્રિયાસ્પન્દન તો ભક્તની અંદર થશે જ. કેમકે ભક્તિ સ્વયં પણ તો હૃદયનું એક વિલક્ષણ સ્પન્દન છે. તેથી જ્યારે હૃદય સ્પન્દિત થાય, ત્યારે કર્મેન્દ્રિય, જ્ઞાનેન્દ્રિય દેહ વિગેરે બધામાં કાંઈકને કાંઈક સ્પન્દન તો થશે જ. આપણા ઘરે કોઈ પ્રિય આવી જાય તો આપણે સહજ જ ઉઠીને ઉભા થઈ જઈએ, શરીરમાં સ્પન્દન કેમ-કેવી રીતે આવી ગયા? હૃદય આપણને પ્રેરણા આપે. ભક્તિ કેવળ કર્મ નથી. એટલે કે જ્યારે સ્નેહના કારણે સ્પન્દન નથી આવી રહ્યા આપણા હૃદયમાં કે આપણા વ્યવહારમાં, જેમ મેં કાલે તમને બતાવ્યું તેમ ગણી ગણીને આપણે પગલાં ભરીએ. આ કરવામાં આવતા કર્મના પગલાં છે એને ઉપાડો તો ઉપડે ! પરંતુ જે આપમેળે ઉપડી જતાં હોય તે ભક્તિના પગલાં છે. શા માટે ઉપડે કેવી રીતે ઉપડે ખબર જ ન પડે, કોઈ પ્રયોજન નહીં, કોઈ હેતુ નહીં. **''અનિમિત્તા ભાગવતી ભક્તિઃ સિદ્ધેઃ ગરીયસી''** (ભાગ.પુરા.૩।૨૫।૩૩). આ પ્રકારનું ભક્તિનું સ્વરૂપ બતાવ્યું તે મુશ્કેલ તો નથી પરંતુ બધાને સરળતાથી પણ ક્યાં મળે? માણસને સિદ્ધિ મળી શકે છે. ભક્તિ પ્રાપ્ત થવી અતિ મુશ્કેલ છે, અતિ દુર્લભ છે. આમ તો મળી જાય તો સરળ પણ ઘણી છે, ભક્તિ અતિ સુખદ છે. જેને સુલભ છે તેને અતિ સુલભ છે. જેને સુલભ નથી તેને આ ભક્તિ અતિ દુર્લભ છે. **''અનિમિત્તા ભાગવતી ભક્તિઃ સિદ્ધેઃ ગરીયસી''**. ભાગવત આપણને આ સમજાવે છે કે સિદ્ધિ મળી શકે છે પરંતુ ભક્તિ મળવી મુશ્કેલ છે. કર્મ માણસ સારી રીતે કરી શકે, જે કર્મ કહો તે કરી શકે, જેમ મેં તમને કાલે સમજાવ્યું કે માણસમાં, શાસ્ત્રીજીએ જાણી લીધું કે ભક્તની વાણી ગળગળી હોવી

જોઈએ, ભક્તિમાં રોવું આવવું જોઈએ, આ પ્રકારના બધા કામ કર્મ આપણે ભક્તિના નામે કરી રહ્યા છીએ. પરંતુ જે વખતે કર્મ કરી રહ્યા હોઈએ, ગણી-ગણીને પગલાં ભરી રહ્યા હોઈએ, ભરાયેલા પગલાં ભક્તિના પગલાં નથી. એ તો ઉપાસનાના પગલાં છે. તે વખતે ભક્તિ પણ કાંઈક ઉપાસનાનું રૂપ લઈ લે છે. જે વખતે આપમેળે હૃદયમાં કાંઈક સ્પન્દન થઈ જાય. નાચવાની ઈચ્છા થઈ જાય, ગાવાની ઈચ્છા થઈ જાય, આંસુ આવી જાય. રોવું પડે એ ભક્તિ નથી, રોવું આવી જાય એ ભક્તિ છે. એટલે કે માણસનું નિર્લજ્જ થઈ જવું એ ભક્તિ નથી પરંતુ લજ્જા છૂટી જવી ભક્તિ છે. **''વિલજ્જ ઉદ્ગાયતિ નૃત્યતે ચ મદ્ભક્તિયુક્તો ભુવનં પુનાતિ''** (ભાગ.પુરા.૧૧।૧૪।૨૪). આ ન્યાયથી જે વ્યક્તિ નિર્લજ્જ છે તેને આપણે ભક્ત નહીં કહીએ પરંતુ જેને પ્રેમના આવેગમાં લજ્જા છૂટી ગઈ, તે 'ભક્ત' કહેવાશે. સાધારણ માણસ નાચી નહીં શકે.

જેમ આપણે ત્યાં મીરાબાઈની વાત કહેવાઈ છે. આજે પણ રાજસ્થાનમાં પડદાનું કેટલું જોર છે તો તે જમાનામાં રાજઘરાનાના પડદાને (મર્યાદાને) તોડીને બહાર નિકળી જવું કેટલી મુસીબતનું કામ હશે! શું એણે ગણી-ગણીને પગલાં ઉપાડ્યા હશે? ગણીને ઉપાડેલા હોત તો ઉપાડી શકાતા જ નહોતા. કોણ જાણે કેવા પ્રકારની ક્ષણ આવી હશે ભક્તિની, કોણ જાણે ક્યો પ્રવાહ આવ્યો હશે ભક્તિનો કે જેમાં લજ્જા વહી ગઈ, જેમાં પરદા તૂટી/છૂટી ગયા, જેમાં બન્ધન તૂટી ગયા અને મીરાબાઈ મહેલમાંથી બહાર નીકળી ગયા. **''વિલજ્જ ઉદ્ગાયતિ નૃત્યતે ચ મદ્ભક્તિયુક્તો ભુવનં પુનાતિ''** આ પ્રકારના ઉપડી ગયેલા પગલાં ભક્તિના પગલાં છે. ઉપાડવામાં આવેલા પગલાં ભક્તિનાં પગલાં નથી. જે લજ્જા છૂટી જાય તે ભક્તિનું સ્વરૂપ છે. જે નિર્લજ્જ બની રહ્યો છે એ ભક્તિનું સ્વરૂપ નથી. તેથી ભક્તિનું સ્વરૂપ ન તો કર્મ છે, ન કર્મ વિહિનતા છે.

કર્મ તો માણસ કરી શકે છે અને કર્મ વિહિન પણ માણસ બની શકે છે, બેસી રહે નકામો, નકામું બેસી રહેવું ભક્તિ નથી. ભક્તિ ખરખર તો પ્રભુના પ્રત્યે સ્નેહ છે. જેમાં માણસ નકામો બેસી નહીં શકે, કર્મ કરશે જ. જ્યારે કાંઈક કર્મ કરશે તો ભક્તિની સ્થિતિને આપણે સમજવી હોય તો કેવી રીતે સમજશું? કર્મ અને નૈષ્કર્મ્ય આ બંનેની વચ્ચેનો ભાવ ભક્તિ હોઈ શકે.

ભક્તિનો ભાવ ન તો જ્ઞાન છે અને ન તો અજ્ઞાન છે. સંસ્કૃતમાં બહુ

મજેદાર વાત છે. જ્ઞાની વિદ્વાન્ અને સંસ્કૃતમાં આનો એક પર્યાય છે 'દોષજ્ઞ'. જે જ્ઞાની વિદ્વાન હોય તે 'દોષજ્ઞ' હોય. તેને પહેલાં દોષ જોવામાં આવે. આ ભૂલ થઈ ગઈ તે ખોટું થઈ ગયું. ઉઠવામાં આ ભૂલ થઈ ગઈ, બેસવામાં આ ભૂલ થઈ ગઈ, ખાવામાં તે ભૂલ થઈ ગઈ. કેમકે જ્ઞાની છે. એટલા માટે જ્ઞાનીનો પર્યાયિવાચી પદ 'દોષજ્ઞ' માનવામાં આવેલ છે. ભક્ત દોષજ્ઞ નથી હોતો, ભક્ત ગુણજ્ઞ હોય છે. જ્યારે આપણને ગુણ દેખાવા લાગી જાય ત્યારે ભક્તિ આવી સમજો. જ્યારે દોષ દેખાવા લાગી જાય તો પંડિત થઈ ગયા, જ્ઞાની થઈ ગયા. જ્યારે ગુણ અને ગુણ જ દેખાવા લાગી જાય, પરમાત્માના ગુણ દેખાવા લાગે, પરમાત્માની લીલામાં ગુણ દેખાવા લાગે, પરમાત્માની લીલાના અન્તર્ગત જ્યારે પ્રાણીમાત્રમાં ગુણ અને ગુણ જ દેખાવા લાગે ત્યારે સમજો કે ભક્તિનું કમળ સંપૂર્ણ રીતથી ખિલી ગયું. જેવી રીતે સૂર્ય ઉદય થવાની સાથે જ કમલ પૂર્ણ વિકસિત થઈ જાય, આવા જ પ્રકારનું કમળ ફૂલ્યું જ્યારે આપણામાં ગુણદષ્ટિ આવી ગઈ. જ્યાં સુધી આપણામાં દોષદષ્ટિ કાયમ છે, ત્યાં સુધી જ્ઞાની હોઈ શકીએ છીએ.

જ્ઞાની અને ભક્ત નું આ અન્તર હોઈ શકે કે જ્ઞાની દોષજ્ઞ હોય છે, એટલી હદ સુધી દોષજ્ઞ હોય છે કે જે સૃષ્ટિ પરમાત્માએ પોતાના આનંદની અભિવ્યક્તિ માટે કરી, જ્ઞાનીને જ્ઞાનના બળના કારણે તેમાં ક્ષણભંગુરતા દેખાવા લાગે, નશ્વરતા દેખાવા લાગે, વ્યામોહતા કે માયિકતા દેખાવા લાગે. જ્ઞાની આટલા માટે જ વિરક્ત થઈ જાય. ભક્ત વિરક્ત નથી થઈ શકતો. ભક્તને અનુરક્ત થવું પડે છે. એક અજ્ઞાનીની અનુરક્તિ અને બીજી ભક્તની અનુરક્તિ છે.

ભક્તની અનુરક્તિ વિષયોમાં નથી. તે વિષયની પાછળ રહેલા છૂપાયેલા પરમાત્મામાં છે. આપણી આંખો પુષ્પના રંગ, પુષ્પની આકૃતિ, વગેરેને જોવામાં બંધાયેલી છે. આ પુષ્પોની આકૃતિ અને રંગોની પાછળ છૂપાયેલો પરમાત્મા પણ ભક્તને પ્રકટતર દેખાવા લાગી શકે છે, પરંતુ શરત શું છે? પુષ્પના ગુણ દેખાવા લાગે. જ્ઞાની બની ગયો તો તેને દેખાવા લાગશે કે પુષ્પ ખીલે છે અને પાછું મૂરઝાય જાય છે. પરમાત્મા તો ક્યારેય મૂરઝાય જનાર તત્ત્વ નથી. પુષ્પ ખીલે પણ છે, પુષ્પ મૂરઝાય પણ છે. પરમાત્મા ક્યારેય મૂરઝાતો નથી. વાત તદ્દન સાચી છે. જો દોષ દેખાઈ જાય તો જ્ઞાન પ્રગટ થઈ જાય. જો તેમાં પરમાત્મા દેખાવા લાગી જાય તો ભક્તિ દેખાવા લાગી જાય. પરમાત્માની સમાનતામાં, નિત્યતામાં જ્યારે પુષ્પની નશ્વરતા દેખાઈ રહી છે, તો સમજો કે જ્ઞાની છે. પરંતુ

જ્યારે પુષ્પની નશ્વરતામાં પરમાત્માની નિત્યતા દેખાઇ રહી છે તો સમજી લો કે ભક્તિ છે. બહુ સૂક્ષ્મ અન્તર છે. ભલે વાત એક જ છે પરંતુ નજરનું ધ્યાન ક્યાં ચોંટી ગયું?

જેમ સાચી હોય કે ખોટી પરંતુ સાંભળેલી વાત છે. મહાભારતમાં જે વખતે દ્રોણાચાર્ય અર્જુન યુધિષ્ઠિર દુર્યોધન વગેરેને તીર ચલાવતા શીખવાડી રહ્યા હતા, ત્યારે એક દિવસ એમણે બધાની પરીક્ષા લેવાનું વિચાર્યું. બધાને બોલાવ્યા. ભીમને બોલાવીને પૂછયું ‘‘વૃક્ષ ઉપર કાંઇ દેખાય રહ્યું છે?’’ એણે કહ્યું ‘‘બધું જ દેખાઇ રહ્યું છે. કહો તો હમણાં વૃક્ષને ઉખાડીને ફેંકી દઉં? જે હશે તે સામે આવશે’’ ત્યારે એમણે કહ્યું ‘‘આ પહેલવાનીની વાત નથી. આ તીર મારવાની વાત છે.’’ માણસ પહેલવાન છે તે કહે શું જરૂર છે આમ જોવાની? હમણાં વૃક્ષ ઉખેડીને સામે રાખી દઉં. ડાળ-ડાળ અલગ કરીને રાખી દઉં. જોવાની શું જરૂર છે? તો એમણે કહ્યું ‘‘હમણાં બેસ. હમણાં તીર ન મારતો’’ અત્યારે વૃક્ષ તોડવાની તૈયારી છે તેથી તીર સારી રીતે નહીં ચાલી શકે’’ એ કથામાં પછી આવે છે કે છેલ્લે અર્જુન આવે છે. અર્જુનને બોલાવીને પૂછયું ‘‘તને કાંઇ દેખાય છે?’’ તેણે કહ્યું ‘‘એક પોપટની આંખ દેખાય રહી છે’’ તો એમણે કહ્યું ‘‘આંખ દેખાતી હોય તો હવે આંખ ઉપર તીર ચલાવ.’’ આટલી એકાગ્રતા જ્યારે હોય ત્યારે ભક્તિ છે. જ્યારે સર્વગ્રાહિતા છે ત્યારે જ્ઞાન છે. હવે આટલી એકગ્રાહિતા છે તો સ્નેહનું તીર બરાબર લાગી જશે. એવું તીર લાગશે, જો કે આપણે ત્યાં નથી કહેવાતું, પરંતુ સાહિત્યની ભાષામાં કહેવું હોય તો કહી શકો ‘‘આવું ભક્તિનું તીર જો માર્યું તો તેનાથી પરમાત્મા પણ ઘાયલ તો થશે.’’ પરમાત્મા પણ કહેશે કે શું તીર માર્યું ! આવી એકગ્રાહિતાથી ભક્તિનું તીર માર્યું. હવે ભીમની જેમ આખું વૃક્ષ ઉખેડીને સામે રાખી દો કે લે મહારાજ! જે હશે તે આવશે સામે. આ કર્મ બહું મોટું કર્મ છે, બહુ સારૂં કર્મ છે તો શું જરૂર છે તીર ચલાવવાની? વૃક્ષ ઉખાડીને બધી વસ્તુ સામે આવી ગઇ. તોડી-ફોડીને બધી વસ્તુ સામે આવી ગઇ તેથી કર્મ તો બહુ મોટું છે. છેવટે તીર જે ચલાવવાનું હતું તે પોપટને જોઇને ચલાવવાનું હતું. તોડી નાખો તો બધું સામે આવી ગયું અને પોપટ પણ પડશે. પરંતુ તે કર્મ છે ભક્તિ નથી. ભક્તિ ન તો જ્ઞાન છે ન અજ્ઞાન છે. ભક્તિ જ્ઞાન અજ્ઞાનથી હટીને, આ બંનેની વચમાં ચાલનારી એક સ્વતન્ત્ર વૃત્તિ છે, જેની સરખામણી ન તો જ્ઞાનમાં આપણે પૂરતી રીતે તોળી શકીએ છીએ, ન જેને અજ્ઞાન કહીને તોળી શકીએ છીએ. ભક્તિ આ બંનેથી અલગ એક સ્વતન્ત્ર વૃત્તિ છે.

ભક્તિ ન તો અહંકાર છે અને ન દૈન્ય છે. કેમકે માણસ દીન હોઈ શકે છે. મેં તે દિવસે તમને ખૂબ જ સુન્દર શ્લોક કહ્યો હતો કે તમે ક્યા પ્રકારથી દીન? તો કહ્યું કે અમે ગધેડાના પગમાં લાગેલી ધૂળ બરાબર દીન. તેણે કહ્યું અમે તેના બરાબર ઘાસ ખાતા... વિગેરે ખૂબ લાંબુ લચક વર્ણન એમણે સંભળાવ્યું. એ ગંદુ પાણી, તે પાણીમાં જે ઘાંસ ઉગ્યુ, તે ઘાંસને જે ગધેડાએ ખાધું, એ ગધેડાના પગમાં જે લાગેલી ધૂળ, એ ધૂળમાં આળોટાયેલી કીડી, એ કીડીના પગમાં લાગેલી જે ધૂળના કણ એના જે દાસ તેના અમે દાસ છીએ. દીનતા આટલી હોઈ શકે છે પરંતુ એ દીનતા ભક્તિ ન હોઈ શકે. આ દીનતા ભક્તિ નથી. ભક્તિ ન તો અહંકાર છે, ન ભક્તિ દીનતા છે. ભક્તિ બંનેની વચમાં ચાલનારી એક વૃત્તિ છે. જેમાં આપણે પરમાત્માની સામે દીન પણ થઈએ તો એટલા દીન નહીં, એટલા અસ્વાભાવિક દીન નહીં, દીન પણ દીનતા પણ એક સ્નેહનું દૈન્ય છે. આ પ્રકારથી આપણને નીચે પાડનારું દૈન્ય નથી. આપણી જાતને ઉંચે ઉઠાવનારું દૈન્ય છે. એટલા માટે શ્રીમહાપ્રભુજી ખૂબ સુંદર કહે છે કે તમારા દૈન્યથી ભગવાન્ તમારે આધીન થાય છે. તેથી ભક્તિનું દૈન્ય એક એવું દૈન્ય છે કે જે દૈન્યના કારણે ભગવાન્ આધીન થઈ જાય. તે પ્રકારનું સ્નેહમય દૈન્ય છે. જેમ એક પ્રિયતમનું પ્રિયતમા પ્રત્યે જે દૈન્ય છે. કે પછી એક પ્રિય શિષ્યનું પોતાના ગુરૂના પ્રત્યે જે દૈન્ય છે, એમાં કોઈ નીચે પડવાની વાત નથી. એ ઉંચા ઉઠવાની વાત છે. એવું દૈન્ય છે જેમાં અહંકાર જરાપણ નથી.

કેમકે અહંકાર માણસમાં ખૂબ વિચિત્રરૂપમાં પ્રકટ થઈ શકે છે. ભક્તિ અહંકાર નથી. ભક્તિ અહંકાર અને દૈન્યથી બચીને ચાલનારી કોઈ વૃત્તિ છે. અહંકાર પણ છે તો સ્નેહનો અહંકાર છે. જેમ તેના અહંકારમાં આપણો અહંકાર જોડાયેલો અહંકાર છે. જેવી રીતે આપણા ઘરમાં પરણીને કોઈ નવી વહુ આવે, તો તેનો અહંકાર આપણા પરિવારના અહંકારમાં જોડાઈ જાય કે આ મારૂ ઘર છે. તેવી રીતે પરમાત્માના અહંકારમાં આપણો અહંકાર જ્યારે હિસ્સો બની જાય, ત્યારે ભક્તિ છે. પરમાત્માના અહંકાર સામે આપણો અહંકાર ટકરાતો હોય તો ભક્તિ નથી. આ વાતને સમજવી જોઈએ. તો દૈન્ય લો કે અહંકાર લો. ભક્તિ આ બંનેની વચમાં ચાલનારી કોઈ વૃત્તિ છે. ન તો ફક્ત દૈન્ય છે ન તો માત્ર અહંકાર છે.

ભક્તિ ન તો માત્ર ત્યાગ છે અને ન ફક્ત ભોગ છે. ભક્તિ ત્યાગ અને ભોગ ની વચ્ચે ચાલનારી કોઈ અલગ વૃત્તિ છે. માણસ ત્યાગ કરી દે, શા માટે

ત્યાગ કરે? કેમકે માણસને વસ્તુમાં દોષ દેખાઈ જાય. જો દોષ જોવામાં આવતો ન હોય કોઈને, તો માણસને ત્યાગવાની જરૂર પડે? બસ દોષ દેખાઈ જાય છે આપણને વસ્તુમાં તે વખતે તે વસ્તુને ત્યાગે છે. પરંતુ ભક્તિ ત્યાગની વાત નથી. ભક્તિ ભોગની વાત પણ ન કરે. કેમકે ભક્તિને એક કમળની માફક બતાવી છે. ભક્તિમાર્ગાબ્જ બતાવ્યું છે. કમળ શું છે? કમળ જે કાદવમાં ઉગે છે. એ જ કાદવની ન તો ગંધ, ન તો તેની મલીનતા, તે ભલે એ કાદવમાં ઉગે છે પરંતુ ઉગે છે કેટલું સ્વચ્છ, કેટલું સુગંધિત, કેટલું નિર્મલ, કેટલું સુંદર ઉગે છે. તેવી જ રીતે ભક્તિ ભોગમાં ઉગે છે. પરમાત્મા તરફ જે સૂર્યની જેમ તેમના પ્રત્યે ઉન્મુખ થતી એક વૃત્તિ છે મનની, તેમાં સ્વચ્છતા છે. એ ભોગની વૃત્તિમાં પણ, ભોગનું એક કાદવપણું (પંકરૂપતા)છે તે ભક્તિમાં પંકરૂપતા નથી. તે ભોગમાંથી જ **''યા પ્રીતિઃ અવિવેકીનાં વિષયેષુ અનપાયિની ત્વામ્ અનુસ્મરતઃ સા મે હૃદયાદ્ મા અપસર્યતુ''** (વિષ્ણુપુરા. ૧।૨૦।૧૯). આ ન્યાયથી વિષયાનંદ વિષયાસક્તિના પંકમાંથી ઉગેલું એક કમળ છે ભક્તિ. જે વિષયાસક્તિની દુર્ગંધ રહિત છે. જે વિષયાસક્તિની મલીનતા રહિત છે. અતિ નિર્મલતા, અતિ સ્વચ્છતા સહિત છે. ભક્તિ ન તો ત્યાગ છે ન ભોગ છે. ભક્તિ આ બંનેની વચમાં ચાલી રહેતી કોઈ વૃત્તિ છે.

જો શ્રીમહાપ્રભુજીના શબ્દોમાં કહીએ તો ભક્તિ સમર્પણ અને વિનિયોગ નો ભાવ છે. સમર્પણ અને દાન ના ભાવમાં થોડુંક અન્તર છે. આપણે દાન કરીએ. 'દાન'નો મતલબ શું? જેને અંગ્રેજીમાં ટ્રાન્સફર્ ઓફ્ ઓનરશિપ્ કહે છે. **''સ્વ-સ્વત્વનિવૃત્તિ-પૂર્વક-પરસ્વત્વાપાદાનમ્''** નિષ્કર્ષમાં વાત એટલી છે કે દાન જે વખતે આપણે આપીએ તે વખતે આપણને કોઈક અહંકાર છે અને તે અહંકાર કર્યો છે કે કાંઈક મારું છે અને તે હું તને આપી રહ્યો છું. માણસ દાન ત્યારે જ આપી શકે કે જ્યારે કોઈ વસ્તુને પોતાની માને. હું પાર્લામેન્ટ્ તો દાનમાં ન આપી શકું! હું અહીં બેસીને રાષ્ટ્રપતિભવનનું કોઈને દાન તો ન કરી શકું ! કેમકે જ્યાં સુધી હું તેને મારી માલિકીનું ન માનું, ત્યાં સુધી તેનું દાન હું ન આપી શકું. દાન આપવા માટે અહંતા જોઈએ. હવે એ વાત જુદી છે કે કોઈને મિથ્યા અહંતા જાગી જાય.

## ૭૫. મિથ્યા અહંતા :

અમારે ત્યાં મુંબઈમાં એક રામદાસભાઈ હતા. એમને મિથ્યા અહંતા થઈ

ગઈ કે તેઓ વૈજયન્તીમાલાના પતિ છે. સીત્તેર વરસનો ડોસો. હાથમાં બધે ખરજવું અને બહુ વિકૃત રૂપ હતું. એમને અહંતા જાગી ગઈ કે તેઓ વૈજયન્તીમાલાના પતિ. જ્યારે પણ મને મળતાં ત્યારે મને કહેતા ''કેમ શ્યામબાવા! પિક્ચરમાં અમારૂં નામ જોયું કે નહીં? વૈજયન્તીમાલા રામદાસ કાપડીયા''. મેં કહ્યું ''પિક્ચર્ જોવા તો હું જતો નથી.'' તો કહે ''તમે મંદિરની ચાર દીવાલમાં પડયા રહો છો. તમને શું ખબર હોય કે દુનિયામાં શું થઈ રહ્યું છે?'' મેં કહ્યું ''તમારી વાત સાચી છે. મંદિરની ચાર દિવાલમાં રહેવાવાળાને શું ખબર પડી શકે કે તમે વૈજયન્તીમાલાના સાક્ષાત્ પતિ છો!'' એક દિવસ અમને બસમાં મળી ગયા. અમને કહેવા લાગ્યા ''અરે! શું કહું? બાલીએ મારા ઉપર કેસ કરી દીધો છે કે તમે મારી પત્નીને ભડકાવી રહ્યા છો'' હવે બસમા બધા મારી સામે જુએ, પછી તેઓની સામે જુએ. હવે પરિસ્થિતિ એવી થઈ ગઈ કે મારે સ્ટોપ્ વગર જ ઉતરી જવું પડયું. માણસમાં આવી મિથ્યા અહંતા જાગી જાય અને ક્યારેક કહી દે કે પૂર્ણબ્રહ્મ હું જ છું. જેમ ''અહં બ્રહ્માસ્મિ'' નો ખોટો અર્થ માણસને સમજાઈ જાય કે લો હવે હું જ બ્રહ્મ. તેમ અમથે-અમથી એમને મિથ્યા અહંતા જાગી ગઈ કે ''વૈજયંતીમાલાનો પતિ હું છું'' બિચારી વૈજયન્તીમાલાને ખબર હોય કે ન હોય, ખબર ન પડે કે આ શું ચક્કર છે? આવી ખોટી અહંતા પેદા થઈ જાય તો વાત જુદી છે, નહીંતર ખોટી અહંતા ન પેદા થાય, દાન ત્યારે જ દઈ શકાય કે જ્યારે આપણી અહંતા તેના ઉપર હોય કે આ મારૂં છે.

જ્યાં સુધી હું મારું ન માનું ત્યાં સુધી દાન ન દઈ શકું. દાનનો વિરોધી ભાવ છે ખુદને ભોગ કરવો. ભોગ કરવામાં મમતા જોઈએ. સારી રીતે ભોગ આપણે ત્યારે કરી શકીએ કે જ્યારે આપણને તેના ઉપર મમતા હોય. નહીંતર ચોરની જેમ ચોરી કરીને તેને ભોગવી લો એ જુદી વાત છે, એ ભોગ સાચો નથી, તેમાં ઉત્તેજના રહે પરંતુ સાચી મમતા ન જાગે. જ્યાં સુધી મમતા નથી ત્યાં સુધી સ્વસ્થભોગ નહીં થઈ શકે.

## ૭૯. ભક્તિનો ભાવ સમર્પણનો ભાવ :

ભક્તિ ન તો ભોગ છે ન તો દાન છે. ભક્તિ સમર્પણનો ભાવ છે. સમર્પણના ભાવનો મતલબ શું? માત્ર મારું હોય તો હું તને આપું. માત્ર મારું છે જ નહીં તો તને દેવાનું શું? ન દઉં તો એનો મતલબ એ નહીં કે હું જ એને પૂરું ભોગવતો રહું. સમર્પણનો મતલબ છે કે જે મારું છે તે તારું છે, જે તારું છે તે

મારું છે. તારા અને મારામાં કોઈ પ્રકારનો ભેદ નથી. આ પ્રકારનો ભાવ સમર્પણનો ભાવ છે. જે કાંઈ મારી પાસે સુંદર છે, જે કાંઈ મારી પાસે શ્રેષ્ઠ છે, તે બધું તારું છે. જે તારું આપેલું છે એટલા માટે મારી પાસે છે. મારું છે તે એટલા માટે નહીં કે તેના ઉપર મારો કોઈ અધિકાર છે. એટલે કે ભક્ત ત્યાં સુધી કહે કે મારી અહંતા, મારી મમતા, મારું જ્ઞાન, મારી બુદ્ધિ, મારું બળ, મારું ઐશ્વર્ય, મારી ઈન્દ્રિય, મારો દેહ આ બધું મારું ક્યાં છે? જો મારું હોત તો કોણ મારાથી છોડાવી શકે? કોઈ છોડાવી નહોતું શક્તું. મારું નથી એ જ આ વાતનું પ્રમાણ છે કે ઘડી ભરમાં છૂટી જાય.

અમારા ડોકટરે એક વખત અમને કહ્યું ‘‘મહારાજ તમારું શરીર વધી રહ્યું છે. થોડોક ખોરાક ઓછો કરો.’’ હું બોલ્યો ‘‘ડોકટર્ સાહેબ, ચાર રોટલી ખાઉં છું’’ તો બોલ્યા ‘‘બે રોટલી ખાવ’ હું બોલ્યો ‘‘બે રોટલીમાં પેટ ભરાતું નથી’’ તો બોલ્યા ‘‘હું એક રોટલી ખાઉં છું. તમારી જીવનશૈલી ખરાબ છે. આખો દિવસ બેઠા રહેવાની’’ હવે એ જ વરસે ડોકટર્સાહેબને હાર્ટએટ્ેક આવી ગયો. અમને કહેતા હતા કે તેઓ એક જ રોટલી ખાય છે. મેં વિચાર્યું કે એક રોટલી ખાવા છતાં પણ હાર્ટએટ્ેક આવ્યો તો ચાર રોટલી ખાવામાં શું વાંધો છે? માણસ વિચાર ન કરે. માણસને ચક્કર લાગે. મારો કહેવાનો શું મતલબ? સમર્પણનો ભાવ બંનેની વચમાંથી જઈ રહ્યો છે. આપણે પ્રભુને આપતા નથી. કેમકે આપવા જેવું આપણી પાસે છે શું? આપણું છે શું જે આપણે પ્રભુને દઈ શકીએ? સમર્પણનો મતલબ ત્યાગ નથી. આપણે છોડી નથી દેતા. કેમકે પ્રભુ દ્વારા આપેલું આપણી પાસે છે. પ્રભુએ જે કાંઈ આપણને આપ્યું, તેને ફેંકી દેવાથી શું ફાયદો? ભક્ત પોતાની દરેક વસ્તુ સાચવીને રાખે છે પરંતુ સ્વાર્થ માટે નહીં. પ્રભુની સાથે તેના ઉપભોગ માટે રાખે છે. ગાર્હસ્થ્ય પ્રભુને માટે છે, ભક્તનું જ્ઞાન પ્રભુને માટે છે. ભક્તનું કર્મ પ્રભુને માટે છે. ભક્તની દરેક વસ્તુ પ્રભુને માટે છે.

જ્યારે આ ભાવ આપણામાં જાગ્યો ત્યારે ભક્તિમાં ભલે દાન કરવું હોય કે ત્યાગ કે વિરાગ કરવો હોય. માનો કે પિતા આપણને કોઈ વસ્તુ આપે, તેમાં આપણે કહીએ કે વિરાગ છે, આમાં પિતાનો આદર થયો કે અનાદર? જે કાંઈ મળેલું છે તે પરમાત્માએ આપેલું છે, આપણે તેને છોડી દેનારા કોણ? આપણે તોડનારા કોણ? આપણને જે આપ્યું છે, આપણે તેનો દુરૂપયોગ ન કરીએ, સદુપયોગ કરીએ. જે આપણને આપ્યું તેનો દુરૂપયોગ કરીએ તો તે ખરાબ વાત

છે. તેનો અનુપયોગ કરું તો મારી મૂર્ખતા છે. કારણ કે આપ્યું છે તો તેનો અનુપયોગ શા માટે કરવો જોઈએ? ભક્તિનો ભાવ સદુપયોગનો છે. બંનેની વચમાં ચાલનારો એક ભાવ છે. ભક્તિનો ભાવ જે કાંઈ મળ્યું છે તેને ફેંકી દેવાનો નથી. જે મળ્યું છે તેના ઉપર સાપની જેમ ફેણ ચડાવીને બેસી જવાનો નથી. ભક્તિનો ભાવ, સમર્પણનો ભાવ છે. જો સમર્પણનો ભાવ આપણે નિભાવ્યો તો ભક્તિ નભી. આપણે એવો વહેમ પાળી દીધો કે અમે દાન કરશું. આપણે એવા વહેમ પાળી લીધા કે અમે ત્યાગ કરશું. આપણે એવા વહેમ પાળી લીધા કે અમે ભોગ કરશું, તો ચોક્કસ સમજો કે ન તમે ત્યાગ કરી શકશો, ન તમે ભોગ કરી શકશો. તમારી ગતિ અધકચરી છે. અને અધકચરી રહેશે. એનાથી આગળ જઈ નહીં શકો. જ્યારે અધકચરી સ્થિતિ છે તો ભક્તિ આપણને આ સમજાવે છે કે તે અધકચરી સ્થિતિ તો સારી રીતે સમજીને તેનો સદુપયોગ કરો.

પ્રભુના સંદર્ભ વગર વસ્તુના સદુપયોગનું રહસ્ય, તેનું સાચું સ્વરૂપ સમજી નહીં શકો. એટલા માટે ભક્તિનું સાચું સ્વરૂપ ન તો અનુપયોગ છે, ન દુરૂપયોગ છે. આપણને જે પ્રાપ્ત થયું છે, તેના સદુપયોગમાં ભક્તિ રહેલી છે. સદુપયોગરૂપ ભગવત્સમર્પણમાં ભક્તિ રહેલી છે. આ ભક્તિનો સિદ્ધાંત જીવનમાં એક સમતુલા લાવનારી વાત છે. જેમ કહે છે કે ''વધારે પડતું બોલવું સારૂં નહીં વધારે પડતું મૂંગુ રહેવું સારું નહીં.'' આ ન તો અતિ મૂંગા થઈ જવાનું છે ભગવાન્‌ની સામે કે જ્યારે ભગવાન્ આવે ત્યારે પણ આપણે મૂંગા રહીએ અને ન તો અતિશય બોલવાનું છે. ભગવાન્‌ને આપણે બેસીને ગીતા જ સંભળાવવા માંડીએ.

## ૭૭. ભક્તિ એક અકૃત્રિમભાવ :

એક ભાઈ મંદિરમાં ભગવાન્‌ને ગીતાજી સંભળાવી રહ્યા હતા **''બહૂનિ મે વ્યતિતાનિ જન્માનિ તવ ચ અર્જુન! તાનિ અહં વેદ સર્વાણિ ન ત્વં વેત્થં પરન્તપ''** (ભ.ગી.૪।૫). મેં કહ્યું ''ભગવાન્‌ને આ સંભળાવીને શું ફાયદો થશે? તે કેટલાય જન્મ વિતાવ્યા છે, તે હું જાણું છું તમે નથી જાણતા'' આ સંભળાવવાથી ભગવાન્‌ને શું લાભ થશે? એમણે કહ્યું ''ભગવાને કહ્યું છે કે ગીતાજી ગાવ'' તો મેં કહ્યું ''ભગવાને ગીતાજી ગાવાનું કહ્યું છે પરંતુ ભગવાન્‌ને સંભળાવવાનું થોડું કહ્યું છે? ગીતા તમે પોતાના આત્માને સંભળાવો'' માણસને મૌન રહેવું ગમે નહીં. કાંઈકને કાંઈક સંભળાવે.

ઘણા લોકો મંદિરમાં જાય. ત્યાં આંખો મીંચીને ઉભા રહી જાય. ત્યાં મંદિરમાં ઘણા લોકો પોતાના (હથેળી) હાથ જુએ. અરે! હાથ તો તમારા આખો દિવસ દેખાઈ રહ્યા છે. મંદિરમાં જાવ તો ભગવાન્‌ને નિહાળો, પરંતુ બધા ગડબડ કરી દે. આંખો મીંચીને હાથજોડીને ઉભા રહી જાય. હાથઉંચો કરે. હાથમાં કાંઈ રહેલું હોય તો ઘર બેઠા જ મળી જાત. મંદિરમાં આવવાની ભૂલ પણ ન કરવી પડે. માણસ છેતરપીંડી કરે. મંદિરમાં જાય તો હાથ જુએ. ઘરમાં જાય તો પાછો ભગવાન્‌ને ભૂલી જાય. આવી સ્થિતિ ભક્તિની નથી. ભક્તિનો ભાવ અતિ મધુરતાનો ભાવ છે. જે જીવનની સંતુલીતતા આવે છે. એ ભક્તિનું કમળ સહજતામાં ખીલી શકે છે. ન અહંકારની કૃત્રિમતા, ન કર્મની કૃત્રિમતા, ન ત્યાગની કૃત્રિમતા અને ન તો વૈરાગ્યની કૃત્રિમતામાં ખીલી શકે છે. ભક્તિનો ભાવ અકૃત્રિમ છે.

## ૭૮. 'ભક્તિ' શબ્દના વિભિન્ન અર્થ :

શ્રીમહાપ્રભુજીના મત પ્રમાણે ભક્તિનું સ્વરૂપ આપણે સમજવું હોય તો એક વાત ખૂબ જ ધ્યાન દેવા જેવી છે. આપણે ઘણાં સંદર્ભોમાં 'ભક્તિ' શબ્દને વાપરતા રહીએ છીએ. શબ્દના તો ઘણાં અર્થ થાય. એક અર્થ પારિભાષિક હોય. એક અર્થ લાક્ષણિક હોય. એક અર્થ વિપરીત હોય. અલગ-અલગ વૃત્તિઓથી અનેક અર્થ શબ્દના હોય જેમ આપણે 'ગાય' કહીએ. ગાયને સંસ્કૃત ભાષામાં 'ગો' કહેવામાં આવે છે. 'ગો' એટલે શું? ''ગચ્છતિ ઈતિ ગો'' ચાલે તેનું નામ ગાય. શું ગાય જ ચાલે છે? બધી વસ્તુ ચાલે. ગધેડો પણ ચાલે, ઘોડો પણ ચાલે, હાથી પણ ચાલે. પરંતુ આપણે રૂઢિમાં નક્કી કરી લીધું ભલે ચાલે છે અને ઝડપથી પણ ચાલે છે પરંતુ ઘોડાને આપણે 'ગાય' નહીં કહીએ. કેમ નહીં કહીએ? આ વાતનો કોઈ જવાબ નથી. રૂઢિમાં એ નિશ્ચિત કર્યું કે આપણે 'ગાય' આ પ્રાણીને જ કહેશું. આ રૂઢિ છે. ગાયને 'ગો' કહેવું રૂઢિ છે. 'પંકજ' નો મતલબ શું? પંકમાં જે પેદા થતું હોય તે 'પંકજ'. આ યૌગિક અર્થ કહેવાય. શબ્દના એક એક જે ભાગ છે, એને છૂટ્ટા પાડીને જ્યારે અર્થ નિકળે, ત્યારે યૌગિક અર્થ કહેવાય. તેવી જ રીતે શબ્દનો કોઈ પારિભાષિક અર્થ પણ હોય. પારિભાષિક અર્થનો મતલબ શું? શબ્દનો ચાલુમાં વપરાતો અર્થ કાંઈક બીજો હોય અને પારિભાષિક અર્થ બીજો જ કાંઈક હોય.

અમેં સરકારી ખાતામાં અહીં એક અરજી આપી હતી. અમે કહી રહ્યા

હતા કે ભાઈ! અમે ધર્માચાર્ય છીએ. તેઓ બોલ્યા ‘‘ધર્માચાર્ય કોઈ ક્લોઝ જ નથી. પૂજારી છે.’’ અમે કહ્યું ‘‘ભાઈ! પૂજારી નથી ધર્માચાર્ય છીએ.’’ એમણે સાંભળ્યા પછી કહ્યું ‘‘પૂજારી છો’’ અમે કહ્યું પૂજારીનો મતલબ શું? અમે શું પૂજાની સાથે વેર બાંધ્યું છે કે અમે પૂજાના અરિ થઈએ? તેણે પાછું કહ્યું ‘‘તમે પૂજારી છો’’ આ શું છે કે એમણે પરિભાષા નક્કી કરી લીધી છે કે ધર્માચાર્ય હોય તે પણ પૂજારી છે. પૂજાના અરિ (શત્રુ) છે. પુજા કરતો હોય તે પણ પૂજારી છે. બધા પૂજારી છે. જનતા દર્શનાર્થીકિ પૂજનાર્થીછે તેથી દેવસ્થાન સિવાય બીજા બધા પૂજારી છે. આ પરિભાષા છે. આપણી ઘડેલી પરિભાષા. આમ કેટલાક શબ્દોના પારિભાષિક શબ્દ હોય. તે શબ્દ ભલે તેનો અર્થ હોય કે ન હોય પરંતુ એમણે જે પરિભાષા ઘડી છે તે એ શબ્દનો પારિભાષિક અર્થ.

એવી જ રીતે ‘ભક્તિ’ શબ્દના પણ અનેક અર્થ થઈ શકે છે. ‘ભક્તિ’ શબ્દ ઉપર પણ ધ્યાન આપશો તો ખબર પડશે કે જે મૂળ તાત્પર્ય અર્થ છે, તાત્પર્યાર્થ શું ? જેમ સાંજ પડી ગઈ હોય અને આપણે લાઈટ ચાલુ કરવી હોય, તો આપણે ઘરમાં કોઈ વ્યક્તિને એમ ન કહીએ કે લાઈટ ચાલુ કરો. આપણે ખાલી એટલું જ કહીએ કે સાંજ પડી ગઈ. કહી તો રહ્યા છીએ કે સાંજ પડી ગઈ અને તેનો અર્થ શું નીકળી રહ્યો છે? લાઈટ ચાલુ કરો. કેમ લાઈટ ચાલુ કરો એવો અર્થ નીકળી રહ્યો છે? કેમકે એ શબ્દોનું તાત્પર્ય લાઈટ ચાલુ કરવામાં છે. તાત્પર્યાર્થ મુદ્દા હોઈ શકે છે એક જ શબ્દના. તેનો રૂઢિ અર્થ અલગ થઈ શકે છે. તેનો યૌગિક અર્થ અલગ થઈ શકે છે. તેનો પારિભાષિક અર્થ અલગ થઈ શકે છે. તેનો લક્ષણાર્થ અલગ થઈ શકે છે. લક્ષણાનો અર્થ શું? જેમ આપણે કહીએ ‘‘ગંગા ઉપર ગામ વસેલું છે.’’ તળાવમાં ગામ વસેલું છે. હવે તળાવમાં ગામ વસેલું હોય તો તો બધા ડૂબી જાય. પરંતુ લક્ષણાથી આપણે તેનો અર્થ સમજી જશું કે ગંગા ઉપર ગામ વસ્યું તેનો મતલબ એ કે ગંગાના કિનારા ઉપર (કાંઠે) કે તળાવના કિનારા ઉપર ગામ વસેલું છે. આમ લક્ષણાનો અર્થ થાય.

એક વિપરીતાર્થ પણ થાય છે શબ્દનો. કોઈ દુબળો પાતળો માણસ હોય અને આપણે તેને કહીએ ‘‘કહો પહેલવાનજી કેમ છો?’’ માણસ દુબળો પાતળો હાડકાં દેખાઈ રહ્યા છે અને તમે કહી રહ્યા છો કે પહેલવાનજી કેમ છો? કોઈ મહાન મૂર્ખ હોય અને તેને આપણે કહીએ ‘‘આવો પંડિતરાજ આવો’’ આ વિપરીતાર્થ છે જે આપણે કહી રહ્યા છીએ તે અર્થ નથી પરંતુ તેનાથી વિપરીત

અર્થ હોય. જેમ સંસ્કૃતમાં આપણે કહીએ પ્રખર. પ્રખરનો મતલબ શું? ગધેડો. પ્રકૃષ્ટ ખર હોય તે ગધેડો. જેને કાંઇ સમજમાં ન આવે તેને કહીએ ખૂબ પ્રખર વિદ્વાન છે. જે પ્રખર હોય તે ગધેડો. આ વિપરીત અર્થ છે. શબ્દના આવા વિપરીત અર્થ પણ ચાલે છે.

આવા કોઇ અર્થોમાં આપણે 'ભક્તિ' શબ્દનો પ્રયોગ કરીએ છીએ. પરંતુ સમજવું જોઇએ કે 'ભક્તિ' જ્યારે આપણે કહેવા માગી રહ્યા છીએ, ત્યારે 'ભક્તિ' શબ્દનું તાત્પર્ય શું? 'ભક્તિ' શબ્દનું તાત્પર્ય છે પરમાત્મામાં નિરૂપાધિક પ્રેમ. જ્યારે પણ આપણે જગત્‌ની કોઇપણ વસ્તુ કે વ્યક્તિ ની સાથે પ્રેમ કરીએ છીએ તો કાંઇક કાંઇક શરત રાખીને કરીએ છીએ. શરત વગરનો કોઇ પ્રેમ જગત્‌ની કોઇ વસ્તુ સાથે થઇ શક્તો નથી. એક દુકાનદારને ગ્રાહકની સાથે બહુ પ્રેમ હોય છે. એ પ્રકટ કેવી રીતે થાય છે? અરે! અમારા બહુ જૂના સ્નેહી ગ્રાહક છે. સ્નેહી ગ્રાહકનો મતલબ શું? ઘણા વખતથી માલ ખરીદે છે. જો માલ ખરીદવાનું બંધ કરી દીધું તો તે ગ્રાહક સ્નેહી નહીં રહે. દીકરો આપણને બહુ પ્રિય લાગે છે. ક્યાં સુધી પ્રિય લાગે જ્યાં સુધી આપણી વાત માની રહ્યો છે. આજ્ઞાકારી છે. સામો થયો તો આપણને લાગે કે નાલાયક છે. પ્રેમ ખતમ. જ્યારે પણ આપણે જગત્‌ની કોઇપણ વસ્તુ સાથે પ્રેમ કરીએ છીએ ત્યારે આપણે કાંઇકને કાંઇક શરત રાખીને કરીએ છીએ. શરત વગરનો જગત્‌ની કોઇ વસ્તુમાં પ્રેમ થઇ શક્તો નથી. આ પ્રકારની શરત રાખીને, જ્યારે આપણે પ્રેમ કરીએ છીએ ત્યારે તે નિરૂપાધિક પ્રેમ નથી. એ પ્રેમ તો કહેવાઇ શકે છે, પરંતુ તેને ભક્તિ ન કહી શકાય. ભક્તિનો મતલબ છે શરત વિનાનો પ્રેમ. હોય તો હોય, નહીં તો નહીં. જેના હૃદયમાં છે, જે શરતપૂર્વક પ્રેમ કરવામાં આવે તે પ્રેમ પ્રેમ તો હોઇ શકે છે, પરંતુ તેને ભક્તિનું સ્થાન આપી ન શકાય. ભક્તિ એ જ વખતે કહી શકાય જ્યારે કોઇ શરત ન રહી જાય. 'ભક્તિ' શબ્દનું તાત્પર્ય શું? જેમ મેં તમને સમજાવ્યું કે આપણે એમ નથી કહેતા કે લાઇટ્ ચાલુ કરો, આપણે એટલું કહીએ કે સાંજ પડી ગઇ અને સાંભળવાવાળાને સમજી જવું જોઇએ કે આનું તાત્પર્ય લાઇટ્ ચાલુ કરવામાં છે. લાઇટ ચાલુ કરવી એ તાત્પર્યાર્થ થાય છે સાંજ પડવાનો. આ રીતે જ્યારે પણ 'ભક્તિ' શબ્દનો પ્રયોગ આવે તેનો તાત્પર્યાર્થ આજ સમજવો જોઇએ કે ભક્તિનો મતલબ નિરૂપાધિક મતલબ કે શરત વિનાનો, જો કોઇ શરત સ્નેહની સાથે ચાલી રહી છે તો ભક્તિનું તાત્પર્ય તમે સમજ્યા નહીં. ભક્તિનું તાત્પર્ય તમે ખંડિત કરી દીધું. ભક્તિને તમે અવરૂદ્ધ કરી દીધી. ભક્તિનું મૂલ તાત્પર્ય તમે

ખંડિત કરી દીધું.

તેવી જ રીતે ભક્તિનો રૂઢ અર્થ શું છે? ‘રૂઢિ’ શબ્દનો મતલબ શું? જેમ મેં તમને સમજાવ્યું કે ‘ગાય’ શબ્દની રૂઢિ છે, અથવા જેમ આપણે આને લાલટેન કહીએ. રૂઢિ છે. ક્યા અર્થમાં લાલટેન છે? શું ખબર? કેમ આ લાલટેન છે? ન તો આ લાલ છે અને ન આ ટેન છે. આપણે કહીએ કે આ લેનટર્ન હતી. લેનટર્ન હતી તો તેમાં પણ ચમકતી વસ્તુની બાબતમાં યોગરૂઢ હતી. ચાલી રહ્યું છે વહેવારમાં. કોઈ વસ્તુને આપણે કોઈક નામથી બોલી રહ્યા છીએ. એવી રીતે ભક્તિની રૂઢિ ક્યાં? આ વાત સમજવાનો પ્રયાસ કરો. ભક્તિની રૂઢિ છે **‘‘માહાત્મ્યજ્ઞાનપૂર્વસ્તુ સુદઢો સર્વતોધિકઃ સ્નેહો ભક્તિઃ ઈતિ પ્રોક્તઃ’’** એટલે કે પરમાત્માના માહાત્મ્યને સમજીને પરમાત્મામાં સુદઢ સ્નેહ કરવો, ભક્તિ છે. જો પરમાત્મા સાથે સોદાબાજીથી સ્નેહ કરી રહ્યા છો, તો ભક્તિ નથી. એ ઉપાસના તો હોઈ શકે છે. પરમાત્માની સાથે કાંઈક સૌદાબાજી થઈ શકે છે. જેમ મેં તે દિવસે તમને બતાવ્યું હતું **‘‘આર્તો જિજ્ઞાસુઃ અર્થાર્થીજ્ઞાની ચ’’** આર્ત બનીને, જિજ્ઞાસુ બનીને, અર્થાર્થીબનીને જો તમે ભક્તિ કરી રહ્યા છો તો તે ભક્તિમાં કાંઈક સોદાબાજી રહેલી છે. ભક્તિનો જે રૂઢ અર્થ છે, તેનાથી વિપરીત વાત એવી રીતે સમજવી જોઈએ કે ઠીક છે પરમાત્મા સાથે કાંઈક સોદાબાજી કરી રહ્યો છે પરંતુ ભક્તિ નથી કરી રહ્યો.

એવી જ રીતે ભક્તિનો જો યૌગિક અર્થ પૂછો તો પંકમાં જે પેદા થાય તેને ‘પંકજ’ કહેવાય. એમ ભક્તિનો યૌગિક અર્થ ક્યો? યૌગિક અર્થ પણ સમજવાનો પ્રયાસ કરો. ‘ભજ્’ ધાતુનો અર્થ થાય છે સેવા. ભજ્‌ની સાથે જ્યારે ક્તિન્ પ્રત્યય લાગે તો ‘ભક્તિ’ કહેવામાં આવે. ભજ્+ક્તિન્=ભક્તિ. એટલે કે પરમાત્માની સેવા કરવાની જેની તૈયારી છે તે ભક્તિ છે. નહીંતર ભક્તિ નથી. આ તેનો યૌગિક અર્થ છે.

હવે એક બીજો અર્થ, લક્ષણા. જેમ આપણે કહ્યું કે ગંગા નદી ઉપર ગામ વસેલું છે. આપણો મતલબ નદીની ઉપર ગામ વસવાનો નથી. પરંતુ નદીને કાંઠે ગામ વસેલું છે. આ રીતે આપણે એમ કહીએ, આ માણસ આ મનોકામનાથી ભક્તિ કરી રહ્યો છે. તો સમજી લો કે ‘ભક્તિ’ શબ્દનો ત્યાં લાક્ષણિક પ્રયોગ છે. એ ભક્તિ નથી. તે તો ગંગા ઉપર નદીના કાંઠે ગામ વસેલું છે. આ કાંઈક

સોદાબાજીથી કામ ચાલી રહ્યું છે. ભક્તિ નથી ચાલી રહી. મોટાભાગના લોકો કહે છે, અમે શીરડીના સાંઈબાબાના અથવા તિરૂપતિ કે શ્રીનાથજી ના બહુ ભક્ત છીએ. તેનો મતલબ શું? સાંઈબાબાની માનતા માને અને તે પૂરી થઇ રહી છે. પૂરી થઇ રહી છે એટલા માટે ભક્ત છો. બે ચાર વખત માનતા માનો અને પૂરી ન થાય તો તમે સાંઈબાબાને ઠેકાણે કોઈ બીજા બાબા ગોતવા લાગી જશો. જ્યારે માનતા માની રહ્યા છો અને પૂરી થઇ રહી છે, આવી રીતની આપણે ભક્તિ વિચારીએ તો લોકો વિચારે કે અમારી ભક્તિ ખૂબ છે સાંઈબાબામાં પરંતુ સાંઈબાબામાં મહાશય તમારી ભક્તિ એટલા માટે છે કે તમારી માનતા પૂરી થઇ રહી છે.

આપણે ત્યાં શ્રીમહાપ્રભુજીએ ના પાડી કે ભગવાન્‌ની સાથે આવો વેપાર ન કરો. આપણે કહ્યું ભગવાન્‌ની સાથે નહીં કરીએ. બરાબર છે પણ ભક્તિ કરશું તો મનોકામનાને માટે જ. આપણે કોઈને ‘ગધેડો’ કહ્યો. ગધેડાનો મતલબ એ નહીં કે એના લાંબા લાંબા કાન છે અને હોંચી હોંચી કરીને બોલે. ‘ગધેડા’નો મતલબ એ કે એક ઠેકાણે ઉભો રહે છે. વાહનો આવતા હોય કે જતા હોય, તેના ઉપર કોઈ ધ્યાન નથી એના મગજમાં કોઈપણ વાત આવતી હોય કે જતી હોય તેના ઉપર ધ્યાન નથી. આ વાતને કારણે ગધેડા છો. ચાર પગવાળો ગધેડો નથી, બે પગવાળો ગધેડો છે એમ જ્યારે આપણે કહીએ કે માનતા મનાવવા માટે ભક્તિ કરી રહ્યા છીએ આ કારણથી જ્યારે ભક્તિ કરી રહ્યા છીએ, તો એ એવી ભક્તિ જેને આપણે ગધેડો કહીએ, એ પ્રકારની ભક્તિ છે. તે સાચા અર્થમાં ભક્તિ નથી. તે ગૌણ અર્થમાં ભક્તિ છે. કાંઈક એકાદ ગુણ દેખાડી રહ્યા છો તમે ભક્તિનો, પરંતુ પોતાની જાતમાં અંદર એ તત્ત્વ છે નહીં જે શબ્દથી કહેવામાં આવી રહ્યું છે. ભક્તિના એકાદ ગુણને પ્રકટ કરનારું કોઇ તત્ત્વ છે, પૂરેપૂરું તત્ત્વ ત્યાં પ્રકટ નથી થઈ રહ્યું.

એક રૂપ એવું પણ હોઈ શકે છે કે જેમાં આપણે પરમાત્માના સ્વરૂપને સમજ્યા વગર એનાથી ઈર્ષ્યા કરીએ છીએ. જેમ પરમાત્માનું રૂપ આપણે સર્વાકાર સમજ્યું. તે સર્વાકાર હોવાના કારણે પરમાત્મા સાકાર થાય છે. એ સર્વાકારી પરમાત્માના સાકાર સ્વરૂપ સાથે ઈર્ષ્યા કરીએ છીએ અને ઈર્ષ્યા કરીને પોતાની જાતને ભક્ત પણ માનતો હોય પરંતુ જે સર્વાકાર છે તે નિરાકાર કેવી રીતે થઈ શકશે? ઈર્ષ્યા કેવી રીતે કરીએ પરમાત્માની સાથે? પરમાત્મા સાકાર બન્યો. તે

વિચારે કે હું પણ પરમાત્મા બની જાઉં. હવે હું પણ પરમાત્મા બની જાઉં. તો તેનું જે રૂપ છે તે તો તેને ગમે નહીં અને પોતે પરમાત્માના રૂપને ધારણ કરવા ઇચ્છે, તો તે પરમાત્માની સાથે પ્રકટ થતી અસૂયા છે. ભગવાને ગીતાની શરૂઆતમાં જ આ વાતની ચોખવટ કરી દીધી છે કે ગીતાનો ઉપદેશ જે મારામાં અસૂયા રાખતો હોય તેને ન આપવો જોઈએ. એને લેવો પણ ન જોઈએ. **“ઈદં તુ તે ગુહ્યતમં પ્રવક્ષ્યામિ અનસૂયવે જ્ઞાનં વિજ્ઞાનસહિતં યજજ્ઞાત્વા મોક્ષસ્યસે અશુમાત્. રાજવિદ્યા રાજગુહ્યં પવિત્રમ્ ઈદમ્ ઉત્તમમ્”, “ઈદં તે ન અતપસ્કાય ન અભકતાય કદાચન ન ચ અશ્રૂશુષવે વારયં નચ માં યો અભ્યસૂયતિ”** (ભ.ગી.૯।૧-૨, ૧૨।૬૭). કેમકે જે અસૂયા કરતો હોય અને તે પોતાની જાતને ભક્ત માને, તો ભક્તિનો અર્થ એવો થયો જેમ કોઈ માયકાંગલાને આપણે ‘પહેલવાનજી’ કહીએ. આ રીતનો વિપરીત અર્થ છે. અસૂયા પરમાત્માના સાકાર સ્વરૂપ સાથે અને પોતાની જાતને પરમાત્માનો ભક્ત માનવો! પરમાત્માના સાકારરૂપને કબૂલ ન કરે અને પછી માને કે હું પરમાત્માનો ભક્ત છું. હવે તે પરમાત્માનો ભક્ત કેવી રીતે હોઈ શકે? એટલે કે જે કાંઈ પરમાત્માએ આપણને આપ્યું છે, તેના પ્રત્યે આપણે નિંદાનો ભાવ રાખીએ, તેના પ્રત્યે આપણે ત્યાગનો ભાવ રાખીએ, ઈર્ષ્યાનો ભાવ રાખીએ અને પછી કહીએ કે અમે તમારા ભક્ત છીએ તો એ ભક્તિમાં વિપરીતતા આવી ગઈ. કેવી વિપરીતતા? જેમ આપણે કોઈ મૂર્ખને ‘પંડિતરાજ’ કહીએ, જેમ કોઈ દૂબળા પાતળા વ્યક્તિને ‘પહેલવાનજી’ કહીએ. આ પ્રકારની વિપરીતતા આવી ગઈ. એટલે અસૂયાને કારણે ‘ભક્તિ’ શબ્દ વિપરીતાર્થક થઈ ગયો. તેનો સાચો અર્થ નથી રહેતો.

તેથી ભક્તિના ઘણા પ્રકારના અર્થ થઈ શકે છે. આ વાતોને આપણે સમજવી જોઈએ. દરેક માણસ ‘ભક્તિ’ શબ્દનો પ્રયોગ કરે. પરંતુ આપણે આપણી પાસે આ હૃદયમાં કે કાગળમાં ચાર્ટ લખીને રાખજો કે છ પ્રકારના ભક્તિના અર્થ થઈ શકે છે. (૧) તાત્પર્યાર્થ (૨) રૂઢિ (૩) યૌગિક (૪) પારિભાષિક (૫) ગૌણ (૬) વિપરીત.

આ બધા શબ્દોના અને આ બધા અર્થોના સંદર્ભમાં માણસ ‘ભક્તિ’ શબ્દ વાપરતો હોય છે. સાવચેતીથી આપણે ઓળખતા રહેવું જોઈએ. કોઈ શું કહી રહ્યો છે? જ્યારે અસૂયા કરતો હોય અને કહે કે ‘હું ભક્ત છું’ તો આપણે સમજી જવું કે અહિં ‘ભક્તિ’ શબ્દનો અર્થ વિપરીતાર્થક છે. જ્યારે સકામ ભક્તિ કરતો

હોય તો આપણે સમજી જવું કે આ ભક્તિનો રૂઢાર્થ નથી, તાત્પર્યાર્થ નથી. આ ભક્તિનો ફક્ત ગૌણ કે લાક્ષણિક અર્થ છે. જેવી રીતે આપણે માણસને 'ગધેડો' કહીએ તેવી રીતે. પરંતુ જેને નિરૂપાધિક સ્નેહ છે, શરત વગરનો જેના હૃદયમાં પરમાત્મામાં સ્નેહ છે. દરેક પ્રાણીના હૃદયમાં છે સ્નેહ, એ ન ભૂલતા કે અમુક પ્રાણીના હૃદયમાં સ્નેહ નથી, એવું નથી. કેમકે પરમાત્મા પ્રત્યે જો આપણને સ્નેહ નહીં હોય તો ચોક્કસ સમજો કે બીજા કોઈપણ વિષયમાં આપણને સ્નેહ થઈ જ ન શકે. હકીકતમાં જેટલો સ્નેહ વિષયમાં આપણને પ્રકટ થઈ રહ્યો છે તે પરમાત્માના સ્નેહના કારણે જ પ્રકટ થઈ રહ્યો છે. પરંતુ તેમાં પરમાત્મા છૂપાઈ જાય અને સ્નેહ પ્રકટ રહી જાય, આવી સ્થિતિ છે.

જેમ એક સાધારણ વાત બતાવું કે આપણે અધ્યયનની શરૂઆત કરી હતી, નિશાળની શરૂઆત થઈ હતી, વિદ્યાર્જનની શરૂઆત થઈ હતી, જ્ઞાનાર્જન માટે. જ્ઞાનાર્જન થયા પછી માણસ સમર્થ બને તો ધનાર્જન પણ કરે. પરંતુ ધીમે-ધીમે શું થયું કે એ બંનેનું જે નિયત ચક્ર ચાલ્યું, તેમાં એક સ્ટેજ એવું આવી ગયું કે તેમાં માણસ ધનાર્જનને માટે જ જ્ઞાનાર્જન કરે. મૂળ ઉદ્દેશ્ય હતો જ્ઞાનાર્જનનો કે વિદ્યા અને વિનય પ્રાપ્ત કરવા, તે ખોવાઈ ગયો. અર્થાર્જન જ કેવળ તેનું એક સ્વરૂપ રહી ગયું. એવી રીતે માણસ નિરંતર કોઈ વાત કરતો રહે તો તે લથડીયા ખાય. જેમ કહે કે 'રામ-રામ' જપતા રહો તો થોડીકવારમાં 'મરા-મરા' થવા માંડે અને 'મરા-મરા' કરતો રહે તો તેમાં કાંઈક ગોટાળો થઈ જાય. આ પ્રકારથી જે નિરંતર આપણે કરતા રહીએ છીએ, તેમાં કાંઈક ઉંધુ-ચત્તુ થઈ જાય, આપણે વિપરીતાર્થમાં લક્ષણાર્થનો પ્રયોગ કરવા માંડીએ. જેમ ખાવાની વાત વિચારો. માણસના શરીરમાં ખાવાની રૂચિ શા માટે પેદા કરવામાં આવી? કેમકે જીવવું હતું. પણ માણસ ખાઈ ખાઈને મરી જાય. એટલું ખાય કે મરી જ જાય.

અમારા એક મુખિયાજીને કોઈએ શ્રાદ્ધ-ભોજનમાં બોલાવ્યા. એક ઠેકાણે ગયા. બે ઠેકાણે ગયા. ચાર ઠેકાણે ગયા. ઓછું ખાય તો યજમાનને શંકા પડે કે ક્યાંક બીજે ભોજન કરીને આવ્યા હશે. બધે ઠેકાણે ખૂબ ખાધું અને એટલું ખાધું કે મરી જ ગયા. ખાય શા માટે માણસ કે જીવવા માટે અને ખાવાને જ કારણે મરી ગયા! આ જે ઉલ્ટુ ચક્કર ચાલવા માંડયું છે તે કેમ ચાલ્યું? માણસ સમજી ન શકે અને સાધ્યને બદલે સાધન ઉપર જોર પકડી લે. માણસને દારૂ પીવાની ટેવ હોય, સિગરેટ ફૂંકવાની ટેવ હોય, આ ટેવ કેમ પડે? લોકો કહે કે વાતો

ભૂલાવવા માટે પીવે છે, સિગરેટ ફૂંકતા-ફૂંકતા આખો દિવસ લોકોને સિગરેટની જ યાદ આવતી રહે અને ભૂલવું-ભૂલાવવું કાંઇ થાય જ નહીં. બસ એક ટેવ પડી જાય. સાધનનું એક ચક્કર નવું કૌભાંડ શરૂ થઈ જાય. આ રીતની આપણે ત્યાં વ્યવસ્થા છે આપણા શરીરમાં. આપણે કામ કરીએ એક ઉદ્દેશ્યથી અને તે ઉદ્દેશ્ય આપણે ભૂલી જઈએ અને સાધનોને પકડીને આપણે બેસી જઈએ. આવી રીતે સાધન પકડીને બેસી જવાની વૃત્તિ ભક્તિની નથી. ભક્તિની વૃત્તિ પરિપૂર્ણ વૃત્તિ છે જેમાં સાધન અને સાધ્ય બંનેનું બેલેન્સ હોય, એ ભક્તિની વૃત્તિ છે.

જે પ્રકારની ભક્તિની વૃત્તિનું સ્વરૂપ શ્રીમહાપ્રભુજીએ સમજાવ્યું તેવું સાંગોપાંગ નિરૂપણ શ્રીમહાપ્રભુજીના સિવાય બીજે ક્યાંય મળવું દુર્લભ છે. એટલા માટે શ્રીમહાપ્રભુજીને ‘ભક્તિમાર્ગાબ્જમાર્તંડ’’ કહ્યા છે. જે ભક્તિમાર્ગના દરેક પાંદડાને, જેમ સુરજના ઉગવાથી કમળની એક-એક પાંખડી ખીલી જાય, તેમ શ્રીમહાપ્રભુજીએ ભક્તિની એક-એક પાંદડીને ખીલાવી ખીલાવીને સમજાવ્યું છે કે અહીં આના અંદર પરાગ છે. ક્યાં બહાર ફક્ત લીલી પાંદડી છે. ક્યાં આની અંદર ગુલાબી પાંદડી છે કમળની. ક્યાં તેમાં પરાગ છે. ક્યાં તેમાં કેસર છે. ક્યાં તેમાં કમલગટ્ટા છે જ્યાં તેનો તાત્પર્યાર્થ રહેલો છે. એ બધા અર્થોની વિવેચના શ્રીમહાપ્રભુજીએ કરી છે અને ભક્તિનો એક સશક્ત માર્ગ આપણને સમજાવ્યો.

## આઠમા દિવસનું પ્રવચન

આપણે અવ્યક્તોપાસનાની બાબતમાં વિચાર કર્યો હતો. કાલે પ્રસંગોપાત ભક્તિના રૂપ બતાવ્યા. કેમકે હવે આગળના જે શ્લોક છે, છઠ્ઠા શ્લોકથી લઈને આઠમા શ્લોક સુધી **‘‘યે તુ સર્વાણિ કર્માણિ મયિ સંન્યસ્ત મત્પરાઃ અનન્યેનૈવ યોગેન માં ધ્યાયન્ત ઉપાસતે તેષામ્ અહં સમુદ્ધર્તા મૃત્યુસંસારસાગરાત્ ભવામિ નચિરાત્ પાર્થ મયિ આવેશિતચેતસામ્. મય્યેવ મન આધત્સ્વ મયિ બુદ્ધિં નિવેશય. નિવસિષ્યસિ મય્યેવ અત ઉર્ધ્વં ન સંશયઃ’’** (ભ.ગી.૧૨।૬-૮). આ શ્લોકોમાં ભગવાને ભક્તિયોગ સ્થાપિત કર્યો છે. તેનાથી આગળ નવમા શ્લોકથી લઈને બારમા શ્લોક સુધી ભગવાને એ વાતનું પ્રતિપાદન કર્યું છે જેમના હૃદયમાં આ પ્રકારની ભક્તિનો અનુભવ ન થતો હોય. જુઓ! એક અનુભવ હોય છે અને એક અનુવ્યવસાય હોય છે. અનુભવનો મતલબ શું? જેમકે આપણને આ

પુસ્તક દેખાઈ રહ્યું છે, તો એ પુસ્તકનો 'અનુભવ' કહેવાય. પરંતુ જ્યારે આપણે એમ વિચારીએ કે આ પુસ્તક મને દેખાઈ રહ્યું છે તો 'અનુવ્યવસાય' કહેવાય. અનુવ્યવસાયમાં વિષય અને વિષયી બંનેનું જ્ઞાન થાય. બંને વિષય બની જાય. અને અનુભવમાં ફક્ત વિષય જ જ્ઞાનનો વિષય બને. આ અન્તર છે. આપણને આ પ્રકારનો અનુવ્યવસાય ન થતો હોય, આપણને એમ લાગે કે આ બધું ભક્તિનું રૂપ છે, ભક્તિનો વ્યવસાય આપણા હૃદયમાં ન થતો હોય તો ભગવાન્ કહે છે કે હમણાં એટલી ઝડપથી આ સમજવાની ઉતાવળ ન કરતાં કે હું ભક્તિ કરી રહ્યો છું.

## ૭૯. પ્રભુ સાથે સગાઇ–લગ્નની જેમ ભક્તિયોગની સાધનદશા–સિદ્ધદશા :

જેમ આપણે લગ્ન કરતાં પહેલાં થોડા દિવસ સગાઈ રાખીએ. તેમ પરમાત્માએ કાંઈક સગાઈ રાખવાની વાત બતાવી છે. જેમ પહેલાં સગાઈ થાય, તેના પછી લગ્ન થાય અને તેના પછી ગૌના હોય. આજકાલ ગૌનાનો રિવાજ નથી રહ્યો. પરંતુ હજુ પણ આપણે ત્યાં સગાઈ અને લગ્ન નું અંતર કાયમ છે. એ વાતથી થોડુંક સમજી શકશો. સગાઈનો મતલબ શું? સગાપણાનો ભાવ. કાંઈક સગાપણું કે અમે આમના સગા છીએ આવો ભાવ હૃદયમાં પેદા કરવો. હજુ સુધી સગા બન્યા નથી પરંતુ સગા બનવાની પ્રક્રિયામાં રહેવું, તે સગાઈ. એક તો લગ્ન. લગ્નનો મતલબ શું? એક બીજાની જવાબદારી જીવનમાં ઉપાડવી. આ એક-બીજાને સંભાળે અને આ સંભાળવું કાંઈ ભારરૂપથી નથી. તે ભારવહન સ્નેહથી છે, તે લગ્ન છે. એકબીજા ઉપર નિર્ભર થઈ જવું. ઉપાડવું જરાક કઠોર લાગે છે પરંતુ લગ્નનો મતલબ છે એકબીજા ઉપર નિર્ભર થઈ જવું છે. જ્યારે પરમાત્મા સાથે ભક્તિરૂપી લગ્નનો મતલબ છે એકબીજા ઉપર નિર્ભર થઈ જવું છે. જ્યારે પરમાત્મા સાથે ભક્તિરૂપી લગ્નની પૂરે-પૂરી તૈયારી નથી ત્યારે ભગવાન્ ગીતામાં આજ્ઞા કરે છે કે આટલી બધી સાસરે જવાની ઉતાવળી ઈચ્છા ન કરો. થોડો વખત રાહ જુઓ. લગ્નના પહેલાં થોડાક દિવસ સગાઈ રાખો અને એ સગાઈદ્વારા મનમાં એ ભાવ, એ સપનાઓ જુઓ કે અમે આનાથી વિવાહિત થવાના છીએ. સપનાઓને સાચવવા સગાઈ છે અને સપનાનું સાકાર થવું લગ્ન છે. આગળના શ્લોકોમાં જેમ :

“**અથચિત્તં સમાધાતું ન શક્નોસિ મયિ સ્થિરમ્ અભ્યાસયોગેન તતો મામ્ ઈચ્છ આમું ધનંજય. અભ્યાસેડપિ અસમર્થો અસિ મત્કર્મપરમો ભવ મદર્થમપિ કર્માણિ કુર્વન્ સિદ્ધિમ્ અવાપ્સ્યસિ. અથએતદપિ અશક્તોસિ કર્તું મદ્યોગમ્ આશ્રિતઃ સર્વકર્મફલત્યાગં તતઃ કુરુ યતાત્મવાન્. શ્રેયો હિ જ્ઞાનમ્ અભ્યાસાદ્ જ્ઞાનાદ્ ધ્યાનં વિશિષ્યતે ધ્યાનાત્ કર્મફલત્યાગઃ ત્યાગાત્ શાન્તિઃ અનન્તરમ્**” (ભ.ગી.૧૨।૯-૧૨).

અહીં સુધી સગાઈ કરવાના જુદા-જુદા કર્મ પ્રભુએ બતાવ્યા છે કે કેવી કેવી રીતે પરમાત્માની સાથે સગાઈ રાખી શકાય છે. તેના પછી તેરમા શ્લોકથી લઈને ઓગણીસમાં શ્લોક એટલે કે “**અદ્વેષ્ટા સર્વભૂતાનામ્**” થી લઈને “**પ્રિયો નરઃ**” સુધી ભગવાને સગાઈ સમજાવી છે. જેમ આપણા ઘરમાં દીકરીની સગાઈ થઈ હોય, તો આપણે થોડીક હરવા-ફરવાની છૂટ પણ આપી શકીએ છીએ. થોડુંક તેને કહી શકીએ છીએ કે રસોઈ બનાવવી હોય તો બનાવ ન બનાવવી હોય તો ન બનાવ. પરંતુ સગાઈ થયા પછી થોડી-થોડી ઈન્સ્ટ્રકશન શરૂ થઈ જાય. આ રીતે ભગવાને, સગાઈ જ્યારે નક્કી કરી રહ્યા છો, તેના જુદા-જુદા લેવલના પાંચ જાતના ઈન્સ્ટ્રકશન આપ્યા છે. છેલ્લા વીસમા શ્લોકમાં “**યે તુ ધર્મ્યામૃતમ્ ઈદં યથોક્તં પર્યુપાસતે શ્રદ્ધાના મત્પરમા ભક્તાઃ તે અતિવ મે પ્રિયાઃ**” (ભ.ગી.૧૨।૨૦). ઉપસંહારના શ્લોકમાં પ્રભુએ એ વાતનો ખુલાસો આપ્યો છે કે આ જેટલી સલાહ આપવામાં આવી છે ભક્તિયોગના આરંભની અથવા ભક્તિયોગની સિદ્ધિની, સાધનદશાની અથવા સિદ્ધદશાની, એ બંને દશાઓમાં જે પણ દશામાં તમે છો, તે દશામાં જે પ્રકારથી સમજાવ્યું છે, તે પ્રકારથી જો તમે ભક્તિયોગ કરી શક્યા “**ધર્મ્યામૃતમ્ ઈદં યથોક્તં પર્યુપાસતે શ્રદ્ધાનાં મત્પરમા ભક્તાઃ તે અતીવ મે પ્રિયાઃ**” તો તે ભક્ત મને અતિશય પ્રિય છે. **અતીવ પ્રિયાઃ** એમ પ્રભુ કહી રહ્યા છે. આના સિવાય અગડં-બગડં પ્રકારથી ભક્તિ કરો, તો તેમાં પ્રભુને પણ મજા ન આવે. ભક્તિ તો ઠીક છે કરી રહ્યા છો. સારી વાત છે. જેમ મેં કાલે તમને બતાવ્યું કે છ પ્રકાર છે ભક્તિના, એટલે કે ગૂઢતમ પ્રકાર પરમાત્માની સાથે નિરૂપાધિક સ્નેહ હોવો જોઈએ, કોઈ પણ જાતની શરત વગરનો, કોઈ કામના નહીં, કોઈ હેતુ નહીં પરંતુ દરેકના હૃદયમાં આ પ્રકારનો સ્નેહ પ્રકટ ન થઈ શકતો હોય તો તેના માટે એક બીજી કક્ષાની ભક્તિનું સ્વરૂપ સમજાવવામાં આવ્યું છે. ખરેખર પરમાત્મા પ્રત્યે આપણા હૃદયમાં આ પ્રકારનો

સ્નેહ પ્રકટ નથી થઈ શકતો, જો કોઈ પૂછે કે આનો ગુનેગાર કોણ? આનું કારણ શું? જો આરોપ લગાવવો હોય તો પરમાત્મા ઉપર જ લગાવી શકાશે. પરમાત્મા વિના બીજા કોઈ ઉપર આનો આરોપ લગાડી શકાતો નથી. કેમકે ઉદ્ધવજીએ આ વાતનો ખુલાસો આપ્યો છે કે **''સર્વાત્મભાવો અધિકૃતો ભવતીનામ્ અધોક્ષજે''** (ભાગવત.૧૦।૪૭।૨૭). અધોક્ષજનું જ્ઞાન થવું મુશ્કેલ છે, તો પછી તેમાં સ્નેહ કેવી રીતે પ્રકટ થઈ શકે? કોઈએક મોટી સમસ્યા માણસના હૃદયની હોય તો આ છે કે પરમાત્માના પ્રત્યે સ્નેહ નથી આપણા હૃદયમાં. એવો તો કોઈ હોઈ જ ન શકે, નાસ્તિકમાં નાસ્તિક છે, કટ્ટરમાં કટ્ટર અનિશ્વરવાદી છે તે પણ ક્યાંય ને ક્યાંક હૃદયના ગૂઢતમ ખૂણામાં પરમાત્માને ચાહી તો રહ્યો છે. પરંતુ જેમ મોટું બાળક જે બોલવા માંડે, તેને જેની ભૂખ લાગી હોય તેનો તે દેકારો કરીને રોવે, પરંતુ નાના બાળકને ભૂખ લાગે તો તેને ખબર ન પડે કે ભૂખ લાગી રહી છે, શું થઈ રહ્યું છે? બસ ખાલી રોવે છે. તેને રડવું આવે. એમ નાસ્તિક, અનીશ્વરવાદી, તે ફક્ત રડે છે, તે સમજી નથી શકતો કે તેને ભૂખ લાગી છે પરમાત્માની. તે રડે તો છે પોતાના પતિને જોઈને રડે છે, પોતાની પત્નીને જોઈને રડે છે, ધનને જોઈને રડે છે. જ્યારે એ રડી રહ્યો છે ત્યારે આ વાતનું પ્રમાણ છે કે ભૂખ તેને લાગી છે, ભૂખ ન લાગી હોય રડે શા માટે? જેને ભૂખ ન હોય, દુધ પીધું હોય તો તે નિરાંતે સુવે **''સ્થિતપ્રજ્ઞસ્ય કા ભાષા સમાધિસ્થસ્ય કેશવ સ્થિતધીઃ કિં પ્રભાષેત કિમ્ આસીત વ્રજેત્ કિમ્''** (ભ.ગી.૨।૫૪). પરંતુ આવી રીતે જે ભૂખ લાગી છે, તે રડે પરંતુ તે સમજી ન શકે કે તેને ભૂખ લાગી છે તો કરવું શું? આ પ્રકારે અનીશ્વરવાદી સમજી નથી શકતો કે મને ઈશ્વરની ભૂખ છે. પરંતુ અનીશ્વરવાદીને પણ હકીકતમાં પરમાત્માની ભૂખ છે.

## ૮૦. અજ્ઞાની–શાસ્ત્રજ્ઞાની–ભગવદ્જ્ઞાની :

એક બીજી રીતથી તમારે સમજવું હોય તો એમ સમજો. અહીં જયપુરમાં લાલુભટ્ટજી કરીને થયા છે. એમણે આ વાતને ખૂબ સુંદર રીતે સમજાવી છે, ત્રણ પ્રકારનું જ્ઞાન હોય. એક અજ્ઞાની હોય, બીજો શાસ્ત્ર જ્ઞાની હોય અને ત્રીજો ભગવદ્જ્ઞાની હોય. તેનું અન્તર સમજાવતી વખતે એમણે ખૂબ સુંદર વાત કહી છે. તેઓ કહે છે કે અજ્ઞાની, શાસ્ત્રજ્ઞાની અને ભગવદ્જ્ઞાની ત્રણેયમાં અન્તર કેટલું છે? જેમ કોઈ નાનું બાળક હોય તેની આંખો ઉપર જો તમે ગોગલ્સ પહેરાવી દીધા, લીલા ચશ્મા, તો તે એ નહીં સમજી શકે કે ચશ્માને લીધે લીલું દેખાઈ રહ્યું

છે. તેને લાગશે કે બધી વસ્તુઓ લીલી થઈ ગઈ છે. આપણે જો ગોગલ્સ પહેરીએ તો આપણે જાણીએ છીએ કે બધી વસ્તુઓ લીલી નથી, કપડું સફેદ છે પરંતુ દેખાશે તો લીલું જ. કેમકે ગોગલ્સ્ પહેર્યા છે. લીલા ચશ્મા પહેર્યા છે. હવે એક વ્યક્તિ એવો જેણે ચશ્મા ઉતારી નાખ્યા છે, તેને દરેકનો રંગ જેવો છે તેવો દેખાશે. જે સફેદ છે તે સફેદ દેખાશે, જે લીલું છે તે લીલું દેખાશે. તેને રંગની ગડબડ નહીં થાય. આ પ્રકારથી અજ્ઞાનીને દેખાઈ રહ્યું છે. પરંતુ તે સમજી નથી શક્તો કે આ કેમ આવું દેખાઈ રહ્યું છે, તેને જેવું દેખાય છે તેવું તે માની લે. શાસ્ત્રજ્ઞાનીને શાસ્ત્ર ભણીને એટલું તો સમજાય છે કે જે દેખાઈ રહ્યું છે તે તેવું નથી. પરંતુ દેખાશે તો લીલો રંગ જ. રંગ તો કેટલા બધા હોય પરંતુ આ સમજાણના કારણે આ લીલો રંગ દેખાતો બંધ નથી થઈ જતો, જ્યાં સુધી આંખો ઉપર ચશ્મા પહેરેલા છે ત્યાં સુધી. બ્રહ્મજ્ઞાનીને સાક્ષાત્કાર છે પરમાત્માનો, એણે સમજો કે ચશ્મા કાઢી નાખ્યા છે. ચશ્મા કાઢી નાખ્યા પછી તેને દરેક રંગ પોતાના રૂપમાં દેખાશે. આ એક સ્વરૂપનો ભેદ છે. આ પ્રકારથી નાસ્તિકને જે કાંઈ પણ દેખાઈ રહ્યું છે તે તેવું જ દેખાઈ રહ્યું છે જેવું આસ્તિકને દેખાઈ રહ્યું છે. તેમાં ફરક નથી. પરંતુ તેને જેવું દેખાઈ રહ્યું છે તેવું તે માની રહ્યો છે. આસ્તિકને જેવું દેખાઈ રહ્યું છે, તેને તે જાણે છે કે આ આવું નથી પરંતુ દેખાય છે તો તેને પણ તેવું જ દેખાઈ રહ્યું છે, તેનાથી બીજું કાંઈક શાસ્ત્રજ્ઞાનીને દેખાતું હોય તો ફક્ત શાસ્ત્ર ભણવાથી જીવનની દરેક સમસ્યા હલ થઈ જાત. ત્યાર પછી તો સાધનાનો કોઈ પ્રશ્ન જ ન રહી જાત જીવનમાં. પછી તો દરેક વ્યક્તિ જેણે બે ચાર પુસ્તક વાંચ્યા, એટલે તેની દરેક સમસ્યાનું સમાધાન થઈ જાત. પરંતુ સમાધાન પુસ્તક વાંચવાથી થઈ જાય, મુદ્દો એટલો સરળ નથી.

એટલા માટે જ ઉપનિષદે કહ્યું છે **"શ્રવણાયાપિ બહુભિઃ યો ન લભ્યઃ શ્રૃણ્વન્તોઽપિ બહવો યં ન વિદ્યુઃ આશ્ચર્યો વક્તા કુશલો અસ્ય લબ્ધા આશ્ચર્યો જ્ઞાતા કુશલાનુશિષ્ટઃ"** (કઠોપ.૧।૨।૭). એટલે કે જે વાત આપણે સાંભળીએ પરંતુ સાંભળ્યા પછી પણ તે વાત સમજી ન શકીએ. સાંભળવાથી સમજાઈ જશે, એવી વાત નથી. સાંભળવાથી આપણે શબ્દો સમજી ગયા, પરંતુ તેનાથી અર્થ સમજાઈ જશે એ વાત જરૂરી નથી. જેમ સમજી લો કે એક માણસ એમ કહે કે મને તરસ લાગી છે. આપણને શબ્દ તો સમજાઈ ગયા કે તેને તરસ લાગી છે પરંતુ તે તરસ આપણને સમજમાં ન આવી શકે. તે તરસ તો તરસ્યાને

જ સમજમાં આવે છે. આપણને તો ફક્ત શબ્દ શબ્દ સમજમાં આવે. જે વ્યક્તિ કહી રહ્યો છે કે ‘‘હું તરસ્યો છું’’ અને તેને તરસ લાગી છે પરંતુ તેની તરસ આપણને સમજમાં ન આવી શકે. જેમ મીરાબાઈ કહે છે ‘‘ઘાયલકી ગતિ ઘાયલ જાને ઔર ન જાને કોઈ’’. આ રીતે તરસ લાગી છે તેને જ તરસ સમજમાં આવી શકે. જે આપણે સાંભળીએ કે તરસ લાગી છે, કહી રહ્યો છે કોઈ કે ‘‘મને તરસ લાગી છે’’. તો તેનાથી આપણને તરસ શું છે તે સમજમાં ન આવી શકે. શબ્દ-શબ્દ તો સારી રીતે સમજી જઈએ. એમ શાસ્ત્રજ્ઞાની જેટલા છે, તેમને શાસ્ત્રની બધી વાત સમજમાં આવી જાય કે જે દેખાઈ રહ્યું છે, તે તેવા પ્રકારનું નથી. તેના સિવાય પણ તેમાં કાંઈક બીજા રંગ છે પરંતુ તે દેખાશે તો તેને પણ તેવું જ જેવું કે એક નાસ્તિકને દેખાઈ રહ્યું છે. આસ્તિકને દેખાય છે તો તેટલું જ. તેનાથી વધારે આસ્તિકને વિશેષ દેખાતું નથી. અન્તર એટલું છે. તે સમજે છે કે આ લીલા ચશ્માના કારણે દેખાઈ રહ્યું છે. મારી અહંતાના કારણે હું એમ માની બેઠો છું કે હું આ છું અને આ મારૂં છે. પરંતુ પરમાત્માએ જે ચશ્મા મારી આંખો ઉપર પહેરાવ્યા છે તેના કારણે મને આવું દેખાઈ રહ્યું છે. હકીકત કાંઈક આનાથી વિશેષ રંગીન છે. જેટલું કે એક રંગ મને દેખાઈ રહ્યો છે તેને બદલે.

## ૮૧. ઈશ્વરનો સ્નેહી અને ભક્ત :

આ સ્થિતિમાં જે નાસ્તિક છે, અનીશ્વરવાદી છે, તેમાં અને ઈશ્વરવાદીમાં એ અન્તર નથી કે અનીશ્વરવાદી ઈશ્વરનો સ્નેહી નથી. સ્નેહી તો તે પણ છે પરંતુ અન્તર થોડુંક સમજશો શાંત ચિત્તથી, તો ખ્યાલ આવશે. નાસ્તિક કે અનીશ્વરવાદી ઈશ્વરનો ભક્ત નથી પરંતુ ઈશ્વરનો સ્નેહી છે. સ્નેહી અને ભક્ત માં થોડુંક અન્તર થઈ ગયું. ‘સ્નેહી’નો મતલબ શું? ઈશ્વરના પ્રત્યે મન તેનું દોડી નથી રહ્યું, એવી વાત નથી. દોડી રહ્યું છે પરંતુ ઈશ્વરને જેવી રીતે ભક્ત ઓળખી લે, માની લે છે કે આ ઈશ્વર છે. પેલો માની શક્તો નથી. તે ફક્ત ચાહી રહ્યો છે ઈશ્વરને. જેમ એક બાળક મોટું થઈ જાય તો માની લે કે જ્યારે મને ભૂખ લાગે ત્યારે મારે રડવું જોઈએ, ત્યારે ‘દૂધ’ કહીને રડે કે ‘રોટલી-પૂરી’ કહીને રડે, નાનું બાળક સમજી ન શકે, ભૂખ લાગે તો ખાલી રડે. તેને ખબર ન પડે કે દૂધને કારણે હું રડી રહ્યો છું. ભૂખના કારણે તે રડે છે. જ્યારે થોડોક મોટો થાય છે, ત્યારે દૂધ મળે એટલા માટે રડવા માંડે છે. આટલું અન્તર ભક્ત અને સ્નેહી માં છે. સ્નેહી ચાહી તો રહ્યો છે પરંતુ માની નથી શક્યો હજુ કે જેને હું ચાહી રહ્યો છું તેની મને

જરૂર છે. તે ફક્ત ચાહી રહ્યો છે, તે ઓળખી નથી શકતો કે તેને ભૂખ છે પણ ભૂખ મટશે શેનાથી? એટલા માટે નાનું બાળક સમજી ન શકે કે દૂધથી ભૂખ મટશે એટલે તે અંગુઠો ચૂસે, કે રમકડું ચૂસે. જે વસ્તુ એને હાથમાં આવે એ બધાને તે મોઢામાં નાખે. એ તેને ખબર નથી કે શેનાથી ભૂખ મટશે. જે મળી જાય છે, હાથમાં જે વસ્તુ આવી, તેને મોઢામાં નાખીને જુએ કે કોઈ રીતે ભૂખ મટશે. ખરેખર અંગુઠાથી ભૂખ મટતી હોત, તો સમસ્યાના સમાધાન ખૂબ સરળ થઈ જાત. દરેક માણસ અંગૂઠો ચૂસી-ચૂસીને તૃપ્ત થઈ જાત પરંતુ અંગૂઠાથી ભૂખ મટતી નથી. અંગૂઠો તો આપણે એક છેતરામણી ઉભી કરી છે આપણી ભૂખ મટાડવા માટે.

## ૮૨. વિષયાનંદ એક છેતરામણી :

આ જ પ્રકારથી જેટલા વિષયો છે તેનો આનંદ આપણામાં રહેતી પરમાત્માની ભૂખને ભૂલાવવાને માટે એક ભૂલામણી છે જે આપણે ઉભી કરી છે. તે અનીશ્વરવાદીમાં પણ છે અને ઈશ્વરવાદીમાં પણ છે. અન્તર ફક્ત એટલું જ છે કે ઈશ્વરવાદી આ હકીકતને સારી રીતે સમજે છે, જેમ બાળક મોટું થઈ જાય તો પણ ઘણા દિવસો સુધી અંગૂઠો ચૂસે. ઘણા બાળક મોટા થઈ જાય તો પણ એને આ ટેવ જતી નથી. બહુ મોટા થયા પછી લોકો તે અંગૂઠો ચૂસવાની નિંદા કરે ત્યારે છાનોમાનો ઘરના ખૂણામાં સંતાઈને અંગૂઠો ચૂસે. હવે મોટા થઈ ગયા, અંગૂઠો ચૂસવાની જરૂર નથી, એ સમજવાની વાત છે. મેં રોટલી ખાતા બાળકને પણ અંગૂઠો ચૂસતા જોયો છે. રોટલી ખાય પછી કોઈ જરૂર નથી અંગૂઠો ચૂસવાની પરંતુ આદત જે પડી ગઈ ચૂસવાની ત્યારે ઉંઘ પણ ન આવે અંગૂઠો ચૂસ્યા વગર. શરમ આવતી હોય તો ચાદર ઓઢીને ચૂસે અંગૂઠો, પરંતુ ચૂસી જરૂર રહ્યો છે. આવી રીતે ભક્ત અંગૂઠો ચૂસે છે. પરંતુ આમ તો એને રોટલી મળી રહી છે. છતાં પણ પેલી અંગૂઠો ચૂસવાની આદત જાય નહીં. ભક્ત પરમાત્માને ઓળખી લે છે પરંતુ વિષયો તરફની તેની આસક્તિ છૂટતી નથી તેમ. વાતમાં અન્તર આટલુંક જ છે આનાથી વધારે અન્તર નથી. જેમ જેમ મોટો થતો જશે, મેચ્યોર (પુખ્ત) થશે, ત્યારે એક દિવસ એવો આવશે કે તેને સમજાઈ જશે કે હવે અંગૂઠો ચૂસવાનું બહુ થઈ ગયું, હવે છોડો. જેમ અઢાર, ઓગણીશ વરસ સુધી બાળક પહોંચે, ત્યારે આપમેળે ચૂસવાની આદત પણ છૂટી જાય. એમ એક વખત એક મેચ્યોરિટી જ્યારે આવે, ભક્તિની મેચ્યોરીટી, ચાહે જ્ઞાનની મેચ્યોરિટી, તે વખતે તે

વિષયાસક્તિનો અંગૂઠો ચૂસવાનું માણસ છોડી શકે. તે પહેલાં છોડી નથી શકતો. આપણે ભક્તિ જરૂર કરીએ. ભક્તિથી આપણું પેટ ભરાતું પણ જાય છે પરંતુ બચપણથી જે વિષયસક્તિનો અંગૂઠો ચૂસવાની આદત જે પડી ગઇ છે તે જતી નથી. કહેવાય છે કે ચોર ચોરીથી જાય પણ હેરાફેરીથી ન જાય. ચોર ઉપર બહુ નિયંત્રણ રાખો, નજરબંધી રાખો, તો તે માલ તો નહીં ઉપાડી જાય પણ અહીંનો માલ લઇને ત્યાં તો રાખી જ દેશે. કેમકે આદત પડી ગઇ હોય છે કાંઇક ઉપાડવું. તે ઘરમાંથી ઉપાડીને નહીં લઇ જાય પરંતુ આ ખૂણામાંથી ઉપાડીને બીજા ખૂણામાં રાખી દે. આટલું ન કરે તો ચોરને ચાલે નહીં. પેટમાં ખાધેલું પચે નહીં, એવી જ રીતે જેટલો ઇશ્વરવાદી ભક્ત છે, તે બિચારો શું કરે? આદત જે પડી ગઇ છે, આદત જે પડેલી છે, તે સ્થિતિની સંભાળ રાખવા માટે ભગવાને ઘણી જાતના ઉપાય બતાવ્યા છે. અભ્યાસના, જ્ઞાનના, ધ્યાનના, કર્મફલત્યાગના, આવા ઘણી જાતના ઉપાયો બતાવ્યા છે. **''શ્રેયો હિ જ્ઞાનમ્ અભ્યાસાદ્ જ્ઞાનાદ્ ધ્યાનં વિશિષ્યતે ધ્યાનાત્ કર્મફલત્યાગઃ ત્યાગાત્ શાન્તિઃ અનન્તરમ્''**(ભ.ગી. ૧૨।૧૨). એટલે કે આ પ્રકારના ઉપાય બતાવ્યા. આ ઉપાયોને જે વખતે આપણે અપનાવીએ, તે વખતે કેવી સાવચેતી રાખવાની જરૂર છે, તે સાવચેતી પણ બતાવી. જેમ બાળકને અંગૂઠો ચૂસવાની આદત છૂટતી ન હોય, તો શું કરે? હોઠ કરડવાની આદત ન છૂટે તો મોટાભાગે માતાઓ હોઠ ઉપર કોઇક કડવું તેલ વિગેરે લગાડી દે. જ્યારે તે કડવાશ મોઢામાં જાય તો તે થૂ-થૂ કરીને આદત છૂટી જાય બાળકની. તેથી કેટલીક કડવી વાતો લગાડવી પડશે વિષયો ઉપર કે તે વાતોના કારણે વિષયાસક્તિના હોઠ કે અંગૂઠો આપણે છોડી શકીએ, આવા પ્રકારની વાતો પ્રભુએ બતાવી છે કે જે તેરમા શ્લોકથી લઇને ઓગણીસમાં શ્લોક સુધી બતાવી છે કે કઇ-કઇ રીતથી મન ઉપર કાબૂ મેળવી શકાય. સીધી રીતે જોઇએ તો તેનો ભક્તિની સાથે કોઇ સંબંધ નથી પરંતુ ભક્તિની તરફ પહોંચવાની ઉપયોગિતા તેની ખૂબ મોટી છે. એ વાત ન ભૂલતા. જેમકે સીધી રીતે જોઇએ તો તે હોઠ ઉપર કે અંગુઠા ઉપર કડવું તેલ લગાવી દો, તો જેનાથી ચૂસવામાં મજા ન આવે, મજા આવતી બંધ થઇ જાય. તેની પેટ ભરવામાં કોઇ ઉપયોગિતા નથી, પરંતુ એક ખોટી આદતને છોડાવવામાં તેની પરમ ઉપયોગિતા છે. આ પ્રકારના તેરથી લઇને ઓગણીસ શ્લોકોથી, આ કદાચ પૂરો થાય કે ન થાય, વિષય ખૂબ જ વિસ્તારવાળો છે. પરંતુ મેં તમને આખા અધ્યાયની એક સમરી બતાવી દીધી કે જે રીતે ક્યારેક તમે ઘરમાં પુસ્તક લઇને બેસો, તો તમને ખ્યાલ આવશે કે કેટલા શ્લોકોમાં, ક્યાંથી શું બતાવ્યું છે. આ આની આખી સમરી છે.

## ૮૩. અવ્યક્તોપાસના – વ્યક્તોપાસના :

અવ્યક્તોપાસના બાદ વ્યક્તોપાસનાનું નિરૂપણ કરતાં, ભગવાન્ બતાવી રહ્યા છે **''યે તુ સર્વાણિ કર્માણિ મયિ સન્ન્યસ્ય મત્પરાઃ અનન્યેનૈવ યોગેન માં ધ્યાયન્ત ઉપાસતે. તેષામ્ અહં સમુદ્ધર્તા મૃત્યુસંસારસાગરાત્ ભવામિ ન ચિરાત્ પાર્થ મયિ આવેશિતચેતસામ્. મય્યેવ મન આધત્સ્વ મયિ બુદ્ધિં નિવેશય નિવસિષ્યસિ મય્યેવ અત ઉર્ધ્વં ન સંશયઃ''** આ જે ત્રણ શ્લોક છે, તેમાં ભગવાને ભક્તિયોગનું સ્વરૂપ સમજાવ્યું છે. ખૂબ સંક્ષિપ્તમાં સમજાવ્યું છે પરંતુ ખૂબ જ સ્પષ્ટ સમજાવી દીધું છે કે અવ્યક્તોપાસનામાં તમારે કાંઈક કરવું પડશે. ભક્તિમાં તમારે કાંઈ કરવાનું નથી. બધું જ તમે મારા ઉપર છોડી દીધું છે તેથી બધું જ હું કરીશ.

ક્યારેક તમે વિમાનઘર જાવ તો તમને આ વાત દેખાશે. જ્યાં સમાન ઘણો હોય છે માણસને સામાન લેવા જવું નથી પડતું. ત્યાં એક કન્વેઅર્ બેલ્ટ્ લગાડી દે. માણસ જ્યાં ઉભો હોય ત્યાં ઉભો રહે, ધીરેથી તેનો સમાન તેની પાસે ચાલીને આવી જાય. તમે જ્યાં ઉભા છો ત્યાં ઉભા રહો. ત્યાંથી તમારો સામાન ઉપાડીને ચાલતા થાવ. દોડાદોડી કરવાની ત્યાં જરૂરત નથી. એવી રીતે ભક્તિમાં એક સરળતા છે. અવ્યક્તોપાસનામાં બધાં જ પગલાં તમારે ભરવા પડશે. વ્યક્તોપાસનામાં પરમાત્માની ભક્તિમાં અન્તર એ છે કે તમારે કાંઈ કરવાની જરૂરત નથી. પરમાત્મા તમને તમારા તરફ દોડીને આવતો દેખાશે જો સ્નેહ હશે તો.

હવે જ્ઞાન છે, જ્ઞાનના કારણે તમને તેની દૂરી એટલી દેખાશે કે તમારે સતત તેની પાછળ દોડવું પડશે. સ્નેહને કારણે તમને સામીપ્ય એટલું અનુભવાશે કે તમને એ દોડીને આવતો દેખાશે. વાત એકની એક જ છે. તે દૂર પણ છે અને તે પાસે પણ છે. પરમાત્માના બંને રૂપ છે. દૂરબીન્ તમે ક્યારેક જોયું હોય, તો તમને ખ્યાલ આવશે કે દૂરબીનના એક છેડાથી જુઓ તો દૂરની વસ્તુ પાસે દેખાય. તેને ફેરવીને બીજા છેડેથી જુઓ તો એ જ પાસેની વસ્તુ ખૂબ દૂર દેખાય. તે એક દૂરબીન બંને કામ કરે. તો જ્ઞાન અને ભક્તિ માં અન્તર ફક્ત આટલું જ છે કે જ્ઞાનના કારણે પરમાત્મા પાસે હોવા છતાં દૂર દેખાશે. કેમકે તે અવ્યક્ત થઈ ગયો. આપણી આંખો અવ્યક્તને ગ્રહણ નથી કરી શકતી, ફક્ત વ્યક્તને જ ગ્રહણ કરી

શકે. આપણા કાન વ્યક્તને ગ્રહણ કરી શકે. અતિ ઊંડાઇ દેખાશે. ખૂબ જ દૂર ચાલવાની સ્થિતિ, જ્ઞાનની અનુભવાશે પરંતુ ભક્તિના કારણે પરમાત્મા સતત પાસે આવતો દેખાશે સ્નેહના દૂરબીનથી જોશો તો પાસે આવતો દેખાશે. અન્તર ફક્ત એટલું છે. અત્યાર સુધીના વર્ણનથી આપણે સારી રીતથી આ વાતને સમજી ગયા કે પરમાત્મા પાસે પણ છે દૂર પણ છે. ઉપર પણ છે, નીચે પણ છે, સર્વત્ર છે. પરંતુ દૂરબીનનો તમે કેવી રીતે ઉપયોગ કર્યો છે અને જ્ઞાનથી કેવી સ્થિતિ છે, આનું વિવેચન સમજવું જરૂરી છે.

## ૮૪. યે તુ સર્વાણિ કર્માણિ મયિ સંન્યસ્ય મત્પરાઃ

એટલા માટે કહે છે **''યે તુ સર્વાણિ કર્માણિ મયિ સન્ન્યસ્ય મત્પરાઃ''** જુઓ કર્મનો ત્યાગ એક વસ્તુ છે અને **''મયિ સન્ન્યસ્ય''** બીજી. **''મયિ સન્ન્યસ્ય''** ના બે અર્થ થાય, કર્મનો સંન્યાસ નહીં ઉલ્ટાનું કર્મનો ભગવાન્‌ને માટે સંન્યાસ છે. અથવા ભગવાન્‌માં કર્મનો સંન્યાસ. આપણે આપણા કર્મને છોડીએ, ક્યાં છોડીએ? ભગવાન્‌માં છોડીએ, ત્યાં આપણે કર્મને છોડીએ, શા માટે છોડીએ? ભગવાન્‌ને માટે છોડીએ. બે રીતથી સંન્યાસ થઇ શકે છે. ભગવાન્‌માં છોડીએ કર્મને અથવા ભગવાન્‌ને માટે કર્મને છોડીએ. ખરેખર કર્મને છોડવાના નથી. જે પણ કર્મ તમે કરી રહ્યા છો, તે તમે કરતા રહો પરંતુ તેમાં તમને એ ભાવ જાગ્યો કે આ કર્મ પ્રભુને માટે છે. જેમ અમારા ઘરોમાં એક નિયમ રાખવામાં આવ્યો છે. લગ્નપ્રસંગ હોય, કોઈપણ કામ હોય **''શ્રીગોપીજનવલ્લભ-પ્રીત્યર્થમ્''** એમ કહેવામાં આવે. લગ્ન પણ થાય તો **''શ્રીગોપીજનવલ્લભપ્રીત્યર્થં કરિષ્યે''**. લગ્ન કરી રહ્યા છીએ તો લગ્ન શેના માટે કરી રહ્યા છીએ? ભગવત્પ્રીતિને માટે. જનોઇ શેના માટે લઇ રહ્યા છીએ? ભગવત્પ્રીતિને માટે. ધંધો કરી રહ્યા છીએ શેના માટે, ભગવત્પ્રીતિને માટે. જેમ એક માં જાગે તો પોતાના બાળકને દૂધ પીવડાવવા માટે. સૂવે તો બાળકને પાસે સૂવડાવવા માટે. ખાય તો બાળકને દૂધ પીવડાવવા માટે. જેમ માંના બધા જ કર્મ પોતાના બાળક માટે સંન્યસ્ત છે, એ રીતે ભક્તના બધા કર્મ ભગવાન્‌ને માટે છોડવામાં આવે છે. કર્મ નથી છોડવામાં આવતા. કર્મ જે કરી રહ્યા છો, જ્યાં સુધી મા નહોતી થઇ ત્યાં સુધી ખાઇ રહી હતી તે પોતાના માટે ખાઇ રહી હતી. પરંતુ મા બને એટલે સાવધાની રાખવી પડશે કે કોઇ વસ્તુ એવી ન ખાઇ શકાય કે જેના ખાવાથી બાળકને દૂધમાં એટલું ભારેપણું આવે કે બાળકનું પેટ બગડે. આ વાતની

સાવધાની રાખવામાં આવતી હતી. અત્યારે નથી રાખતા પરંતુ શાસ્ત્ર અને મોટાઓ-વૃદ્ધો સમજાવતા હતા કે જો દૂધ પીવડાવવું છે તો કેવો ખોરાક ખાવો જોઇએ. ગમે તેવો ખોરાક ખાશો તો બાળકને દૂધ ભારે લાગશે. એ પહેલાં પણ ખાતી હતી, પછી પણ ખાઇ રહી છે. જ્યારે પહેલાં ખાતી હતી ત્યારે પોતાના ખાવા માટે ખાતી હતી પરંતુ પછી જ્યારે ખાઇ રહી છે, ત્યારે બાળકને દૂધ પીવડાવવા માટે ખાઇ રહી છે. પહેલાં પણ તે જાગતી હતી પરંતુ પોતાના માટે જાગતી હતી. પછી પણ જાગી રહી છે પરંતુ બાળકને જગાવવા માટે જાગી રહી છે. પહેલાં પણ સૂતી હતી, પોતાના માટે સૂતી હતી અને પછી જ્યારે સૂઇ રહી છે તો બાળકને સુવડાવવા માટે સૂઇ રહી છે. તો કર્મસંન્યાસ, ભગવાન્‌ને માટે કર્મનો સંન્યાસ નથી પરંતુ ભગવદ્‌હેતુથી કર્મસંન્યાસ છે. એટલે કે તમો ભોજન કરો ઘરમાં, ઘરમાં તમે રસોઇ બનાવો, એમાં કોઇ ખરાબ વાત નથી પરંતુ પ્રભુને ભોગ ધરાવવા માટે રસોઇ બનાવો. તો તે રસોઇ બનાવવાનું કર્મ જ **''મયિ સંન્યસ્થ''** બની ગયું. ધંધો કરો તેમાં કોઇ ખરાબ વાત નથી પરંતુ એ જ ધંધો એવું વિચારો કે મારે ભગવત્કાર્ય કરવું છે. તે જે તમે એક શુભ સંકલ્પ સ્થાપિત કર્યો, તો એજ ધંધો ભક્તિનું એક અંગ બની જશે. એ જ લગ્ન ભક્તિનું અંગ બની ગયું. એટલે કે શ્રીમહાપ્રભુજી આ વાતને બહુ સુંદર રીતે કહે છે કે બધી જ ઇન્દ્રિયોના વ્યાપાર ભગવાન્‌ની તરફ ફેરવી દો. જોવું કાંઇ ખરાબ વાત નથી. ભગવાન્‌ના દર્શન કરો. ગાવાની ઇચ્છા કાંઇ ખરાબ વાત નથી. ભગવલ્લીલાનું સંગીત ગાય. એટલે જ્યારે ઇન્દ્રિયોના વ્યાપારોને આપણે પરમાત્મા તરફ ફેરવી લીધા, ત્યારે એ જ કર્મ જે કરી રહ્યા છીએ **''મયિ સંન્યસ્ય''** બની જશે. ભગવાન્‌ના નિમિતે આપણે એ કર્મ છોડી દીધા છે. હવે આપણે આપણા માટે નથી કરી રહ્યા. જે કાંઇ કર્મ કરી રહ્યા છીએ પ્રભુને માટે કરી રહ્યા છીએ. આ ભાવ જાગ્યો નહીં કે ભક્તિનું સ્વરૂપ ખડું થઇ જશે. જ્યારે કર્મ આપણે આપણા માટે કર્યા, એ જ વખતે ભક્તિનો વિરોધી ભાવ પ્રકટ થઇ જાય છે.

## ૮૫. અનન્યેનૈવ યોગેન માં ધ્યાયન્ત ઉપાસતે :

આ કર્મનું પાસું બતાવ્યું. તેના પછી દેહની ક્રિયા. જેમ દેહની ઇન્દ્રિયોની ક્રિયાઓનો સંન્યાસ બતાવ્યો. તેવી જ રીતે મનની તે વખતે કેવી સ્થિતિ હોવી જોઇએ? **''અનન્યેનૈવ યોગેન માં ધ્યાયન્ત ઉપાસતે''**. જેમ બહુ પ્રસિદ્ધ ઉદાહરણ આપવામાં આવે છે જલ ભરવાવાળીનું. તે જલ ભરવા જાય, તે વાતો

પણ કરતી હોય, તે ચાલતી પણ હોય, ગપ્પા પણ મારતી હોય પરંતુ ધ્યાન એનું એ ઘડા ઉપરથી ચૂકે નહીં. તે અનન્યયોગથી ઉપાસના. કામ બધું જ કરી શકાય છે પરંતુ ધ્યાનમાં પ્રભુ રહેવા જોઈએ. આ અનન્યયોગથી ભગવાન્‌માં ધ્યાન બન્યું રહે તો ભક્તિ બની જશે અને જ્યારે ભક્તિ બનશે પછી તમારે કાંઈ કરવાની જરૂરત નહીં પડે. ભગવાન્ કહી રહ્યા છે કે તમે નિશ્ચિંત રહો, તમારે કાંઈ કરવાની જરૂર નહીં પડે. ભગવાન્ મારો ઉદ્ધાર કરશે, મારે મારો ઉદ્ધાર કરવાની શું જરૂર છે ?

અરે! તમે શું પૂછી રહ્યા છો? અર્જુને આ પ્રશ્ન કર્યો હતો **''તેષાં કે યોગવિત્તમા! એવં સતતયુક્તા યે ભક્તાઃ ત્વાં પર્યુપાસતે. યે ચાપિ અક્ષરમ્ અવ્યક્તં તેષાં કે યોગવિત્તમાઃ''** બંનેમાંથી યોગવિત્તમ કોણ છે? જો ઉદ્ધારની ચિંતા કરી રહ્યા છો, તો આ વાત સમજો. જો જ્ઞાનયોગથી તમારે ઉદ્ધાર કરવો છે, તો ત્યાં સ્પષ્ટ નિર્દેશ આપી દીધેલો છે **''ઉદ્ધરેદ્ આત્મના આત્માનં ન આત્માનમ્ અવસાદયેત્''** જ્ઞાનયોગમાં તમારે પોતાની જાતે એટલે કે આત્માથી આત્માનો ઉદ્ધાર કરવો છે. આ ભવસાગરને તરવો છે. તે એટલા માટે કે બંને ભગવાન્‌ના ચરણ છે. આત્મા પણ ભગવાન્‌નું એક ચરણ છે. તમારી અંદર રહેલો સ્નેહ, ભક્તિ પણ ભગવાન્‌ના ચરણ છે. એટલા માટે જ **''ચરણં પવિત્રં વિત્તતં પુરાણં યેન પૂતઃ તરતિ દુષ્કૃતાનિ તેન પૂતેન પવિત્રેણ પૂતા અતિ પાપ્માનમ્ અરાતિં તરેમઃ''** (મહાનારા.ઉપ.). આ ઉપનિષદ્‌માં કહ્યું છે. આ ભક્તિ પણ ભગવાન્‌નું ચરણ છે. જ્યાં સુધી ભગવાન્ પોતાનો ચરણ હૃદયમાં સ્થાપિત ન કરે ત્યાં સુધી ભક્તિ પ્રકટ થઈ જ ન શકે. સ્નેહ તો રહી શકે પરમાત્મા પ્રત્યે પરંતુ ભક્તિ ન થઈ શકે. 'ભક્તિ'નો મતલબ શું? તેને ઓળખીને તેને ચાહવો. 'સ્નેહ'નો મતલબ છે કે ઓળખ્યા વગર આપણે તેને ચાહી રહ્યા છીએ. આપણે ઓળખી નથી રહ્યા, આપણે જાણી નથી રહ્યા, આપણને કઈ વસ્તુ જોઈએ? ભૂખ લાગી છે પરંતુ ભૂખ મટશે કેમ, એ જાણી નથી રહ્યા. ભક્તિનો મતલબ છે એ ઓળખી લેવું કે ભૂખ આનાથી મટશે અને એને ચાહવું. આટલું અન્તર છે. ભક્તિ જે વખતે આપણા હૃદયમાં પ્રકટ થઈ ગઈ, તે વખતે ભગવાન્‌નો ચરણ આપણા હૃદયમાં સ્થાપિત થયો છે. હવે એ સ્થાપિત કેટલી દઢતાથી થયો છે? આ વાતના જુદા જુદા સ્વરૂપ હોઈ શકે છે. કોઈના હૃદયમાં અસ્થિર સ્થાપિત થાય છે, કોઈના હૃદયમાં સ્થિર સ્થાપિત થાય છે. તેના હિસાબથી થોડોક ફરક પડી શકે છે

પરંતુ જેના પણ હૃદયમાં ભક્તિ પ્રકટ થઈ છે, તે પરમાત્માના ચરણ સ્થાપન વગર પ્રકટ નથી થઈ શકતી. એટલો પરમાત્માનો ચરણ હૃદયમાં એટલી સ્થિરતાથી સ્થાપિત છે. એટલા જ માટે કહે છે **''તેષામ્ અહં સમુદ્ધર્તા મૃત્યુસંસારસાગરાત્ ભવામિ નચિરાત્ પાર્થ મયિ આવેશિતચેતસામ્''** એટલે કે તેને ઉદ્ધારની ચિંતા નથી. કેમ ઉદ્ધારની ચિંતા ન કરવી જોઈએ? કેમકે ભગવાન્‌નો ચરણ હૃદયમાં સ્થાપિત થયો. આટલા માટે જ આપણે ત્યાં શ્રીનાથજીના સ્વરૂપમાં ધ્યાનથી જુઓ તો એક વાત બતાવવામાં આવે છે. શ્રીનાથજીનો દક્ષિણચરણ મુક્તિરૂપ માનવામાં આવેલો છે અને વામચરણ ભક્તિરૂપ માનવામાં આવેલો છે. મુક્તિ અને ભક્તિ ના બે ચરણોથી શ્રીનાથજી ઠાડા છે. આટલા માટે જ મોરને મુક્તજીવ માનવામાં આવેલો છે જે શ્રીનાથજીના દક્ષિણ ચરણને નિહાળી રહ્યો છે. ગાયને ભક્ત માનવામાં આવેલી છે જે ભગવાન્‌ના વામચરણને નિહાળે છે. ગાય આપણે ત્યાં ભક્તિ છે પરમાત્મા પ્રત્યે રહેલી. પરમાત્માના ચરણમાં રહેલી મુક્તિને મોર નિહાળી રહ્યો છે. એટલા માટે જ્ઞાની અને ભક્ત આ પ્રકારના બે ચરણ છે. આ બંને ચરણો ઉપર પરમાત્મા ઉભેલ છે મુક્તિ અને ભક્તિ ના. ભક્ત એટલા માટેજ ભક્તિવાળા ચરણને નિહાળે. જ્ઞાની મુક્તિવાળા ચરણને નિહાળી રહ્યો છે. બંને ચરણ પરમાત્માના છે પરંતુ એક ચરણ નજીક લાગે છે અને બીજો ચરણ થોડોક દૂર લાગે છે, અન્તર શું છે? કેમકે મુક્તિવાળા ચરણમાં અવ્યક્તતા રહેલી છે. ભક્તિવાળા ચરણમાં વ્યક્તતા આવી ગઈ છે. અન્તર આટલું જ છે. બાકી બંને ચરણ પરમાત્માના છે. એટલા માટે જ કહે છે **''તેષામ્ અહં સમુદ્ધર્તા મૃત્યુસંસારસાગરાદ્ ભવામિ નચિરાત્ પાર્થ! મયિ આવેશિતચેતસામ્''** એને એ નહીં લાગે કે દૂરની સાધના કરવી પડશે, આ કરવું પડશે. કેમ? એના માટે ન તો કોઈ ભવનો પ્રશ્ન રહી જાય છે, કેમકે તરવું હોય તો હિલોળા આપણને ડૂબાડી શકે છે. જ્યારે આપણે નાવમાં, મોટી બોટમાં બેઠા છીએ, ત્યારે હિલોળા શું કરી શકશે આપણું? આવી એક આશ્વસ્તતા આપણા મનમાં આવી જાય કે ભગવચ્ચરણારવિંદની બોટમાં આપણે બેસી ગયા તો **''તેષામ્ અહં સમુદ્ધર્તા મૃત્યુસંસારસાગરાત્ ભવામિ નચિરાત્ પાર્થ ! મયિ આવેશિતચેતસામ્''** એટલા માટે ભગવાન્ કહે છે **''મય્યેવ મન આધત્સ્વ મયિ બુદ્ધિં નિવેશય''** મનનું આધાન જો તારે કરવું છે, તો ક્યાં કરીશ? તો ભગવાને તેનો ખુલાસો આપ્યો કે મનનું આધાન મારામાં કર. બુદ્ધિને જો ક્યાંય લગાડવી છે, પ્રવેશ કરાવવો છે, તો મારા સાકાર રૂપમાં કરાવ. બધી વાત

સુલભ થઈ જશે (સરળતાથી મળી જશે) તને લાગશે કે પરમાત્મા તારી પાસે છે. જો નિરાકારમાં કરીશ તો બુદ્ધિ ત્યાં સુધી પહોંચવી જ અતિ કઠિન છે. મોટા મોટા કઠિન પગલાં છે. બુદ્ધિ ત્યાં પહોંચી નહીં શકે.

## ૮૭. અભ્યાસયોગ :

પણ એક વાત એ છે કે આ પ્રકારનો ભક્તિનો ભાવ હૃદયમાં પ્રકટ નથી થઈ શકતો. એટલા માટે ભગવાન્ કહી રહ્યા છે **''અથચિત્તં સમાધાતું ન શક્નોષિ મયિ સ્થિરમ્''** જો ચિત્તને મારામાં સમાહિત કરવામાં સમર્થ ન હો તો **''અભ્યાસયોગેન તતો મામ્ ઈચ્છ આપ્તું ધનંજય''** તો હજુ રાહ જો. હજી તારી લગ્નની તૈયારી નથી. હજી થોડા દિવસ મારી સાથે સગાઈ રાખ. સગાઈ કેવી રીતે રાખવાની? **''અભ્યાસયોગેન તતો મામ્ ઈચ્છ આપ્તું ધનંજય!''** અભ્યાસયોગથી મને પ્રાપ્ત કરવાની ઈચ્છા કર. હજી તું ભક્તિ શરૂ ન કર. જુઓ થોડીક વાત એટલા માટે પહેલાં બતાવી હતી કે ઈચ્છા વડે જો એનામાં સ્નેહ થતો હોય, તો તે સ્નેહ નહીં કહેવાય. પરંતુ અહીં મૂલતઃ પ્રભુ જે વાત કહી રહ્યા છે તે એમ નથી કહી રહ્યા કે ઈચ્છા કરવાથી સ્નેહ પેદા થશે. ભગવાન્ જે વાત સમજાવવા માગી રહ્યા છે, તે એ વાત છે કે જેમ તું સગાઈ જાળવી રાખશે મારી સાથે, તો જેટલો પણ સ્નેહ છે, તે પ્રકટ થશે. લૌકિક કોઈપણ વિષયમાં સ્નેહ પ્રકટ થાય છે, તે પણ સગાઈને કારણ પ્રકટ થાય છે. જેમ સંસ્કૃતમાં કહેવાય છે **''સખ્યં સાપ્તપદીનમ્ ઉચ્યતે''** સાત પગલા સાથે ચાલે તો સ્નેહ થઈ જાય.

અમે બનારસમાં ધર્મશાળામાં રહ્યા. જે ધર્મશાળામાં રહ્યા તે ધર્મશાળા અમારી નહીં. તે ધર્મશાળાના રૂમ અમારા નહીં. પણ બે વરસ ત્યાં રહીને ભણ્યાં. હજી પણ ત્યાં જઈએ તો એમ લાગે કે આ રૂમ અમારો છે.

અરે! ધર્મશાળાનો રૂમ અમારો શા માટે? પણ બે વરસ રહ્યાને! તો આટલી સખ્યતા એમાં આવી. એટલી સખ્યતા એમાં આવી કે જ્યારે પણ ત્યાં જઈએ ત્યારે મનમાં આ ભાવ આવે અને જે પણ સાથે હોય તો એને બતાવીએ કે જુઓ આ અમારો રૂમ હતો ધર્મશાળામાં. આટલી મમતા તો પેદા થાય જ છે. કેમ કે મનનો આ સ્વભાવ છે. **''સંગાત્ સંજાયતે કામઃ''** (ભ.ગી. ૨।૬૨) સંગથી કામ પેદા થાય છે. તો પછી થોડો સંગ રાખ. ભગવાન્નો સંગ રાખ. ભગવાન્નો

સંગ કેવી રીતે રહેશે? ભગવત્કથાથી, નવવિધા ભક્તિથી. **''શ્રવણં કીર્તનં વિષ્ણોઃ સ્મરણં પાદસેવનં અર્ચનં વંદનં દાસ્યં સખ્યમ્ આત્મનિવેદનમ્''** (ભાગ.પુરા.૭।૫।૨૩). જે પ્રકારથી તું ભગવાન્‌નો સંગ રાખી શકતો હોય એટલો સંગ રાખ. તે સંગ જ ધીરે-ધીરે પરમાત્મા પ્રત્યે રહેલા સ્નેહને પ્રકટ થવાનો અવસર આપી દેશે.

## ૮૭. ભક્તિની જડોનું સિંચન :

જેમ અમારે ત્યાં પાછળના ભાગમાં એક તુલસીજી છે. તે મોટા ભાગે સૂકાયેલા રહે. કોઇ એમાં પાણી પાય જ નહીં. પરંતુ જ્યારે પણ એમાં જલ કરવા જઈએ, દશ-પંદર દિવસ જલ કરીએ તો તે ખિલવા લાગી જાય. કેવી રીતે ખિલી જાય ? કેમકે અંદર એની જડ છે. જડ છે તો પાંદડા એમાંથી કેમ ન નીકળે? એટલા માટે ન નીકળે કે સંગના જલનું સિંચન એમાં નથી થઇ રહ્યું. સંગનું સિંચન થયું નહીં અને તેનાં પાંદડા ખિલવા લાગી જાય. એવી જ રીતે પરમાત્માના સંગનું સિંચન થાય, તો પોતાની મેળે ભક્તિમાંથી અંકુરણ તેમાં સ્પષ્ટ થઇ જશે. હૃદયમાં જડ તો છે જ ભક્તિની. મેં તમને બતાવ્યું કે એવી કોઇ વ્યક્તિ નથી, જેના હૃદયમાં પરમાત્મા પ્રત્યે પ્રેમ ન હોય. દરેક વ્યક્તિમાં પરમાત્મા પ્રત્યે પ્રેમ છે પરંતુ બીજા-બીજા આવરણોથી તે ખિલી શકતો નથી. નથી ખિલી શકતો તો થોડુંક સિંચન તેનું શરૂ થઇ જાય તો એની મેળે ખિલવાનો શરૂ થઇ જશે. આ પ્રકારથી દરેક વ્યક્તિના હૃદયમાં પરમાત્માના પ્રત્યે રહેલા સ્નેહને થોડો થોડો પરમાત્માનો સંગ જે પ્રકારથી તમે સ્થાપિત કરી શકતા હો, જે પ્રક્રિયાથી તમે કરી શકતા હો, જે વાતના અભ્યાસથી શ્રવણના અભ્યાસથી કરી શકતા હો તો કરો. અભ્યાસ એટલે શું? વારંવાર તેનું આવર્તન. જે અભ્યાસ તમને સારો લાગે, તે એટલા માટે નહીં કે અભ્યાસ શેનો કરવો, જે અભ્યાસ તમને લાગતું હોય કે આ અભ્યાસ કરવાથી મનમાં પરમાત્મા પ્રત્યે સગાઈનો ભાવ પેદા થાય, સ્થિર થાય છે. જે અભ્યાસને કરવાથી પરમાત્માનું સામીપ્ય અનુભવાય તે અભ્યાસ કરો. **અભ્યાસયોગેન તતો** ઈચ્છા એની મેળે થવા લાગી જશે. જેમ બે વરસ ધર્મશાળામાં રહ્યા, તો આપમેળે ઈચ્છા થાય કે આ અમારો રૂમ છે. આમ થોડોક અભ્યાસ તમે શરૂ કર્યો તો ઈચ્છા તમારા હૃદયમાં છે. જેમ અગ્નિનો અંગાર રાખમાં ઢંકાઈ જાય, તેનો મતલબ એ નથી કે તે બુઝાઇ ગયો છે, તે અન્દર છે, ઢંકાઇ ગયો છે. એમ પરમાત્માને મેળવવાની ઈચ્છા આપણા હૃદયમાં રહેલી છે. થોડીક રાખ હટાવવી પડશે હવા

નાંખીને, ફૂંક મારીને તો તે અંગારો પોતાની મેળે સળગવા લાગી જશે. હજુ પણ આપણા હૃદયમાં તે જડો કાયમ છે. બસ થોડુંક ચિંતન કરવું પડશે અભ્યાસનું. શ્રવણનો હોય, કીર્તનનો હોય, સ્મરણનો હોય, અર્ચનનો હોય, વંદનનો હોય, સખ્યનો હોય, દાસ્યનો હોય કે આત્મનિવેદનનો હોય. જે પ્રકારથી તમે તેનું સામીપ્ય અનુભવ કરી શકતા હો, તમારા હૃદયમાં જેનો બીજભાવ હોય. ભક્તિ છેવટે શું છે? પરમાત્મા પ્રત્યે હૃદયમાં રહેલો સ્નેહ અને તે પ્રત્યેકમાં છે. તેને પ્રકટ કરવાનો છે. શેનાથી પ્રકટ કરશું? જે મેં કાલે તમને બતાવ્યું કે કેટલાક લોકો કામનાને લીધે પ્રકટ કરે, ભાઈ! આપણી આ કામના પૂર્ણ થશે તો આવું કરશું! કામનાને કારણે જો પ્રકટ કરવા જશું તો કામના પૂરી થતાં જ પાછી તે ભાગી જશે. આગ તો સળગી રહી છે. તેમાં સૂક્ષ્મ અન્તર આટલું જ છે કે જ્યારે તમે કામનાથી ભક્તિ કરવા જશો તો જેટલા દિવસ કામના રહેશે, એટલા દિવસ જ તે ભક્તિ રહી. કામના પૂરી થઈ નહીં કે ગરજ સરી અને વૈદ વેરી. આવી સ્થિતિ થઈ જશે. કામનાથી તેને પલ્લવિત કરવાની કોશિષ ન કરો. સકામ બનાવવાનો પ્રયાસ ન કરો. જો કોઈ તેનો પ્રયાસ કરવો છે તો ઉપાય તો આ જ છે કે કાં તો માહાત્મ્યજ્ઞાનથી સારી રીતે પરમાત્માની મહાનતાને સમજો અને કોઈપણ હેતુથી તેને પ્રકટ કરવાનો પ્રયાસ ન કરો. કામનાપૂર્તિ માટે ભક્તિને પ્રકટ ન કરો. એટલે કે ન તો આર્ત અર્થાર્થિકિ જિજ્ઞાસુ બનીને, ન તો મુક્તિને માટે પ્રકટ કરો. ન અર્થાર્થિતાને માટે પ્રકટ કરો, ન કામનાપૂર્તિને માટે કરો. પ્રકટ કરવી હોય તો **''તેષાં જ્ઞાની નિત્યયુક્ત એકભક્તિઃ વિશિષ્યતે''** જ્ઞાનને કારણે પ્રકટ કરો, જ્ઞાનને કારણે પ્રકટ ન થતી હોય, કેમકે જ્ઞાન પણ દરેક વ્યક્તિમાં પ્રકટ નથી થઈ શકતું ભગવાન્ આ વાતને સમજાવી રહ્યા છે તો કોઈ વાત નથી. ચાલો અભ્યાસથી કરો. આ તો ધનંજયને પરમાનન્દ શ્રીકૃષ્ણએ આપેલો ગીતોક્ત ઉપદેશ છે. અત્યારના જમાનામાં તો અમે ગુસાંઈઓ ખુદ ધનજિત ધનાર્ત ધનાર્થીધિનૈકચિત્ત બની જવાના કારણે પુષ્ટિભક્તિ પણ ભગવત્સેવામાં કુનવારા-છપ્પનભોગ વગેરેના આર્થિક ઉપાર્જનની વાનરોચિત મનોવૃત્તિથી કરવા માંડયા છીએ અને ભાગવતકથા પણ આવી રૂપિયા ભેગા કરવાની નૌટંકી દેખાડવા પૂરતી કરવા માંડયા છીએ! **''ડૂબે વંશ કબીરકા કે ઉપજે પૂત કમાલ!''**

## ૮૮. અદ્વેષ્ટા સર્વભૂતાનામ્ :

અભ્યાસ કરશો તો ધીરે-ધીરે સંગ થશે તો સ્નેહની જે આગ હૃદયમાં

રહેલી છે, તે **"અથચિત્તં સમાધાતું ન શક્નોષિ મયિ સ્થિરમ્ અભ્યાસયોગેન તતો મામ્ ઈચ્છ આપ્નું ધનંજય"** પરંતુ જ્યારે તમે અભ્યાસ કરી રહ્યા છો ભક્તિ જગાવવા માટે, ત્યારનું તથ્ય પ્રભુ બતાવી રહ્યા છે તેરમાં અને ચૌદમાં શ્લોકમાં :

**અદ્વેષ્ટા સર્વભૂતાનાં મૈત્રઃ કરૂણએવ ચ ।**
**નિર્મમો નિરહંકારઃ સમદુઃખસુખઃ ક્ષમી ।।**
**સન્તુષ્ટ સતતં યોગી યતાત્મા દૃઢનિશ્ચયઃ ।**
**મયિ અર્પિતમનોબુદ્ધિઃ યો મદ્ભક્તઃ સ મે પ્રિયઃ ।।**

જે વખતે તમે અભ્યાસ કરી રહ્યા છો, તે વખતે તમે પરમાત્માની સાથે ભક્તિનો અભ્યાસ કરી રહ્યા છો અને જગત્‌ની સાથે કે તમારાથી અધિક ઉત્કર્ષ પ્રાપ્ત કરવાવાળાની સાથે દ્વેષ કરશો તો તમે ક્યાંકને ક્યાંક ભટકી જશો. તમે ભક્તિના નામે તમારી દ્વેષની વૃત્તિ વધારી લેશો. મોટાભાગે માણસ આ જ કરે કે આપણે જે સ્વરૂપનો અભ્યાસ કરી રહ્યા છીએ પ્રેમનો, તેનો તો અભ્યાસ કરે નહીં અને બીજા સ્વરૂપોની સાથે દ્વેષનો અભ્યાસ વધારે કરી લે. ચક્કર અહીં આવીને પડી જાય છે ભક્તિનું. આપણે જો સાકારવાદી છીએ તો આપણને નિરાકારવાદીના ખંડનમાં મજા આવવા લાગી જાય. નિરાકારવાદી હોય તો તેને સાકારવાદીના ખંડનમાં વધારે મજા આવવા લાગી જાય, વિષ્ણુના ભકત છે તેને શિવજીના ચરણ ખેંચવામાં વધારે મજા આવે છે. શિવજીના ભકત છે તેને વિષ્ણુના ચરણ ખેંચવામાં વધારે મજા આવે છે. અરે! ભક્તિની દિશા એ નથી. દિશા ભક્તિની એ છે કે જે તમે કરી રહ્યા છો તેના તરફ આગળ વધો. જે તમે નથી કરી રહ્યા, તેની ચિંતા છોડી દો. જ્યારે તમે આ પ્રકારની એકાગ્રતા કેળવશો તો વિરોધી ચિત્તની વૃત્તિ આ ભક્તિને માટે આવશ્યક નથી. ઝઘડવા માટે આવશ્યક છે. કરવો હોય તો કરો ઝઘડો આનંદથી, પરંતુ આ ઝઘડવાની વૃત્તિ ભક્તિમાં આવશ્યક નથી. એટલા માટે ભગવાન્ કહે છે "અદ્વેષ્ટા સર્વભૂતાનામ્" એટલે કે પ્રત્યેક ભૂતમાત્ર વસ્તુમાત્રને માટે તમારે અદ્વેષ્ટા બનવું પડશે. કેમકે ભક્તિને ખિલવવા માટે, અભ્યાસયોગથી જે વખતે ભક્તિના ભાવને પ્રકટ કરવો છે, તે વખતે ગામની સાથે દ્વેષ કરીને તમે માનો કે અમે ભક્તિનો ભાવ પ્રકટ કરશું તો તે નહીં થઇ શકે.

ઈલસ્ટ્રેટેડ્ વીકલીના સંપાદક એક સરદારજી હતા ખુશવંતસિંહ. એમણે એક ખૂબ સુંદર ઈન્ટરવ્યુ પ્રકટ કર્યો. ખબર નહીં હું નામ ભૂલી ગયો. તે એક સ્વામીજી પાસે મળવા ગયા. સ્વામીજી કહે કે અમારો ધર્મ વિશ્વધર્મ છે. સરદારજીએ પૂછેલી બીજા સંપ્રદાયની વાત. તો એમણે કહ્યું ‘‘તે અજ્ઞાનીનો સંપ્રદાય છે. અમારો વિશ્વધર્મ છે.’’ સરદારજીએ ત્રીજા સંપ્રદાયની વાત કરી. એમણે કહ્યું ‘‘તે શૈતાન્‌નો ધર્મ છે, એની વાત મૂકો. અમારો વિશ્વધર્મ છે.’’ બધા જ ધર્મ શૈતાન્‌ના, બધા ધર્મ અજ્ઞાનીઓના, બધા ધર્મ પાખંડીઓના, એક તમારો ધર્મ વિશ્વધર્મ છે! કઈ જાતનો વિશ્વધર્મ છે ભાઈ! પેલો દ્વેષ જાય નહીં. પોતાના ધર્મનું પાલન થાય કે ન થાય, પ્રશ્ન એ વાતનો નથી. મૂળમાં જે દ્વેષની વૃત્તિ હતી તે ગામમાં ચાલતી હતી અંદરોઅંદર. એક વેપારીને બીજા વેપારીથી દ્વેષ છે. એક વિદ્યાર્થીને બીજા વિદ્યાર્થીથી દ્વેષ છે. એક શિક્ષકને બીજા શિક્ષકથી દ્વેષ છે. પોતાની તે વૃત્તિ ઉપર તો કાબૂ મેળવ્યો નહીં અને આપણે ભક્તિનો ચાંદલો ચોડી લીધો. આપણે બીજા ભક્તિસંપ્રદાયો સાથે દ્વેષ કરવા મંડી ગયા અને તેને પાછું આપણે ‘ભક્તિ’ સમજવા લાગીએ છીએ પરંતુ આપણે ફક્ત દ્વેષ વધાર્યો છે, ભક્તિ નથી વધારી. જરૂરત ભક્તિયોગમાં ભક્તિ વધારવાની છે, જરૂરત ભક્તિયોગમાં દ્વેષ વધારવાની નથી. તમે ભક્તિ કરી રહ્યા છો બહુ સારી વાત છે. તે ભક્તિ જ કરો અને બાકી ચિંતા છોડી દો. જો તે શૈતાનનો છે તો સંભાળવાવાળા ભગવાન્ છે. જો તે અજ્ઞાનજન્ય છે તો તેને સંભાળવાવાળા ભગવાન્ છે. માણસ એક વાત જ્યારે છોડે ત્યારે બીજી વાત પકડી લે. તે દ્વેષ વેપારનો ન કરીને આવી વાતનો વધારી લે છે. પરંતુ વાત તો ત્યાંને ત્યાંજ કાયમ રહી. ભક્તિયોગમાં આગળ ન વધી શકે.

## ૮૯. મૈત્રઃ કરૂણ એવ ચ્ :

ભગવાન્ એટલા માટે કહે છે **‘‘અદ્વેષ્ટા સર્વભૂતાનાં મૈત્રઃ કરૂણએવ ચ’’** ખાલી અદ્વેષ્ટા કહ્યું હોત તો માણસ બહુ ચાલાક છે અને ભગવાન્ પણ ખૂબ ચાલાક છે. તેઓ કહે ‘‘અમે અદ્વેષ્ટા થઈ ગયા’’. કોઈ ખાડામાં પડી રહ્યો છે તો પડવા દો. ભગવાન્ કહી રહ્યા છે કે ખાડામાં પડી રહ્યો છે તો પડવા દો એમ નહીં, **મૈત્રઃ** તમે તમારા મિત્રને ખાડામાં પડવા દેશો? નહીં પડવા દો. દરેક વ્યક્તિથી મૈત્રી રાખો અને એ મૈત્રી એવી મૈત્રી નહીં કે કોઈની સાથે ફક્ત અદ્વેષ્ટાભાવ રાખીને. અદ્વેષ્ટા હોવું જ ફક્ત પૂરતું નથી. પોતાના સમાન જેનો ઉત્કર્ષ દેખાતો

હોય તેના પ્રત્યે મૈત્રીનો ભાવ નભાવવો એ પણ મનને ભગવદ્‌ભક્તિને લાયક બનાવ્યું હોય તો જરૂરી છે. તેથી મિત્ર પણ હોવો જોઈએ. મિત્રતાનો ભાવ પણ હોવો જોઈએ. પરંતુ જે પોતાના સમાન ઉત્કર્ષ સાધી ન શક્યા હોય એમના પ્રત્યે કરૂણાનો ભાવ પણ મનને ભગવદ્‌ભક્તિને લાયક બનાવવું હોય તો આવશ્યક છે **કરૂણએવ ચ**. જે તમારા ખુદથી નીચેની કક્ષાના લાગતા હોય, તેમના પ્રત્યે કરૂણાનો ભાવ રાખો.

## ૯૦. નિર્મમો નિરહંકારઃ

મૈત્રી અને કરૂણા ભક્તિના માર્ગમાં ઓચિંતાના આવી જનારા ખાડા બની જતા હોય છે ! તેથી આપણા મિત્રતાના અથવા કરૂણાના પાત્રોની પ્રત્યે આપણી મમતા વધી જતી હોય છે. ઘણા લોકો શું કરે? અમારે મુંબઈમાં એક વ્યક્તિ છે. એમને એક દિવસ ભાવ જાગ્યો કે સંગીતની સેવા કરવી જોઈએ. સંગીતની સેવા કરવી છે એટલે એમણે શું કર્યું કે એક સંસ્થા બનાવી. તેનો નારો રાખ્યો ‘‘જય સંગીત! જય કલાકાર!’’ પોતાની સહી પણ ‘સંગીતદાસ’ કરવા લાગ્યા. હવે બધા કલાકાર એમની ચાપલૂસી કરીને એમનું માથું ખાવા પહોંચી જતા! એટલે કંટાળીને બધા કલાકારોને પોતાની ઓફિસની બહાર કુતરાની જેમ બેસાડે. એક વખત મેં પૂછ્યું કે બધાને આવી રીતે કેમ બેસાડો છો? તો બોલ્યા ‘‘બધા કલાકાર કુતરા હોય છે’’ તો મેં મનમાં વિચાર કર્યો કે ‘‘સંગીતદાસ થઈને તમે આવી વાત કરો તો તે કલાકાર કુતરા સાબિત થઈ ગયા પણ તમે તેના શું!’’

માણસ શું કરે, સેવા કરે, મૈત્રી રાખે. ખરેખર તેઓ દિલથી ઈચ્છતા હતા કે કલાકારોનો ઉત્કર્ષ થાય, પરંતુ બિચારો કલાકાર લાઈનમાં આવીને બેઠો નહીં. તેનું મગજ ફરી જતું કે ‘‘કુતરાની જેમ આવીને બેસી જાય છે અહીં’’ તો એ કરૂણા અને મૈત્રી માત્ર પૂરતા નથી. નિર્મમો નિરહંકારો કોઈ સેવા તો કરે છે પરંતુ સેવા કરવામાં પેદા થતો અહંકાર ભક્તિયોગને પેદા થવા નથી દેતો. મૈત્રીપૂર્ણ સેવા કરો એ સારી વાત છે પરંતુ નિર્મમ થઈને. ન તો સેવાના બહાનાથી એનામાં એટલી મમતા વધારો કે ક્યારેક નિરાશ થવું પડે અને ન અહંકાર એટલો વધારો કે તમે કોઈની કરૂણાપૂર્ણ સેવા-સહાયતા નહીં કરો તો તે રખડી પડશે! આ પ્રકારના જે વખતે મૈત્રીભાવ રાખી શક્તા હો તો મન ભગવાન્‌ની ભક્તિને લાયક બનશે. એટલા માટે પરિવાર સિવાયના લોકોની મૈત્રીભાવથી સેવા કરવામાં મમતારહિત

હોવું જરૂરી છે. જ્યારે તમે પરિવાર સિવાયના લોકો ઉપર કરૂણા કરી રહ્યા છો, એમાં અહંતા ન લાવતા કે હું આના ઉપર કરૂણા કરી રહ્યો છું નહીંતર કોણ જાણે આની શું ગતિ થાત! પોતાના પરિવારના માતાપિતા-સંતતિ વગેરેની કરૂણાપૂર્ણ સેવામાં આવો ભાવ નથી આવતો પરંતુ બીજાની સેવા કરીએ તો આવા અહંકારનો ભાગ સહજ જ જાગી જાય કે હું આનો ઉત્કર્ષ કરી રહ્યો છું. એટલા માટે મૈત્રીમાં નિર્મમતા હોવી જોઈએ અને કરૂણામાં નિરહંકારિતા.

**''નિર્મમો નિરહંકારઃ સમદુઃખસુખઃ ક્ષમી''** આ સ્થિતિમાં એ વાત સાચી છે કે ક્યારેક સુખની અનુભૂતિ થશે તો ક્યારેક અસહ્ય દુઃખની પણ અનુભૂતિ થશે. પરંતુ એમાં તમારે સમદુઃખસુખતાનો ભાવ લાવવો પડશે. ક્ષમાનો ભાવ લાવવો પડશે. એટલે કે દુઃખને સહન કરવાની શક્તિ લાવવી પડશે. આ શક્તિ જ્યારે આવશે ત્યારે **''સન્તુષ્ટઃ સતતં યોગી યતાત્મા દૃઢનિશ્ચયઃ''** થશો. આ પ્રકારથી જ્યારે તમે સંતુષ્ટ થશો પોતાનામાં, ત્યારે આ બધા ચક્કર ચાલુ ન થાય.

માણસમાં સંતોષનો ભાવ ન જાગ્યો **''સન્તુષ્ટઃ સતતં યોગી યતાત્મા દૃઢનિશ્ચયઃ મયિ અર્પિતમનોબુદ્ધિઃ યો મદ્ભક્તઃ સ મે પ્રિયઃ''** આ બધો ભાવ રાખીને પોતાના મન અને બુદ્ધિને જે વખતે તમે ભગવાન્‌ને અર્પિત કરી શકશો તો ભગવાન્ કહે છે **''યો મદ્ભક્તઃ સ મે પ્રિયઃ''**

આમ તમે જો અભ્યાસયોગ કર્યો તો તે મને પ્રિય અભ્યાસયોગ થશે. જો આ પ્રકારનો અભ્યાસયોગ ન કર્યો અને અગડમ્-બગડમ્ અભ્યાસ કર્યો તો પછી તે મારી પ્રિયતાનો હેતુ નહીં બને.

## ૯૧. અભ્યાસેઽપિ અસમર્થોઽસિ :

અભ્યાસયોગ સિવાય એક બીજો ઉપાય બતાવી રહ્યા છે. હવે ભગવાન્ કહે છે **''શ્રેયો હિ જ્ઞાનમ્ અભ્યાસાત્ જ્ઞાનાદ્ ધ્યાનં વિશિષ્યતે''** અભ્યાસને બદલે જ્ઞાનનો ઉપાય ઊંચો છે. માત્ર અભ્યાસથી ભક્તિને પ્રકટ કરવી, તેના બદલે જ્ઞાનથી ભક્તિ પ્રકટ કરવી. આ સારો ઉપાય છે. **''શ્રેયો હિ જ્ઞાનમ્ અભ્યાસાદ્ જ્ઞાનાદ્ ધ્યાનં વિશિષ્યતે ધ્યાનાત્ કર્મફલત્યાગઃ ત્યાગાત્ શાન્તિઃ અનન્તરમ્''** તો પહેલાં તો અભ્યાસ બતાવ્યો તેનાથી શ્રેષ્ઠ સમજને બતાવી તેનાથી પણ શ્રેષ્ઠ કર્મોના ફલના ત્યાગને માન્યો. કેમકે આપણે કાંઈપણ કામ કરીએ

તેના ફળની આશા આપણી મનોવૃત્તિને પ્રદૂષિત કરી દેતી હોય. **''અથચિતં સમાધાતું ન શક્નોષિ મયિ સ્થિરમ્ અભ્યાસયોગેન તતો મામ્ ઇચ્છ આપ્તું ધનંજય''** તેના પછી પાછા કહી રહ્યા છે **''અભ્યાસેડપિ અસમર્થોડસિ મત્કર્મપરમો ભવ મદર્થમપિ કર્માણિ કુર્વન્ સિદ્ધિમ્ આવાપ્સ્યસિ''** પરંતુ અભ્યાસયોગ પણ ઘણો કઠિન છે. આટલી કઠિન વાત બતાવીને ભગવાન્ કહી રહ્યા છે કે કાંઇ વાંધો નહીં. અભ્યાસમાં પણ તમને જો અસામર્થ્ય લાગતું હોય તો **''મત્કર્મપરમો ભવ''** ગામની ચિંતા છોડી દો, ફક્ત મારી ચિંતા કરો. મારી ચિંતા કરવાનું શરૂ કરીશ, ત્યારે તું આગળ વધી શકીશ. તારા કર્મનું રૂપ કેવું હોવું જોઇએ કે હું જે કર્મ કરીશ ભગવદર્થ કરીશ, સ્વાર્થ (પોતાના અર્થે) નહીં નિરર્થક કર્મને છોડી નહીં દઉં, સ્વાર્થને માટે કર્મ નહીં કરૂં. જે કર્મ કરીશ ભગવદર્થ કરીશ. અભ્યાસમાં જો સમર્થ નથી તો આ પ્રકારનો એક ભાવ મનમાં દૃઢ બનાવ. **''અથએતદપિ અશક્તોડસિ કર્તું મદ્યોગમ્ આશ્રિતઃ સર્વકર્મફલત્યાગં તતઃ કુરૂ યતાત્મવાન્''** તો પછી જે પણ કર્મ કરી રહ્યો છે, ઠીક છે કરતો રહે પરંતુ તેના ફળની ચિંતા ઓછામાં ઓછી છોડી દે. જો મળે તો ઠીક અને જો ન મળે તો પણ ઠીક. એવી એક જિન્દાદિલીની મસ્તી લાવ પોતાના અંદર. તે જિન્દાદિલીની મસ્તી પણ તને ભક્તિની તરફ લઇ જશે. એટલે કે કામ તો બધું જ કરી રહ્યા છીએ પરંતુ તેના ફળની ચિંતા નથી કરતાં. કામ જે કરી રહ્યા છીએ તે ચાલવા દો પરંતુ ફળને માટે મનને ઉદ્વિગ્ન ન બનાવ. દરેક કર્મને કરતાં માણસ, ધંધો કરી રહ્યો છે તો ધંધો કર, કોઇ વાંધો નહીં, ચાલે તો સારું અને ન ચાલે તો પણ સારું. ભણી રહ્યો છે કોઇ ખરાબ વાત નથી, પાસ થયો તો ભલે પાસ ન થયો તોય ભલે. આ પ્રકારની એક મસ્તીને મનમાં પેદા કર. તે ધીરે-ધીરે તને વિષયથી પોતાની મેળે વિમુખ કરશે. વિષયથી વિમુખ કરીને પોતાની મેળે તારા હૃદયમાં રહેલાં ભક્તિના બીજોને ફૂટવાનો અવસર આપશે. આવી મસ્તી આવી તો તે જ ભક્તિનું દ્વાર બની જશે. તેના માટે કહી રહ્યા છે **''સર્વકર્મફલત્યાગં તતઃ કુરુ યતાત્મવાન્. શ્રેયોહિ જ્ઞાનમ્ અભ્યાસાત્''** કેમકે અભ્યાસ કરતાં જ્ઞાન શ્રેષ્ઠ છે. ફક્ત જ્ઞાન કરે તો તે પણ પૂરતું નથી કેમ કે જ્ઞાનથી માણસ સમજી તો જાય, પરંતુ જ્ઞાન કરતાં જો તું ધ્યાન લગાવી શકે હંમેશ, પરમાત્માનું ધ્યાન કરીને હું આ મસ્તી લાવી રહ્યો છું તો તે વધારે સારી વાત છે.

**''શ્રેયો હિ જ્ઞાનમ્ અભ્યાસાદ્ જ્ઞાનાદ્ ધ્યાનં વિશિષ્યતે ધ્યાનાત્ કર્મફલત્યાગઃ ત્યાગાત્ શાન્તિઃ અનન્તરમ્''**. જો ધ્યાન ન કરી શક્તો હોય તો

કર્મફલત્યાગ કર. આ કર્મફલત્યાગ કરીશ તો આપમેળે તારા મનમાં એક એવી શાંતિ પેદા થશે, જે શાંતિના કારણે તને ભક્તિના માર્ગ ઉપર અગ્રેસર થવાનો મોકો મળશે. આ રીતે પ્રભુએ ભક્તિયોગનું નિરૂપણ કર્યું. આગળના બધા જે શ્લોક છે તે આ જ લાઈન્‌ના ઈન્સ્ટ્રક્શન્ છે. **''યસ્માત્ ન ઉદ્વિજતે લોકો લોકાદ્ ન ઉદ્વિજતે ચ યઃ હર્ષામર્ષભયોદ્વેગૈઃ મુક્તો યઃ સ ચ મે પ્રિયઃ''** આ અભ્યાસ પછી જ્ઞાનનો શ્લોક છે. તેના પછી **''અનપેક્ષઃ શુચિઃ દક્ષઃ ઉદાસીનો ગતવ્યથઃ સર્વારમ્ભપરિત્યાગી યો મદ્‌ભક્ત સ મે પ્રિયઃ''** આ ધ્યાનનો શ્લોક છે. **''યો ન હૃષ્યતિ ન દ્વેષ્ટિ ન શોચતિ ન કાંક્ષતિ શુભાશુભપરિત્યાગી ભક્તિમાન્ યઃ સમે પ્રિયઃ. સમ શત્રૌ ચ મિત્રે ચ તથા માનાપમાનયોઃ શીતોષ્ણસુખદુઃખેષુ સમઃ સંગવિવર્જિતઃ તુલ્યનિન્દાસ્તુતિઃ મૌની સન્તુષ્ટોઃ યેન કેનચિત્''** આ બધા શ્લોક કર્મફલત્યાગના છે.

## ૯૨. યે યથોક્તં પર્યુપાસતે... તે અતિવ મે પ્રિયાઃ

આ પ્રકારે...

**અનિકેતઃ સ્થિરમતિઃ ભક્તિમાન્ મે પ્રિયો નરઃ ।**
**યે તુ ધર્મ્યામૃતમ્ ઈદમ્ યથોક્તં પર્યુપાસતે ।।**
**શ્રદ્ધાના મત્પરમા ભક્તાઃ તે અતીવ મે પ્રિયાઃ ।।૨૦।।**

આ જે ધર્મ્ય અને અમૃત, બંને વાત પ્રભુએ બતાવી છે, આ આચરણીય પણ છે. 'ધર્મ્ય'નો મતલબ શું ? જે આચરણીય હોય પોતાની કૃતિના વિચારથી, શાસ્ત્રના નિર્ણયના હિસાબથી, પોતાના હિતના હિસાબથી, થોડુંક પણ કરી શક્યા તો પછી કાંઈ ચિંતા જેવું નથી. ચોક્કસ સમજો કે એટલો ભગવાન્‌નો ચરણ આપણા હૃદયમાં સ્થાપિત થયો જ છે. શ્રદ્ધાપૂર્વક જે ભક્તિના માર્ગ ઉપર આગળ વધે છે, **''શ્રદ્ધાના મત્પરમા ભક્તાઃ તે અતિવ મે પ્રિયાઃ''** એટલે કે ખૂબ સુંદર વેદાન્તદેશિક એક વાત કહે છે. ભક્તિ આપણે ભગવાન્‌ની કૃપાથી કરી શકીએ છીએ, તેમાં ભગવાન્‌ને શું મજા આવતી હશે? ભક્તિ જ્યારે આપણે આપણા સામર્થ્યથી ન કરી શકીએ, જ્ઞાન તો આપણે આપણા સામર્થ્યથી કરીએ, ભક્તિ તો ભગવાન્ દ્વારા અપાયેલ સામર્થ્ય હોય છે. તેમાં ભગવાન્‌ને શું આનંદ આવતો હશે? વેદાન્તદેશિક ખૂબ સુંદર વાત કહે છે કે પોપટ-મેનાને આપણે ખુદ શીખવાડીએ. તે જ્યારે બોલવા મંડી જાય, ત્યારે તેને શીખવાડવાવાળાને કેટલો આનંદ આવે!

**“સ્તોત્રં મયા વિરચિતં ત્વદધિનવાચા ત્વત્પ્રીતયે વરદ યત્ તદિદં ન ચિત્રમ્ આર્વજયન્તિ હૃદયં ખલુ શિક્ષકાનામ્ મંજૂનિ પંજરશકુન્તવિજલ્પિતાનિ.”**

તેઓ કહે છે કે આ જે તારું ભક્તિનું સ્તોત્ર કર્યું છે, તારું શીખવાડેલું, જેવી તે પ્રેરણા આપી, તે રીતે મેં સ્તોત્ર કર્યું. આમાં તને શું મજા આવતી હશે? તો તે કહે છે કે એટલી જ મજા આવે, જેમ કોઈ પોપટ-મેનાને આપણે શીખવાડીએ કે બોલો બેટા ‘રામ’. બોલો મિટ્ટૂ ‘રામ’ અને તે બેટા જે વખતે ‘રામ’ બોલે. બસ સાંભળનારને આનંદ આવી જાય. **“યે તુ ધર્મ્યામૃતમ્ ઈદં યથોક્તં પર્યુપાસતે શ્રદ્ધાના મત્પરમા ભક્તાઃ તે અતિવ મે પ્રિયાઃ”** શ્રદ્ધા ભગવાન્‌ની આપેલી ભેટ છે. તે ભેટને કારણે જેમાં ભક્તિ પ્રકટ થઈ રહી છે, તે ભગવાન્‌ની આપેલી ભક્તિ જ આપણા હૃદયમાં પ્રકટ થઈ શકે છે. માનવહૃદયની શક્તિ નથી કે ભક્તિને પ્રકટ કરી શકે. તે ભક્તિથી પરમાત્મા એટલો જ પ્રસન્ન છે, જેટલો એક પોપટને શીખડાવનારો, જે વખતે પોપટ બોલવા લાગી જાય અને પ્રસન્ન થાય છે. જે કાંઈ ભક્તિયોગનું આપણે વિવરણ સાંભળ્યું. તે ભગવત્કૃપાથી જ આપણે ગીતાના ભક્તિયોગનો વિચાર કરી શક્યા, બોલી શક્યા, સાંભળી શક્યા. આ આપણી તાકાત નથી. આપણે આ વાતને જાણીએ છીએ, એટલા માટે આપણે ફરીથી શ્રીમહાપ્રભુજીને દંડવત્ કરીને :

**નિઃસાધનજનોદ્ધારકરણપ્રકટીકૃતઃ ।**
**ગોકુલેશસ્વરૂપઃ શ્રીવલ્લભઃ શરણં મમ ॥**
**ભજનાનંદદાનાર્થં પુષ્ટિમાર્ગપ્રકાશકઃ ।**
**કરૂણાવરણીયઃ શ્રીવલ્લભઃ શરણં મમ ॥**
**શ્રીકૃષ્ણવદનાનન્દો વિયોગનાલમૂર્તિમાન્ ।**
**ભક્તિમાર્ગાબ્જભાનુઃ શ્રીવલ્લભઃ શરણં મમ ॥**

॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥
**સિદ્ધાન્ત સૂક્તિ**
**ગોસ્વામી શ્રીશ્યામમનોહરજી**
**(પાર્લા-કિશનગઢ)**
**શ્રીમહાપ્રભુજીવિરચિત ષોડશગ્રન્થો પૈકી ભક્તિવર્ધિની, નવરત્ન, જલભેદ, સિદ્ધાંત મુક્તાવલી આ ચાર ગ્રંથોમાની ઉક્તિઓ**
* સેવા તમારું ફક્ત કર્તવ્ય જ નથી પણ સેવા તમારું સર્વસ્વ છે. * પોતાના ઠાકોરજી દરેકને માટે સર્વોપરી હોવા જોઈએ. નિધિસ્વરૂપો કરતાં પણ વિશેષ માનવો જોઈએ. * ચૌદ બ્રહ્માંડનો નાયક તમારે ઘરે બિરાજીને તમારી સેવા લે એ તેમની કૃપાની ટોચ કહેવાય. * તામસ વધે ત્યારે ક્રોધ-દ્વેષ આવે, રાજસ વધે ત્યારે લોભ-આસક્તિ વધે, સત્વ વધે ત્યારે શાંતિ વધે. * નાની મોટી સિદ્ધિ મેળવી સૃષ્ટિનાં પાલનહાર થઈ જવાનો અહંકાર રાખવાથી પ્રભુનો ખોફ વહોરવો પડે છે. (પુસ્તકમાંથી)
**: પુનઃ પ્રકાશક : પુષ્ટિ અસ્મિતા અભિયાન રાજકોટ.**

# ॥ અમૃતવચનાવલી ॥

**(૧/ક)** ત્યારે શ્રીગુસાંઈજીએ આપે શ્રીગોવર્ધનધરને પૂછયું કે ''મહારાજ ! કૃષ્ણદાસનો તો દેહ છૂટયો... હવે અમે કોને અધિકાર આપીને બગાડ કરીએ? તેથી આપ કહો તેને અધિકારી (ટ્રસ્ટી) બનાવીએ'' ત્યારે શ્રીગોવર્ધનનાથજીએ કહ્યું કે ''અમે પણ કયા જીવનો બગાડ કરીએ? જે પણ અધિકાર સ્વીકારશે (ટ્રસ્ટી બનશે) તેનો બગાડ થશે ! તેથી તમે એક કામ કરો કે અધિકારનો ઉપરણો રાખીને બધા સામે કહો (કે) જેને અધિકારી (ટ્રસ્ટી) થવું હોય તે ઉપરણો ઓઢી લ્યે. ત્યારે જે આવીને કહે તેને આપો. તેથી જેનો બગાડ થવાનો હશે તે તેની મેળેજ આવશે'' **(શ્રીગોવર્ધનનાથજી,** ૮૪ વૈષ્ણવવાર્તા, કૃષ્ણદાસની વાર્તા)

**(ખ)** એક દીવસ એક વૈષ્ણવે કિશોરીબાઈને કાંઈક સામગ્રી આપી હતી. ત્યારે કિશોરીબાઈએ સિદ્ધ કરીને શ્રીઠાકોરજીને ભોગ સમર્પ્યો. તે દીવસે શ્રીઠાકોરજી આરોગવા પધાર્યા નહીં. ત્યારે કિશોરીબાઈ પોતાના મનમાં ખૂબજ ખેદ કરવા લાગી. ત્યારે શ્રીઠાકોરજી બોલ્યા કે તેં મારા માટે સામગ્રી કેમ લીધી ? તેથી અમે કેવી રીતે આરોગીએ ?

**ભાવપ્રકાશ :** આમાં એ જતાવ્યું કે પારકી-બીજાની સત્તા-સામગ્રી પોતાના શ્રીઠાકોરજીને આરોગાવવી નહીં. અને કોઈપણ વસ્તુ વૈષ્ણવ પાસેથી લઈને શ્રીઠાકોરજીને વિનિયોગ ન કરાવવો. તે શ્રીઠાકોરજી અંગીકાર કરતા નથી.

**(૨૫૨ વૈ.વાર્તા, કિશોરીબાઈ વા.પ્ર.૨)**

**(૨)** જે કટોરી (ગિરવિ) મૂકીને સામગ્રી આવી તેનો તો ભોગ શ્રીઠાકોરજી પોતાના જ દ્રવ્યનો આરોગ્યા, તેથી તે ભોગ તો આપનો જ થયો. જે શ્રીઠાકોરજીનું (દેવ) દ્રવ્ય ખાશે તે મારો (પુષ્ટિમાર્ગી) નહીં કહેવાય. અને મારો સેવક ભગવદીય હશે તે દેવદ્રવ્ય કયારેય નહીં ખાય. જે (દેવદ્રવ્યનો પ્રસાદ) ખાશે તે મહાપતિત થશે. તેથી તે (દેવદ્રવ્યના) પ્રસાદમાંથી ભોજન કરવાનો આપણો અધિકાર ન હતો તેથી તે ગાયોને ખવડાવ્યો અને શ્રીયમુનાજીમાં પધરાવ્યો''. આ સાંભળીને બધા વૈષ્ણવો ચુપ થઈ ગયા.

**(મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય :** ઘરુવાર્તા-૩)

**(૩)** ....શ્રીઆચાર્યજીને વૈષ્ણવે આવીને કહ્યું : ''મહારાજ ! શ્રીદ્વારકાનાથજી વૈભવ સહિત પધાર્યા છે...'' ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું : ''ઠાકોરજીનો વૈભવ જોઈને શું તમે ખુશ થયા?'' ત્યારે શ્રીગોપીનાથજીએ કહ્યું : ''આપનો કહેવડાવીને જે શ્રીઠાકોરજીની વસ્તુ (દેવદ્રવ્ય) ઉપર પોતાનું મન બગાડશે તેનો નિર્મૂળ નાશ થશે''. આ સાંભળીને શ્રીઆચાર્યજીએ કહ્યું : ''અમારો માર્ગ તો એવો જ છે.''

**(શ્રીગોપીનાથપ્રભુચરણ,** ૮૪વૈષ્ણવવાર્તા, દામોદરદાસ સંભરવાળાની વાર્તા)

**(૪)** ધનવગેરેની કામનાઓ પુરી કરવા માટે જે શાસ્ત્રમાં બતાવેલા શ્રવણ-કીર્તન-સેવા વગેરે કરવામાં આવે છે તેને કર્મમાર્ગીય સમજવા જોઈએ. પોતાની આજીવિકા (ભરણપોષણ)

ચલાવવા માટે પૈસા કમાવાના રૂપમાં જે થાય છે તે તો ખેતી-વાડીના ધંધાની જેમ 'લૌકિકકર્મ' જ કહેવું જોઇએ (ધર્મ-ભક્તિ ક્યારેય પણ નહીં). મળત્યાગ કરીને ઇન્દ્રિયની શુદ્ધિ માટે ગંગાજલનો ઉપયોગ કરવાવાળાને તેના દ્વારા મળત્યાગ પછીની શુદ્ધિથી વધારે ગંગાસ્નાનું ફલ મળતું નથી. એટલું જ નહીં, સમજવા જેવી વાત એ છે કે ગંગા જેવી પવિત્ર નદીના જલનો આવો ધૃણાસ્પદ કાર્યને માટે ઉપયોગ કરવાના લીધે તે પાપી બને છે. આ જ રીતે પ્રભુની સેવા-કથા (સેવા,કથા,ગુણગાન,કીર્તન વિ.) કરીને તેના દ્વારા પૈસા કમાવાવાળાને સેવા-કથાનું કાંઇપણ (ધાર્મિક-ભક્તિમાર્ગીય) ફળ તો મળતું જ નથી. ઉલ્ટાનું આવું નીચ આચરણ કરવાને લીધે તે પાપનો જ ભાગીદાર બને છે.

(**શ્રીગુસાંઇજી,** ભક્તિહંસ)

**(૫)** પોતાના સેવ્ય સ્વરૂપની સેવા જાતે જ કરવી. અને ઉત્સવ વગેરે સમય અનુસાર, પોતાના જ ધન અનુસાર, વસ્ત્ર-આભૂષણ વિવિધ પ્રકારના મનોરથો કરી સામગ્રી કરવી.

(**શ્રીગોકુલનાથજી-ચતુર્થેશ :** ૨૪ વચનામૃત)

**(૬)** સેવામાં જરૂરી તેવા ધન-સામગ્રી-સાજ વગેરે ન હોય તો સેવા કેમે થઇ શકે! આ બધુ વસાવવા માટે બીજો કોઇ ઉપાય ન હોય તો બીજા કોઇ પાસેથી ઉધાર લઇને કે કોઇક પાસેથી માંગીને કે ફંડ-ફાળો કરીને સેવા-મનોરથકરી શકાય કે નહીં ?

આ શંકાને દૂર કરવા માટે શ્રીમહાપ્રભુજી વિવેકધૈર્યાશ્રય ગ્રન્થમાં આજ્ઞા કરે છે કે આવી વિપરીત પરિસ્થિતિ આવી પડી હોય, પછી તે પ્રભુસેવા-સુખ સંબંધી પણ કેમ ન હોય, તો પણ હઠ ન કરવી. ''ઉધાર લઇને કે કોઇ પાસે ઠાકોરજી માટે માંગીને પણ હું સેવા-મનોરથકરીશ જ'' આવી હઠ ન કરવી. યથાલાભ સન્તોષ રાખીને પોતાની પાસે જે ઉપલબ્ધ હોય તેમાં બની શકે તેનું જ પ્રભુસેવામાં સમર્પણ કરવું. ઉધાર કરીને કે પ્રભુ માટે માંગીને સેવા ન જ કરવી. કારણ કે ભગવદાશ્રય રાખીને પ્રભુ જે સહજતાથી કરાવે તેવી પુષ્ટિમાર્ગીય મર્યાદામાં રહીને પ્રભુને જે સમર્પણ કરવામાં આવે છે તેનો જ અંગીકાર પ્રભુ કરે છે એવો ભાવ છે. (**સપ્તમ પુત્ર શ્રીઘનશ્યામાત્મજ, શ્રીગોપેશજી,** વિવેકધૈર્યાશ્રય વિવૃતિ શ્લોક ૪)

**(૭)** અહીં ભક્તિવર્ધિની ગ્રંથમાં સેવોપયોગી સ્થળના રૂપમાં પોતાના ઘરનું વિધાન ઉપલબ્ધ હોવાથી, પોતાના ઘરમાં બિરાજતા ઠાકોરજીની સેવા છોડીને કોઇ બીજી જગ્યાએ (એટલે કે હવેલીઓમાં, જેમ અત્યારે, ભેટ-સામગ્રી પધરાવીને નિત્ય કે મનોરથની ઝાંખી કરી લેવી તેને જ વૈષ્ણવોએ પુષ્ટિમાર્ગમાં પરમધર્મ માની લીધો છે તેવી રીતે) ભગવત્સેવા કરવાવાળાને પણ ક્યારેય ભક્તિ સિદ્ધ થઇ શકતી નથી.

(**શ્રીવલ્લભાત્મજ-શ્રીબાલકૃષ્ણજી,** ભક્તિવર્ધિની વ્યાખ્યા-૨)

**(૮)** જ્યારે સંતદાસનું બધું ધન નાશ પામ્યું ત્યારે શ્રીઠાકુરજીની સેવાના ખર્ચની વ્યવસ્થા તેમણે (પહેલેથીજ પોતાના ઠાકોરજી માટે પોતાના જ અલગથી મુકી રાખેલ) દેવદ્રવ્યથી કરી. અને ઠાકોરજીના દ્રવ્યમાંથી ચોવીસ ટકા લોન તરીકે લઈને તેને મૂડી તરીકે રાખીને તેની કોડી

વેંચતા. (તેમાંથી જે નફો મળતો તે પોતાની કમાઈના પૈસાથી પોતાના ઠાકોરજીને ભોગ અલગથી ધરતા અને તે ભોગનો જ પ્રસાદ પોતે લેતા. એક દિવસ સંતદાસને આર્થિક સંકટમાં જાણીને નારાયણદાસે મદદ મોકલાવી. સંતદાસે તે ન સ્વીકારી અને નારાયણદાસે મોકલેલ માણસ સાથે તે મદદ પાછી મોકલાવી.) હવે શ્રીઠાકોરજીના દ્રવ્યમાંથી તો નારાયણદાસના માણસને ભાડું-ખર્ચ આપી ન શકાય. તેથી તેમણે પોતાની કમાણીનો ટકો તેને આપી દીધો. તેથી તે દિવસ તેઓ પોતાની કમાઈના પૈસાથી ઠાકોરજીને રાજભોગ ધરી ન શકયા. તેથી જ તેમણે તે દિવસે પ્રસાદ પણ ન લીધો. કેમકે તેઓ પોતાની કમાઈના ટકાના લોટનો જુદો ભોગ ધરતા અને તેને જ રાજભોગ ધર્યો માનતા અને મહાપ્રસાદ પણ તેનો જ લેતા. ઠાકોરજીના દ્રવ્યથી તો રોજ ઘણી ભોગ-સામગ્રી ધરતા (પરન્તુ તે તો દેવદ્રવ્યનો ભોગ હતો). નારાયણદાસના માણસને ભાડું-ખર્ચ આપવાને કારણે તે દિવસની રાજભોગની સેવા પોતાની ન માની. તેમણે નારાયણદાસને લખ્યું કે તમારી પ્રભુતાને કારણે ઠાકોરજીને હું એક દિવસ મારી કમાઈના પૈસાથી રાજભોગ ધરાવી ન શકયો. આ પ્રકારે સન્તદાસે વિવેકધૈર્યાશ્રય જીવી દેખાડયા. વિવેક એ કે શ્રીગુસાંઈજીને હૂંડી મોકલાવી, પોતાની સેવા ન થઈ તેમ માન્યું, રાજભોગ ઠાકોરજી ન આરોગ્યા તેમ માન્યું. ધૈર્ય એ એ કે શ્રીઠાકોરજીના દ્રવ્યના મહાપ્રસાદનું ખાન-પાન ન કર્યું. આશ્રય એ કે મનમાં આનન્દ પામ્યા, દુઃખકલેશ ન કર્યો.

(**મહાપ્રભુ શ્રીહરિરાયજી-દ્વિતીયેશ** : ભાવપ્રકાશ.૮૪ વૈષ્ણવવાર્તા-૭૬)

(૯) પારિશ્રમિક (ન્યોછાવર-ભેટ-પગાર-મજૂરી) તરીકે વિત્ત આપીને બીજા કોઈ પાસેથી સેવા કરાવવામાં આવતી હોય તો તેથી ચિત્તમાં અહંકાર વધે પણ ચિત્ત કદિ ભગવાન્‌માં ચોંટે નહીં. જો ભગવત્સેવા કરવા માટે બીજા પાસેથી પારિશ્રમિક ધન લેવામાં આવે તો ગોર-મહારાજને જેમ યજ્ઞયાગનું ફળ ન મળે પણ યજમાનને જ મળે તેવી રીતે સેવાકર્તાની પણ ભગવત્સેવા નિષ્ફલ જાય. દક્ષિણા આપીને યજમાન, ગોર-મહારાજ દ્વારા, જેમ યજ્ઞયાગ કરાવે તેમ ભગવત્સેવા (હાલમાં જેમ વૈષ્ણવો ભેટ-સામગ્રી-મનોરથો નોંધાવીને ગોસ્વામિ-મહારાજો દ્વારા કરાવે છે તેમ : અનુવાદક) કરાવી લેવામાં શો વાંધો ? સમાધાન : આ શંકાનું સમાધાન આમ જાણવું કે કર્મમાર્ગમાં તેવું કરવાનું શાસ્ત્રમાં કહ્યું હોવાથી તેમ કરી શકાય છે. ભક્તિમાર્ગમાં, પરંતુ, તેવી વિધિ ઉપદેશાયેલી ન હોવાથી, આવી રીતે ધન આપીને ભગવત્સેવા કરાવવી નહીં. ભક્તિમાર્ગમાં તો ભગવદુક્ત પ્રકારે (પોતાના તન-મન-ધનથી પોતાના ઘરે પોતાના પરિવારજનોના સહયોગથી) જ ભગવત્સેવા કરવી જોઈએ.

**(સુરતસ્થ૩/૨ ગૃહાધિપતિ શ્રીપુરુષોત્તમજી, સિદ્ધા.મુકતા.વિવૃ.પ્રકા.૨)**

(૧૦) લૌકિક કામનાઓને પૂર્ણ કરવાની ઈચ્છાથી જે ભગવદ્‌ભજનમાં પ્રવૃત્ત થાય છે તે દરેક પ્રકારે કલેશ પામે છે. તેથી, કાંઈ ભેટ-સામગ્રી મળી રહે તેવી કામનાથી જે સેવા વગેરે કરે તે ‘પાખંડી’ અને ‘દેવલક’ કહેવાય છે. તેથી લાભપૂજાર્થ સિવાય જેમાં નિષેધ નથી એવા પ્રકારથી ‘મારૂં લૌકિક સિદ્ધ થાય’ એવી કામનાથી જે સેવામાં પ્રવૃત્ત થયો હોય તેને ‘લોકાર્થી’ કહેવાય છે.**(નિ.લી.ગો.શ્રીનૃસિંહલાલજી મહારાજ, સિદ્ધાન્તમુક્તાવલી-ટીકા શ્લોક ૧૬-૧૭)**

**(૧૧)** જે શ્રી વલ્લભકુળ છે તે પોતાના સેવ્યસ્વરૂપ ઉપર કેવો સ્નેહ રાખે છે કે એક બાજુ દ્રવ્યનો ઢગલો કરો અને એક બાજુ શ્રીઠાકોરજીને પધરાવો તો શ્રીવલ્લભકુળ એ દ્રવ્ય સામું જોશે પણ નહી; અને શ્રીઠાકોરજીને અતિસ્નેહ કરી પધરાવી લેશે. પણ જે આ કળિનો જીવ છે તેને તો દ્રવ્ય ઘણું પ્રિય છે. માટે તે તો શ્રીઠાકોરજી સામું જોશે નહિ. અને કેવળ વૈભવ સામું જોશે અને તરત મોહ પામશે...

**(શ્રીમટ્ટુજી મહારાજનાં ૩૨ વચનામૃતો : વચનામૃત પાંચમુ)**

**(૧૨)** શ્રીઉદયપુર દરબારને આશીર્વાદ. આથી જણાવવામાં આવે છે કે મેં સ્થાવર-જંગમ સંપત્તિના આર્થિક તથા માલિકીય વહિવટ અંગે, મને સલાહ આપવા માટે, યોગ્ય વ્યકિતઓની એક સમિતિની નીમણૂંક કરી છે. સેવા વિગેરે બાબતમાં પુરાતન તેમજ પ્રવર્તમાન પ્રણાલીના અનુસાર કાર્ય કરવામાં આવશે. તથા જો પુરાતન પરંપરાનો બાધ ન થતો હોય અને સમિતિ જો કોઈ સુધારાની ઈચ્છા રાખતી હોય તો તે સુધારાઓ સ્વીકારવામાં આવશે. તથા શ્રીઠાકુરજીનું દ્રવ્ય અમારા વ્યક્તિગત વપરાશમાં નહીં આવે, જેવી કે પરંપરા આજે પણ છે; અને તેને જાળવવામાં આવશે. તે છતાં પણ મારા વડવાઓના સમયથી ચાલ્યા આવતાં મારા માલિકીના હક્કો તેજ પ્રમાણે કાયમ રહેશે. આ મુજબ જ જમા-ઉધારની નોંધો પણ તે-તે ખાતામાં ચાલુ રહેશે, જે મુજબ ચાલુ ખાતામાં હાલ નોંધાઈ રહ્યું છે.

(**ગોસ્વામી તિલકાયત નિ.લી.ગો.શ્રીગોવર્ધનલાલજી મહારાજ, શ્રીનાથદ્વારા,** ડેકલેરેશન, મિતિ ભાદ્રશુકલા પંચમી, સં.૧૯૮૯ તા. ૫-૯-૧૯૩૨)

**(૧૩)** મહારાજને જે આવક વૈષ્ણવો વિગેરેમાંથી આવે તેમાંથી ઘર-ખરચ તરીકે શ્રીઠાકોરજીનો ખરચ મહારાજ ચલાવે છે. શ્રીઠાકોરજીને માટે સ્થાવર કે જંગમ અમુક મિલ્કત જુદી કાઢી તેમાંથી ખરચ ચલાવતા નથી. શ્રીઠાકોરજીના વૈભવનો, ભોગનો, આભૂષણ-વસ્ત્ર વિગેરેનો ખરચો મહારાજ કરે છે. પોતાની આવક ઉપર એ સરવે ખરચ કરે છે... શ્રીઠાકોરજીની સન્મુખ ભેટ ધરી શકાતી નથી... શ્રીઠાકોરજીની ભેટ દેવમંદિરમાંજ મોકલવી પડે. મહારાજથી તે ભેટનો ઉપયોગ થઈ શકે નહિ.

(**નિ.લી.ગો.શ્રીવાગધીશલાલજી મહારાજ,** અમરેલી, શ્રીવાગધીશલાલજીના આમુખત્યાર : 'અમરેલી હવેલી વ્યકિતગત છે કે સાર્વજનિક' મુદા ઉપર ઈ.સ. ૧૯૦૯-૧૦ માં ગાયકવાડી વડોદરા રાજ્યની કોર્ટમાં આપવામાં આવેલી જુબાની)

**(૧૪)** જેવી રીતે અમારા પૂર્વપુરુષો પોતે આપણા ધર્મનું સત્ય સ્વરૂપ તથા શુદ્ધાદ્વૈતસિદ્ધાંત સંપૂર્ણ રીતે સમજીને વૈષ્ણવધર્મનો યથાર્થ ઉપદેશ લોકોને કરતાં હતા; અને વચલા કાળમા, જે સંપત્તિ વિગેરે કારણોથી અમે ઘણે દરજજે છોડી દીધો છે, તેથી ઘણા ખરાં લોકોને સાધારણ સેવા અને કોરી વિત્તજા ભક્તિનુંજ રૂઢિ અનુસાર જ્ઞાન રહ્યું છે.

(**પંચમગૃહાધીશ નિ.લી.ગો.શ્રીદેવકીનંદનાચાર્યજી,** કામવન, મુંબઈના વૈષ્ણવોને લખેલ પત્ર : 'આશ્રય' એપ્રીલ ૮૭ના અંકમાં પ્રકાશિત)

**(૧૫)** આપણો મુખ્ય સિદ્ધાંત છે 'અસમર્પિત ત્યાગ'. ઉત્તમ ઉપાય તો આ જ છે કે ઘરમાં જે પણ કાંઇ રસોઇ બને તે પ્રભુને ભોગ ધર્યા પછી જ મહાપ્રસાદ લેવામાં આવે... જ્યાં સુધી અસમર્પિતનો ત્યાગ નહીં થાય ત્યાં સુધી બુદ્ધિ સારી નહીં થઇ શકે. સાનુભાવતા કયારે સિદ્ધ થઇ શકે છે ? જ્યારે આપણી બુદ્ધિ નિર્મલ બને.... આજે આપણે હીરા (ઘરમાં બિરાજતા સેવ્ય શ્રીઠાકોરજી)ને ઓળખી નથી શકતા. સાચા હીરાને જવેરી જ ઓળખી શકે છે. હાલત કેવી છે કે આપણે ખોટા હીરાને સાચો માનીને તેની પાછળ (હવેલી-મંદિરોમાં) દોડી રહ્યા છીએ. શ્રીમહાપ્રભુજીએ તો નિધિરૂપ સાચો હીરો આપણને આપ્યો છે. ભગવાન ગીતામાં કહે છે કે ''દિવ્યં દદામિતે ચક્ષુઃ પશ્યમે યોગમીશ્વરમ્''ભગવાનને ઓળખવા માટે તો દિવ્યતા મેળવવી પડે. દિવ્યતા જ આત્મબળ છે... તેથી મારો તો આપલોકોને આગ્રહ સાથે અનુરોધ છે કે આત્મબળ મેળવવા માટે પોતાનો કાંઇક દરરોજનો નિયમ રાખો. ષોડશગ્રંથના પાઠનો નિયમ રાખો...

**(દ્વિતીયગૃહાધીશ નિ.લી.ગો.શ્રીગિરિધરલાલજી મહારાજ,** ઇન્દોર-નાથદ્વારા, શ્રીમદ્વલ્લભ અને શ્રીહરિરાયજી જીવનદર્શન, ભાગ-૨, વચનામૃત ૭મું, પૃષ્ઠ ૧૨૪)

**(૧૬) વકીલ :** જો પુષ્ટિમાર્ગીય, કોઇપણ, મંદિરમાં વૈષ્ણવો શ્રીઠાકુરજીની સેવા તેમજ નેગ-ભોગ માટે અને શ્રીઠાકોરજીની સેવાના નભાવ માટે ભેટ વિગેરે આપી વિત્તજા સેવા કરતા હોય તો અને તે મંદિરમાં તનુજા સેવા કરતા હોય તો તે મંદિર પુષ્ટિમાર્ગીય નથી એમ આપનું કહેવું છે?

**પૂ.પા.મહારાજશ્રી :** પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોની તનુજા કે વિત્તજા સેવા સ્વતંત્ર કરવાની પ્રક્રિયા નથી અને તેવી સેવા કરે તો તે સાંપ્રદાયિક મંદિર ન કહેવાય.

**(નિ.લી.ગો.શ્રીવ્રજરત્નલાલજી મહારાજ, સુરત ''નડિયાદની હવેલી વ્યક્તિગત છે કે સાર્વજનિક'' વિવાદમાં પુષ્ટિમાર્ગનાં વિશેષજ્ઞ સાક્ષીના રૂપમાં આપેલી જુબાની)**

**(૧૭)** ...તેવી જ રીતે આપણે ત્યાં સન્મુખ ભેટ થાય છે તે પણ દેવદ્રવ્ય છે; અને તે સામગ્રીના કામમાં નથી આવતી. શ્રીગોકુલનાથજી અને શ્રીચન્દ્રમાજીના ઘરમાં હજી આ નિયમનું પાલન થાય છે. ત્યાં જે સન્મુખ ભેટ થાય તે કીર્તનિયો લઇ જાય છે. એ કીર્તનિયો મહાવનિયો હોય છે. તે વલ્લભકુલનો, શ્રીયમુનાજીનો ગોર હોય છે. બીજો તેનું અનુકરણ કરે તે ખોટું... અમે શ્રીનાથજી અગાડી જે સન્મુખ ભેટ ધરીએ છીએ તે શ્રીમહાપ્રભુજીની પાદુકાજીને ધરીએ છીએ છતાં તે અલંકારાદિકમાં વપરાય છે, સામગ્રીમાં નહિ. સન્મુખ ભેટ ધરવામાં ઘણો અનાચાર થાય છે.... શ્રીઠાકોરજી-નિમિતે કાંઇ મંગાઇ નહીં કે કાંઇ અપાય નહીં. એ રીતે આવેલ દ્રવ્ય દેવદ્રવ્ય બને... તે લેનારની બુદ્ધિ બગડયા વગર ન રહે.

**(નિ.લી.ગો.શ્રીરણછોડલાલજી, રાજનગરના વચનામૃત-૪૮/૮૭)**

**(૧૮/ક)** વૈષ્ણવોની પાસે જે કાંઇ પરમ પદાર્થ છે, તેનું અસ્તિત્વ આજનાજ શુભ દિનને આભારી છે કાળની ભિષણતા અને પરિસ્થિતિની વિષમતાના અત્યંત વિકટ યુગમાં શ્રીમત્પ્રભુચરણના દિવ્ય સિદ્ધાંતો ઉપર અટલ રહેવામાં જ જીવમાત્રનું ઐહિક અને પારલૌકિક કલ્યાણ રહેલું છે. અન્યાશ્રયનો ત્યાગ એ ભાવના ઉપર જગતના જીવો દૃઢ રહે તો, જે વૈષ્ણવ-હવેલીઓના વૈભવને કારણે વૈષ્ણવો ઘરસેવા ભૂલી ગયા હતા, સંજોગવશાત્ તે હવેલીઓમાં શ્રીના દર્શન આજે બંધ થતાં વૈષ્ણવોના ઘર શ્રીઠાકુરજીની સેવાથી કિલ્લોલતા થશે. એ લાભ સંપ્રદાય અને સંપ્રદાયીઓ માટે નાનોસૂનો નથી. ઈશ્વરેચ્છા અકળ છે. મને શ્રદ્ધા છે કે આ આકરી કસોટીમાં આપણું સર્વનું હિત જ સિદ્ધ થવાનું છે.

**(ખ)** મારા અનુયાયીઓને બે પ્રકારે દીક્ષા આપું છું. પ્રથમ કંઠી બાંધવી તથા બીજી બ્રહ્મસમ્બન્ધદીક્ષા આપવી. કંઠી બાંધવી એ સાધારણ વૈષ્ણવોને જ આપવામાં આવે છે. તથા બ્રહ્મસમ્બન્ધ ખાસ કરીને તે અનુયાયીઓને કે જે સેવામાં વિશેષરૂપથી આગ વધવા ઈચ્છે છે. પહેલી દીક્ષાને 'શરણ-દીક્ષા' કહેવામાં આવે છે તથા બીજી દીક્ષાને 'આત્મનિવેદન' કહેવામાં આવે છે. શરણ દીક્ષામાં વૈષ્ણવ કેવળ નામસ્મરણ કરવાની યોગ્યતા મેળવે છે. જ્યારે કે સેવાવાળા વૈષ્ણવને બ્રહ્મસમ્બન્ધ દીક્ષા લીધા પછી જ સેવા કરવાની યોગ્યતા મળે છે. બ્રહ્મસમ્બન્ધવાળો વૈષ્ણવ પોતાના ઘરમાં જસેવા કરવા યોગ્ય બને છે.... અમે સ્વરૂપની સેવા નન્દાલયની ભાવનાથી કરીએ છીએ તેથી સાતે સાત પુત્રોના ઘર 'ઘર' જ કહેવાય છે. અને અમારું ઘર 'ત્રીજું ઘર' કહેવાય છે.

**(ગ)** શ્રીઆચાર્યચરણના સિદ્ધાન્તોમાં ભગવત્સમ્બન્ધ અને ભગવત્સેવાને જ મુખ્યતા આપવામાં આવી હતી. ત્યાર પછી, સારી રીતે જોવામાં આવે છે કે, તેમાં પણ અમુક ફેરફાર થઇ ગયા....શ્રીઆચાર્યચરણના અને શ્રીપ્રભુચરણના સેવક, આપણે જોઇ શકીએ છીએ કે, બધા પ્રકારના છે. એવું નથી કે અમુક ચોક્કસ વ્યકિતજ ભગવત્સેવા કરવા માટે લાયક હોયછે અને અમુક પરિસ્થિતિમાં જ ભગવત્સેવા થઇ શકે છે. આવું કયાંય પણ લખેલું જાણવામાં આવતું નથી. કેટલાય પ્રકારના જીવ ભગવત્સેવા કરતા હતા. તેમાં સ્મશાનમાં રહેનાર, વેશ્યા વગેરેથી માંડીને સારા વિદ્વાન બ્રાહ્મણ પણ હતા. આજના સમયમાં, મને એવું લાગે છે કે, આપણે એ બધા ચરિત્રોને ભૂલી જઇને પાછળથી મુખ્ય બની ગયેલા ભાવાત્મક રૂપને જ પકડીને બેસી ગયા છીએ કે જે આજે પણ વૈષ્ણવોમાં પ્રચલિત છે... હું માનું છું કે ચરિત્રો (વાર્તાઓ) નો વિચાર કરવામાં (સમજવામાં) સિદ્ધાન્તોની આવશ્યકતા હોય છે.

**(તૃતીય ગૃહાધીશ નિ.લી.ગો. શ્રીવ્રજભૂષણલાલજી મહારાજ** : ૧૮/કઃ તા.૨૪-૧૨-૪૮ના દિને મુંબઈના વૈષ્ણવોની જાહેરસભામાં શ્રીમત્પ્રભુચરણના પ્રાકટયોત્સવપ્રસંગે અધ્યક્ષસ્થાનેથી કરેલ વચનામૃત 'વૈશ્વાનર' અંક-૩૧ સન્-૪૮ : ૧૮/ખ : બયાન મૂર્તિબા કાર્યા. સહા. કમિ. દેવસ્થાનવિભાગ ખંડ ઉદયપુર એવં કોટા બજરિયે કમિશન મુ. કાંકરોલી. ફાઈલ સંખ્યા ૧-૪-૬૪. શ્રીદ્વારકાધીશ મંદિર દિનાંક ૭/૧૧/૬૫ : ૧૮/ગ : શ્રીમદ્વલ્લભ અને શ્રીહરિરાયજી જીવનદર્શન, ભાગ-૨, વચનામૃત

૨૦મું, પૃષ્ઠ ૧૪૬,૧૪૯)

**(૧૯)** આજ મુઝે અપને હૃદયકે ઉદ્ગાર કહને દો, મેરા હૃદય જલ રહા હૈ, મંદિરોમેં દ્રવ્યસંગ્રહકી પ્રવૃત્તિ માત્ર રહ ગઇ હે ઔર વહી અનર્થ કી જડ હૈ. ઐસે મંદિરોકે અસ્તિત્વસે કોઇ લાભ નહીં. હમારા સંપ્રદાય સામુહિક નહીં વૈયક્તિક હૈ. સાર્વકાલિક તથા સાર્વદેશિક અવશ્ય હૈ પરંતુ સાર્વજનિક નહીં. ''કરત કૃપા નિજ દૈવી જીવન પર'' ઈસ ઉકિતમેં 'નિજ' શબ્દકા પ્રયોગ કિયા ગયા હૈ. દૈવી જીવ કહીં ભી હો સકતે હૈં પરંતુ સાર્વજનિક રૂપસે નહીં. આજ હમ 'પુષ્ટિ' કા નામ લેનેકે ભી અધિકારી નહીં હૈ ! આજકા હમારા જીવન ચાર્વાક-જીવન હો રહા હૈ. ક્યા હમ, આજ જિસ પ્રકારકા સંપ્રદાય હૈ, ઉસે જિવાના ચાહતે હૈં ? યદિ સચ્ચે સંપ્રદાયકો ચાહતે હો તો સ્વરૂપસેવા ઘર-ઘરમેં પધરાઓ એવં નામસેવાપર ભાર રખ્ખો... ભક્તિકી પ્રાપ્તિ સ્વગૃહોમેં સેવા કરનેસે હી હોગી. આજકે ઈન મંદિરોસે કોઈ લાભ નહીં હૈ, કયોંકિ ઈનમેં દ્રવ્યસંગ્રહકી પ્રધાનતા આગયી હૈ ઔર જહાં દ્રવ્ય ઈકઠ્ઠા હોતા હૈ વહીં અનર્થ હોતે હૈં. આજ સંપ્રદાયકા વિકૃત સ્વરૂપ ઈસીસે હૈ.

**(નિ.લી.ગો.શ્રીકૃષ્ણજીવનજી મહારાજ,** મુંબઇ-મદ્રાસ : વલ્લભવિજ્ઞાન અંક.૫-૬ વર્ષ ૧૯૬૫)

**(૨૦/ક)** આપણે શ્રીવલ્લભાચાર્યજીની આજ્ઞાનું પાલન કયાં કરી રહ્યા છીએ ? આપણે ત્યાં ગૃહસેવા કયાં બચી છે ? કેવળ મંદિરોમાં દર્શનથી શું લાભ છે ? શ્રીમહાપ્રભુજીની આજ્ઞા છે 'કૃષ્ણસેવા સદા કાર્યા'. જો શ્રીમહાપ્રભુજી મંદિરને મુખ્ય માનતા હોત તો પતાની ત્રણ પરિક્રમાઓમાં અનેક મંદિર સ્થાપિત કરી દેત. શ્રીગુસાંઈજીએ શ્રીગિરધરજીને સાતસ્વરૂપનો મનોરથકરતા સમયે આ જ પ્રકારની ચેતવણી આપી હતી. મન્દિરની સ્થાપના કરતા સમયે તેમને ડર હતો કે ઘરમાંથી ઠાકોરજી મન્દિરમાં પધારી જશે. મારા પિતાજી (નિ.લી.ગો.શ્રીકૃષ્ણજીવનજી મહારાજ) એ કાલે જે કહ્યું હતું (ઉપર ટાંકેલ ૧૫ માં વચનમાં) તે અક્ષરશઃ સત્ય છે. તમે પોતાના ઘરોમાં ઠાકોરજીને પધરાવો અને તેમની સેવા કરો.

**(ખ)** પુષ્ટિમાર્ગીય પ્રણાલિકામાં ટ્રસ્ટ ખરું ઉતરતું નથી. શ્રીઆચાર્યચરણે દરેક બ્રહ્મસંબંધી જીવને આજ્ઞા કરી છે કે ''ગૃહે સ્થિત્વા સ્વધર્મતઃ'' (ભકિતવર્ધિની) અર્થાત્... પોતાના ઘરમાં રહીને સ્વધર્માચરણ કરવું. ગોસ્વામિબાલકો પણ આચાર્ય હોવાથી વૈષ્ણવ પણ છે. એટલે આચાર્યશ્રીની ઉપરોકત આજ્ઞા પાલન કરવાની તેમની પણ ફરજ છે.... માટે મારું માનવું તો આ જ છે કે આચાર્યચરણના સિદ્ધાંત પ્રમાણે વૈષ્ણવો પોતાના ઘરે શ્રીઠાકોરજીની સેવા કરે અને ધર્મગ્રન્થોનું વાંચન કરે, નહિ કે મન્દિરોમાં જઈને.... ટ્રસ્ટ એ પુષ્ટિમાર્ગીય પ્રણાલિકામાં બંધ-બેસતું નથી બલ્કે આપણી પ્રણાલીનો ભંગ કરે છે.

**(નિ.લી.ગો.શ્રીવ્રજાધીશજી મહારાજ : દહીસરમાં શ્રીગોવર્ધનનાથહવેલી ટ્રસ્ટના સંસ્થાપક ૨૦/ક 'વલ્લભવિજ્ઞાન' અંક ૫-૬ વર્ષ ૧૯૬૫, ૨૦/ખ : 'નવપ્રકાશ' અંક ૮, વર્ષ ૮)**

**(૨૧/ક)** અને જ્યારે જનરલ પબ્લિક-ટ્રસ્ટ છે ત્યારે ઠાકોરજીને ગોસ્વામી-સંબંધથી જુદા કરીને, ઠાકોરજીને બધી સંપત્તિ અર્પણ કરીને, એટલે કે ભેટ કરીને, રિલીજિયસ એંડોમેંટના રૂપમાં થયેલા તે ટ્રસ્ટ છે. આવી સ્થિતિમાં આવા ટ્રસ્ટોથી જે નેગ-ભોગ ધરાવવામાં આવે છે તે દેવદ્રવ્યથી ચલાવવામાં આવે છે. દેવદ્રવ્યનો ઉપભોગ કરનાર અંતે દેવલક (નરકમાં પડનાર પાપી) જ છે. શ્રીમદાચાર્યચરણે પ્રભુની સોનાની કટોરી ગિરવી રાખીને જયારે ભોગ આરોગાવ્યો ત્યારે આપે દેવદ્રવ્યથી સમર્પિત બધો જ પ્રસાદ ગાયોને ખવડાવી દીધો હતો. આ છે સામ્પ્રદાયિક સિદ્ધાંત. આવા આદર્શરૂપ સિદ્ધાંતોનો જે પ્રથાથી વિનાશ થઈને આચાર્યોને દેવલક બનાવવામાં આવે છે તે પ્રથાને જેટલી જલદી સમ્પ્રદાયમાંથી હટાવી દેવામાં આવે એટલો જ શ્રેય તેમાં ગોસ્વામી સમાજ તથા વૈષ્ણવ સમાજનો રહેલો છે.

**(ખ)** ભગવત્સેવા એ સંપ્રદાયની આત્મરૂપ પ્રવૃત્તિ છે. આચાર એ સેવાનો અંગ છે. સેવાની અનુકુળતાના અનુરૂપ જ આચારનું પાલન કરવું જોઈએ. આચાર-પાલનને પ્રમુખતા આપીને ભગવત્સેવાનો ત્યાગ કરવો ઉચિત નથી. ભગવત્સેવા જેમ પણ બને કરો... ગુરુઘરમાં ન મોકલો. જો આપણે ભગવદ્દ્રવ્યને પેટમાં નાખીશું તો તે અપરાધ છે. આપણને ગ્રન્થોના અધ્યયન પ્રત્યે લોકોને આકર્ષિત કરવા જોઈએ.

**(નિ.લી.ગો.શ્રીદીક્ષિતજી મહારાજ મુંબઈ-કિશનગઢ** : ૨૧/ક : ‘આચાર્યોચ્છેદક ટ્રસ્ટ-પ્રથાસે પુજારીપનકી સ્થાપના ઘોર સિદ્ધાન્તહાનિ એવં ઘોર સ્વરૂપચ્યુતિ’ લેખ પૃષ્ઠ ૭; ૨૧/ખ : ‘શ્રીવલ્લભવિજ્ઞાન’ અંક ૫-૬ વર્ષ ૧૯૬૫)

**(૨૨/ક)** જેમ સ્વરૂપસેવા સ્વાર્થબુદ્ધિથી અને લૌકિક કાર્ય સમજીને ન કરવાની શ્રીમહાપ્રભુજીની આજ્ઞા છે, તે પ્રમાણે નામસેવા પણ વૃત્તિ અર્થે ન કરવી જોઈએ, એવી આજ્ઞા શ્રીમહાપ્રભુજી નિબન્ધમાં કરે છે.. વૃત્તિ અર્થે સેવા કરવાથી પ્રત્યવાય (દોષ) લાગે. જેમ ગંગા-જમુનાજળનો ઉપયોગ ગુદાપ્રક્ષાલનાર્થ ન થાય, તેમ સેવાનો ઉપયોગ પણ વૃત્ત્યર્થ ન કરાય.

**(ખ)** તન અને વિત્ત જો પ્રભુમાં વપરાય તો મન પ્રભુમાં જરૂર લાગે છે. માટે જ શ્રીવલ્લભે ઉપદેશ કર્યો છે કે ‘‘તત્સિદ્ધયૈ તનુવિત્તજા’’. માનસી જે પરા છે તેને સિદ્ધ કરવા તનુ-વિત્તજા સેવા જરૂરી છે. તન અને વિત્ત બન્ને કયાંય એક સ્થળે લગાડો તો ચિત્ત તેમાં રાત-દિવસ રહે છે. દલાલીનો વ્યવસાય કરનાર વ્યવસાયમાં કેવલ તનથી શ્રમ કરે છે પણ તેમાં વિત્ત પોતાનું જરાય લાગતું નથી. આથી જો બજારભાવ વધે કે ઘટે તો તેનાથી તેને મનથી ચિંતા થતી નથી... અને છોકરાનો પિતા એકલી વિત્તજા તરીકે ટયુશન ફી આપીને સમજે છે કે છોકરો પાસ થવાનોજ છે. આ ત્રણેને ફલ પ્રાપ્તિ નહીં થાય કારણ કે તનુજા-વિત્તજા બન્ને લાગતા નથી. હવે તનુવિત્તજા બન્ને લગાડે તો ચિત્ત પરોવવાના દાખલા જોઈએ; એક દુકાનદાર દુકાન અને માલની ખરીદીમાં મૂડી લગાડી વેપાર શરૂ કરી અને સવારથી રાત સુધી હાજરી આપી તન પણ વેપારમાં લગાડે છે તો તેથી રાત-દિવસ દુકાન અને વેપાર ના જ વિચારો આવે છે; કેમ વેપાર સારો થાય, કેમ વેપાર વધે... માટે પુષ્ટિમાર્ગમાં પ્રભુમાં આસક્તિ સિદ્ધ થવા માટે મનોવૈજ્ઞાનિક

પ્રક્રિયા બતાવી છે કે તેણે તનુ–વિત્તની સેવા ભારપૂર્વક કરવી.

(**નિ.લી.ગો.શ્રીગોવિંદરાયજી મહારાજ પોરબંદર** : ક –'સુધાધારા' પૃ.૧૧૪. ખ : 'સુધાબિન્દુ' પૃ.૭૩).

**(૨૩)** ક્યોંકિ શ્રીનાથજી સ્વયં ઉસકે ભોક્તા હૈ કિન્તુ વૈષ્ણવવૃંદ તથા સેવકગણ ભી ઉસકે મહાપ્રસાદ લેને તકકે અધિકારી નહીં હૈ. યહ આચાર્યચરણકે ઈતિહાસસે પ્રત્યક્ષ પ્રમાણભૂત હૈ. ઉસકે મહાપ્રસાદ લેનેકા કેવલ ગાયકો હી અધિકાર હૈ. અન્યથા ઉસ દેવદ્રવ્યકે ઉપભોગ કરનેસે નિશ્ચય હી અધઃપતન હૈ... સબ પ્રકારકે દાન ચઢાવા વ વસૂલ વસૂલી કરનેકા ઉલ્લેખ કિયા ગયા હૈ, વહ ભી સંપ્રદાયકે સિદ્ધાંતસે નિતાંત વિરૂદ્ધ હૈ. હમારે સંપ્રદાયકી પ્રણાલીકે અનુસાર જો હમારે સંપ્રદાયકે સેવક હૈં, ઉનકા હી દ્રવ્ય ગુરુ–શિષ્યકે સંબંધસે લેકર સેવામાં ઉપયોગ કરાયા જા સકતા હૈ. સંપ્રદાયમેં સબ પ્રકારકે દાન–ચઢાવેકા ઉપયોગ સેવામેં નહીં કિયા જાતા હૈ. ઔર કદાચિત્ કહીં કિયા જાતા હો તો વહ સંપ્રદાયકે નિયમોંસે વિરુદ્ધ હોનેકે કારણ બંદ કર દેના ચાહિયે.

(**પૂ.પા.ગો.શ્રીઘનશ્યામલાલજી–સપ્તમેશ** : શ્રીનાથદ્વારા ઠિકાનેકે પ્રબંધકી દિલ્લીયોજનાકી આલોચના તા. ૧–૨–૫૬).

## (૨૪) ટ્રસ્ટ હવેલી–મન્દિર એટલે પુષ્ટિભાવોનું મોત :

ભગવાન–સ્વધર્મ પૂંજીથી (પૈસાથી) બંધાઈને નથી ચાલતા; તેઓ શ્રદ્ધા પ્રેમપરવશ બનીને ચાલે છે. આજે જે (મન્દિરો–હવેલીઓના) ટ્રસ્ટો કે સ્થાનોની પ્રણાલી ચાલી રહી છે. તે પુંજીવાદની એક હમણાં હમણાં પેદા થયેલી કથા છે જેમાં ભગવાન, ગાય, ગુરૂ અને ધર્મઅનુયાયીઓ ઉપર એકચક્રીશાસન કરવાની લાલચ રહેલી છે. આ પ્રકારથી આદર્શના મહોરા કહેવાતા આ ધનલિપ્સા (ધનલાલસુ) અને ધનિકોની કથામાં તે પ્રેમ નથી જે એક અકિંચન ભક્તના "રહિયે મેરે હી મહલ અનત ન જૈયે..." આ આત્મીયતા ભરેલા મીઠા શબ્દોમાં ઝલકે છે. આ પ્રેમભરેલો અનુનય છે. અને આજના ટ્રસ્ટી અને સરકાર ભગવાનને પૈસા કે સત્તાના જોરે એમ કહે છે કે "આ સ્થળથી જરાય પણ હલતા નહીં. ધ્યાન રાખજો, હું તમારો વ્યવસ્થાપક, ટ્રસ્ટી છું. તમારી ઈચ્છા હોય કે ન હોય, તમારે મારા ઉપર ભરોસો રાખવો જ પડશે, સમજ્યા !" માણસો સમજે છે કે આ ધર્મરક્ષાનું જ એક સર્વશ્રેષ્ઠ રૂપ છે, પરંતુ.... આમાં પણ પ્રાણોની એટલી જ અસલામતી છે કે મોતથી કાંઈ ઓછી નથી... શ્રીવલ્લભાચાર્યએ આવી રીતે બાંધવામાં આવેલા ઈશ્વરને દામોદર માનવા માટે ઈન્કાર કરી દીધો.

## શ્રીઠાકોરજીને ટ્રસ્ટમાં પધરાવવાળાઓએ શ્રીઠાકુરજીને વેંચી માર્યા છે :

....સરખી રીતે સમજો કે એવી કઈ મા હશે જે પોતાના છોકરાને પૈસાની લાલચમાં વેંચી નાખે; કે પછી કોઈ પ્રેમી ક્યારેય પણ પ્રત્યક્ષ તો શું સપનામાં પણ આવું કરવાનું તો દૂર રહ્યું, વીચારી કે જોઈપણ નથી શકતો. આ બાબતમાં એક વાર્તા યાદ આવે છે... એક વખત એક પૈસાદાર વાંઝણી સ્ત્રી (અત્યારના દર્શનીયા વૈષ્ણવ અને ટ્રસ્ટી) એ ગરીબ (ગોસ્વામી

ગુરૂ) નું બાળક (શ્રીઠાકોરજી) રમાડવા માટે લીધું. કેટલાક દીવસો પછી બાળકની માંએ જે ગરીબ હતી તેણે પોતાનું બાળક માગ્યું ત્યારે પૈસાદાર સ્ત્રીએ કહ્યું કે આ તો મારૂં બાળક છે, તારૂં નથી. તારાથી જે થાય તે કરીલે. બીચારી ગરીબ મા...ન્યાય માગવા લાગી... પરંતુ બધા (વૈષ્ણવ, આમજનતા, સરકાર) લોકો તે ગરીબની વિરૂદ્ધ જુબાની આપવા જતા રહ્યા. ન્યાયાધીશ હોંશીયાર હતા... ન્યાયાધીશ બોલ્યા કે... આ (બાળક)ના બે હકકદાર છે એટલા માટે આ (બાળક) ના બે ટુકડા કરીને આ બંનેને સરખા ભાગે આપી દેવામાં આવે. પૈસાદાર સ્ત્રી (ટ્રસ્ટી) એ આ વાત માની લીધી, પણ ગરીબ માએ રોતા રોતા કહયું કે ''નહી હજુર, આ બાળક મારૂ નથી; આ તો એનું જ બાળક છે, એને મારીને બે ટુકડા કરશો નહીં''... આવો ત્યાગ એક સાચી મા જ કરી શકે. આ તો બનાવટી ઠોકી બેસાડવામાં આવેલી વ્યવસ્થા છે.

આ રીતે પૈસાએ ધર્મ ખરીદયો, ભગવાન ખરીદયા, અને તે નિર્દોષ બાળકની ગુંજતી કિલકારીઓ હંમેશા-હંમેશાને માટે ચુપ થઈ ગઈ. લોકોએ કહ્યું કે હવે ભગવાન બોલતા નથી, હંસતા નથી, ખેલતા નથી. પરંતુ આવી અપેક્ષા તેની પાસે રાખી શકાય છે કે જે જીવતો હોય, કોઈના પ્રેમમાં બંધાયેલો હોય, તે પછી તે ખૂબસૂરત બાળકની નુમાઈશ અને પ્રદર્શન કરવા લાગ્યો, જેમ બેબીમિલ્કના ડબલામાં ચિત્ર કે મોડેલનું ચિત્ર હોય છે.

### ટ્રસ્ટીઓ દ્વારા કરવામાં આવતી સેવા પૂતનાના પ્રેમ જેવી છે :

દરરોજ એ વિચારવા લાગ્યો કે આનાથી કેટલી આવક થઈ, કેટલો વેપાર થયો, અને બધા વ્યવસ્થાપક એમ માને છે કે આ પ્રેમ છે, ભકિત છે. પણ હતો તો ધંધો જ, જેનું રૂપ પૂતનાના પ્રેમની જેમ સચ્ચાઈને છુપાવી ગયું અને ભોળી જશોદાએ લાલનને તેને રમાડવા આપી દીધા.

### મન્દિર-હવેલીઓ દુકાનો બની ગઈ છે :

કેટલો વેપાર થયો તેના ચોપડા રખાવા માંડયા. કેટલું ખાધું અને કેટલો નફો થયો આનુ માપ તોલ થવા લાગ્યું. વેંચાવા લાગ્યો ધર્મ અને ધર્મસ્વરૂપ તે બાળક ભગવાન જે પ્રેમથી ભકતોને માટે ભોળો બની ગયો હતો. લોકોએ તેનો ફાયદો ઉઠાવ્યો અને કહી દીધું - આ સાર્વજનિક ઈશ્વર છે. તે સર્વશકિતમાનને સ્વાર્થનું સાધન અને જગન્નિયતા ઉપર ધનનિયન્તા રાજ કરવા લાગ્યા. હાલત એવી થઈ કે કોણ એને ખવડાવે-પીવડાવે ? તે તો સાર્વજનિક હતો !

### મન્દિર-હવેલીઓના શ્રીઠાકોરજી જડ બની ગયા છે :

શ્રીદ્વારકાધીશને પણ એ છૂટ હતી કે તેઓ વિદૂરના ઘરે શાક ખાઈ શકતા હતા પણ આ તો કાયમ માટે જડ બની ગયો, ફકત જોવા પૂરતો જ !

....શું આ સિદ્ધાન્ત કોઈ પ્રેમીને માટે પ્રેમીકા કે માતાને મંજૂર થશે ? પણ આ આજે માન્ય છે અને માન્ય કરવું પડશે. માત્ર પૈસા માટે પોતાનું દીલ નહીં, દુનિયાનું દીલ બહેલાવવા માટે, વેશ્યાની જેમ, જેનામા હૃદય જેવી કોઈ ચીજ રહી નથી શકતી અને હોય તો તે માની ન

શકાય. બધાનો અધિકાર છે તેના ઉપર, જાણે કે તે સમ્પત્તિ હોય, જેની ઇચ્છા થાય તે ખરીદે, મન ફાવે તેમ ઉપયોગ કરે, જેવી ઇચ્છા થાય તેવું વર્તન કરે ! તેને કરવું જ પડશે. કઇ જાતની છે આ ભકિત અને પ્રેમની પરિભાષા ! છતાંપણ સ્વતન્ત્રતાના ભુંગળા વગાડવામાં આવે છે ! શું આ જ એ ભકિત છે જેને શ્રીવલ્લભ ''માહાત્મ્યજ્ઞાનપૂર્વક સુદૃઢ સર્વત્તોઽધિક સ્નેહ'' કહે છે ? આજે આ ભકિતનું માહાત્મ્ય આ જ છે કે કયા ભગવાનને ત્યાં કેટલી આવક થાય છે.

### ટ્રસ્ટ મન્દિર પુષ્ટિપ્રભુને માટે જેલખાનું :

..... હવે કોઇ પ્રેમથી આ નથી કહી શકતું કે મારો બાળક મોડે મોડે સુતો છે, વહેલો ન ઉઠાડતા. સુરદાસનું પદ ભગવાનને જગાવવા માટે દુલાર નથી રહ્યું, ન તો કલેઉના પદમાં મમતાનો અનુનય છે; આ તો ફરજીયાત નાસ્તો છે જેને કેદીની જેમ ઈશ્વરને કરવો પડે છે. જાણે કે જેલખાનામાં ઉઠવાની કે ખાવાની ઘંટડી વાગી હોય !

....શ્રીવલ્લભાચાર્યજીએ જીંદગીમાં કયારેય પણ પોતાના કલેજાના ટૂકડા આરાધ્યને દૂર થવા દીધા નથી. આજે તે વહેંચાઇ રહ્યો છે ધનપતીઓના હાથમાં અને બંધાઇ ગયો છે સરકારી સંકજામાં, પબ્લિક પોલિસીની અંદર. અને હવે તેને શો-રૂમનું પૂતળું બનવાનો સમય નજીક આવી ગયો છે.

### ધર્મ અને ભગવાનની દશા એક વેશ્યાથી પણ હીનકક્ષાની છે :

બીચારા ધર્મ અને ભગવાનની દશા એક વેશ્યાથી પણ બદતર છે... ભગવાનની સુંદર વિનિન્દિતમુકતા-દંતપંકિત બગલા ભગતોંને જોઇને ખીલી ઉઠે છે. સદાનન્દ નિરાનન્દ થઇને આ ધર્મ ખરીદવાવાળાના હાથોમાં સરાજાહેર વેંચાઇ રહ્યો છે.... બધાને આશરો આપવાવાળો પોતે જ નિરાશ્રિત થઇને બેઠો છે પોતાના ધનવાન ખરીદનારાઓની રાહ જોઇને !

### હવેલી-મન્દિરમાં દેવદ્રવ્યનો પ્રસાદ ખાવો એટલે નરકની ટિકિટ કપાવવી:

ધર્મશાસ્ત્રમાં જે બુદ્ધિમાન બ્રાહ્મણને દેવલકવૃત્તિથી અધમ માનેલો છે... આજે એજ દેવલકવૃત્તિનું ધન જીભના ચટકારા લઇને વૈષ્ણવસમાજ ખાઇ રહ્યો છે. નાથદ્વારામાં કઇ વસ્તુ સ્વાદિષ્ટ છે.... આજ વિવેચન કરે છે... પણ મારૂં કર્તવ્ય શું છે આ કયારેય વિચારતો નથી. શ્રીનાથજીમાં ધનવાનોનું સામ્રાજ્ય છે... નાથદ્વારામાં હમણાં હમણાં પૈસા ખૂબ જ આવી રહ્યા છે, કેમકે ત્યાં ધનવાનોનું સામ્રાજ્ય છે. એમના દલાલો શ્રીનાથજીનો મહિમા વધારે છે... ગરીબો માટે ઉભા રહેનાર ઠાકોરજી હવે ફકત ધનિકો માટે ઉભા રહે છે.

### શ્રીવલ્લભના આદર્શોના સ્મશાન જેવા મન્દિર-હવેલીઓ :

ભગવન્નામ ભાગવત દ્વારા હોસ્પિટલોને માટે કરોડોની રકમ જમા થાય છે. અને જામનગરમાં આદર્શ સ્મશાન પણ છે, પણ અહીં તો સ્મશાનથી પણ આદર્શ ગાયબ થઇ જઇ રહ્યા છે ! કદાચ આદર્શનું સ્મશાન આ ટ્રસ્ટ અને સરકારી દેવાલય.

### મન્દિરનો પ્રસાદ ખાઈ શકાતો નથી :

...વલ્લભમતમાં આ સિદ્ધાન્તતઃ ખોટું છે અને આવા દેવસ્થાનોના ચઢાવાનો પ્રસાદ પણ ખાઈ શકાતો નથી. કારણકે ત્યાં દેવલકવૃત્તિ જ મુખ્ય છે.

### દર્શન-મન્દિર ધર્મપ્રચારનું માધ્યમ બની શકતા નથી :

જ્યાં સુધી ભગવત્સ્વરૂપ કે મૂર્તિનો સવાલ છે, ધર્મપ્રચારને તેની સાથે કોઈ સંબંધ નથી. અને ન તો એને ઉચિત પણ કહી શકાય. કારણ કે ભગવાને ધર્મની વ્યવસ્થાને માટે વેદવ્યાસ વગેરે જ્ઞાનાવતાર અને અંશાવતાર ધારણ કરીને જ ધર્મરક્ષા કરી છે. આજની (સાર્વજનિક હવેલી-મન્દિર) વ્યવસ્થા આચાર્યોચિત અને ધાર્મિક કે ભારતીય જ નથી ત્યારે શ્રીવલ્લભાચાર્યને સંમત હોવાનો તો સવાલ જ પેદા નથી થતો.... અમારી આ બાબતમાં સૂચના છે કે એક અલગ વ્યવસ્થા... કરવી જોઈએ જેનાથી શ્રીવલ્લભસિદ્ધાન્તોની રક્ષા થઈ શકે. જો આવી વ્યવસ્થા કરવામાં નહીં આવે તો દેવદ્રવ્ય થશે, જેનો ભોગ કરવાથી શ્રીઆચાર્ય સ્પષ્ટ કહી રહ્યા છે કે નરકપાત થશે.

### નકલી બેઠકો :

બેઠકોની ભાવગંગા તો હવે ઘેરબેઠા જ માણસને પવિત્ર કરવા પોતાના ઉંચા-ઉંચા તરંગોથી બધાજ ઘર-બાર ને જ તરબોળ કરવા લાગી છે ! ... ૮૪ બેઠકોથી સંતોષ ન થયો તેથી હવે મહાપ્રભુ શ્રીવલ્લભને મુસલમાનોંના ખેતરોમાં પોતાના ઝારી અને બીજા ચિન્હો પ્રગટ કરવા માટે વિવશ થવું પડે છે !

(**નિ.લી.ગો.શ્રીરણછોડાચાર્યજી પ્રથમેશ :** ''હમારી ધાર્મિક સ્થિતિકા વર્તમાન સ્વરૂપ એવં ભવિષ્યકી વ્યવસ્થા હેતુ પ્રતિવેદન'')

**(ખ)** શ્રીવલ્લભાચાર્યજીએ સેવાને વેંચાતી લેવાની વાત નથી કહી કે લઈ આવો પૈસા આપીને. નહીં. 'તનુવિત્તજા' પદનો અર્થ જ આ છે કે તે સમસ્ત પદ છે. જ્યાં તન લાગે ત્યાં જ ધન લાગે ત્યારે જ સેવા થઈ. પરંતુ ધન લાગે અને તન ન લાગે તો સેવા કરી નથી કહેવાતી.

(**પ્રથમેશ વાક્સુધા-૧.** પાનાનં. ૫૯)

**(ગ)** ...''સેવાऽપિ કાયિકી કાર્યા'' એમ નહીં કે પૈસા આપી દીધા. પૈસા આપીને પરણેલી સ્ત્રીને નથી લાવી શકાતી, વેશ્યાને લાવી શકાય છે. વેશ્યાથી ઘર નથી વસતુ આ વાત સ્પષ્ટ છે. તેથી સાફ વાત છે કે ભગવત્સેવા અને વરણમાં પતિ-પત્નિનું દૃષ્ટાન્ત અપાય છે કે જેમાં આત્મીય સમ્બન્ધ છે.

(**પ્રથમેશ વાક્સુધા-૧,** પા.નં.૭૪)

**(ઘ)** ભેટ પણ શ્રીઆચાર્યની સન્મુખ જ થાય છે. પ્રભુની સન્મુખ નથી થતી. દેવલકવૃત્તિથી બચવાની વિધિ અને વૈદિક વ્યવસ્થાને સંભાળીને રાખવી જોઈએ. નહીંતર બુદ્ધિ બગડશે. આવું કરવાથી પતન થાય છે, અને થયું છે. (ત્યાંજ પા.નં. ૧૭૧) વસ્ત્ર અલંકારોમાં મન વધારે જતું હોય તો આવું સાહિત્ય રાખવાની આવશ્યકતા નથી. આવું કરવાથી લૌકિક વધે છે અને

ધર્મભાવના નાશ પામે છે... તેથી વૈભવ વધારવાની શ્રીગુસાંઈજીએ ના કહી હતી અને શ્રીમહાપ્રભુજીએ નાવને (દ્રવ્ય સંપત્તિથી ભરેલી) ડુબાડીને પુરૂષોત્તમને જ ઘરમાં પધરાવ્યા હતાં. (ત્યાંજ પા.નં. ૧૮૦).

**(ચ)** ધર્મની પરમ્પરા પ્રદર્શન ઉપર આધારિત નથી પરંતુ એક યથાર્થ જીવનનો ઉ જ્જવલ પક્ષ છે... કુનવારા અને બીજા મનોરથો... નું રૂપ આગળ જઈને મહાપ્રભુ શ્રીવલ્લભની આચાર-પરમ્પરા અને સમ્પ્રદાયની મર્યાદાનો નાશ કરનારૂં થશે જેની આજે કલ્પના પણ નથી કરી શકાતી. (ત્યાંજ પા.નં.૧૯૭)

(**પ્રથમેશ નિ.લી.ગો.શ્રીરણછોડલાલજી મહારાજ,** કોટા-જતિપુરા-મુંબઈ)

**(૨૫/ક)**

**પ્રશ્ન :** **દેવદ્રવ્ય કોને કહેવાય ?**

**ઉત્તર :** દેવદ્રવ્ય એટલે દેવનું દ્રવ્ય દેવને ઉદ્દેશીને અર્પણ કરાતું દ્રવ્ય કે કોઈ પદાર્થ 'દેવદ્રવ્ય' કહેવાય. તે જ પ્રકારે ગુરુને ઉદ્દેશીને અર્પણ કરાતું દ્રવ્ય 'ગુરુદ્રવ્ય' કહેવાય. પ્રભુની પ્રસાદી વસ્તુને 'મહાપ્રસાદ' કહેવાય... આ પ્રકારનાં મંદિરોમાં તો સન્મુખમાં ભેટ ધરાતું દ્રવ્ય તેમજ ટ્રસ્ટની ઓફિસમાં આવતું દ્રવ્ય તેને સ્પષ્ટ 'દેવદ્રવ્ય' કહી શકાય અને તે દ્રવ્યથી સિદ્ધ થતી સામગ્રીમાં ભગવત્પ્રસાદી થયા પછી મહાપ્રસાદપણું તો આવે છે પરંતુ તેની સાથે તેમાં દેવદ્રવ્યપણું તો રહેજ છે. તેથી વૈષ્ણવોએ એ મહાપ્રસાદને દેવદ્રવ્ય સમજીનેજ વ્યવહાર કરવો જોઈએ. તે મહાપ્રસાદ લેવામાં દેવદ્રવ્યનો બાધ તો રહેલો જ છે.

**(ખ)** મંદિરના સ્થળ ફેરફાર અંગે શ્રી ગો.પૂ.૧૦૮ શ્રીબાલકૃષ્ણલાલજીએ કહ્યું કે પુષ્ટિમાર્ગમાં સાર્વજનિક મંદિરની પરંપરાજ નથી. એમાં વ્યકિતગત સ્વરૂપ, નિજી સ્વરૂપ, ની જ વાત છે. અને તેથી તેનો સેવાપ્રકાર દેવાલયપ્રકારનો નથી. મંદિરની બાંધણી પણ ઘર જેવીજ થાય છે. કયાંય ધ્વજા-શિખર હોતા નથી. વૈષ્ણવો પણ ઘરમાં સેવા કરે છે, તેને 'મંદિર' જ કહે છે...

('સેવા-દેવદ્રવ્ય-વિમર્શ' ગ્રંથના સહલેખક **નિ.લી.ગો.શ્રીબાલકૃષ્ણલાલજી મહોદય, સૂરત :** ૨૩/ક : વૈ.વા.અંક.૩. વર્ષ.માર્ચ ૧૯૮૩-૨૩/ખ : 'ગુજરાત સમાચાર' અંક ૨૫-૫-૯૩માંથી સાભાર).

**(૨૬/ક)** ...બ્રહ્મસંબંધ લે કર સેવા કરનેસે પ્રત્યેક ઈન્દ્રિયોંકા ભગવાન્‌મેં વિનિયોગ હોતા હૈ... મન્દિર-ગુરુઘર કેવલ ઉપદેશ ગ્રહણ કરનેકે લિયે હૈં. સેવા હમેં અપને ઘરોંમેં કરની હૈ.

(**'વલ્લભવિજ્ઞાન'** અંક : ૫-૬, વર્ષ ૧૯૬૫)

**(ખ)** આજે ઘણા ઘરોમાં સેવા થાય છે, પરંતુ શું આપણે વિશ્વાસપૂર્વક કહી શકીએ છીએ કે આ સેવા સાચી સેવા છે ? શું આજની સેવા 'ચેતસ્તત્પ્રવણં સેવા' (ચિત્તનું પ્રભુમાં પરોવાઈ જવું તે સેવા છે.) નું અક્ષરશઃ સાર્થક સ્વરૂપ છે ?

હકીકતમાં તો અમે ખુદ વલ્લભવંશજ ગોસ્વામી પણ આવો દાવો કરી જ નથી શકતા કે આજે અમે સાચી સેવા કરી રહ્યા છીએ. આવું કહેવામાં મને જરાપણ સંકોચ નથી થઈ રહ્યો,

કેમકે હું દંભનું સંરક્ષણ કરવા નથી માગતો. તેથી સ્પષ્ટ છે કે જો અમારા ગોસ્વામીઓમાં સેવાની અને શ્રીમહાપ્રભુજી દ્વારા ઉપદેશાયેલા સિદ્ધાન્તોનાં પૂર્ણ પરિપાલનની ક્ષમતા હશે તો જ અમારા અનુયાયી આપ મેળે સેવા અને સિદ્ધાન્તના પરિપાલનમાં સક્ષમ બની શકશે, બાકી તો નહીં. કેમકે અમે ગોસ્વામી અને વૈષ્ણવ એક જ તત્ત્વના બે પ્રકાર છે. વલ્લભકુળ બિન્દુ સૃષ્ટિ છે તો વૈષ્ણવ નાદસૃષ્ટિ છે. આ સ્થિતિમાં શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઇજી પ્રભુચરણ દ્વારા કરવામાં આવેલી આજ્ઞા વલ્લભકુળ અને વૈષ્ણવ બંનેના માટે પરિપાલનીય છે.

(**પૂ.પા.ગો.શ્રીમથુરેશ્વરજી મહારાજ,** વડોદરા-સુરત, પુષ્ટિબોધ ભાગ-૧, પૃ.૨૩ વિ.સં.૨૦૩૪)

**(૨૭)**

**પ્રશ્ન : આપણા સંપ્રદાયમાં મંદિરને 'મંદિર' ન કહેતાં 'હવેલી' શા માટે કહેવામાં આવે છે ?**

**ઉત્તર :** સામાન્ય રીતે ઈતર હિંદુ સંપ્રદાયમાં 'મંદિર' શબ્દ દેવાલયના અર્થમાં વપરાય છે પરંતુ આ રીતે દેવાલયના રૂપમાં મંદિર જેવી સંસ્થાનું પુષ્ટિમાર્ગમાં અસ્તિત્વ નથી. કારણ કે પુષ્ટિમાર્ગમાં જે પ્રભુ આપણા માથે પધરાવવામાં આવે છે તે પ્રભુ-સ્વરૂપ અને તેમની સેવા દરેકના વ્યકિતગતરૂપે તેમની ભાવના અનુસાર પધરાવી આપવામાં આવે છે. પોતાના શ્રીઠાકોરજીની સેવા પુષ્ટિમાર્ગીય જીવનું એકમાત્ર પોતાની ફરજ બની જતું પોતાનુંજ ધર્માચરણ છે. પુષ્ટિમાર્ગમાં સેવા સામુહિક જીવનનો વિષય નહિ પણ વ્યકિતગત જીવનનો વિષય છે. જેમ લોકમાં પત્ની અથવા માતાનો પતિ અથવા પુત્રની સેવાનો કે વાત્સલ્ય આપવાનો તેનો વ્યકિતગત ધર્મ ફરજ અને અધિકાર હોય છે, તે જ પ્રમાણે જે સેવકનું જે સેવ્ય સ્વરૂપ હોય તે સેવ્યની સેવાનો તેનો વ્યકિતગત ધર્મ અને અધિકાર છે. સેવા એ જાહેર કાર્ય કે જાહેર પ્રવૃત્તિ નથી પરંતુ સેવા એ પોતાના આંતરિક જીવન સાથે સંબંધ ધરાવતી હોવાથી તે આપણા જીવનની આપણા નિજઘરમાં થતી સ્વધર્મરૂપ પ્રવૃત્તિ છે... માટે ઈતર હવેલીઓની જેમ 'શ્રીનાથજીનું મંદિર' શબ્દ રૂઢ થઈ ગયેલો હોવાથી તે વપરાય છે. હકીકતમાં સામુહિક દર્શન કે સેવા જ્યાં થતી હોય તેવા અન્યમાર્ગીય જાહેર દેવસ્થાન જેવું એ મંદિર નથી.

(**પૂ.પા.ગો.શ્રીવલ્લભરાયજી, સુરત :** 'પુષ્ટિને શીતલ છાંયડે' પાના નં. ૧૫૭-૧૫૮).

**(૨૮)** જેઓ ઘરમાં રહીને પ્રભુની સેવા કરે છે તેઓ પોતે તો કૃતાર્થ થાય જ છે પરંતુ તેઓના પરિવારના પરિજન (સભ્યો) પણ કૃતાર્થ થાય છે... બધી ઈન્દ્રિયોથી અન્તઃકરણથી ભજનાનન્દનો અનુભવ ઘરમાં રહીને શ્રીઠાકોરજીની સેવા દ્વારા થાય છે... એટલા માટે ઘરમાં આચાર્ય શ્રીગુરૂચરણ દ્વારા પુષ્ટ કરાવીને શ્રીઠાકોરજી પધરાવો અને સમયને સેવામય બનાવો... શ્રીઠાકોરજી ઘરમાં બિરાજતા હોય તો ઘર ઘર નથી રહી જતું, તેવું ઘર પ્રભુની ક્રીડા (રમણ)નું સ્થળ બની જાય છે... નન્દાલયની લીલાનું સ્થળ (નંદાલય) બની જાય છે.

... મુકુન્દદાસ ... રામદાસ સાંચોરા... કિશોરીબાઈ... જીવનદાસ ... આ મહાનુભાવોએ ... શ્રીનાથજી તથા ઘરના શ્રીઠાકોરજીમાં ભેદ નથી જાણ્યો.

...શ્રીઠાકોરજી આપણા નિધિ એટલે કે સર્વસ્વ છે... આવા પૂર્ણપુરૂષોત્તમ શ્રીનન્દરાજકુમારને શ્રીમહાપ્રભુજીએ આપણા ખોળામાં પધરાવીને આપણને ભાગ્યશાળી બનાવ્યા છે. આ અલૌકિક નિધિ (ધન) આપીને આપણને ધન્ય બનાવ્યા છે. આનાથી મોટું કયું બીજું ફળ છે !

... જે સાંસારિક કામનાથી શ્રીઠાકોરજીનું ભજન એટલે કે દર્શન સ્મરણ સેવા કરે છે તેને કલેશ જ હાથમાં આવે છે... ઘરના ઠાકોરજી જ સર્વસ્વ છે... તેઓ જ નિત્યલીલાના આનન્દનો અનુભવ કરાવશે. તેઓ આપણા પતિ છે જે ભયથી રક્ષા તેમજ સુરક્ષા પણ કરે છે.

શું કોઈ સ્ત્રી બીજે ઠેકાણે જઈને કોઈની સેવા કરી શકે છે ? કયારેય નહીં ....ઘરના સભ્યોથી આ સહન નહીં થાય... તેવી જ રીતે જે પોતાના માથે શ્રીઠાકોરજી ઘરમાં બિરાજે છે તેને આપણે ઈચ્છામાં આવે તેવા નવા-નવા પુષ્ટિમાર્ગીય મનોરથકરીને સામગ્રી સિદ્ધ કરીને લાડ લડાવી શકીએ છીએ પણ આવો અધિકાર કોઈ બીજે ઠેકાણે કાંઈ થોડો મળી શકે છે. તેથી ''ઘરકે ઠાકુરકે સુત જાયો નન્દદાસ તહાં સબ સુખ પાયો''.

શ્રીનાથજીને પણ દેવાલયની લીલા છોડીને નંદાલયની લીલા કરવા માટે શ્રીગુસાંઈજીના ઘરમાં પધારવું પડયું. ''વ્યાજં લલૌકિકમાશ્રિત્ય શ્રીવિટ્ઠલગૃહેડગમત્''. તેથી શ્રીનાથજીનો આ પાટોત્સવ જ મુખ્ય માનેલો છે. જે ફાગણવદી સાતમનો આવે છે.

તેથી ઘરમાં બિરાજતા શ્રીઠાકોરજીનું સ્વરૂપ સમજવું ખૂબ જ જરૂરી છે. કોઈ પત્ની પોતાના પતિની સેવા ન કરે, તેના ગુણગાન જ ગાતી રહે... તો શું પતિ સંતોષ પામશે ? આ જ રીતે... જે કૃષ્ણ-કૃષ્ણ ગુણગાન કરતા રહે છે, પણ સેવા સ્વધર્મથી વિમુખ રહે છે તેઓ હરિના દ્વેષી છે (વિષ્ણુપુરાણ) સેવાથી સેવ્યને સંતોષ મળે છે આ જ વૈષ્ણવોનો સ્વધર્મ છે.

(**દ્વિતિયગૃહીય પૂ.પા.ગો.શ્રીગોકુલોત્સવજી મહારાજ,** ઈન્દોર-નાથદ્વારા, ૨૫૨ વૈ.વાર્તા, ખંડ-૨ની ભૂમિકા પૃ. ૧૫-૩૬)

(**૨૯**) શ્રીમહાપ્રભુજીએ જાુદા-જાુદા મંદીરોની પ્રણાલી ઉભી નથી કરી; પરંતુ આમાં જગદગુરૂ શ્રીવલ્લભાચાર્યનો એક લાં...બો દ્રષ્ટિકોણ હતો. દરેક વૈષ્ણવનું ઘર નન્દાલય બનવું જોઈએ. કોઈ મન્દિરની બાજાુમાં એક બહેન રહે છે. તેને મન્દિરની આરતીનો ઘંટાનાદ સંભળાય જાય છે. સેવા કરવા માટે બેઠેલી તે બહેન ઠાકોરજીના વસ્ત્ર વડા કરીને સ્નાન કરાવવા જઈ રહી હતી એટલામાં આરતીનો ઘંટાનાદ સંભળાયો. તે ઠાકોરજીને તે જ અવસ્થામાં છોડીને મન્દિરે દોડી ગઈ. થોડા સમયમાં પાછી ઘરે આવી. હવે વિચાર કરો કે આવી રીતે કોઈ સેવા કરે તો તેમાં કયારેય આનંદ આવી શકે છે શું ? અહીં તો એક-એક વૈષ્ણવનું ઘર નંદાલય છે. (**પૂ.પા.ગો.સુશ્રીઈન્દિરાબેટીજી,** વડોદરા ''વૈષ્ણવ પરિવાર'' અંક જૂન ૯૦)

(**૩૦**) ''અતિ ધન્યવાદાર્હ હૈ કિ આપને ઈતની મેહનત કરકે સમ્પ્રદાયકે સિદ્ધાન્તનકું કોર્ટમેં સમઝાયે'' - ''હમારા ઈસમેં પૂરા સહયોગ હોગા, તનમનધનસે... હમારે સભી ચિ.બાલક ઈસ કાર્યમેં સહયોગ કરનેકો તૈયાર હૈ''. (**નિ.લી.ગો.શ્રીવ્રજભૂષણલાલજી મહારાજ, જામનગર :** ગો.શ્યામ મનોહરજી (પાર્લા-કિશનગઢ) ને મોકલાવેલ તા. ૨૬-૧૦-૮૬ અને

૭-૧૧-૮૬ ના પત્રોમાં).

**(૩૧)** પુષ્ટિમાર્ગની આજે ઉપેક્ષા થવા લાગી છે. તેની પરમ્પરા જ હવે તૂટવા લાગી છે. આના મૂળમાં જો કાંઇ હોય તો તે છે આજની સાધન-સમ્પત્તિ. એ જ આપણા સંસ્કાર બગાડી રહી છે. અત્યારે પણ જે ઘરમાં અલૌકિક (પ્રભુ) સેવા હશે ત્યાં પુષ્ટિમાર્ગ જરૂર નભી શકશે. (જુલાઇ, ૨૦૦૭ પૃ.૬) શ્રીમદાચાર્યચરણના મત પ્રમાણે ગૃહસેવા અને પોતાના માથે બિરાજતા શ્રીઠાકોરજીનું અતિ સ્નેહથી જતન કરવું એ જ સાચા સંસ્કારનું મૂળ છે.... શ્રીગુસાંઇજીના વખતમાં છપ્પનભોગ જેવા મનોરથોની શરૂઆત કરતી વખતે (તેમાં) માત્ર લૌકિકતા જ વધશે એવી સ્પષ્ટ સૂચના આપેલી હતી... અત્યારે... મંદિરોનો ઉપયોગ યશ-કીર્તિ મેળવવા માટે થવા લાગ્યો છે. મંદિરોમાં મુખ્યતા મનોરથીની થવા લાગી છે. શ્રી(ઠાકોરજી), ગુરૂ તથા સેવાભાવનાની મશ્કરી થવા લાગી છે. જ્યારથી માર્ગીય સિદ્ધાન્તોનો ઉપહાસ થવા લાગ્યો છે ત્યારથી મંદીરની તેના સંચાલકોની વૃત્તિજ બદલાઇ ગઇ છે. આડંબર અને યશને પુષ્ટ કરવા માટે ... ઘરે ઘરે રખડવાની સ્થિતિ પેદા થઇ ગઇ છે. ... આ બધાનો સાચો ઉપાય આ કલિકાલમાં પોતાના સન્તાનોને જરૂરી સંસ્કાર પોતાના ઘરમાંથીજ આપવામાં આવે આ જ છે.

....મંદિરોનું સમ્પૂર્ણ વ્યાપારીકરણ થવા લાગ્યું છે... સમ્પત્તિ ... મેળવવાની લાલચ વધવાથી પ્રભુ (સ્વરૂપ-સેવા)ને પણ આપણે ધંધાના રૂપમાં ફેરવવા લાગી ગયા છીએ. (જુલાઇ-૨૦૦૭, પૃ.૬)

ઠાકોરજીની સેવા ચોરની જેમ કરવી જોઇએ... સેવ્યસ્વરૂપનો હું સેવક છું એનો ઢંઢેરો પીટવો કે એનું પ્રદર્શન કરવું તે પણ જીવની દીનતામાં વિક્ષેપ પેદા કરી શકે છે.... પોતાના ઘરમાં બિરાજતા ઠાકોરજીની સેવામાં પણ આટલી ગુપ્તતા જરૂરી છે. 'પ્રીત હીયેમેં રાખીયે પ્રકટ કિયે રસ જાય'ની રીતીથી તમારા પ્રાણપ્રેષ્ઠ તમને જે રસની પ્રાપ્તિ કરાવે છે તેને કયારેય પણ જાહેર કરી શકાતું નથી. (સપ્ટે.૨૦૦૪, પૃ.૭)

આજે તો શ્રીનાથજી-નાથદ્વારા, ચંદબાવા-કામવન અને બીજા ઠાકોરજીના દર્શન કરતાની સાથે જ પોતાની માથે બીરાજતા ઠાકોરજી ભુલાઇ જાય છે. પુષ્ટિમાર્ગમાં તો 'શ્રીજી'નો અર્થ જ પોતાના માથે બિરાજતા ઠાકોરજી એવો થાય છે. લક્ષ્મણબાલાજીમાં પણ 'તિરૂપતિ' શબ્દનો પ્રયોગ થાય છે. જેમાં 'તિરૂ' નો અર્થ શ્રી અને 'પતિ' નો અર્થ નાથ(એટલેકે શ્રીનાથ) જ થાય છે. એટલે કે પોતાના ઘરમાં બિરાજતા ઠાકોરજીમાં જ પોતાના સર્વસ્વનું દર્શન થવું જોઇએ. એમને આરોગાવ્યું એટલે આખી દૂનિયાને પ્રસાદ લેવડાવી દીધો એવો ભાવ સિદ્ધ થવો જોઇએ. જ્યારે અહીંઆ તો ઉલટી ગંગા વહી રહી છે. પોતાના સેવ્ય ઠાકોરજીમાં બધાજ નિધિસ્વરૂપોના દર્શન થવાના બદલે હવે તો બધામાં અરે, ત્યાં સુધી કે જીવમાત્રમાં આપણે પોતાના ઠાકોરજીના દર્શન કરવાના વિચાર કરી રહ્યા છીએ ! અને પાછી બુદ્ધિની ચતુરાઇ પણ વાપરી રહ્યા છીએ કે બધામાં ઠાકોરજીનો અંશ છે એટલા માટે ઘરમાં પ્રભુની સેવા કરીએ કે પછી બીજાઓની સેવા કરીએ બધું સરખું જ છે !! તેથી અન્યસેવાઓ

દ્વારા સંતોષ મેળવવાનું શરૂ કર્યું. આનાથી શરીર, પૈસા, કીર્તિ બધાનું રક્ષણ થાય અને ઉપરથી પરમ ભગવદીય કહેડાવવા લાગ્યા !!! (સપ્ટેમ્બર, ૨૦૦૭ પૃ.૭)

શ્રીવલ્લભ ઠાકોરજી-સ્વામિનીજીના ઉભય સ્વરૂપે બિરાજે છે તેથી લક્ષ્મી તેમની દાસી ગણાય. એટલે કે શ્રીવલ્લભને તો કોઈ જ આર્થિક પ્રશ્ન હોય જ નહીં. છતાં આપના વાર્તા પ્રસંગમાં સ્પષ્ટ બતાવે છે કે આજે સેવા (ગુરુભેટ) નથી આવી તો ઠાકોરજીની કટોરી ગીરવે રાખી પૈસા લાવી સામગ્રી લાવો અને ભોગ ધરે. પ્રભુસેવા તો થાય પણ તે પ્રસાદઆપ પણ આરોગે નહીં કે સેવકને પણ લેવા ન દે. વાર્તા પ્રસંગમાં સમજાવેલી આવી સ્થિતિ આપણા જેવાને શીખ આપવા માટે છે કે ગમે તેવી વિકટ સ્થિતિ હોય છતાં દેવદ્રવ્ય કદાપિ કોઈથી લઈ શકાતું નથી. એટલે જ બ્રહ્મસંબંધ સમયે સઘળું સમર્પિત કરવાની આજ્ઞા કરી છે કે જેથી ભગવત્પ્રસાદ સ્વરૂપે તમે લઈ શકો. અર્થ સ્પષ્ટ જ છે કે પ્રભુનો પૈસો ગુરુદેવ કે સેવક કોઈથી વાપરી ન શકાય. (ફેબ્રુઆરી, ૨૦૦૯, પૃ.૭)

(**નિ.લી.ગો.શ્રીગિરિધરલાલજી મહારાજ-પંચમેશ,** કામવન, માસિકપત્ર-વૈષ્ણવતા, સાંચે બોલ તિહારે, પ્રકાશક-પંચમ ગૃહાધીશ ગો.શ્રીવલ્લભલાલજી મહારાજ, વલ્લભવિદ્યાનગર-કામવન)

**(૩૨/ક) ગો.શ્રીહરિરાયજી :** જરા ધ્યાનથી સાંભળજો .. ''તત્ર અયમ્ અર્થઃ. લાભપૂજાર્થયત્નસ્ય ઉપધર્મત્વ-દેવલકત્વાદિ'' સ્પષ્ટ સાંભળજો, ''સમ્પાદકત્વાત્'' ... લાભ-પૂજાર્થ યત્ન કરે છે જે સેવા કરીને, જ્યારે તે લાભ-પૂજાર્થ યત્ન કરે છે જે સેવા કરીને, જ્યારે તે લાભ-પૂજાર્થ પ્રયત્ન કરે છે તો તે ઉપધર્મ થયું. દેવલકત્વ વગેરે જે દોષો છે તે તેની અંદર પ્રવેશ થશે. ...

**ગો.શ્રીશ્યામમનોહરજી :** એટલે ખાસ ધ્યાન રાખજો હોં, કે ભાવપ્રતિષ્ઠા જે સ્વરૂપની થઈ હોય તે સ્વરૂપની પણ લાભ અથવા પૂજા માટે જો સેવા કરવામાં આવે તો સેવાકર્તા દેવલક (પાપી) થઈ રહ્યો છે...

**ગો.શ્રીહરિરાયજી :** અને ઉપધર્મત્વ આવી રહ્યું છે... અને આ નિષિદ્ધ છે. ....

**ગો.શ્રીશ્યામમનોહરજી :** આ સ્થિતિમાં ગુરુ પોતાના લાભ કે પૂજાને માટે શિષ્યથી કાંઈ પણ ઠાકોરજી માટે માંગતો હોય તો તે ... શાસ્ત્રનિષિદ્ધ હોવાથી ... દાન હોવાથી દેવદ્રવ્ય હોવાથી ઉપયોગ કરવા લાયક હોતું નથી.

**ગો.શ્રીહરિરાયજી :** હા, બિલકુલ. ... આ તો બિલકુલ સ્પષ્ટ છે. ... 'સ્વવૃત્તિવાદ' થી પણ સ્પષ્ટ થાય છે. (**પૂ.પા.ગો.શ્રીહરિરાયજી મહારાજ, જામનગર** પુષ્ટિસિદ્ધાન્તચર્ચા સભા, વિસ્તૃત વિવરણ પૃષ્ઠ ૧૬૪, ૧૯૩)

**(ખ)** શ્રીમદાચાર્યચરણોએ ''તત્સિદ્ધ્યૈ તનુવિત્તજા'' આમ કહ્યું છે. કારણ કે બે અલગ-અલગ વ્યક્તિ તનુજા વિત્તજા કરે છે તો માનસી સિદ્ધ નથી થતી... આજ અભિપ્રાયને સમજાવવા માટે આચાર્યચરણે 'તનુવિત્તજા' આ સમસ્ત પદ કહ્યું છે... મજુરી પેટે પૈસા લઈને કે દઈને બે પુરૂષો દ્વારા કરવામાં આવેલી એવી તનુજા-વિત્તજા સેવાઓ માનસીની સાધક નથી

બનતી આ અભિપ્રાય સમજાવવા માટે 'તનુવિત્તજા' સમસ્ત પદ કહેલું છે. નહીંતર તો તનુવિત્તજા ન કહીને તનુજા-વિત્તજા જ કહેત... **જો બે જુદી જુદી વ્યકિત તનુજા અને વિત્તજા કરે તો બંને સેવાઓની એક સંયુકત અવસ્થા તનુવિત્તજા નથી બની શકતી.** એથી જ માનસી સિદ્ધ નથી થતી.

**(ગ)** જ્યાં સુધી લાભપૂજાર્થયત્નનો પ્રશ્ન છે તો તેતો કોઈપણ કક્ષાનો ભકત કરશે તો દેવલક જ થશે... જો કોઈ સ્વલાભપૂજાર્થ દર્શન-મનોરથ-મહાપ્રસાદ વગેરે કરે છે તો એ ચોકકસ દેવલક છે.... **બીજાના ઘરમાં, બીજાના પૈસાથી, બીજાના ઠાકોરજીના ભોગનો મહાપ્રસાદ લેવો ઘોર સિદ્ધાન્ત વિરૂદ્ધ છે.**

**(ઘ)** હવે રહ્યો પ્રશ્ન ટ્રસ્ટની આવક અને નફો, તો ટ્રસ્ટની આવક-નફાનો લાભ અમે નથી લેતા. ઉલ્ટાનું ભગવત્શાસ્ત્રોક્ત સર્વલાભોપહરણ ન્યાયથી ટ્રસ્ટનો બધો જ નફો ભગવદર્થ કે ગો-બ્રાહ્મણને માટે વાપરીએ છીએ... અમારા પ્રભુનો નિત્યનેગભોગ પોતાના પૈસાથી આરોગાવીએ છીએ.

**(ચ)** પુષ્ટિમાર્ગીય વૈષ્ણવને માટે શ્રીભાગવતકથા કરીને આજીવિકા ચલાવવી નિષિદ્ધ છે.

(**પૂ.પા.ગો.શ્રીહરિરાયજી મહારાજ,** જામનગર, અનિર્દિષ્ટપૃષ્ઠ સંખ્યાક ''તત્સિદ્ધયૈ તનુવિત્તજા'')

### (૩૩) સંયુકતઘોષણાપત્ર : અમદાવાદ

આજે ફરીથી એ સમય આવ્યો છે. તેનાથી પણ મુશ્કેલ સમય આવ્યો છે. તે સમયે તો અન્યમાર્ગીય લોકો મતોને પ્રસ્તુત કરીને ભ્રમ ઉત્પન્ન કરતા હતા. પણ આજે તો આપણા સમ્પ્રદાયના જ સુજ્ઞજનો શ્રીમહાપ્રભુજીની વાણીનો વિપરીત અર્થ કરી રહ્યા છે. લોકોને પથભ્રષ્ટ કરી રહ્યા છે. દૈવી જીવોની સાથે ઘોર અન્યાય કરી રહ્યા છે તેથી જ હાલમાં મહાપ્રભુ શ્રીવલ્લભાધીશના વંશજ પુષ્ટિમાર્ગીય યુવાઆચાર્યોએ એક 'સંવાદસ્થાપકમંડળ' ની સ્થાપના કરીને મુંબઈમાં... ચાર દિવસ સુધી એક પુષ્ટિસિદ્ધાન્ત ચર્ચાસભાનું આયોજન કર્યું હતું...સભામાં ૩૫ મહાનુભાવ આચાર્યો ઉપસ્થિત હતા. ૨૮ ગોસ્વામી આચાર્ય મહાનુભાવોએ ગો.શ્રીશ્યામમનોહરજી મહારાજશ્રી (કિશનગઢ-પાર્લા)ના 'સિદ્ધાન્તવચનાવલી' ના ભાવાનુવાદને સહમતિ આપી હતી. કેટલાક આચાર્ય મહાનુભાવોએ અસહમતિ આપી હતી. અને કેટલાક મૌન રહ્યા હતા. અસહમતિ પ્રકટ કરવાવાળા પૂ.પા.ગો.શ્રીહરિરાયજી વ્રજભૂષણલાલજી મહારાજશ્રી, જામનગરવાળાએ પૂજ્ય ગોસ્વામી શ્રીશ્યામમનોહરજી મહારાજશ્રીની સાથે તેમણે કરેલ ભાવાનુવાદના મુદ્દાઓ ઉપર ચર્ચા પ્રારમ્ભ કરી હતી. ... સમયના અભાવમાં ચર્ચા નિર્ણયપર પહોંચી ન શકી. પરન્તુ વર્તમાનમાં કેટલાક ચર્ચાસ્પદ, સંશયાસ્પદ મુદ્દાઓની સ્પષ્ટતા આ ચર્ચામાં પ્રાપ્ત થઈ તે ખરેખર એક મોટી સિદ્ધી છે. એટલું જ નહીં પરન્તુ નીચે બતાવેલ મુદ્દાઓના વિશ્લેષણમાં પૂજ્ય શ્રીશ્યામમનોહરજીની સાથે સહમત થઈને પૂજ્ય શ્રીહરિરાયજીએ આપણા સમ્પ્રદાયની ઉત્તમ સેવા કરી છે :

૧. પુષ્ટિમાર્ગીય સેવ્યસ્વરૂપ પૂર્ણપુરુષોત્તમ સ્વરૂપથી જ બિરાજે છે, તે સ્વરૂપ પછી ગુરુના સેવ્ય હોય કે શિષ્ય (વૈષ્ણવ)ના સેવ્ય હોય. બન્ને (સ્વરૂપો)માંથી કોઈમાં પણ પુરુષોત્તમપણું ઓછું કે વધારે હોતું નથી.

૨. પુષ્ટિમાર્ગીય સિદ્ધાન્ત અનુસાર કૃષ્ણસેવા કરવાનું સ્થાન ઘર જ હોઈ શકે છે, સાર્વજનિક (સ્થળ) નહીં.

૩. પુષ્ટિમાર્ગીય ભગવત્સેવાને પૈસા કમાવાનું સાધન બનાવવું ન જોઈએ.

૪. દેવલક વ્યકિત (=ભગવત્સેવ્યસ્વરૂપને પૈસા કમાવાનું સાધન અથવા આજીવિકાનું સાધન બનાવનાર) ની સેવા નિષિદ્ધ કક્ષાની હોવાથી (તે) સેવાનો અધિકારી નથી.

૫. શ્રીઠાકોરજીને માટે કોઈપણ પ્રકારની દાન-ભેટ માંગવી અથવા સ્વીકારવી એ શાસ્ત્રદ્વારા નિષિદ્ધ છે. એટલું જ નહીં પરન્તુ લાભ-પૂજાના હેતુથી પોતાના માટે દ્રવ્ય અથવા કોઈ વસ્તુને સ્વીકારવી તે શાસ્ત્રની દૃષ્ટિમાં ઋણાનુબન્ધી દોષને ઉત્પન્ન કરનાર હોવાથી બન્ધનકારક છે.

૬. પુષ્ટિમાર્ગનાં સિદ્ધાન્ત અનુસાર શ્રીઠાકોરજીને નિવેદન કરેલા પદાર્થનું જ સમર્પણ થઈ શકે છે અને સમર્પિત પદાર્થોનો જ ભગવદ્ ઉચ્છિષ્ટરૂપમાં પ્રસાદ લઈ શકાય છે. શ્રીઠાકોરજી માટે દાન અથવા ભેટના રૂપમાં આવેલ સામગ્રીને પ્રસાદના રૂપમાં લઈ શકાતી નથી. કેમકે શ્રીઠાકોરજી માટે દાન અથવા ભેટના રૂપમાં પ્રાપ્ત થયેલ પદાર્થ (દ્રવ્ય)થી આવેલ સામગ્રીને પ્રસાદના રૂપમાં પાછી લેવાથી 'દત્તાપહાર'નું પાપ લાગે છે.

૭. સેવા તો શાસ્ત્રનો વિષય છે. તેથી સેવાના સમ્બન્ધમાં શાસ્ત્રથી-શ્રીમહાપ્રભુજીના ગ્રન્થોથીજ બધો નિર્ણય થઈ શકે છે, અન્ય કોઈ પ્રકારે નહીં.

(**સંયુકત ઘોષણાપત્ર** : અમદાવાદ, મિતિ ફાલ્ગુન સુદી ૭, શ્રીવલ્લભાબ્દ ૫૧૪, દિનાંક ૧૧ માર્ચ ૧૯૯૨)

**હસ્તાક્ષર :**

નિ.લી.ગો.શ્રીવ્રજરાયજી મહારાજ,
પૂ.પા.ગો.શ્રીવ્રજેન્દ્રકુમારજી મહારાજ (અમદાવાદ),
પૂ.પા.ગો.શ્રીદેવકીનન્દનાચાર્યજી, ચતુર્થેશ (ગોકુલ-અમદાવાદ),
પૂ.પા.ગો.શ્રીવ્રજેશકુમારજી મહારાજ (કડી-અમદાવાદ),
પૂ.પા.ગો.શ્રીરાજેશકુમારજી મહારાજ (કડી-અમદાવાદ),
પૂ.પા.ગો.શ્રીવલ્લભલાલજી મહારાજ (કડી-અમદાવાદ),
પૂ.પા.ગો.શ્રીજયદેવલાલજી મહારાજ,
પૂ.પા.ગો.શ્રીમથુરેશજી મહારાજ,
પૂ.પા.ગો.શ્રીકન્હૈયાલાલજી મહારાજ,
પૂ.પા.ગો.શ્રીહીરરાયજી (કામા-વીરમગામ-અમદાવાદ).

**(૩૪)** આ કાર્યક્રમ (પુષ્ટિસિદ્ધાન્તચર્ચાસભા) દ્વારા બને એટલા પ્રયાસ આપશ્રીએ મુંઝવણ દૂર કરવાનો પ્રયાસ કર્યો છે; બીજો કોઈ આમાં આશય મને દેખાતો નથી. અંતમા હું તો એક જ વસ્તુ કહીશ કે સમાજની અંદર; અને આપણા સંપ્રદાયમાં એટલું બધું સિદ્ધાન્તવૈપરીત્ય થઈ ગયું છે કે ગુજરાતના એક ગામમાં હું ગયેલો-હું તો પ્રવાસ ખુબ કરૂ છું - એ ગામમાં પુષ્ટિમાર્ગના જ આપણા સંપ્રદાયના બે મંદિરો છે અને મંદિરોની દિવાલ પણ એક જ છે. પરંતુ લોકાર્થિત્વ, જેમ આપે આજ્ઞા કરી ગઈ કાલે ''લોકાર્થીચેદ્ ભજેત્ કૃષ્ણં કિલષ્ટો ભવતિ સર્વથા'', એટલું બધું લોકાર્થિત્વ સમાજમાં ઉત્પન્ન થયું છે. પરિણામ એ આવ્યું કે બન્ને મંદિરોની દિવાલો એક જ. મંગલાના દર્શનમાં વૈષ્ણવો; એક મંદિર તો બાલકૃષ્ણલાલનું છે અને બીજું મંદિર ચન્દ્રમાજીનું છે. સવાર પડે એટલે ચન્દ્રમાજીવાળા વૈષ્ણવો બાલકૃષ્ણલાલનો જે મેવો હોય તે ચન્દ્રમાજીમાં લઈ જાય અને બાલકૃષ્ણલાલજીવાળા જે વૈષ્ણવો હોય એ ચન્દ્રમાજીનો જે મેવો અને પ્રસાદ હોય તે બાલકૃષ્ણલાલજીમાં લઈ આવે ! આવી જબરદસ્ત હોંસાતોસી વૈષ્ણવસમાજમાં ઉત્પન્ન થઈ; જાણે એકબીજાની સ્પર્ધા કરતા હોય એમ. ઈર્ષા-દ્વેષનું વાતાવરણ જ્યારે સેવાના ક્ષેત્રમાં ઉત્પન્ન થાય એનાથી મોટું લોકાર્થિત્વ કયું હોય શકે ! આ બધા કેટલાક વિચારો અને જે શો-બીઝનેસ સંપ્રદાયમાં થયો એ બધાનું નિવારણ થાય એ માટે આ આખું એક સુંદર ચર્ચાસભાનું આયોજન થયું. અને મારી તો ખાસ વિનંતી છે કે આવા બધા સિદ્ધાન્તવૈપરીત્યનો ભવાડો જો વધારે થતો હોય તો ગુજરાતમાં થાય છે. ભાગવતજીમાં પણ લખ્યું છે ''ગુર્જરે જીર્ણતાં ગતાઃ'' ભકિત જો જીર્ણ થઈ હોય તો ગુજરાતમાં. ગાડરિયો પ્રવાહ વધ્યો હોય તો ગુજરાતમાં. એટલે સિદ્ધાન્તની સત્યનિષ્ઠાને ... અને મહાપ્રભુજીના પુષ્ટિસિદ્ધાન્તોનું સદ્જાગરણ ... એમાં મારાથી બનતો સહકાર હું આપવા તૈયાર છું.

(**પૂ.પા.ગો.ચિ.શ્રીદ્રુમિલકુમારજી મહોદય** : ''પુષ્ટિસિદ્ધાન્ત-ચર્ચાસભા તા. ૧૦-૧૩ જાન્યુઆરી ૯૨ પાર્લા, મુંબઈ, વિસ્તૃત વિવરણ પૃ. ૩૧૭-૩૧૮)

**(૩૫)** પુષ્ટિમાર્ગ ગુપ્ત છે, કાંઈ દેખાડવા માટે તો છે જ નહીં, ભકત અને ભગવાનની વચ્ચે આંતરિક સમ્બન્ધ દૃઢ કરવાનો માર્ગ છે... બંનેના સંબંધ એવા હોવા જોઈએ કે કોઈ ત્રીજાને તેની ખબર ન પડે. આપણો આપણા ભગવાનની સાથે શું સમ્બન્ધ છે આને બીજી કોઈ વ્યકિતને દેખાડવાની જરૂર જ શું છે ? વખાણ કરાવવા માટે ? પોતાની મહાનતા વધારવા ? આ તો બધું જ બાધક છે.

(**પૂ.પા.ગો.ચિ.શ્રીદ્વારકેશલાલજી,** અમરેલી-કાંદીવલી, 'પુષ્ટિવનિતા' પૃ.૧૨)

**(૩૬/ક)**

**પ્રશ્નઃ** આજ ચલ રહે જો ડિસ્પ્યુટ્ હૈ વામેં કિતનેક સિદ્ધાન્ત ચર્ચિત હો રહે હૈં જૈસે કિ નયે મન્દિર નહીં ખોલને, ટ્રસ્ટ મન્દિર નહીં બનાને, ઠાકુરજીકે નામપે દ્રવ્ય નહીં લેનો, ઠાકુરજીકે દર્શન નહીં કરાને, તથા બિના સમજે-સોચે કોઈકુ બ્રહ્મસમ્બન્ધ નહીં દેનો. ઈન સબ વિષયમેં આપકો અભિમત ક્યા હૈ ?

**ઉત્તર :** દેખો મન્દિરકી જહાં તક સ્થિતિ હૈ તો યે બાત સત્ય હૈ કે પુષ્ટિમાર્ગીય પ્રકારસું મન્દિર તો માત્ર એક હી (શ્રીનાથજીકો) હૈ; ઓર સબ ઘરકી સ્થિતિ હતી. .... આજ મન્દિર જિતને હૈં અથવા જિન સ્થાનનકું અપન મન્દિર સમઝે હૈં વો સ્થાન ... વાકુ અપન મર્યાદાપુષ્ટિ મન્દિર કહ સકે હૈં. પુષ્ટિમન્દિર નહીં. પુષ્ટિકો પ્રકારતો માત્ર ગૃહસેવામેં હી હૈ.

**(ખ)** આજથી દોઢસો વર્ષ પૂર્વે, શ્રીમહાપ્રભુજીના સમયથી ત્યાં સુધી, પુષ્ટિમાર્ગમાં કોઈ ભગવદ્ મન્દિર ખોલવાનો ક્રમ ન હતો. પ્રત્યેક વૈષ્ણવને ઘરે-ઘરે સેવા થાય તેનો આગ્રહ રખાતો હતો. વૈષ્ણવો પોતાને ઘરે શ્રીઠાકોરજીના સ્વરૂપને સેવ્ય કરી પધરાવી ગુરુઘરની પ્રણાલિકા મુજબ સેવા કરતા..

**(ગ)** આમ તો અજ્ઞાન આજે સ્વરૂપભાવના સ્થાપન કરીને સેવ્ય કરવાની પ્રક્રિયામાં પણ છે. શ્રીગુસાંઈજીએ લખેલી શ્રીપુરુષોત્તમપ્રતિષ્ઠાપ્રકારના અન્તર્ગત ભાવક્રમના અનુસાર ગુરુમુખોદિત માર્ગથી (સેવ્યસ્વરૂપને) સેવ્ય કરવાનું પણ ભૂલાઈ ગયું છે. કેવળ ચરણસ્પર્શ માત્રની વ્યકત ક્રિયા જોઈને લોકો એને જ પુષ્ટ કરવાની વિધી માની બેસે છે.

### તનુવિત્તજા સેવા :

“તત્સિદ્ધ્યૈ તનુવિત્તજા” આને એમ સમજવું જોઈએ કે દેહ અને દ્રવ્ય અથવા હું અને મારું, આમનો વિનિયોગ જ્યારે ભગવદર્થે કરીએ છીએ તો તેનાથી મનની નિયન્ત્રિત એકતાનતાનો લાભ થાય છે. ...તનુજા અને વિત્તજા સેવાનો અર્થ આ જ સમજવો જોઈએ. આ શબ્દો અને તેના અર્થો ના ભ્રામક પ્રયોગોથી ભ્રમિત ન થવું જોઈએ. જેમ માટી અને પાણી લતાને પલ્લવિત અને પુષ્પિત બનાવવામાં મદદરૂપ બને છે તે જ પ્રમાણે ભગવદીયજનોનું વાત્સલ્ય અને ભાવરૂપ બીજ આ માટી-તન અને પાણી-વિત્તના સહયોગથી માનસી સેવારૂપી લતાને પલ્લવિત કરીને ફલવતી બનાવી દે છે.

**(ઘ)** ખેતરમાં ભરાયેલા પાણીને પી ન શકાય...તે અનાજ તો પેદા કરી શકે છે. તે પોતાનું કેવળ પેટ ભરવાનું સાધન જ કરે છે. તે કોઈ બીજાને માટે ઉપયોગી થતું નથી... પોતાનું પેટ ભરવા માટે ભગવદ્ગુણગાન કરે છે તેઓ આવા પ્રકારના હોય છે કે જેમ ખેતરમાં ભરેલું પાણી હોય છે. પ્રદ્મનાભદાસજી... આચાર્યચરણના નિબન્ધનો શ્લોક સમજાવતાંની સાથે જ પોતાની પૌરાણિક વૃત્તિ છોડી દીધી !... આપણા મકાનમાં વાસણ ધોવાના પનાલા છે તેમાં જે પાણી જાય છે તે એક ખાડામાં ભેગું થાય છે... તે પાણીતો માત્ર ગંધ જ મારે છે... ભગવદ્ભાવ હોવા છતાં પણ જેના સ્વભાવમાં દુઃસંગના દ્વારા દોષ ઉત્પન્ન થઈ જાય છે આવા મનુષ્ય તે ગંદા ખાડા જેવા બની જાય છે કે જેમાં પાણી તો ભરેલું હોય છે પરંતુ તે પાણી કોઈ ઉપયોગનું નથી હોતું. તે ભરાયેલું પાણી માત્ર દુર્ગંધ પેદા કરે છે... પાંચમા (ભગવદ્ગુણગાન કરીને પોતાની આજીવિકા ચલાવનારા નીચ વકતાઓનો ભાવ) ગટરના જેવોજ દુર્ગન્ધયુકત... સ્પર્શ પણ ન કરી શકાય તેવો હોય છે. (પૂ.પા.ગો.શ્રીવ્રજેશકુમારજી તૃતીયેશ ૩૦/ક : ‘આચાર્યશ્રીવલ્લભ’ ઓગસ્ટ ૧૯૯૪, અંપ ૫, પુષ્ટિમાર્ગવર્તમાન, પ્રશ્ન-ઉત્તર ૪,

પૃ.૭.૩૦/ખ : બ્રજ મોહે બિસરત નાહીં, પૃ.૧૪૦-૪૧. ૩૦/ગ : સિદ્ધિસોપાન, પૃ.૪૭-૪૯. ૩૦/ઘ : જલભેદ પ્રવચન, વડોદરા)

**(૩૭)** શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે દુનિયામાં ભટકતું રહેતું આપણું મન-ચિત્ત શ્રીઠાકોરજી સાથે જોડીને તેમની તનુવિત્તજા સેવા કરવી. ....તનુવિત્તની સેવા એટલે આપણે કમાયેલા પોતાના ધનથી, પોતાના ઘરમાં શ્રીઠાકોરજીની પોતાના શરીરથી સેવા કરવી તે.

(**પૂ.પા.ગો.ચિ.શ્રીવાગીશકુમારજી** 'વલ્લભીય ચેતના', ઓકટોબર ૧૫, ૨૦૦૩, પૃ.૪)

**(૩૮)** ચિત્ત ભગવત્પ્રેમમાં પરિપૂર્ણ થઈ જાય, પૂર્ણતઃ ભગવાનમાં લાગી જાય. તન્મય અને તલ્લિન બની જાય છે ત્યારે પરાસેવા થાય છે. આને માનસી સેવા કહેવામાં આવે છે. આની સાથે માણસને શરીરથી પણ સેવા કરવી જોઈએ... તનુજા સેવાથી શરીરની શુદ્ધિ થાયછે. અહન્તા-અહંપણાનો નાશ થાય છે. અહન્તા અને મમતા એક-બીજાની સાથે જોડાયેલી રહે છે તેથી તનુજા અને વિત્તજા સેવા એક સાથે કરવી જોઈએ. આમાં મુખ્યતા તનુજા સેવાની છે. માત્ર પૈસા આપી દેવાથી સેવા થતી નથી. તેનાથી તો (ચિત્તમાં) રાજસી વૃત્તિ પેદા થાય છે.

(**ષષ્ઠગૃહાધીશ પૂ.પા.ગો.ચિ.શ્રીદ્વારકેશલાલજી,** વડોદરા, શ્રીમદ્ભગવદ્ગીતા પુષ્ટિદર્શન પૃ.૧૨૫)

**(૩૯)** કઈ બાર પ્રભુ સામગ્રી પર માત્ર દૃષ્ટિ કરતે હૈ, ઉસે આરોગતે નહી હૈ. જિસ પ્રસાદકો લેનેકા આમન્ત્રણ પહલે હી દે દિયા ગયા હો ઉસે... વૈષ્ણવોંકો પહેલેસે નિમન્ત્રણ ભેજા જાતા હૈ કિ હવેલી પર દોપહર બારહ બજે પ્રસાદ લેને આના હૈ. યહ બાત ઠીક નહીં હૈ.

(**આશ્રય,** માર્ચ ૨૦૦૫, પાનું ૧૨)

શ્રીમહાપ્રભુજીકી સ્પષ્ટ આજ્ઞા હૈ કી પ્રત્યેક વૈષ્ણવકા મુખ્ય કર્તવ્ય પ્રભુસેવા હૈ. અપને ઘરમેં બિરાજતે પ્રભુકી સેવા કરના હી વૈષ્ણવકા પરમ ધર્મ હૈ... ''હમ ઘરમેં સેવા નહીં કર સકતે, નિત્ય પાઠાદિ ભી નહીં હો પાતે હૈ ઈસલિયે નિયમિત મન્દિરમેં દર્શન કર આતે હૈં'' યહ તો મન મનાનેકી બાતે હૈ. યહ વિચાર ઠીક નહીં હૈ. સેવા નિત્યનિયમ અવશ્ય કરને ચાહિયે. સેવાકા વિકલ્પ મન્દિર જાના નહીં હો સકતા.

(**પૂ.પા.ગો.શ્રીનવનીતલાલજી મહારાજ,** ભાવનગર-કામવન, આશ્રય, ફેબ્રુઆરી ૨૦૦૫, પાનું ૧૨)

**(૪૦)** તનુજા સેવા અને વિત્તજા સેવા એક જ વ્યકિત કરે ત્યારે જ તે માનસી સિદ્ધ કરે છે. માત્ર તનુજા કરી લીધી અથવા માત્ર વિત્તજા કરી લીધી તો અહન્તા-મમતા દૂર નહીં થાય... કેવી રીતે ? હું તમને એક દાખલો આપું છું... જેઓ ઘરમાં સેવા કરે છે તેમના માટે તો પ્રશ્ન જ નથી. પરંતુ જો કોઈ વિત્તજા સેવા કરશે તો સમજી જાવ કે તેણે મન્દિરમાં ભેટ આપી. મનોરથકર્યો. તેની તમે પહોંચ ફડાવશો... ત્યારે તમે કહેશો 'મેં સેવા લખાવી છે'. તમે બોલો છો 'મેં સેવા લખાવી છે' ત્યારે અહન્તા કયાં દૂર થઈ ? હવે તમે મહેતાજી પાસે શું માંગશો ?

''આ પહોંચ છે, મારો પ્રસાદ લાવો''. તો જુઓ અહન્તા-મમતામાં આપણે વધારે બંધાઈ ગયા. તેથી આવી સેવા સંસારને દૂર નહીં કરે, સંસારમાં ફસાવશે... માત્ર જો આપણે વિત્તજા કરીએ છીએ આપણા અહંકારને વધારીએ છીએ. અને અહન્તા દૂર નહીં થાય, મમતા દૂર નહીં થાય તો માનસી કેવી રીતે સિદ્ધ થશે ? કારણ કે બધા જ બંધનનું મૂળ અહન્તા-મમતા જ છે.

(**પૂ.પા.ગો.શ્રીદ્વારકેશલાલજી મહારાજ,** કામવન-સુરત, સિદ્ધાન્તમુકતાવલી પ્રવચન, ભરૂચ, જાન્યુ.૨૦૦૫)

**(૪૧/ક)** શ્રીમહાપ્રભુજી વલ્લભાચાર્યજીના પુષ્ટિસમ્પ્રદાયમાં બે દીક્ષાઓ આપવામાં આવે છે. બંને દીક્ષાઓનું પ્રયોજન અને તેના પછી કર્તવ્યનો પણ વિચાર અતિ જરૂરી છે. માત્ર શિષ્યેષણાને વશ થઈને ચેલા મુંડવાના ચક્કરમાં આપવામાં આવતી દીક્ષાથી કોઈ પ્રયોજન સિદ્ધ થતું નથી. જે ભગવત્સેવા કરવા માટે તૈયાર નથી તેવાઓને કયારેય પણ બ્રહ્મસમ્બન્ધ દીક્ષા લેવી જોઈએ નહીં. પરંતુ શ્રીમહાપ્રભુજીના સિદ્ધાન્તોમાં જો તે નિષ્ઠાવાળો હોય તો તેને માત્ર નામદીક્ષા લેવી જોઈએ અને અન્યાશ્રયનો ત્યાગ કરીને શ્રીકૃષ્ણનો આશ્રય દ્ઢ કરવા માટે પ્રયત્નશીલ બનીને નામસેવારત રહેવું જોઈએ. પણ બ્રહ્મસમ્બન્ધ દીક્ષા લીધા પછી શ્રીકૃષ્ણની સેવા કરવી અનિવાર્ય છે.

શ્રીકૃષ્ણની સેવા પણ શ્રીમહાપ્રભુજી દ્વારા બતાવવામાં આવેલી રીતિને અનુસાર જ થઈ શકે છે. પોતાના ઘરમાં પોતાના પરિવારના સભ્યોની સાથે પોતાના જ દ્રવ્યથી ભગવત્સેવા કરવી જોઈએ. બીજાને પૈસા આપીને અથવા બીજા પાસેથી પૈસા લઈને કરવામાં આવતી સેવા તે ભગવત્સેવા તો કયારેય પણ નથી જ પરંતુ શ્રીમહાપ્રભુજીનો દ્રોહ થવાથી ગુરૂ-અપરાધથી ગ્રસિત બનાવીને આરૂઢપતિત બનાવે છે અને આ ભક્તિમાર્ગમાંથી ભ્રષ્ટ કરે છે. પૈસા કમાવા માટે કરવામાં આવતી ધંધાદારી સેવાથી તો ચાંડાલની સમાન હીન દેવલક બની જવાય છે. તેથી ભગવત્સેવા પોતાના ઘરમાં પોતાના પૈસાથી અને પોતાના જ શરીર દ્વારા જ થઈ શકે છે.

સેવાની જેમ ભગવત્કથા-કીર્તન પણ પોતે જ અથવા ભગવદીયોની સાથે કરવા જોઈએ. ધંધાદારી કથાકારોને દ્રવ્ય-દક્ષિણા આપીને કરાવવામાં આવતી કથા રાખમાં ઘી હોમવા બરાબર છે. આવી કથા, પારાયણ, કીર્તન અથવા સપ્તાહ પુષ્ટિમાર્ગીય સિદ્ધાન્તથી સર્વથા વિરૂદ્ધ છે. તેથી સેવા અને કથા બંને પૈસા આપીને અથવા લઈને કરવાથી કોઈપણ જાતના અલૌકિક પુષ્ટિફલની પ્રાપ્તિ સ્વપ્નમાં પણ નથી થઈ શકતી. હા બહિર્મુખ જરૂર થઈએ છીએ.

**(ખ)** ''અમે તો રાજના ખાસા ખવાસ રે મુક્તિ મન ન આવે રે'' વ્રજાધિપનું સેવન કરવાવાળા અમે મુકિત નથી માગતા. છતાં પણ વૈષ્ણવ ભાગવત સપ્તાહ બેસાડીને પોતાના પિતૃઓને મોક્ષના માર્ગ ઉપર મોકલે છે ! પિતૃમોક્ષાર્થ ભાગવત સપ્તાહ ! કોઈ એકસો આઠ ! કોઈ એક હજાર આઠ ! ...આપણા પિતૃ તો ગોલોકમાં જાય છે ! તેને પાછા મોક્ષમાં શું કામ મોકલો છો? ... ભાગવત સપ્તાહ પૂરી થઈ ગયા પછી માળા પહેરામણી (સૌરાષ્ટ્રની એક વૈષ્ણવ પરંપરા) કરવામાં આવે છે અને કહે છે કે હવે ગોલોક ધામ ... હવે ગોલોકધામમાં મોકલવા છે ! મતલબ

એવો થયો કે પિતૃઓને અહીંથી ત્યાં માત્ર ધક્કા જ ખવડાવવા છે ! આપણું કોઈ ધ્યેય જ નિશ્ચિત નથી !! આપણે શ્રીમહાપ્રભુજીના ગ્રંથોને ખોલ્યા નથી તેનું આ દુષ્પરિણામ છે કે જે આપણા પૂર્વજોને ભોગવવું પડી રહ્યું છે.

(**પૂ.પા.ગો.ચિ.શ્રીપુરૂષોત્તમલાલજી,** જુનાગઢ, શ્રીયમુનાષ્ટક પ્રવચન, રાજકોટ, ૨૦૦૬)

**(૪૨)** આજે જે રીતે બ્રહ્મસમ્બન્ધદીક્ષા પ્રદાન કરવામાં આવે છે એમાંથી ઘણા ખરા દીક્ષાર્થીઓ એવા હોય છે જેમને પુષ્ટિમાર્ગ શું છે, દીક્ષા પછી એમનું કર્તવ્ય શું છે, પુષ્ટિમાર્ગના પાયાગત સિદ્ધાંત શું છે એના સાથે એમને કોઈપણ પ્રકારની નિસ્બત નથી હોતી. આવા દીક્ષાર્થીઓ તો ફકત જાતને વૈષ્ણવ કહેડાવવાની ઔપચારિકતા પૂરી કરે છે. ... જેમનો ધ્યેય રાસ-ગરબા, દર્શન અને પ્રસાદ પૂરતો જ સીમિત છે. આપણા સેવ્ય પ્રભુમાં નિરોધ સિદ્ધ થાય, પ્રભુનો સાનુભાવ-સાક્ષાત્ પ્રકટ થવું-થાય એ જ પુષ્ટિમાર્ગીયોનું ફળ છે અને એ જ દરેક પુષ્ટિમાર્ગીનો ધ્યેય હોવો જોઈએ. ...પુષ્ટિમાર્ગના સાચા ધ્યેયને જ આજે પુષ્ટિમાર્ગીયો વિસરી ગયા છે. ... માર્ગના ગ્રન્થોના અધ્યયનમાં અનુયાયી વર્ગની ઘટીત જતી રુચિ આ પરિસ્થિતિની ઘણા અંશે જવાબદાર છે. શ્રીઆચાર્યચરણોના ઉપદેશો જ આપણને આ પરિસ્થિતિમાંથી ઉગારી શકશે. ... પોતાના સિદ્ધાન્તનો નિશ્ચય કરતા શ્રીવલ્લભ આપણને ‘‘કૃષ્ણસેવા સદા કાર્યા’’ નો જ ઉપદેશ કરે છે. પણ માર્ગમાં વધતા જતા વ્યાપારીકરણને કારણે શ્રીવલ્લભાધીશના ગૃહસેવાના સિદ્ધાન્તને કેટલી હાની પહોંચી છે તે આપણે સહુ જોઈ શકીએ છીએ... શ્રીઆચાર્યચરણની કૃપાથી વ્રજના અધિપતિ એવા સાક્ષાત્ પૂર્ણપુરુષોત્તમ આપણે ત્યાં પધારી આપણી સેવા અંગીકાર કરે છે એથી વિશેષ કૃપા બીજી કઈ હોઈ શકે ? ... એવા પુષ્ટિપ્રભુને પોતાને ઘરે પધરાવી સર્વસમર્પણ પૂર્વક એમની સેવા કરવાને બદલે જાહેર સ્થાનો (હવેલીઓ) માં પૈસા દઈ સેવા કરાવીને જ અનુનાયીવર્ગ સંતોષ માની લે છે. પછી ઘરે સેવા કરવાની એમને કોઈ જરૂર નથી લાગતી. શ્રીવલ્લભની આજ્ઞા પર નિષ્ઠાપૂર્વક ચાલવાવાળા (સિદ્ધાન્તવાદી) પણ આજે માર્ગમાં ઘણા અનુનાયીઓ છે. પણ માર્ગ (હવેલીઓ)માં સેવાના નામે થતા જાહેર પ્રદર્શનોથી એમના હૃદય પણ વીંધાય છે. એવા જાહેર મંદિરો કે જ્યાં બધાને નફા-નુકશાનનો વિચાર છે, મનોરથીનો વિચાર છે પણ પ્રભુના સુખનો કોઈ વિચાર નથી. એવા વાતાવરણમાં શ્રીમહાપ્રભુજીનો ‘‘ચેતસ્ તત્પ્રવણં સેવા’’ નો ઉપદેશ કેટલી હદે શકય છે ? એવા વાતાવરણમાં ચિત્તની પ્રવણતા કેવી રીતે થઈ શકે છે કે જ્યાં ધર્મના નામે થતી આવી વ્યાવસાયિક પ્રવૃત્તિ ચાલતી જોઈને લાગે છે કે આપણા આચાર્યચરણ પ્રત્યેની આપણી નિષ્ઠા મરી પરવારી છે.

શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે જેમાં ચિત્ત પરોવાઈ જાય એ જ સેવા છે. ચિત્તની પ્રવણતા કેવી રીતે થાય ? ‘‘તત્સિદ્ધ્યૈ તનુવિત્તજા’’... પોતાના દેહ (શરીર)થી અને પોતાના વિત્ત(ધન)થી પ્રભુસેવા કરવી જોઈએ. શ્રીપ્રભુચરણ આજ્ઞા કરે છે... ધન દઈને અથવા લઈને કરવામાં આવતી સેવા ફલરૂપા માનસી સેવાને સાધી શકતી નથી એટલા માટે શ્રીઆચાર્યચરણે

‘‘તનુજા-વિત્તજા’’ અલગ ન કહી ‘તનુવિત્તજા’ સમસ્તપદ કહ્યું. આ વિષય પર શ્રીપુરુષોત્તમચરણ લખે છે... જો વિત્ત વેતનની જેમ દઈને સેવા કરાવવામાં આવે તો તેનાથી ચિત્તમાં રાજસ વધે છે, અહંકાર આવે છે. અને જો વિત્ત વેતનની જેમ લઈને સેવા કરવામાં આવે તો જેવી રીતે બ્રાહ્મણનું વરણ હોય પણ તેને યજ્ઞનું ફળ નથી મળતું (તેમ સેવા-મનોરથના નામે પૈસા લેનાર ગો.બા.ટ્રસ્ટ, મુખિયા વગેરેની સેવા નિષ્ફળ જાય છે). આથી સ્પષ્ટ થાય છે કે વિત્ત–પૈસા દઈને કરાવવામાં આવતી વિત્તજા સેવા અથવા વિત્ત લઈને કરવામાં આવતી તનુજા સેવા માનસીરૂપ ફળને નથી સાધી શકતી. આ બંને સેવા જયારે સાથે થાય છે, પોતાના તનથી અને પોતાના ધનથી જયારે તનુવિત્તજા સાથે કરવામાં આવે છે ત્યારે એ માનસી સિદ્ધ કરે છે. ... પરમ કૃપાળુ શ્રીવલ્લભે આપણને એમના સર્વસ્વ એવા વ્રજાધિપતિ પધરાવી આપ્યા. એવા પ્રભુને પોતાના સર્વસ્વ માનીને એમની સેવા કરવાને બદલે એ પ્રભુનો જ ઉપયોગ કરી પોતાના અર્થ સાધવાવાળા (હવેલીવાળાઓની ) શું ગતિ થશે એ તો પ્રભુ જ જાણે.

**(ખ)** ઘણો એવો વર્ગ છે જેને (સેવા–મનોરથ–કથા–કીર્તન વગેરેના) વ્યાપારીકરણનો વિરોધ જરા પણ પસંદ નથી. તેમની દલીલ હોય છે કે આનાથી પ્રચાર થાય છે, વ્યાપ વધે છે. પણ તેવા વ્યાપ વધારવાથી શું ફાયદો કે જેમાં કોઈ ફલશ્રુતિ જ ન હોય ! ... પહેલા જયારે દ્રવ્ય ખૂબ જ વધી જતું તો તેનો ભગવદ્ વિનિયોગ થાય તે ભાવથી પ્રભુને છપ્પનભોગ અરોગાવવામાં આવતો. આજે દ્રવ્ય ઘટી જાય તો છપ્પનભોગ કરવામાં આવે છે અને ભીડ ભેગી કરવામાં આવે છે.... આ (ધંધાકીય મનોરથોના) દૂષણના કારણે વધારે પડતા વૈષ્ણવોની એવી માનસિકતા બંધાઈ ગઈ કે ભેંટ ધરી દીધી એટલે ધર્મ નિભાવી લીધો. (સેવા–મનોરથ–દર્શનને) વેચવાવાળા (હવેલીવાળા)ને ખરીદવાવાળા મળી ગયા એટલે દૂષણ દિવસેને દિવસે વધતું ગયું. પણ દરેક પુષ્ટિમાર્ગીએ સમજવું પડશે કે ફકત ભેંટ ધરી દેવાથી ધર્મ નથી થઈ જતો. કેમકે ધર્મ કોઈ વેચવા કે ખરીદવાની વસ્તુ નથી. ... બીજાને સુધારવા કરતા પહેલા આપણે સુધરીયે તો ... સંપ્રદાય આ વ્યાપારીકરણના દૂષણથી મુકત થશે.

(**પૂ.પા.ગો.ચિ.શ્રીઅક્ષયકુમારજી મહોદય,** શ્રીકૃષ્ણાશ્રય હવેલી, રાજકોટ. કઃ શ્રીવલ્લભાયન માધુર્ય કાવ્ય, પ્રસ્તાવના, વિ.સં.૨૦૬૨. ખઃ ધર્મસેતુ, વર્ષ-૧, અંક-૩ પૃ.૩)

## (૪૩)

## મહાપ્રભુ શ્રીમદ્વલ્લભાચાર્ય વંશજ ગોસ્વામીઓનું સંયુકત ઘોષણાપત્ર - ૧૯૮૬

...જયાં સુધી સિદ્ધાન્તના નિશ્ચિત સ્વરૂપ કે વ્યાખ્યાનો પ્રશ્ન છે, અમે બધા ધર્માચાર્ય, આપણા સમ્પ્રદાયના પ્રવર્તક મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય તથા પરવર્તીઅન્ય પણ માન્ય બધા વ્યાખ્યાકારોના સન્દેહરહિત વિધાનોના આધારે આ સ્પષ્ટ શબ્દોમાં ઘોષિત કરીએ

છીએ કે આપણા ધાર્મિક સિદ્ધાન્ત તેમજ પરંપરા અનુસાર ભગવત્સેવા-સેવાસ્થળ-સેવોપયોગિસમ્પતિ-સેવાકર્તા (ગુરુ કે વૈષ્ણવ) તેમજ ભગવત્સ્વરૂપનું ખાનગી અથવા પારિવારિક હોવું એક અનુલ્લંઘનીય ધાર્મિક અનિવાર્યતા છે. તેથી તેઓમાંથી કોઈને પણ સાર્વજનિક બનાવવું સર્વથા ધર્મવિરુદ્ધ હોવાના કારણે એક ઘોર ધાર્મિક અપરાધ છે.

...વાલ્લભ સમ્પ્રદાયના સિદ્ધાન્ત પ્રમાણે પોતાના ઘરમાં પોતાના ધનને તથા નિજ પરિવારજનોને ભગવત્ સ્વરૂપની સેવામાં ઉપયોગમાં લેવા એ જ આરાધનાનું વાસ્તવિક સ્વરૂપ છે.

...આથી પોતાના ઘરમાં ધનના વિનિયોગ વિના તથા પોતાના પરિવારના માણસોના સહયોગ વગર કરાતી આરાધના, વાલ્લભ સમ્પ્રદાયની આરાધનાની પરિભાષા પ્રમાણે આરાધના છે જ નહિ. આવી સ્થિતિમાં આમારા ઘરમાં આવતા લોકો દ્વારા અમારા સેવ્ય ભગવદ્સ્વરૂપના દર્શન કરવા કે ભેટ ધરવી વગેરે આચરણ આરાધનાની અન્તર્ગત માન્ય ક્રિયાકલાપ નથી.

...ભજન (સેવા) જો નિજ ઘરમાં નથી કરાતું તો એવા ભગવદ્ભજનને પુષ્ટિમાર્ગીય પરિભાષામાં ભગવદ્ભજન ન નથી કહેવાતું. પુષ્ટિમાર્ગમાં નિજઘરમાં રહીને ભગવદ્ભજન કરવાના પ્રકાર સિવાય બીજો કોઈ પ્રકાર છે જ નહિ.

...ભેટ ધરેલા ધનથહી ભોગ ધરેલી સામગ્રીને પ્રસાદરૂપે ગ્રહણ કરવી અમારે ત્યાં બિલકુલ વર્જિત છે... સાર્વજનિક મંદિરમાં દર્શનાર્થીજનસમુદાયના પ્રતિનિધિના રૂપમાં સેવા કરવાની પ્રક્રિયાને ન તો વાલ્લભસમ્પ્રદાયમાં કોઈ અવકાશ છે અને ન એવું આચરણ સિદ્ધાન્તની દૃષ્ટિએ પ્રશંસનીય પણ છે. ભગવત્સેવાનું અનુષ્ઠાન ન તો નોકરી કે ન તો ધંધાના રૂપમાં કરી શકાય છે. .... વાલ્લભસમ્પ્રદાયમાં ગો. મહારાજોને ... ભગવત્સેવાની અવેજીમાં કે પુજારીની હૈસિયતમાં કંઈ પણ ભેટ સ્વીકારવી માત્ર વર્જિત જ નથી બલ્કે અધર્મ તથા અયોગ્યતા સંપાદક છે.

...શ્રીમહાપ્રભુ બધા પુષ્ટિમાર્ગીઓની સૈદ્ધાન્તિક નિષ્ઠા સ્વધર્માનુસરણનું સામર્થ્ય તથા પારસ્પરિક સૌમનસ્ય પ્રદાન કરે.

...બધા પુષ્ટિમાર્ગીયોના નિજઘરોમાં બિરાજમાન સેવ્યસ્વરૂપ હંમેશા ખાનગી જ રહે. કયારેય સાર્વજનિક ન બની જાય ! ''બુદ્ધિપ્રેરક કૃષ્ણસ્ય પદપદ્મં પ્રસીદતુ''.

**હસ્તાક્ષર :**

પૂ.પા.ગો.શ્રીઅજયકુમારજી શ્રીશ્યામસુંદરજી (મદ્રાસ)
પૂ.પા.ગો.શ્રીશ્યામસુંદરજી શ્રીમુરલીધરજી (બોરીવલી)
પૂ.પા.ગો.શ્રીવ્રજપ્રિયજી શ્રીમુરલીધરજી (બોરીવલી)
પૂ.પા.ગો.શ્રીહરિરાયજી શ્રીકૃષ્ણજીવનજી (મુંબઈ)
પૂ.પા.ગો.શ્રીવલ્લભલાલજી શ્રીગોવિંદલાલજી (કડી-અમદાવાદ)
પૂ.પા.ગો.શ્રીહરિરાયજી શ્રીગોવિંદરાયજી (પોરબંદર)

નિ.લી.ગો. શ્રીવ્રજાધીશજી શ્રીકૃષ્ણજીવનજી (દહિસર)
પૂ.પા.ગો.શ્રીવ્રજેશકુમારજી શ્રીગોવિંદલાલજી (કડી-અમદાવાદ)
નિ.લી.ગો.શ્રીકૃષ્ણકુમારજી શ્રીરમણલાલજી (કાંદીવલી-કામવન)
પૂ.પા.ગો.શ્રીરાજેશકુમારજી શ્રીગોવિંદલાલજી (કડી-અમદાવાદ)
પૂ.પા.ગો.શ્રીવિજયકુમારજી શ્રીગોવિંદલાલજી (કડી-અમદાવાદ)
પૂ.પા.ગો.શ્રીયોગેશ્વરજી શ્રીમથુરેશ્વરજી (વડોદરા-સુરત)
પૂ.પા.ગો.શ્રીનવનીતલાલજી શ્રીગોવિંદલાલજી (કામવન-ભાવનગર)
પૂ.પા.ગો.શ્રીમુરલીમનોહરજી શ્રીવ્રજાધીશજી (દહિસર)
પૂ.પા.ગો.શ્રીરમેશકુમારજી શ્રીગોપીનાથજી (મુલુંડ-નાસિક)
પૂ.પા.ગો.શ્રીનીરજકુમારજી શ્રીમાધવરાયજી (મુંબઈ-નાસિક)
પૂ.પા.ગો.શ્રીશરદકુમારજી શ્રીમુરલીધરજી (પોરબંદર)
પૂ.પા.ગો.શ્રીચન્દ્રગોપાલજી શ્રીમુરલીધરજી (પોરબંદર)
નિ.લી.ગો.શ્રીનૃત્યગોપાલજી શ્રીકૃષ્ણજીવનજી (મુંબઈ)

### :: પત્ર દ્વારા સમ્મતિ ::

નિ.લી.ગો. શ્રીબાલકૃષ્ણલાલજી શ્રીગોવિંદરાયજી (સુરત)
નિ.લી.ગો. શ્રીવ્રજભૂષણલાલજી મહારાજ (જામનગર)
પંચમપીઠાધીશ્વર નિ.લી.ગો. શ્રીગિરિધરલાલજી (કામવન-વલ્લભવિદ્યાનગર)
નિ.લી.ગો. શ્રીગોવિંદલાલજી (કોટા)

(**''મહાપ્રભુ શ્રીમદ્વલ્લભાચાર્યવંશજ ગોસ્વામીઓનું સંયુકત ઘોષણાપત્ર'' ૧૯૮૬.** પુષ્ટિસિદ્ધાન્તચર્ચાસભા સંક્ષિપ્ત વિવરણ, પૃષ્ઠ ૪૯-૭૮)

## (૪૪) શપથપત્ર

શ્રીમહાપ્રભુજીના સિદ્ધાન્તથી સર્વથા વિપરીત હોવા છતાંય જાહેર ટ્રસ્ટ મંદિરો/ જાહેર ખાનગી મંદિરોમાં થતા ભગવત્સેવાના ભવાડામાં ભેગા થઈને, ત્યાં નિત્યનિયમે દર્શન કરવા જવાના દુરાગ્રહથી, ધનોપાર્જન માટે કરવામાં આવતા મનોરથોની ઝાંખીના ધતિંગને આર્થિક કે બીજી રીતે સક્રિય પ્રોત્સાહન આપી, દેવદ્રવ્યથી ધરવામાં આવેલ ભોગ-સામગ્રીને કે જેનો પ્રસાદ લેતાં, શ્રીમહાપ્રભુજી આપણને 'મહાપતિત' ગણે, તેને પણ મોહવશ લઈને તેમજ ભંડોળી ભાગવત કથાઓને આર્થિક કે બીજી રીતે પ્રોત્સાહન આપી આપણે આપણા શ્રીમદાચાર્યચરણ સાથે જબરદસ્ત વિશ્વાસઘાત કર્યો છે.

તેના પરિણામ રૂપે આજે આપણા દેશની સર્વોચ્ચ અદાલતે આપણા સિદ્ધાન્તોની અવગણના કરીને ત્રણ-ત્રણ ચુકાદાઓ આપણા વિરુદ્ધ આપ્યા છે. ... પારિવારિક ભાવનાથી

પૂર્વમાં ફકત દર્શન માટે આપવામાં આવેલી છૂટના દુષ્પરિણામ રૂપે આજે સમ્પ્રદાયના ધર્મગુરુઓને પુજારીપણાની હલકી પાયરી ઉપર બધી રીતે પટકી દેવા માટે સમ્પ્રદાય વિરોધી કુનેહ સફળ થવા જાય છે. જતે દહાડે હતાશ ગોસ્વામીવર્ગ પોતાને દેવલક પુજારી માની બેસવાની માનસિકતાથી ઘેરાઈ જશે. આપણા દિવ્ય સમ્પ્રદાયની આવી દુર્ગતિ કરવરાની જવાબદારી વૈષ્ણવો ઊપર છે કે મહારાજશ્રીઓ ઊપર એ વિવાદનો વિષય હવે વીતી ગયો છે.

આવો આપણે શ્રીમહાપ્રભુજીથી આપણા દુષ્કૃત્યોની ક્ષમા-યાચના માંગીયે, સોગંદ લઈએ કે

(૧) પોતાના માથે બિરાજતા ન હોય તેવા કોઈ પણ શ્રીઠાકોરજીના દર્શનનો નિત્યનિયમ નહીં લઈએ, કે જેથી પુષ્ટિપ્રભુને નન્દાલય છોડી જાહેર અનાથાલયમાં બિરાજવાનો પરિશ્રમ થાય. કેમકે આપણે આવા દુષ્કૃત્યથી (તે ઠાકોરજીના દર્શન-સેવા કરવાનો) જાહેર જનતાનો કાનૂની અધિકાર ઊભો થતો હોય છે.

(૨) જે મનોરથો મનોરથીના પોતાના ધનથી પોતાના માથે અને પોતાને ઘરે બિરાજતા સ્વરૂપોના પોતાના અંગત ભગવદીયો સાથે ઉજવવા માટે નથી તેવા મનોરથોમાં ભેટ-સામગ્રી આપી કે દર્શન કરવા જઈને શ્રીમહાપ્રભુજીના શ્રીનિધિસ્વરૂપ, સમ્પ્રદાય કે સિદ્ધાન્ત ને હવે આપણે કદિ દગો નહીં આપીએ.

(૩) જાહેર મંદિરોમાં શ્રીમહાપ્રભુજીના સિદ્ધાન્તોથી વિપરીત, દેવદ્રવ્યથી અથવા ગૈરબ્રહ્મસમ્બન્ધથી દર્શનાર્થીઓના દ્રવ્યથી ધરવામાં આવતી ભોગ-સામગ્રી શ્રીપુષ્ટિપ્રભુ આરોગતાં જ નથી. તેથી તે પ્રસાદ છે જ નહિ, બલ્કે કોઈપણ સંજોગોમાં પાતિત્યકારક જ છે. તેથી હવે આપણે તે (દેવદ્રવ્યનો પ્રસાદ) કદિ પણ લઈશું નહીં.

(૪) ભંડોળ ભેગું કરવા માટે જાહેરમાં કરવામાં આવતા ભગવત્મનોરથો કે ભાગવતકથા માં દર્શન-શ્રવણ માટે હવે કદિ પણ ભેગા થઈશું નહીં કે જેથી તેવી દુષ્પ્રવૃત્તિઓને પ્રોત્સાહન (આર્થિક કે સક્રિય સહયોગના રૂપે) મળી રહે.

આજ દિવસ સુધી આમ જે શ્રીમહાપ્રભુજીની આજ્ઞાનું ઉલ્લંઘન અજ્ઞાનવશ કે મોહવશ થઈ ગયું તે અમારા અપરાધને શ્રીપુષ્ટિપ્રભુ, શ્રીમહાપ્રભુજી અને શ્રીપ્રભુચરણો ક્ષમા કરે ! તેઓ પોતાની પુષ્ટિસૃષ્ટિના જીવોને પુષ્ટિપથની યાત્રામાં અગ્રસર થવા મતિ, રતિ અને ક્રિયાશકિત પ્રદાન કરે ! **"બુદ્ધિપ્રેરકકૃષ્ણસ્ય પાદપદ્મં પ્રસીદતુ !"**.

(**શપથપત્ર સ્થળ :** મનુ ભવન, ભગતસિંહ રોડ, પારલે (પશ્ચિમ), મુંબઈ-૫૬, તારીખ : ૧૨-૯-૧૯૮૬)

## :: શપથ લેનારની સહી ::

કિશોરચન્દ્ર ગોસ્વામી (જુનાગઢ) રઘુનાથ ગોસ્વામી (ગોકુળ-કામવન-પાર્લા)
શ્યામ મનોહર ગોસ્વામી (કિશનગઢ-પાર્લા) યોગેશ ગોસ્વામી (ગોકુળ-કામવન-પાર્લા)
શરદ્ ગોસ્વામી (માંડવી-હાલોલ)

॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥

**મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યજીના મતે ભાગવત પુરાણ એ ભગવદ્‌ગીતાનું જ વિસ્તૃત સ્વરૂપ છે.**

**આપશ્રી લખે છે : ‘શાસ્ત્રાર્થો ગીતાર્થઃ’ શાસ્ત્રાર્થપ્રકરણ ગીતાનો જ અર્થ છે.**

# શ્રીમદ્‌ભગવદ્‌ગીતા

**:: અનુવાદક ::**

ગો.વા.શ્રીનાનુલાલ ગાંધી

(૩૨૦ પાનાનો બૃહદ ગ્રંથ, આકર્ષક મુખપૃષ્ઠ સાથે જેની છઠ્ઠી આવૃતિ પ્રકાશિત થઇ ચુકી છે)

વેદોના સાર એવા ઉપનિષદોનો પણ સાર તે ‘ભગવદ્‌ગીતા’.

એકદમ સરળ ભાષામાં ગો.વા.શ્રીનાનુલાલ ગાંધીનો અનુવાદ

પ્રસ્તુત ગ્રન્થમાં મુખ્યત્વે નીચે મુજબ સંકલન પ્રકાશિત કરવામાં આવી રહ્યું છે :

૧. ગીતાના મૂળ શ્લોકો

૨. શ્લોકાર્થ–વિવેચન : ગો.વા.શ્રીનાનુલાલ ગાંધી કૃત

૩. પ્રભુચરણ વિરચિત ‘ગીતાતાત્પર્ય’ તેમજ સવિવરણ ‘ન્યાસાદેશ’ ગ્રન્થનો ગુજરાતી અનુવાદ ( અનુવાદક : ગો.વા.શ્રીવસન્તરામ હરિકૃષ્ણ શાસ્ત્રી ) ગ્રન્થારંભમાં અને ગ્રન્થાન્તે

આ સિવાય ગોસ્વામી શ્રીશરદકુમારજી દ્વારા થયેલ ‘ભગવદ્ગીતાસારસઞ્ચય’ નું પણ પ્રકાશન પરિશિષ્ટમાં કરવામાં આવેલ છે.

અન્તે ‘શ્રીકૃષ્ણજન્મસ્થાન’ મથુરા દ્વારા છપાયેલ ભગવદ્ગીતાના અભ્યાસુ સર્વજનોમાટે ઉપયોગી એવી ભગવદ્ગીતાની ‘પાદાનુક્રમણિકા’ પણ પૂર્વપ્રકાશકોનો આભાર માનતાં પ્રકાશિત કરવામાં આવી રહી છે.

શ્રીમૂલશંકર શાસ્ત્રીજીએ સમ્પૂર્ણ ગીતા પર સ્વતન્ત્ર વિવેચન કર્યું છે. તેમાંના કેટલાક ઉપયોગી અંશોને આ ગ્રન્થમાં ક્યાંક–ક્યાંક ‘વિશેષ’ શીર્ષક નીચે પ્રકાશિત કરવામાં આવ્યા છે.

**:: પ્રકાશક ::**

શ્રીવલ્લભાચાર્ય ટ્રસ્ટ, કંસારા બજાર, માંડવી–કચ્છ, ગુજરાત.
ફોન : ૦૨૮૩૪–૨૩૧૪૬૩

## પુષ્ટિ અસ્મિતા સંવર્ધન કેન્દ્ર દ્વારા પ્રકાશીત પ્રકાશનો

| | | |
|---|---|---|
| ૧. | પુષ્ટિવાક્સુધા | ૧૫-૦૦ |
| ૨. | જિન શ્રીવલ્લભ રૂપ ન જાન્યો | ૭૦-૦૦ |
| ૩. | સિદ્ધાન્તમુક્તાવલી (શ્રીપુરુષોત્તમજીની ટીકા) | અપ્રાપ્ય |
| ૪. | સિધ્ધાંત સૂક્તિ (ગો.શ્રીશ્યામમનોહરજી) | નિ:શૂલ્ક |
| ૫. | વિશોધનિકા : (દે ધના ધન, ભાગ-૪) | નિ:શુલ્ક |
| ૬. | સિદ્ધાન્ત રહસ્ય (સંક્ષિપ્ત) | નિ:શુલ્ક |
| ૭. | શ્રીકૃષ્ણાશ્રય (શ્રીકલ્યાણરાયજીની ટીકા) | અપ્રાપ્ય |
| ૮. | ચિરકુટ ચર્ચા સમીક્ષા | નિ:શૂલ્ક |
| ૯. | ધર્માધર્માગ્રદર્શનમ્ | અપ્રાપ્ય |
| ૧૦. | શ્રીભાગવત સુધા - રસબિંદુ | ૧૫-૦૦ |
| ૧૧. | શ્રીસર્વોત્તમસ્તોત્રમ્ | ૧૫-૦૦ |
| ૧૨. | શ્રીયમુનાષ્ટકમ્ | ૧૫-૦૦ |
| ૧૩. | બાલબોધ અને પંચપદ્યાનિ | ૫-૦૦ |
| ૧૪. | સિદ્ધાન્તરહસ્ય અને નિરોધલક્ષણ | ૧૦-૦૦ |
| ૧૫. | સિદ્ધાંતમુકતાવલી અને પુષ્ટિપ્રવાહમર્યાદાભેદ | ૫-૦૦ |
| ૧૬. | નવરત્નમ્ અને અંત:કરણપ્રબોધ | ૧૦-૦૦ |
| ૧૭. | વિવેકધૈર્યાશ્રય | ૫-૦૦ |
| ૧૮. | શ્રીકૃષ્ણાશ્રય | ૫-૦૦ |
| ૧૯. | ચતુ:શ્લોકી, ભક્તિવર્ધિની અને જલભેદ | ૧૦-૦૦ |
| ૨૦. | સંન્યાસનિર્ણય અને સેવાફલ | ૧૦-૦૦ |
| ૨૧. | ભક્તિયોગ (ગુજરાતી) (ગો.શ્રીશ્યામમનોહરજી) | નિ:શૂલ્ક |
| ૨૨. | કૃષ્ણ એવ તાત્પર્યમ્ (ગો.શ્રીશ્યામમનોહરજી) | નિ:શૂલ્ક |

### :: આગામી પ્રકાશનો ::

★ પુષ્ટિવિધાનમ્-૩ સહકારીણી
★ શિક્ષાપત્ર સાર સંચય
★ શ્રીમદ્ ભગવદ્ ગીતા સાર સંચય
★ પુષ્ટિમાર્ગીય મર્યાદાના ૨૪ સૂત્રો
★ શ્રીમદ્ ભાગવત ચિંતન તૃતીય સ્કન્ધ (ગોંડલ)
(પ્રવક્તા : ગો.શ્રીશ્યામમનોરહજી) (ગુજરાતી)

### :: પ્રાપ્તિસ્થાન ::

૨૧૪, અમરદિપ કોમ્પલેક્ષ, ૨-રજપુતપરા, રાજકોટ.
(પ્રવિણ વી. ડઢાણીયા, મો. ૯૪૨૭૪૯૫૧૫૯)